વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
ફેબ્રુઆરી - ૨૦૧૭
અંક : ૪૬૫


મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૧૦૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org



YOUVA
ART of being SMART
NOTE BOOKS
LONG BOOKS
SCRAP BOOKS
PRACTICAL BOOKS
DRAWING BOOKS
WAX CRAYONS
COLOUR PENCIL
NAVNEET EDUCATION LIMITED
Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad - 380 052. India.
Phone : 079 6630 5004 • email : stationery.ahd@navneet.com • Website : www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**


## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC


સનગ્લાસ
કલેકશન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR
EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- જૈન સમાજનું મુખપત્ર સર્વગ્રાહી મુખપત્ર બને તે જરૂરી ..... ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૮

**લેખ વિભાગ**

**વિશ્વકારણ**

- ઓબામાની અંતિમ શુભેચ્છા ..... **કેશુભાઈ દેસાઈ** ..... ૮

**ધારાવાહિક નવલકથા**

- ધારાવાહિક નવલકથા : છોરાંવછોઇ – (૪) દીકરીનો જન્મ ..... **હંસરાજ સાંખલા** ..... ૯

**કચ્છ વિશેષ**

- નર્મદાના વધારાના પાણી સંદર્ભે કચ્છની અવગણના ક્યાં સુધી? ..... **અશોક મહેતા** ..... ૧૨
- પ્રાક્-હડપ્પીય યુગનું સરોવર કચ્છ જિલ્લાના ધોળાવીરા ગામ પાસેથી હાથ લાગ્યું છે ..... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૧૪
- માતૃસંસ્થા લાલન કૉલેજની ભવ્યતા ..... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૧૬

**વાર્તા**

- શેર માટીની ભૂખ ..... **ડૉ. જયંત ખત્રી** ..... ૧૮
- બંધ ખાનાની ભીતર ..... **મજ્ઞુ ભંડારી** ..... ૨૫
- લીલો ચાંદલો ..... **મૃદુલા ગર્ગ** ..... ૩૦
- નમકદાન ..... **નાસિરા શર્મા** ..... ૩૩

**મંથન**

- મને બધું જ આવડે – સમરથ કો નહિ દોષ ગુસાઈ ..... **અલ્પા શાહ** ..... ૪૧
- વાર્ધક્યનું સૌંદર્ય ..... **સંધ્યા ભટ્ટ** ..... ૪૨
- ઈતિહાસ વિષે પરિશીલન ..... **ડૉ. રસેશ જમીનદાર** ..... ૪૩

**ચિંતન**

- પારસમણિ ..... **અંબાલાલ પુરાણી** ..... ૪૫

**આરોગ્ય**

- સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૨) ..... **હરેશ ધોળકિયા** ..... ૪૬
- વૃદ્ધત્વ : વૈજ્ઞાનિક અભિગમ ..... **ઇલા એમ. મેકવાન** ..... ૪૮

**સમાજ ચિંતન**

- સંબંધોના સથવારે : પાડોશી ધર્મ ..... **ઇલા કે. શાહ** ..... ૫૧

**પરિવાર**

- સાચા અર્થમાં માતા-પિતા બનીએ : (૩) ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ (ગડા)** ..... ૫૩

**શિક્ષણ**

- શિક્ષણ અને સામાજિક મૂલ્યો ..... **અનિલ લકુમ** ..... ૫૫

**બાળ વિકાસ**

- કોને ભણાવીશું? – બાળકને કે મા-બાપને? ..... **ઊર્મિલાબહેન શાહ** ..... ૫૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## યાદગાર પ્રવચન

● યુવાનો : સપનાના સોદાગરો બનો ........ **નરેશ વેદ** ..... ૫૯

## 

● પ્રકૃતિ........ **ભાવના મનોજ વીછીવોરા** ..... ૬૪

## ઇતિહાસ

● મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ
રાજની રૈયત સાથે ગરબીની રમઝટ બોલાવી ........ **જોરાવરસિંહ જાદવ** ...... ૬૬

## નિબંધ

● બાવલું........ **મિતેષ સોલંકી** ...... ૬૮

## સત્ય કથા

● હનુભાઈ ........ **ઝવેરચંદ મેઘાણી** ...... ૬૯

## સંવેદન કથા

● દાવ પર છે લાગણીઓ ........ **સંદીપા ર. હેસિયા** ...... ૭૪

## પ્રતિભા વિશેષ

● પેન ઈંક માધ્યમ થકી કલાક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા
ચિત્રકાર : સવજી છાયા........ **કિરણ ચાંપાનેરી 'સેતુ', ફ્રીલાન્સ પત્રકાર** ...... ૭૬
● માનવસેવાના ભેખધારી : ગફુરભાઈ બિલખિયા........ **ડૉ. દિનુભાઈ ચુડાસમા** ...... ૭૮

## રેખાચિત્ર

● ગુલાબો ........ **ડૉ. સુધીર ચી. મોદી** ...... ૮૧

## સંસ્થા વિશેષ

● એક યાદગાર પ્રવાસ ........ **ડૉ. પલ્લવી શાહ** ...... ૮૩

## નિયમિત વિભાગો

● બાલુડેં જ્યું ગાલિયું........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ...... ૮૪
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૮૫
● *Nano Nine* શબ્દ રમત-૧૨૫ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૮૭
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૨)........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૮૯
● જાણવા જેવું........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૯૦
● વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૯૧
● સમાજ દર્પણ ........ ૯૫
● સંસ્થા સમાચાર ........ ૯૬
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૦
● ઊડતી નજરે ........ ૧૦૨

**ભૂલ સુધાર – ક્ષમા પ્રાર્થના**

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં અનુક્રમણિકામાં
**"કચ્છ વિશેષ"** વિભાગમાં
'વાહ રે ભા, કચ્છી જો પાણી' – લેખના લેખકનું નામ સરતચૂકથી જોન હોયલેન્ડ ● અનુ. ચંદ્રશંકર શુક્લ છપાયું છે તે સુધારીને **ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'**
અને લેખનો પાના નંબર ૩૦ને બદલે સુધારીને **૩૪** વાંચવું.

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# જૈન સમાજનું મુખપત્ર સર્વગ્રાહી મુખપત્ર બને તે જરૂરી

'મંગલ મંદિર' શબ્દ આપણને સૌ પ્રથમ અમદાવાદના પ્રખર સાક્ષર નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ એમના કિશોરવયના પુત્ર નલિનકાન્તના અવસાન પછી લખેલ કરુણ પ્રશસ્તિમાં સાંપડે છે. કવિ અને વત્સલ પિતા પોતાના એ લાડકવાયા માટે પરમકૃપાળુ પરમાત્માને એમના મંગલ મંદિરનાં દ્વાર ખોલી એ ભોળા શિશુને લાડભર્યો આવકાર આપવા વીનવે છે. આપણે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર માટે આવું સાર્થક ટાઈટલ મેળવી શક્યા તેને પણ પરમાત્માની કૃપા જ ગણવી રહી. 'મંગલ મંદિર' એની યાત્રાના વિવિધ પડાવો દરમિયાન વધુ ને વધુ સમાજોપયોગી, માનવતાલક્ષી સામગ્રી પીરસતું રહ્યું છે, જેની વિવિધ સ્તરે નોંધ પણ લેવાતી રહી છે. સમાજ કે જ્ઞાતિનાં મુખપત્રો સામાન્ય રીતે ફક્ત એક મર્યાદિત વર્તુળ પૂરતાં જ સીમિત રહે ત્યારે એ કોરાં માહિતીપત્રોથી વિશેષ કોઈ જ ઓળખ પ્રસ્થાપિત કરી શકતાં નથી. આવા મર્યાદિત ક્ષેત્રને ઓળંગી સમગ્ર સમાજને લક્ષમાં રાખવાની 'મંગલ મંદિર'ના પૂર્વ સંવાહકોની નીતિ વધુ પરિણામલક્ષી બની છે. 'મંગલ મંદિર' જે જૈન સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, એના પાયામાં જ કરુણા અને જીવદયા જેવા સિદ્ધાંતો રહેલા છે. આ ઉચ્ચ આદર્શોને અનુસરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજે ફક્ત જૈનો પૂરતા સીમિત રહેવાને બદલે પોતાની માનવતાની સુગંધ અત્ર-તત્ર-સર્વત્ર પ્રસરાવીને એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. આપણે તદ્દન ઓછી કિંમતે શ્રેષ્ઠ તબીબી સેવાઓ પૂરું પાડતું વિશિષ્ટ મેડિકલ સેન્ટર ચલાવીએ છીએ, જેનો લાભ મહદંશે જૈનેતર સમાજના જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો લઈ રહ્યા છે. તે જ રીતે શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટરનો લાભ પણ સમગ્ર માનવ સમાજને, કોઈ પણ જાતના ભેદભાવ વગર મળે છે, જે આખા મહાનગરમાં અને સમસ્ત ગુજરાતમાં આશીર્વાદરૂપ સંસ્થા તરીકે આપણી સેવાકીય પ્રવૃત્તિઓનું મોરપિચ્છ બની રહેલ છે.

'મંગલ મંદિર' એ સમાજના મુખપત્ર ઉપરાંત શિષ્ટ વાંચનનું એક મહત્ત્વપૂર્ણ સામયિક ગણાવા લાગ્યું છે. એમાં આપણને 'અખંડ આનંદ', 'જનકલ્યાણ' અને 'નવચેતન' જેવાં સર્વજનલક્ષી સંસ્કાર સાહિત્ય પીરસતાં સામયિકોનો જ પડઘો કે પડછાયો વરતાય છે. આમ એક સમાજ વિશેષનું સામયિક ન રહેતાં એ ગિરા ગૂર્જરીનું વહાલસોયું સંસ્કાર-સામયિક બની રહ્યું છે, એનું આપણને ગૌરવ હોવું જોઈએ. એમાં આપણને વિવિધલક્ષી વાંચન સામગ્રી સાથે જ સમાજલક્ષી અને ધર્મલક્ષી વાંચન તો મળે જ છે. જૈન ધર્મ તથા સમાજની મૂળ વિભાવના સર્વ સંગ્રાહક, સર્વદેશીય - સહુનો સ્વીકાર પણ કોઈનો તિરસ્કાર નહીં — એવી ઉદાત્ત અને ઉદાર રહી છે. આ વિભાવનાનો અક્ષરશઃ 'મંગલ મંદિર'ના શીર્ષક સાથે પણ મેળ બેસે છે. આશા રાખીએ કે 'મંગલ મંદિર'ના સુજ્ઞ વાચકો અને લેખકો આ મુદ્દો ધ્યાને લઈ એને દિનપ્રતિદિન વધુને વધુ ઊંચું લક્ષ્ય હાંસલ કરવામાં મદદરૂપ થશે. સવિશેષ વાચકવૃંદ પાસેથી કોઈ પણ શેહશરમ વગરના સાચા અભિપ્રાયો અને પ્રસંગોપાત્ત લખાણોની અપેક્ષા પણ રહેશે, કારણકે આખરે તો કોઈ પણ માનવી કે માનવી દ્વારા રચાતી કૃતિ પૂર્ણ નથી હોતી — પૂર્ણ તો એકમાત્ર પરમાત્મા જ હોઈ શકે. સુજ્ઞ વાચકોના માર્ગદર્શનનો ગંભીરતાપૂર્વક વિનિયોગ કરી સમાજના આ સર્વગ્રાહી મુખપત્રને વધુને વધુ સમૃદ્ધ અને સાર્થક બનાવવાની અમે ખાતરી આપીએ છીએ. ■

વિશ્વકારણ

# ઓબામાની અંતિમ શુભેચ્છા

• કેશુભાઈ દેસાઈ •

ઈ.સ. ૨૦૦૮થી સળંગ આઠ વર્ષ સુધી અમેરિકાની રાજ્યધુરા સંભાળી નિવૃત્ત થઈ રહેલા પ્રેસિડેન્ટ બરાક હુસૈન ઓબામાએ છેલ્લી પત્રકાર પરિષદમાં એમના માનવતાવાદી અભિગમનો અણસાર આપી વિશ્વની શ્રેષ્ઠ ગણાતી લોકશાહીમાં વંશીય ગણતરીઓ પર આધારિત રાજકારણ સામે સ્પષ્ટ આક્રોશ રજૂ કર્યો છે. એમના સ્થાન પર ૨૦ જાન્યુઆરીની સવારથી 'વ્હાઈટ હાઉસ'નો કબજો સંભાળનારા ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે વંશીય રાજનીતિ ઉપરાંત સંકુચિત રાષ્ટ્રવાદનાં હાથવગાં હથિયાર અપનાવી ઉદાર મતવાદી ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટનને શિકસ્ત આપી હતી. ઓબામા શાસનનાં આઠ વર્ષોના વહીવટ સામે એને પ્રજાકીય ચુકાદો માનવામાં વાંધો ન હોઈ શકે, પરંતુ ટ્રમ્પનું ખરડાયેલું ચરિત્ર અને હાલકડોલક વિચારસરણી તથા પ્રજાના એક વગદાર સમુદાય દ્વારા ચૂંટાયા બાદ પણ થતો રહેલો સતત વિરોધ અમેરિકા જેવી વિશ્વસત્તા માટે એક મસમોટો પડકાર પણ છે જ. સામા પક્ષે ઓબામાને અમેરિકાના ઈતિહાસમાં ચૂંટાયેલા પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ તરીકે જ નહીં બલકે વિશ્વના અન્ય દેશો સાથે ભાવના અને સદ્‌ભાવનાપૂર્ણ સંબંધો સુનિશ્ચિત કરનારા રાષ્ટ્રપતિ તરીકે પણ યાદ કરવા પડશે. રશિયા સાથેના સિરિયા મુદ્દે ઊભા થયેલ મતભેદોને બાદ કરતાં ઓબામા લગભગ 'અજાતશત્રુ' કહી શકાય એવા વૈશ્વિક નેતા તરીકે ઊપસ્યા છે, તે સ્વીકારવું જ રહ્યું. એમણે છેલ્લી પત્રકાર પરિષદમાં અમેરિકાની વૈશ્વિક લોકશાહી તરીકેની ઈમેજ જળવાઈ રહેશે એવી શ્રદ્ધા વ્યક્ત કરી છે. અમેરિકા કોઈ એક કોમની જાગીર નથી, તે મુદ્દાનું પ્રતિપાદન કરતાં ઓબામાએ શુભેચ્છા વ્યક્ત કરી છે કે ભવિષ્યમાં અમેરિકાને કોઈ હિંદુ, યહૂદી કે લેટિન અમેરિકન રાષ્ટ્રપતિ પણ મળી શકે. આટલા ખુલ્લા વિચારો છતાં તેઓ અમેરિકાને ક્યારેક મુસ્લિમ રાષ્ટ્રપતિ પણ મળી શકે એવું વિધાન કરી શક્યા નથી, એની પાછળનું રહસ્ય એ છે કે ખુદ ઓબામાના પિતા મુસલમાન હતા. ત્યક્તા માતા ખ્રિસ્તી હોઈ એમણે ખ્રિસ્તી તરીકેની ઓળખ જાળવી, પરંતુ એ અશ્વેત તો રહ્યા જ. અમેરિકાની ઉદાર મતવાદી પ્રજાએ એમના મુસલમાન ગોત્ર કે કાળા રંગને નજરઅંદાજ કરીને એમની ગુણવત્તા પર જ એમને પ્રમુખપદ સોંપ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ પાસે આ જ મુદ્દો ગોરી બહુમતીને બહેકાવવા માટેનું ટ્રમ્પકાર્ડ બની ગયું હતું. વિદાય લેતા કાળા રાષ્ટ્રપતિએ અમેરિકાના યાદગાર રાષ્ટ્રપતિઓની યાદીમાં પોતાનું નામ કોતરાવી દીધું છે અને ડાઘ વગરની સૂર્યોજ્જવલ કારકિર્દી સાથે વિદાય થયા છે. એમણે છેલ્લે છેલ્લે ભારતના વડાપ્રધાન સાથે શુભેચ્છા - ફોન કરીને ભારતની મહત્તાનો પણ સ્વીકાર કર્યો છે. ઓબામાની સરખામણીમાં નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પનું 'અમેરિકા ફર્સ્ટ' સૂત્ર ભારત સાથેના સંબંધોમાં કેવા રંગ લાવશે તેની રાહ જોવી જ રહી.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૧. મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • તા. ૨૩-૨થી ૨૫-૨-૨૦૧૭ બપોરે ૨.૦૦થી ૪.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | ગૃહ ઉદ્યોગ સમિતિ | સુજોક થેરાપીથી રોગ મટાડવાનો સેમિનાર |
| • રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ડૉ. ધીરેન શાહ દ્વારા તથા દેહદાન અંગેની સમજણ ગીત - સંગીતનો કાર્યક્રમ |
| • બુધવાર, તા. ૮-૩-૨૦૧૭ રાત્રે ૧૦.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | છ ગાઉ યાત્રા - પાલિતાણા |
| • સોમવાર, તા. ૧૩-૩-૨૦૧૭ સવારે ૯ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ધૂળેટીનો કાર્યક્રમ |

ધારાવાહિક નવલકથા

॥ ધારાવાહિક નવલકથા ॥

# છોરાંવછોઇ – (૪)

• હંસરાજ સાંખલા •

## દીકરીનો જન્મ

જુદાં જુદાં બહાનાં તળે મણિલાલ દિવાળી સુધી વતનમાં રોકાયો. ત્યાં સુધી તો ખળાં કાઢવાનાં કામ પણ પૂરાં થવા આવ્યાં હતાં.

ખેતરોમાં શિયાળામાં મૂલ મજૂરની જરૂર ઘટી ગઈ. મણિલાલ હવે કયા બહાને રોકાય? રોકાય તોય મહિને દોઢ મહિને રતન ફરી મોટું મળણ કરવા માવતરેં જશે. પછી મણિલાલને કોઈ પણ પ્રકારના કામ વગર કચ્છમાં રોકાવાનું કોઈ કારણ ન'તું.

રતનને રોતી મૂકી મણિલાલ બારે કલકત્તા કમાવા ગ્યો.

પોચની (= પહોંચ્યાની) ટપાલ આવી પંદરેક દિવસે.

મરઘાંમાં મારા જ કને ટપાલ વંચાવી આવ્યાં.

રતને ગોખલામાં ટપાલ જોઈ. એ નાનબાઈ પાસે લઈ ગઈ અને ઇ વંચાવી. વિગતમાં ઝાઝું કંઈ લખ્યું નતું. રાજી ખુશીથી પોચી ગયો છું! એટલું જ લખ્યું હતું. રતનને એમ હતું. અંદર મારા વિશે (મારા માટે પણ) મીઠી મીઠી ઘણી વાતો લખી હશે પણ એવું કંઈ નતું. એ થોડી નિરાશ થઈ ગઈ. એ મનમાં બોલી, 'ચર્યી (= ગાંડી, મૂરખ) તું હમજતી નથી ઇ કેના હારું લખે?' તને ક્યાં વાંચતા આવડેર્યું? તું તો ઓસિયાળીને? તને તો વંચાવવાય ક્યાંક બીજાં કને જવું પડે. પછી એવું બધું થોડું લખે?

હું કેવી નસીબની ફૂટેલી જરાય ન ભણી. નેનકડી હતી તઈયે નાનાં ભાંડરુંને રમાડવાના લોભમાં બાપાવાળાએ ન ભણાવી પણ થોડી મોટી થઇ તૈયેં મારા જેવડી ઘણી બધી રાત્રીશાળાની પ્રૌઢ શિક્ષણની ઝુંબેશમાં ભણી જ હતી ને? વિશ્રામબાપાની ભાણબાઈ ને નાનબાઈ પણ ઇ રીતે જ ભણી'તી ને? ભલે બહુ ઝાઝું નોતી ભણી તોય 'પોતપાર' શીખી ગઈ. હું તો મૂઈ એટલું યે ન શીખી.

તે દી ક્યાં ખબર હતી કે મોટાં થશું તૈયે ધણીનો કાગળ આવડો મીઠો લાગતો હશે? નકાં ભણવામાં ક્યાં મારા પડતાતા? થોડું થકું ભણી હોત તો કૈયેંક મનની વાત તો લખી હકી હોતને? હું વાંચી હકતી હોત તો ઇયે કાગળ લખત મને.

કાગળમાં ભલે મને કાંય લખ્યું ન હોય તોય મને ઇ હાંભરેર્યાં એમ હુંયે એને હાંભરતી તો હઈશ જ. પણ કરે શું? વાંક મારો ને ઇ બિચારાને મન મારવું પડતું હશે?

હું બૌ હાંભરતી હેશ તૈયેં મારા માથે ખારે રાખતા હશે. ભલે ખાર મારે - ખાર મારવાય યાદ તો કરતા હશે ને?'

રતન નવરી પડતી ત્યારે ટેરવાં ગણતી કે હાતમને કેટલા મહિનાની વાર હે?

'હાતમ માથે આવવાનું કૈ ગ્યા હે. તો હાતમને કેટલા મૈના (મહિના) બાકી હે!?' રતન એની મોટી સાસુ મરઘાંમાં ભેળી રહેતી હતી. મરઘાંમા એની સાસુ જ કહેવાય.

મરઘાંમાં આતો ધજ (= સારા) હતાં. પણ કડક બૌ હતાં. એના કને ના ની હા ન'તી થતી. એ વાત રખ્ખાં હતાં. પોતાની જ વાત હાચી. એ કહે એમ જ થવું ખપે. શરૂ શરૂમાં તો રતનને એમ લાગતું : જાણે મારા માથે રોફ જમાવવા માંગતા હોય. પરંતુ એવું નતું. એનો સ્વભાવ જ એવો હતો પણ નેપનાં બહુ હખ્ખર હતાં.

બંને સાસુ વહુ ભેળીયું જ મજૂરે જતીયું. શિયાળામાં મૂલ મજૂર ઓછાં હાલે ત્યારે ડુંગરમાં ઇંધણાં કરવા (કાપવા) જતાં. બાર મહિનામાં ખપે એટલાં બળતણની ગંજીયું શિયાળામાં જ ખડકી લેવીયું પડતીયું. આમ ડુંગરામાં ઇંધણે જવાનું એના બાપને ઘેર રતને જોયુંયે નતું. ઘરે ખપતાં ઇંધણાં વાડીમાંથી જ થઈ રેતાં! પણ ઇયાં તાં ક્યાં એવી વાડી હતી?

શિયાળાના દિવસોમાં કુહાડા લઈ પાંચ પાંચ સાત સાતના જૂથમાં હવારમાં વેલીયું ટાઢમાં ગુડા હમા ખોળાવાળી રખાલમાં (રિઝર્વ ફોરેસ્ટમાં) ડુંગરા ચડી જત્યું. હુકી ને મોટી પાકટ ખેરું હારું ઠેઠ 'ઝરું' માં જવું પડતું. ઊંડીયું ઊંડીયું ઝરું (ખીણું)માં એકલાં હૈયે તો વેંજાઈ (ખોવાઈ) જવાની બીક લાગતી. કૈયેક છૂટીયું પડી જતીયું તૈંયે કોવાડાના (ઘાના) અવાજ હાંભળી ભેળીયું થતીયું.

ખેરું જાતે કાપવીયું, ટુકડા કરવા, એની ભારીયું બાંધી માથે લઈ ઝરુંના ચડા ચડવાને ડુંગરના ઢાળ ઊતરવા. કૈયેંક મરઘાંમા બબ્બે ફેરા કરાવતાં. તે દી થાકીયે રેતાં ને હાથમાં નેકું પડી જતીયું. તોય મરઘાંમાને ના ન કેવાતી. એવી એની ધાક ને બીક હતી.

ગામમાં મરઘાંમાને એની 'પૂઠ પાછળ' સૌ મરઘાં 'ભકોરો' કહેતાં. પહેલી વહેલી ઝરુંમાં ઇંધણા કરવાં ગઈ ને બે ફેરા કર્યા તો હાંજે હાલી ન હકાય એવા પગ દુખ્યા'તા.

રાતે પડખું બદલાવવામાંય પગ દુઃખે ત્યાં ઊંઘ ક્યાંથી આવે? તે દી રતનને ઇ બહુ હાંભર્યાં.

'હારું થયું બીજે દિ મરઘાંમાને લખીપર ''ગુડાવાળે'' (પાણી

લેવા લોકાઇ) જવું'તું એટલે ઇંધણા કરવા જવાનું બંધ ર્યું, નૈં તો એ નવી વહુ ના થોડી પાડી હકવાની હતી.

મરઘાંમા કેવાં કડક?

આજુબાજુવાળીયું બધીયું બાઈમણું એનાથી બીયે. એક દી રતનને નાનબાઈ હમી હાજે છેલામાં લોટી ગીયું (જાજરૂ) તે વખતે ગામ બારે છેલાની 'ગુવાડીમાં' લોટે જવું પડતું. શહેરની આજની જેમ આંગણામાં જાજરૂની વ્યવસ્થા થોડી હતી?

વળતાં રસ્તામાં પાનુભાભીને રાધાભાભી મલ્યાં. ભેળાં ગંગાબાઈ મલવા આવ્યાં હતાં. એય મલ્યાં તો રતન એના મામાવાળાના હાલ હમાચાર પૂછતાં પૂછતાં વાતે વળગી'ગી ને ઘેર પોચતાં થોડીવાર લાગી તો પાછળ મરઘાંમા ઊંચાં નીચાં થૈ ગ્યાં.

થોડી વધુ વાર લાગી હોત તો લાકડી લૈને ગોતવાય પોચી આવત એવું કેતાં'તાં!

શરૂઆતમાં રતનને 'ઇ' બહુ યાદ આવતા. પછી ધીમે ધીમે એનું મન 'વળતું' ગયું. આજુબાજુ આખા સમાજમાં નાની મોટી બધી બાઈમણું આ રીતે જ જીવતીયું હતીયું તેથી રતનના મને પણ કબૂલી લીધું ને મન વળતું ગયું.

એ જેમ જેમ જૂની વહુ થતી ગઈ તેમ તેમ મૂલ મજૂરે વધુ જવાનું થતું ગ્યું.

'હાતમ' (જન્માષ્ટમી) નજીક આવી.

જેની જેની વાડીયું (ખેતીવાડીયું) હતીયું એના બારે કમાવવા ગયેલા દીકરા એક-એક કરીને બધા બારેથી આવવા મંડ્યા. રતન પણ હવે એના 'વર'ની વાટ (રાહ) જોવા માંડી.

ત્યાં વળી એના વર સાથે કામ કરતા લાલજીભાઈ આવ્યા તો એવા હમાચાર લઈ આવ્યા કે "મણિલાલ કે'તો તો મને રજા નીં મલે તો હાતમ રમવા (હાતમ માથે) નૈં અવાય."

આવા સમાચાર હાંભળી રતન નિરાશ થૈ ગઈ.

રાત્રે એને ઊંઘ પણ ન આવી. ને એકલી એકલી રોઈ પણ ખરી. બીજે દિવસે નાનબાઈ આગળ 'રાવ' પણ ખણી.

"બાઈ, આ વળી કેવું ઇ હાતમ કરવાય ન આવે! આ આપડો અવતાર કેવો?"

"કાં એમ કોરી?"

"તો શું કૌં? એમ તાં મારા બાપને ઘેર હું શું ખોટી હતી? મારા બાપને ઘરે ખાવાનું તો ઘણુંય હતું. તોય મને પૈણાવી કાં?"

"તારો 'ઇ' આવે એને જ પૂછજે ને!"

"ઇ તાં ઓણ નથી આવનારા!"

"તને કેને કેધું...?"

"ત્યાંથી લાલજીભાઇ આવ્યા તો એને ઘરેથી શાન્તાભાભી વાત કરતાં'તાં."

"એ તો મશ્કરાળ હે ભોળી તને ફોહલાવી હશે."

"હાચા હાચ?" રતનના મોં ઉપર ચમક આવી ગઈ.

એ મનોમન બોલી "હે જલારામ બાપા, નાનબાઈની વાત હાચી નીકળે તો હું તમારા નામની એક માળા ને હવા આનાની પ્રસાદી કરીશ."

બીજે જ દિવસે સાંજે મણિલાલ આવી ગયો.

તે રાત વીરપસલીની જાગ્યાની રાત હતી. બીજે દિવસે વીરપસલી થતી'તી. બિચારી રતનની આજ રાતની હાલત 'ન જાલતે ન મેલતે' જેવી થઈ. એ વિચારતી હતી. શું કરું? જઈશ તો મજાય નીં આવે ને નીં જાઉ તો 'હખ્ખર નીં લાગે ને બધીયું 'વાતું' કરશે. ત્યાં નાનબાઈ બોલાવવા આવી. મણિલાલ આવ્યાની એને ખબર નો'તી.

"રતન હાલેરી ચોકમાં?"

"હા આવું બાઈ" કહી માળા કરતાં મરઘાંમાને એ કહેવા ગઈ.

"બાઈ જી હું ચોકમાં જાઉં રી?"

"મારો દીકરો આયો હે તે ન ગ્યાં હોત તો ન હાલત?"

"નાનબાઈ હાકલ કરવા (બોલાવવા) આવી હે તે?"

"જાઓ ભલે પણ અધવચ્ચે પાછાં હાલ્યા આવજો. આખી રાત ન રમજો."

"રમત જામશે ને મજા આવશે તો નીં આવું?" કહી એ રવાના થઈ.

એને ખબર હતી કે, મજાતો નીં જ આવે. પણ કરે શું? ન જાય તો હરીખત (સરખી ઉંમરની બહેનપણીયું) વાતું કરે ને ગેલી ગોપી - ગેલી ગોપી કૈ, વર્ચાવે ને ચોલાણાં કરે.

રતનના યંત્રવત્ સંસારના ધૂંધળાં વર્તમાનમાં આશાનું એક કિરણ પ્રવેશ્યું.

રતનને (માસિક ધર્મમાં આવ્યે) બે મહિના થયા. દોઢ મહિને એણે નાનબાઇને 'કેને નૈ કેવાની શરતે' વધામણી આપી દીધી હતી. પણ મણિલાલને કહે એ પહેલાં મણિલાલ 'બારે' પરદેશ નીકળી ગયો હતો. એ આ બાબતથી અજાણ હતો. રતનનાં મોં ઉપરની ચમક એના સારા દિવસોની ચાડી ખાતી'તી. આ વાત ચકોર મરઘાંમાથી ઝાઝા દી અછાની ન રહી.

"વહુ! તમે આ મૈને નાયાં નથી, નૈ?"

રતન થોડી શરમાઈ ગઈ. એણે કંઇ જવાબ ન આપ્યો. મરઘાંમાની ધારણા હાચી પડી. એના મોં ઉપર પણ તેજ આવી ગયું.

રતન ભલે એના પેટના દીકરાની વહુ નહોતી પણ મણિલાલનાં મા-બાપ નાની ઉંમરે જ તેનો હાથ મરઘાંમાના હાથમાં સોંપી ગુજરી ગયા હતા. મરઘાંમાએ મણિલાલને પેટના દીકરાની જેમ જ મોટો કર્યો હતો.

આ ''નવાજૂની''ના સમાચાર પહેલાં મણિલાલ બારે 'કમાવા' ઊપડી ગયો હતો. રતનના ચડતા દીના સમાચાર થોડા દિવસોમાં તો તેના માવતરના ઘર સુધી પોચી ગયા હતા.

એક દી રાત્રે સૂતાં સૂતાં રતને પોતાના પેટ ઉપર હાથ ફેરવતાં વિચાર્યું : આમ તો આપણે ભગવાનની કઠપૂતળી જ નાં. કેવી કમાલ રચના કરી હે મારા વાલાએ. ઓમ શરીરનું બધું આપડા હાથમાં પણ આપડા હાથમાં કાંય નીં!

આને કુદરતની કરામત ન કહેવાય?

રમત પૂતળાં કરે પણ કેવી રમત રમાડવી એ તો પોતાના જ હાથમાં. નૈં તો અજોરવાળા કાનજીબાપાના દીકરાના લગ્નને દશ વરસે થ્યાં તોય ઘરે ઘોડિયું નથી બંધાણું!

એણે સૂતાં સૂતાં આકાશમાં ભગવાન સામે હાથ જોડ્યા ને જલારામ બાપાને યાદ કર્યા. મનમાં માનતા કરી 'હે જલારામ બાપા મને હાજી નરવી પાર ઉતારજો. ગગો કે ગગી જે આવશે તેને તમારા નામનો જંડીયો રાખ્યો હોત પણ એમ કરીશ તો મરઘાંમાને 'હુરધન' બાપા બેય ખોરાશે (ગુસ્સો કરશે) એટલે હુરધન બાપાના નામનો જંડીયો રાખીશ પણ પાંચે વરસે તમનેય પગે લગાડી જઈશ ને હવા રૂપિયાની પરસાદી ચડાવી જઈશ.

ચડતા દી રહેતાં રતનના મનના વિચારો બદલી ગયા.

પેલા ક્યારેક એની યાદ આવતી ત્યારે એ નિરાશા અનુભવતી. હમણાં તો એના વિચારો કે કલ્પના કંઈક જુદાં જ હતાં. પેલા'તો એને એક બે વાર નાનબાઈ કને મનની વરાળેય કાઢી'તી.

''બાઈ ભગવાને આપુંને મનખા અવતાર દીધો તો ખરો પણ કણબીને ક્યાં જીવતે આવડેર્યું? કૂતરાં મિંદડાંને ચોપાંચેડાં વરમાં (વર્ષમાં) જેમ એક વાર અમુક દી 'મુંધમાં' (મોસમમાં - માસિક ધર્મમાં) આવે તૈયે સંસાર માંડે ને આપડુંયે એવું જ. આપડો મનખો ચોપા (= ચોપગા) જેવો જ ને? ભગવાને ચોપાંચેડાંને મગજ નથી દીધું એટલું હારું. એટલે એને કાંય લાગણીયે નૈને દુખેય નૈ. ને આપુને રાત દી જીવ બળતરા. આ તો હમજે એને હોહ! (સમજે એને સંતાપ)

પહેલાં ક્યારેક આવા વિચારો આવતા. પણ હવે રતનને ફરી જીવવાની મજા આવવા લાગી. એને કણબીની જીવન પદ્ધતિ સામેની બધી જ ફરિયાદો મટી ગઈ. એને થયું માતૃત્વ એટલે જ સ્ત્રી.

એ રંગીન કલ્પનાઓમાં ઊડવા લાગી.

દિવસે તો એને મૂલ મજૂર જવું પડતું પણ હાંજ-હવારનાં સમયમાં એ સંતાઈને એના આવનાર 'છોરાં' હારું ગોદડી સીવતી. કોઈ જોઈ ન જાય એનું ધ્યાન રાખવું પડતું. ગોદડી સીવતાં કોઈ જુએ તો ગામમાં બાઈમણું વાતું કરે.

''રતન એનાં છોરાં હારુ ગોદડી સીવેરી. જધ્ધી (એક ગાળ) હાવ શરમ વગરની. એને કાંય લાજ શરમ નથી.''

''પેટનાં છોરાંની ગોદડી સીવવી એમાં શરમાવવાનું શું? બાઈમણું કમાલનીયું હે. ભલે જેને વાતું કરવીયું હોય ઈ કરે. હું થોડું હલકું (ખોટું) કામ કરું રી કે મને શરમાવવું પડે.''

એમ કરતાં રતનને છ મહિના થયા.

એને એનાં માવતરવાળાં ખોળો ભરાવ્યા પછી જ્ઞાતિના રિવાજ મુજબ થોડા દિવસે મૈના માટે મળવા તેડી જનારાં હતાં.

એક રાતે નાનબાઈને રતને કહ્યું, ''બાઈ એને ટપાલમાં લખી દે નકો એને ખબરે નીં હોય ને વધામણીનો કાગળ જશે. હું જેમ વિચારું રી એમ ઈયે ભલે વિચારેને. છોરાંના નામની પાછળ એનું જ નામ લાગશે.''

અને મનસુખભાઈએ મણિલાલને કાગળમાં રાજીખુશીના સમાચાર હાથે આ બધું લખ્યું.

રતનને કોઈ દિવસે મૂલ મજૂરની હાકલ ન હોય ત્યારે આઠ નવ વાગે આંગણામાં કોઈ ન હોય તો ડેલી બંધ કરી દીવાલની બાજુમાં સૂરજબાજુ (જમણું) પડખું રાખી, ઊભી રહી પોતાનો પડછાયો જોઈ ખુશ થતી ને કેટલીયે વાર જોતી રહેતી. એ પોતાના પેટ ઉપર હાથ અને પડછાયા પર નજર ફેરવ્યાં કરતી.

રતનને આમ કરવામાં આનંદ અને સંતોષ થતો. વળી કૈયેંક એમ પણ થતું, ''કેમ થશે? હુવાવડમાં તકલીફ તો નૈ થાય ને?'' આવો તકલીફનો વિચાર આવતો ત્યારે એ જલારામ બાપાને યાદ કરતી.

એમ કરતાં હુવાવડના દિ' નજીક આવતા ગયા. ખેતીના કામની સીઝન હતી તેથી દરરોજ મૂલઈ જવું પડતું. આ રીતે છેલ્લા દિવસો સુધી કામે જવામાં કોઈને કાંઈ તકલીફ ન હતી.

તે દિવસે પણ તે મૂલઈ ગઈ હતી. આ દિવસોમાં મરઘાંમા એ જોતાં કે જ્યાં સુધી અજોરવાળાની હાકલ હોય ત્યાં સુધી છેડી વાડીવાળાંને ના કે'તાં ક્યાંક ઓચિંતું ઘરે જવું પડે તો નજીક હોય તો ઠીક રહે.

સાત વાગે કામે લાગેલ સૌએ દશ વાગે રાબ પી વેરાંઢડી (= દસ વાગે કરાતો રાબ-રોટલાનો નાસ્તો) કરી, રતન સૌની સાથે બપોર સુધી કામ કરતી રહી. બપોરે સાથે લઈ ગયેલ ભતાર (રોટલા) ખાધા પછી રતન આડી ન પડી. રતને મરઘાંમાને ધીમે અવાજે કહ્યું, 'બાઈજી, ઘરે હાલશું?'

'હાલો' મરઘાંમા સમજી ગયા.

એણે વાડીવાળાં પૂરીમાને કહ્યું, 'પુરબાઈ, અમે હાહુવહુ ઘરે જઈએર્યું.'

અને એ ઘરે ગયાં.

હાંજે ભાઈવારીમાં (કુટુંબમાં) કેવરાવ્યું 'આપણે હુંવાળા' (સુતકવાળાં) થઈ ગયાં હઈએ મંદિરે ન જજો. અમારી પોત્રી આવી.

*(ક્રમશઃ)*

કચ્છ વિશેષ

# નર્મદાના વધારાનાં પાણી સંદર્ભે કચ્છની અવગણના ક્યાં સુધી?

• અશોક મહેતા •

રાજયના મુખ્યમંત્રીપદે આરૂઢ થતાવેંત જ વિજયભાઈ રૂપાણીએ સમગ્ર સૌરાષ્ટ્રને આવરી લેતી ''સૌની યોજના''નો વાજતે ગાજતે પ્રારંભ કર્યો અને તેને પગલે કચ્છમાં નર્મદાના વધારાના પાણી લાવવાની યોજના શરૂ થશે તેવી આશા જાગી અને ભુજમાં ખુદ મુખ્યમંત્રીએ એ માટે હૈયાધારણ પણ આપી. છતાં સરહદી જિલ્લા માટે ચિંતા જગાવે તેવા અહેવાલો એ મળી રહ્યા છે કે ૨૦૧૭ના બજેટમાં તથા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના અંદાજપત્રમાં પણ કચ્છને નર્મદા ડૅમના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી ફાળવાયા છે તે માટે કોઈ જોગવાઈ કે નાણાં ફાળવણી શક્ય બનશે નહીં. એટલું જ નહીં, પણ નાણાં વિભાગે જળસિંચાઈ વિભાગને ગત વર્ષ કરતાં આ વખતે રૂા. બે હજાર કરોડ ઓછા ફાળવતાં, સારણ જળાશય સુધીના કામો પર પણ તેની વિપરીત અસર પડે તેવો ભય સેવાઈ રહ્યો છે.

અતિ વિશ્વાસપાત્ર વર્તુળો દ્વારા જાણવા મળેલું છે કે ચાલુ નાણાંકીય વર્ષમાં પણ કચ્છને ૧.૦૦ એમ.એ.એફ. ફાળવવામાં આવેલા વધારાના પાણીના કાર્યો માટે કોઈપણ પ્રકારનું બજેટરી પ્રોવિઝન ફાળવવામાં આવનાર નથી. ઉપરાંત નાણાકીય વિભાગે જળ સિંચાઈ વિભાગને ગત વર્ષના બજેટ કરતાં ચાલુ વર્ષે રૂા. ૨૦૦૦ કરોડનો કાપ મૂકવા જણાવ્યું છે. આ પરિસ્થિતિમાં કચ્છનાં વધારાનાં પાણીના કાર્યો માટે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં કોઈપણ જાતનું પ્રોવિઝન મૂકવાનું શક્ય નથી.

પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ યોજના પ્રમાણે વધારાનાં ઓછામાં ઓછા બે વર્ષ જેવો સમય નીકળી જવાની શક્યતા છે.

આ જ રીતે ટપ્પર ડેમ ભરવા કચ્છ બ્રાંચ કેનાલમાંથી ટપ્પર જળાશય સુધી જે કેનાલ બનાવવાની છે તેના રૂા. બે કરોડના અંદાજિત ખર્ચ માટેની રકમ ફાળવી દેવામાં આવેલી છે પરંતુ ટપ્પર અને સારણ જળાશય સુધી જે કેનાલો લઈ જવાની છે તેના જમીન સંપાદનના પ્રશ્નો તો ઊભા જ છે. એક તરફ કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો કરવા જમીન સંપાદન અંગે કચ્છના ખેડૂતોનો જોઈએ તેવો સહકાર મળી શકતો નથી, તો અન્ય તરફ આ બે જળાશયને ભરવા જરૂરી જમીન સંપાદનનો પ્રશ્ન તો ઊભો જ છે.

આધારભૂત વર્તુળોના જણાવ્યા અનુસાર વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી જે કચ્છને ફાળવવામાં આવેલ છે તે ટોટલ યોજના રૂા. ૪૮૦૦ કરોડની છે. સરકારની પદ્ધતિ પ્રમાણે સૌપ્રથમ આ યોજનાની સૈદ્ધાંતિક મંજૂરી મેળવવી પડે. ત્યારબાદ વહીવટી મંજૂરીની વાત આવે અને છેલ્લે તાંત્રિક - ટેકનિકલ મંજૂરીની જરૂરિયાત રહે. આ ત્રણે મંજૂરી મળ્યા બાદ જ એ યોજનાના ખર્ચ માટે બજેટમાં પ્રોવિઝન કરવા નાણાં ખાતાને જણાવવું પડે. કચ્છની આ યોજના માટે ત્રણમાંથી એકપણ પ્રકારની મંજૂરી મળી નથી. તેથી આ વિભાગના અધિકારીઓએ નાણાંકીય મંજૂરી માટે આગળ વધવાનો પ્રશ્ન ઊભો થતો નથી. તેથી જ્યાં સુધી જળ સિંચાઈ વિભાગને લાગેવળગે છે ત્યાં સુધી આવતા વર્ષે આ યોજનાના કાર્યો હાથ પર લેવાની કોઈ શક્યતા રહેતી નથી.

બીજી તરફ ઉત્તર ગુજરાતને ફાળવવામાં આવેલા ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો સુઝલામ - સુફલામ યોજના અંતર્ગત પૂર્ણ કરી દેવામાં આવેલા છે. ત્યારબાદ સૌરાષ્ટ્રને ૧.૦૦ એમ.એ.એફ. તથા કચ્છને ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી ફાળવવાની સંયુક્તપણે જાહેરાત કરવામાં આવી હતી. તેમાંથી રૂા. ૧૨૦૦૦ કરોડની સૌરાષ્ટ્રની 'સૌની' યોજના પૂરજોશમાં આગળ વધી રહી છે અને તેના એક ભાગનું ઉદ્‌ઘાટન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ કરેલું હતું. જ્યારે કચ્છને ફાળવવામાં આવેલા ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યોની હજુ સૈદ્ધાંતિક, વહીવટી કે તાંત્રિક મંજૂરી પણ મળી નથી અને તેથી તેના બજેટરી પ્રોવિઝન માટે આગળ વધી શકાતું નથી.

દરમિયાન થોડા દિવસ અગાઉ કચ્છનું એક પ્રતિનિધિ મંડળ ગાંધીનગર જઈ આ યોજનાના કાર્યો હાથ પર લેવાનું જણાવવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મળ્યું હતું. તેઓએ સૌને હૈયાધારણ આપી હતી અને વધારાનાં પાણીના કાર્યોની વીડિયો ક્લિપ પણ બતાવી હતી. આ સમાચારને પગલે કચ્છમાં એક આશા જન્મી હતી કે હવે આ પ્રકારના કચ્છના કાર્યો તરતમાં હાથ પર લેવામાં આવશે અને કચ્છને નંદનવન બનાવવાની ગતિ તરફ આગળ વધી શકાશે.

ત્યારબાદ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કચ્છ આવ્યા ત્યારે પણ તેમણે આ બાબતે કચ્છને હૈયાધારણ આપી હતી.

મળતા સમાચાર મુજબ કચ્છના ભાજપના આગેવાનો જાન્યુઆરી-૨૦૧૭ના પ્રથમ અઠવાડિયામાં જ આ પ્રશ્ને ફરીથી મુખ્યમંત્રીને ગાંધીનગર મળી આવી આ કાર્ય માટે આવતા નાણાંકીય વર્ષ માટે સારા એવા બજેટની જોગવાઈ કરવામાં આવે તેવી વિનંતી કરી હતી. અને મુખ્યમંત્રીએ ફરી પણ તેમને હૈયાધારણ આપી હતી.

એક તરફ વહીવટી તંત્રની અંદાજપત્રીય જોગવાઈ અગાઉની ત્રણ પ્રકારની મંજૂરી મેળવવાની વાત અને અન્ય તરફ મુખ્યમંત્રીની હૈયાધારણ વચ્ચે આ પ્રશ્ને કોઈપણ પ્રકારની

નિશ્ચિતતા દેખાતી નથી.

જે રીતે સારળ જળાશય અને ટપ્પર જળાશયને નર્મદાના પાણીથી ભરી દેવા વહીવટી પાંખને બાજુએ મૂકી જે રીતે રાજકીય નિર્ણયો લેવામાં આવ્યા, એ રીતે કચ્છના વધારાના પાણીના કાર્યો માટે રાજકીય નિર્ણય લઈ વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે એ કચ્છ માટે અતિ જરૂરી છે. નહીં તો ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની સરખામણીમાં કચ્છ પ્રત્યે જે ઓરમાયું વર્તન દાખવવામાં આવે છે તે લાગણી વધુ બળવત્તર બની રહેવાની છે.

*મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

# ગુજરાત વાઇબ્રન્ટ પરિષદ અને કચ્છ : ૨૦૦૪થી ૨૦૧૬

કચ્છ જિલ્લો ૨૦૦૪થી વાઈબ્રન્ટ પરિષદમાં MOU ના રોકાણો માટે પસંદ રહેલ છે. આ વખતે ગુજરાત વાઈબ્રન્ટમાં કચ્છમાં લઘુ - મધ્યમ ઉદ્યોગો માટે ૩૧૬ રોકાણના ઈરાદાપત્રો દાખલ થઈ ચૂક્યા છે.

૨૦૧૧માં ૩૧૦ જેટલા એમ.ઓ.યુ. મોટા પ્રોજેક્ટ માટે થયેલ હતા. જેમાં રોકાણકારોએ ભુજ, મુંદ્રા, અંજાર અને અબડાસાને પસંદ કરેલ હતા. તે સમયે રિલાયન્સ ગ્રુપના મૂકેશ અંબાણીએ ૪૦૦૦ કરોડ કચ્છમાં સિમેન્ટ ઉદ્યોગ માટે રોકાણની જાહેરાત કરેલ. જેના પગલે તેમના ભાઇ અનિલ અંબાણીએ પણ કચ્છમાં સિમેન્ટ પ્લાન્ટના એમ.ઓ.યુ. કરેલ. પરંતુ તેમના દ્વારા કોઈ કાર્યવાહી શરૂ થયેલ નથી. તદુપરાંત વેલસ્પન દ્વારા કચ્છમાં સ્ટીલ પ્લાન્ટ માટે ૨૦૦૦ કરોડ, મુંદ્રા પોર્ટ અને સેઝ માટે અદાણી ગ્રુપ દ્વારા અદાણી બંદરે વિકાસ કામો માટે ૪૫૦૦ કરોડની સમજૂતી કરેલ હતી. કંડલા પોર્ટ, વાડીનાર તથા તુણા બંદરની જેટ્ટી માટે ૩૭૧૦ કરોડની સમજૂતી થયેલ હતી.

૨૦૧૩માં લઘુ અને મધ્યમ ઉદ્યોગ સેક્ટર તથા જી.આઈ.ડી.સી.માં ૬૩૨ ઈરાદાપત્રો ઉપર હસ્તાક્ષર કરવામાં આવેલ હતા. સુઝલોન ગ્રુપના અધ્યક્ષ તુલસી તાંતીએ ૨૦૦૦ મેગાવોટના ઊર્જા ઉત્પન્ન કરવા માટે કરેલ સમજૂતીથીયે વધારે ઊર્જા હાલ ઉત્પાદન કરે છે.

૨૦૧૫માં ભુજ ખાતે પ્રથમવાર વાઈબ્રન્ટ એક્સ્પો યોજાયેલ. જેમાં કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડેક્ષ્ટ-બી અને ગ્લોબલ નેટવર્ક, ઓક્ટાગોન જેવી એજન્સીઓના સંયુક્ત આયોજનથી રોકાણકારોને આકર્ષવાનો પ્રયાસ થયો હતો. જેમાં ૧૩ દેશોની ૫૫ વિદેશી કંપનીઓના ૧૦૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહેલ હતા. મોટા ઉદ્યોગકારોએ પણ રસ દર્શાવેલ તેમજ આવેલ તજજ્ઞોએ કચ્છમાં દુબઈ જેવી સ્થિતિ બની શકે તેવી ક્ષમતા દર્શાવેલ હતી. આ બાબતે સ્વતંત્ર ઉદ્યોગ વિકાસ નિગમ બનાવવાની હિમાયત કરી હતી.

૨૦૧૬માં ગાંધીધામ ખાતે ગાંધીધામ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા વાઈબ્રન્ટ કચ્છના નામ સાથે વ્યાપાર ઉદ્યોગ પ્રદર્શન, પ્રવાસન ઉદ્યોગ, ટીમ્બર ઉદ્યોગ તથા શિક્ષણ સંબંધી સેમિનાર યોજાયા હતા.

**વાઇબ્રન્ટમાં કચ્છના M.S.M.E. M.O.U. ની સ્થિતિ**

| એમ.ઓ.યુ.ની સ્થિતિ | ૨૦૦૯ની પરિષદ | ૨૦૧૧ની પરિષદ | ૨૦૧૩ની પરિષદ | ૨૦૧૫ની પરિષદ | છેલ્લા ચાર વર્ષની સમિટના કુલ એમ.ઓ.યુ. |
|---|---|---|---|---|---|
| કુલ | ૩૩ | ૬૮ | ૩૦૪ | ૩૭૨ | ૭૭૬ |
| શરૂ થયેલ એકમો | ૧૭ | ૪૦ | ૧૫૯ | ૧૪૯ | ૩૬૫ |
| અમલની ટકાવારી | ૫૧.૫૧% | ૫૮.૮૨% | ૫૨.૩૦% | ૪૦.૧૬% | ૪૭.૦૩% |

કચ્છના વિનાશક ભૂકંપ બાદ કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા માટે રાજ્ય - કેન્દ્ર સરકારે પાંચ વર્ષ માટે કરવેરામાં રાહત આપી તથા વાઈબ્રન્ટ દ્વારા પ્રોત્સાહન મળતાં કચ્છ જિલ્લો ઉદ્યોગપતિઓ માટે ફેવરીટ બન્યો. તેમજ હવે બે મોટા બંદર ઉદ્યોગો માટે જમીનની ઉપલબ્ધિ, રેલવે, એરસેવા, રાષ્ટ્રીય ધોરીમાર્ગો જેવા માળાખાકીય સુવિધા ધરાવતા પરિબળો વચ્ચે વિકાસની ગતિ જળવાયેલ છે. છેલ્લા દાયકામાં હજારો એમ.ઓ.યુ.માં કચ્છનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. છેલ્લી ચાર પરિષદોમાં MSME ક્ષેત્રમાં થયેલ ૭૨૬ એમ.ઓ.યુ.માંથી ૩૬૫ એમ.ઓ.યુ. એટલે કે ૪૭% એમ.ઓ.યુ. કાર્યરત છે.

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*

*(માહિતી સ્રોત : વર્તમાનપત્રો)*

# પ્રાક્-હડપ્પીય યુગનું સરોવર કચ્છ જિલ્લાના ધોળાવીરા ગામ પાસેથી હાથ લાગ્યું છે

• ડૉ. મિહિર એમ. વોરા •

સૌપ્રથમ માનવસર્જિત સરોવર ધોળાવીરા ગામ પાસેથી હાથ લાગ્યું છે. આનો પુરાવો જાણીતા ઈતિહાસવિદ્ જોરાવરસિંહ જાદવ 'લોકજીવનનાં મોતી'માં આપે છે. ગુજરાત એટલે ડુંગર, દરિયો અને નદીઓનું પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતો પ્રદેશ. ગુજરાતના જનજીવન સાથે જળસંસ્કૃતિ જૂનાકાળથી જોડાયેલી રહી છે. એને કારણે જૂના જમાનાથી લોકસમાજનો માનવી નદી, વાવ, વાવડી, વીરડા, કૂવા, કૂઈ, કુંડ, તળાવ અને સરોવર જેવાં જળાશયો જોડે નાતો જોડતો રહ્યો છે. આ જળાશયોએ માનવ જીવનને અને સંસ્કૃતિને સમૃદ્ધ કર્યાં છે. ૨૦મી સદીની શરૂઆત સુધી તો જળાશયો માનવી અને પશુપક્ષીઓ માટે માત્ર પાણીનાં સાધનો હતાં. પાછળના એક હજાર વર્ષોમાં જળાશયોને કાંઠે ગામડાં અને નગરો પાંગર્યાં હતાં, અને સમૃદ્ધ થયાં હતાં. જળ સાથેનો માનવીનો સંબંધ વેદકાળના વખતથી વહેતો આવ્યો છે. જળ સાથે ધર્મ પણ જોડાયો. વાવ, કૂવા અને સરોવર બનાવવા માટેના વાસ્તુ અને શિલ્પશાસ્ત્રો પણ વિકસ્યાં. સંસ્કૃત શબ્દ 'તડાગ' પરથી તડાગ-તલાઉ-તલાવ શબ્દ ઉતરી આવ્યો છે. તળાવડી શબ્દ 'તડાલિકા' પરથી આવ્યો છે. આપણે ત્યાં તળાવોના બે પ્રકાર છે : (૧) કુદરતી તળાવ અને (૨) માનવસર્જિત તળાવ. નદીઓ ઉપર બંધ બાંધીને તૈયાર કરાયેલા જળાશયોને સુરક્ષિત જળભંડાર-રિઝરવૉયર કહે છે. નર્મદા નદી પર બંધ બાંધીને તૈયાર કરાયેલું સરદાર સરોવર આ પ્રકારનું સરોવર છે. કુદરતી રીતે જે જમીન નીચી હોય અને એમાં ચોમાસાનું પાણી એકઠું થતું હોય તો તેને કુદરતી તળાવ કહેવાય. આવાં તળાવોને અ-ખાત પણ કહે છે. 'અ' એટલે નહીં અને 'ખાત' એટલે ખોદેલું. અર્થાત્ જે ખોદીને બનાવવામાં આવ્યું નથી તે કુદરતી તળાવ એમ 'અસ્તિત્વબોધ' ના આલેખનમાં દિગંત ઓઝા લખે છે. આ પુસ્તકમાં એમણે જળસ્રોતો, જળ અને તળાવોને જાળવવાની વાત આલેખી છે. ભારતીય તળાવોનો મોટો ઈતિહાસ છે. સો-દોઢસો વર્ષ પૂર્વે ભારતમાં અષાઢ મહિનાના પ્રથમ દિવસથી ભાદરવાના છેલ્લા દિવસ સુધીમાં દેશના ઝીલો, પોખરો, હલહલો, ગઢઈઓ અને ૧૧ થી ૧૨ લાખ તળાવો અને તળાવડીઓ છલકાઈ જતાં તે છેક આવતા ચોમાસા સુધી પ્રજાને પાણીની જરૂરિયાત પૂરી પાડતાં. ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં તળાવો દ્વારા સિંચાઈ કરવાની પ્રથા પુરાણી અને વ્યાપક છે. દુષ્કાળ દરમિયાન રાહતના કામો માટે તળાવો ગળાતાં રહ્યાં છે. પાણીના નિકાલ માટે તળાવો કુદરતી સાધન તરીકે ઉપયોગમાં લેવાતાં રહ્યાં છે. અમદાવાદની ચોગરદમ સેંકડો તળાવો હતાં જે કાળક્રમે નાશ પામતાં અમદાવાદમાં વરસાદના વારિએ ભારે તારાજી સર્જ્યાનું સ્મરણ આજે આપણને સૌને છે. જૂનાં તળાવો પુરાઈ ન જાય તે માટે તળાવના મુખ આગળ તળાવડી કે મોટા કૂવા બનાવતા. જેથી ઝાળાં, ઝાંખરા, કચરો એમાં રોકાઈ જાય અને પાણી ગળાઈને તળાવમાં જાય. લોકસમાજના માનવીએ અને શિલ્પીઓએ પોતાની કળાદૃષ્ટિનો સ્પર્શ તળાવોને આપ્યો છે. સમયાંતરે રાજવીઓએ અને રાજમાતાઓ કે રાણીઓએ જે વાવ, કૂવા કે તળાવો પ્રજાના હિત માટે બનાવ્યાં તેને શિલ્પાંકનોથી સુશોભિત કર્યાં. વાવોના શિલ્પોમાં શિવ, ગણેશ, વિષ્ણુના સ્વરૂપો, નવગ્રહો, માતૃકાઓ તથા લોકપાલની મૂર્તિઓ ઉપરાંત ભૌમિતિક આકારો, વેલ, ફૂલ, પશુ-પક્ષીઓના આકારો કંડાર્યા છે. પાટણની રાણકીવાવનાં શિલ્પોમાં પટોળાની પ્રાચીન ભાતો પણ જોવા મળે છે. જ્યારે તળાવોની પાળ ઉપર અને કુંડમાં નાની નાની દેરડીઓ તથા મનોહર કંડારકામથી શોભતી મૂર્તિઓ જોવા મળે છે. ગુજરાતમાં આ પ્રકારના કલાત્મક જળાશયોમાં વિરમગામનું મુનસર તળાવ, મોઢેરાનો કુંડ, શિહોરનો બ્રહ્મકુંડ, અડાલજની વાવ વગેરે છે. આ પ્રાચીન તળાવોને સુશોભિત કરવા માટે એની પાળ પર ઘટાટોપ વૃક્ષો વાવ્યાં. કોઈએ ફૂલવાડી કે મોટા ચોતરા બનાવ્યા. ક્યાંક પાળ ઉપર મંદિર કે પાઠશાળા અને યજ્ઞશાળાનું નિર્માણ કર્યું. આવો અનોખો છે આપણા તળાવો અને સરોવરોનો ઈતિહાસ. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનો સાંસ્કૃતિક ઈતિહાસ ફંફોસીએ તો આપણને અહીંના સેંકડો સરોવર - તળાવોની માહિતી હાથ લાગે. પુરાતત્ત્વીય ઉત્ખનનો આ વાતને ઉજાગર કરે છે. ડૉ. રસેશ જમીનદાર નોંધે છે કે પ્રાક્-હડપપ્પીય યુગનું સરોવર કચ્છ જિલ્લાના ધોળાવીરા ગામ પાસેથી હાથ લાગ્યું છે. ધોળાવીરા સંસ્કૃતિના સર્જકોએ પાણીની સુલભતા પ્રાપ્ત કરવા અર્થે વિશાળ સરોવરનું નિર્માણ કર્યું હતું. આપણા રાજ્યનું આ પહેલું - પ્રથમ માનવકૃત જળાશય છે. ધોળાવીરા પછી બીજું ધ્યાન ખેંચે એવું નગર અમદાવાદ જિલ્લામાં ઉતેળિયા પાસે આવેલું લોથલ છે. નપાણિયા વિસ્તારમાં વસેલું આ નગર છે. જનજીવન અને કૃષિ વિકાસ વાસ્તે વિશાળકાય જળાશય હોવું જરૂરી છે. આપણા રાજ્યનું પાષાણયુગીન આ બીજું સરોવર છે, જેના કાંઠે માનવજીવન પાંગર્યું હતું. શ્રી જમીનદાર લખે છે કે આ પરંપરા ચાલુ રહી એટલે કે સરોવર નિર્માણની પરંપરા. માનવકૃત ત્રીજું સરોવર જૂનાગઢના પાદરે અને ગિરનારની તળેટીમાં બંધાયું હતું. જે સુદર્શન સરોવરથી સુવિખ્યાત છે. આ

પછીનું વિશાળકાય સરોવર સોલંકી શાસન સમયનું સહસ્રલિંગ સરોવર છે. સાબરકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ વૈષ્ણવતીર્થ શામળાજી પાસે મેશ્વો નદીના કિનારે ગઈ સદીના આઠમા દાયકા દરમિયાન નિર્માયેલું જળાશય 'શ્યામસુંદર સરોવર' છે. જૂનાકાળે અશોકના શિલાલેખનું સ્થળ આ તળાવને કાંઠે પસંદ કરવામાં આવ્યું હતું, તે આ જળાશયની મહત્તા દર્શાવે છે. 'ભાતીગળ સૌરાષ્ટ્ર' (સપ્ટે. - ઓક્ટો. ૨૦૧૩) માં ઇતિહાસવિદ્ શ્રી નરોત્તમ પલાણ લખે છે કે અશોકના શિલાલેખમાં કોતરાયેલી માહિતી મુજબ આ તળાવ ઇ.સ. પૂર્વે ૩૨૦ માં મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યએ બંધાવ્યું હતું. શિલાલેખમાં જણાવ્યા મુજબ ચંદ્રગુપ્ત મૌર્યના રાજ્યપાલ વૈશ્ય ગુપ્તે માથે રહીને સુદર્શનનું બાંધકામ કરાવ્યું હતું. આ પછી સમ્રાટ અશોકના રાજ્યપાલે તેને પરતાળીએ - નહેરોથી શણગાર્યું હતું. આ તળાવ એકધારું ૪૭૦ વર્ષ લગી ટક્યું હતું. અને પછી માગશર માસની અમાસના દિવસે થયેલા જોરદાર કમોસમી વરસાદથી તે તૂટ્યું હતું. આ સમયે જૂનાગઢ ઉપર યષ્ટનવંશના 'રુદ્રદામન' નામના રાજાનું શાસન હતું. આ રાજાએ લોકહિતને ધ્યાનમાં લઈ તાત્કાલિક તળાવનું પુનઃનિર્માણ કરાવ્યું અને મૌર્યકાળમાં હતું તેથી વધુ મજબૂત અને રૂપાળું બનાવ્યું. આ તળાવ બીજા ૩૦૦ વર્ષ સુધી ટક્યું હતું. ઈ.સ. ૪૫૦માં ફરી દાણ તૂટ્યું હતું. સુદર્શન તળાવનું બીજીવારનું નિર્માણ ગુપ્તવંશના છઠ્ઠા રાજવી સ્કંદ ગુપ્તે ૪૫૬માં કરાવ્યું હતું. આ સમયે સ્કંદગુપ્તનો રાજ્યપાલ 'પણદત્ત' અને જૂનાગઢનો રક્ષક તેનો પુત્ર ચક્રપાલિત હતો. સુદર્શન જેવાં મોટાં તળાવો બાંધતી વખતે પાણીનું વહેણ, જમીન, તળ, પાણી બાંધવા માટેની અનુકૂળ જગ્યા વગેરે બાબતો તરફ ધ્યાન આપવું પડે છે. વળી તળાવનો બંધ અથવા સેતુ કે પાળ બાંધવા માટેની સગવડ જોવી પડે છે. સુદર્શન જળાશયના ભગ્નાવશેષો જોતાં તેના નિર્માણમાં રાખવામાં આવેલી કાળજી તથા તેને માટે પસંદ કરેલા સ્થળનું મહત્ત્વ સહજ સમજાય તેવું છે. આ સરોવરમાં જે બાજુએ પાણી વહેતું રહેતું તે પથ્થરોથી સચવાયેલી હતી. તે માટીના બંધને મજબૂત રાખતી. બંધ બાંધવામાં વપરાયેલ પથ્થરો અને માટી સ્થાનિક છે. તેથી તે બાંધવામાં વપરાયેલી વૈજ્ઞાનિક બુદ્ધિ ઉચ્ચકક્ષાની છે. સુદર્શન તળાવના લેખો વાંચતાં સમજાય છે કે ઇ.સ. પૂર્વે ચોથી સદીમાં બંધાયેલું આ સરોવર છે. ઇ.સ. ની પાંચમી સદીમાં સંમાર્જિત થયેલું અને નવસો વર્ષ લગી સચવાયું હોવાના ઉલ્લેખો સાંપડે છે. ત્યારબાદ બસ્સો - ત્રણસો વરસ લગી ટક્યું હોય તેવો સંભવ છે. આમ માનવકૃત જળાશયે ૧૨૦૦ વર્ષ લગી સેવા આપી એ મહત્ત્વની હકીકત છે એમ ડૉ. આર.ટી. સાવલિયા ગુજરાતના 'પ્રાચીન સરોવરો અને કુંડો' માં નોંધે છે. ગિરિનગરના સુદર્શન તળાવનો ઇતિહાસ મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્તના સમયથી શરૂ થાય છે. એના રાજ્યપાલ પુષ્યગુપ્તે સૌરાષ્ટ્રના પાટનગર નજીકમાં ગિરિમાંથી વહેતી સુવર્ણસિકતા, પલાશિની વગેરે નદીઓના પ્રવાહને રોકીને સુદર્શન નામે જળાશય બંધાવ્યું. ધારાગઢ દરવાજા પાસેના ત્રિવેણી સ્થળે આવા ત્રણ પ્રવાહનો સંગમ થતાં સુદર્શન તળાવનું સંગમ અને ખડક વચ્ચેના નીચાણમાં હોવું જોઈએ એમ શ્રી આર. એન. મહેતા નોંધે છે. મૌર્યકાલીન સુદર્શન તળાવના કાંઠા મજબૂત હતા. સમગ્ર બાંધકામ સાંધા વગરનું નક્કર હતું. વચ્ચે કુદરતી બંધ પણ હતો. યોગ્ય જગ્યાએ પ્રણાલી ગરનાળાં, પરીવાહ-નહેર અને મીઢવિધાન-ચાળણી ઇત્યાદિ હતા. ચંદ્રગુપ્તના પૌત્ર અશોક મૌર્યે પૌરજનોને ઉપયોગી થાય તે માટે સુદર્શનમાંથી નહેરો કઢાવીને જળાશયનું જળ આસપાસની જમીનને પૂરું પાડવાનો પ્રબંધ કર્યો હતો. અશોકના રાજ્યપાલ યવનરાજ તુષાસ્ફે આ તળાવને પ્રણાલીઓથી અલંકૃત કર્યું હતું. એના તટ પર અટ્ટાલિક-અટાળી, ઉપતલ્પછત્રી, દ્વાર-દરવાજા શરણ-આરામ-સ્થળ અને તોરણ શિલ્પોથી શણગાર્યું હતું. એમ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી લખે છે. આમ જૂના કાળે ઇંટો અને પથ્થરોનો ઉપયોગ તળાવો બાંધવામાં શરૂ થયો નહોતો ત્યારે તળાવો બનાવવા માટે પાણીના ઝરણાં કે નદીના પ્રવાહને રોકવા બંધ બાંધી તળાવોનું નિર્માણ કરાતું. ગુજરાતના પ્રાચીન જળાશયો જોતાં તળાવો બાંધવાની પદ્ધતિ ઘણા પ્રદેશોમાં ફેલાયેલી હોવાનું ડૉ. સાવલિયા નોંધે છે. જૂનાગઢનું સુદર્શન સરોવર બે વાર તૂટ્યું અને તેનું સમારકામ થતું રહ્યું પણ ત્રીજીવાર ક્યારે તૂટ્યું હશે એની માહિતી મળતી નથી. શ્રી નરોત્તમ પલાણ એવું અનુમાન કરે છે કે ઇ.સ. ૭૮૮માં વલ્લભીભંગ પછી આ તળાવ તૂટ્યું હશે! જો પહેલાં તૂટ્યું હોય તો ક્ષત્રપવંશ અને ગુપ્તવંશના રાજ્યની માફક મૈત્રકવંશના રાજવીઓ તેનું પુનઃનિર્માણ જરૂર કરાવે. આ રાજાઓ પ્રજાની સુખાકારીનો વિચાર કરે તેવા અને તળાવનું સમારકાર કરાવે તેવા સમર્થ હતા. કચ્છમાં આવા અનેક તળાવો છુપાયેલા છે. તેને ખરેખર ખોદવાની જરૂર છે અને પાછી ભયાનક ગરમી અને દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં આવી તળાવ સંસ્કૃતિને ઉજાગર કરવાની જરૂર છે. આવો આપણા કચ્છના તળાવોને ઉજાગર કરીએ.

*સંદર્ભ : જોરાવરસિંહ જાદવ, 'લોકજીવનનાં મોતી'*

**Corporate Office :**
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

# માતૃસંસ્થા લાલન કૉલેજની ભવ્યતા

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

કચ્છની પ્રજાની ઉચ્ચ શિક્ષણ પ્રાપ્તિ અંગેની ભૂખ ઘણા લાંબા સમય પછી ભાંગી. મૂળ કચ્છ કોડાયના દાનવીર શેઠશ્રી રામજીભાઈ રવજી લાલને પોતાના નામે કૉલેજ સ્થાપવા રૂપિયા એક લાખનું દાન આપ્યું. એ સમયે મહારાવશ્રી મદનસિંહજી સાહેબે માત્ર રૂપિયા એકના ટોકન ભાડાથી ભુજના સુવિખ્યાત પ્રાગ મહેલના નીચેના આવાસો કૉલેજ માટે આપ્યા. પરિણામે ૨૦મી જૂન, ૧૯૫૩થી ભુજમાં સરકારી કૉલેજના શ્રીગણેશ થયા.

ગુજરાત રાજ્યના પૂર્વ મહેસૂલ મંત્રી શ્રી પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર, પૂર્વ સ્પીકર શ્રી કુંદનલાલભાઇ ધોળકિયા, પૂર્વ મહેસૂલ મંત્રી શ્રી રામજીભાઈ રાઘવજી ઠક્કર, શ્રી ભવાનજી અરજણ ખીમજી, પૂર્વ સાંસદો ડૉ. એમ. એમ. મહેતા, ડૉ. બિહારીલાલ અંતાણી, શ્રી લવજીભાઈ લખમશી ઠક્કર, શ્રી જમિયતરાયભાઈ વૈદ્ય, શ્રી ગુલાબશંકરભાઇ ધોળકિયા, શ્રી કાંતિપ્રસાદભાઈ અંતાણી આદિ અનેક મહાનુભાવોએ કચ્છમાં ભુજ મધ્યે સરકારી કૉલેજ સ્થપાય તેના સ્તુત્ય પ્રયત્નો આદરેલા.

આ જીવાત્માને આ માતૃસંસ્થામાં ઇ.સ. ૧૯૫૬થી ઇ.સ. ૧૯૬૩ અર્થાત્ F.Y. Arts થી M.A. સુધી અભ્યાસ કરવા તથા ૧૯૬૪થી ૧૯૯૫ સુધી અધ્યાપન કાર્ય કરવાની સુવર્ણ તક પ્રાપ્ત થઈ, એ મારું સદ્ભાગ્ય સમજું છું.

પ્રારંભમાં ઇન્ટર મિડિયેટ આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ હતી. F.Y. Inter, Jr. તથા Sr. ચાર વર્ષનો અભ્યાસક્રમ હતો. ગુજરાત યુનિવર્સિટી સાથે લાલન કૉલેજ સંલગ્નિત હતી. B.A., B.Sc. પરીક્ષા કેન્દ્રો પણ મળ્યા.

સરકારી સેવામાં રહેલા કર્મચારીઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે તેમને અડધા કલાકની છૂટછાટ અપાઈ. પરિણામે અનેક સરકારી કર્મચારી કૉલેજના અભ્યાસનો લાભ લઈ શક્યા. કૉલેજમાં એન.સી.સી. ટ્રેનિંગ અમુક સમય સુધી ફરજિયાત હતી. હાલે લાલન કૉલેજ કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્નિત છે.

ઇ.સ. ૧૯૫૬માં તે સમયે ભારતના ઉપ રાષ્ટ્રપતિ (બાદમાં રાષ્ટ્રપતિ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને આ કૉલેજનો ભુજના રણજિત વિલા સામે શિલાન્યાસવિધિ કર્યો. ૮મી નવેમ્બર, ૧૯૫૯ના રોજ શ્રીમતી ઇંદિરા ગાંધીના વરદ્ હસ્તે કૉલેજની નૂતન ઇમારતનું ઉદ્ઘાટન થવા પામ્યું.

લાલન કૉલેજના સ્ટુડન્ટસ યુનિયનના સર્વપ્રથમ જનરલ સેક્રેટરી સ્વ. ઍડવોકેટ શ્રી કિશોરચંદ્રભાઈ આર. બુચ હતા જ્યારે કૉલેજના આચાર્ય તરીકે પ્રથમ નિમણૂક શ્રી કે.વી. દેસાઈ હતા.

આજે કૉલેજના ૬૩ વર્ષ દરમિયાન કૉલેજમાં આચાર્યપ સંભાળી ગયેલા, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, કાલગ્રસ્ત બની ગયા કે જેમની સંખ્યા મોટી છે. કૉલેજનું ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ સક્રિય છે. જેમના પ્રમુખ ઍડવોકેટ શ્રી શંકરલાલભાઈ એલ. સચદે છે.

ભારતનાં સ્વીડન ખાતેના એક સમયના રાજદૂત શ્રી ભૂપતભાઈ એમ. ઓઝા (IFS) લાલન કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. ગુજરાત રાજ્યના પોસ્ટલ હેડ અર્થાત્ પૂર્વ સત્તાધિકારી શ્રીમતી વિજયાલક્ષ્મીબહેન ટી. શેઠે આ કૉલેજમાં એમ.એ.નો અભ્યાસ બે વર્ષ કરેલો. તેમનો વિષય અર્થશાસ્ત્ર હતો. તેમના પિતાશ્રી ટી. એમ. શેઠ કચ્છના કલેક્ટરપદે રહી ચૂક્યા છે.

ઇ.સ. ૧૯૫૬થી ૧૯૫૯ દરમિયાન આ કૉલેજમાં ગુજરાત રાજ્યના માજી મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્રભાઈ રૂપશંકરભાઈ મહેતા, કચ્છના પૂર્વ સાંસદ શ્રી પુષ્પદાનભાઈ શંભુદાનભાઈ ગઢવી, પૂર્વ સાંસદ શ્રી અનંતભાઈ દવે આદિ અમો સહ અધ્યાયી હતી.

લાલન કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર કે જેમણે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં શામવેદ પર પીએચ.ડી. કરેલું, તે ડૉ. તિલોત્તમાબહેન મહેન્દ્રભાઈ જાનીએ પ્રાગમહેલ સ્થિત કૉલેજ વિશે કાવ્ય રચેલું :

*મધુર મનોહર અતીવ સુંદર*
*આ સર્વ વિદ્યાની રાજધાની*

*આ બધાથી ન્યારી લાલન*
*સુજ્ઞાન, ધર્મ, સત્ય પાલન*

*વસી છે રાજભવનની અંદર*
*આ સર્વ વિદ્યાની રાજધાની.*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

એક સમયે આકાશવાણી અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભુજ અને મુંબઈના કેન્દ્રો પરથી જેમના રૂપકો પ્રસારિત થતા, એવા ડૉ. અવિનાશભાઈ મુન્શી કેમેસ્ટ્રીના હેડ હતા. કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉજાળતા.

કૉલેજના વાર્ષિકોત્સવમાં દિગ્ગજ મહાનુભાવો પધારતા. જેમાં સાહિત્ય ક્ષેત્રે શ્રી મનસુખલાલ ઝવેરી, શ્રી ઉમાશંકર જોશી, ડૉ. સુરેશ જોશી, શ્રી માધવ રામાનુજ, ડૉ. રમેશ શુક્લ આદિ સમાવિષ્ટ છે. શ્રી ફતેહસિંહરાવ ગાયકવાડ, શ્રીમતી તારકેશ્વરી સિંહા, શ્રી બલરાજ સહાની, શ્રીમતી શારદાબહેન મુખરજી, શ્રી લાલન શેઠ, શ્રી પુરુષોત્તમ ગણેશ માવલંકર, શ્રી મગનભાઈ દેસાઈ, ભારતીય ચૂંટણી પંચના વડા તથા કચ્છના પૂર્વ કલેક્ટર શ્રી નિ. ગોપાળાસ્વામી (I.A.S.) આદિ મારી સ્મૃતિમાં છે.

મારી ૭૭ વર્ષની વયે જે યાદ આવ્યું, કહો કે જે નામો સ્મૃતિ પટ પર હતા તે લખી શક્યો છું. તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભીષણ ભૂકંપને કારણે કૉલેજ બિલ્ડિંગ ખંડિત થવા પામ્યું. ઈ.સ. ૨૦૦૩માં ગોલ્ડન જ્યુબિલી ના ઉજવી શકાઈ. ઈ.સ. ૨૦૧૩માં ષષ્ઠી પૂર્તિનું આયોજન અધૂરું રહ્યું. કૉલેજમાં અત્યાર સુધી ૨૫ આચાર્યોમાંથી ૧૧ આચાર્યો ઈન્ચાર્જ રહ્યા છે.

કૉલેજની સિલ્વર જ્યુબિલી ઈ.સ. ૧૯૭૮-૭૯માં ઉજવાઈ. એ સમયે વાર્ષિકોત્સવ - ઈનામ વિતરણ સમારંભમાં ગુજરાતના ગવર્નર ડૉ. શ્રીમતી શારદાબહેન મુખરજી આમંત્રણને માન આપી પધારેલા. કચ્છના કલેક્ટર શ્રી એલ.એમ. સુદ (I.A.S.) હતા. કૉલેજના આચાર્ય ડૉ. જે. એમ. શુક્લ હતા. તેમની બદલી થતાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. મદનકુમાર જાની હતા.

હું વિ.પ્ર. સભાનો ચેરમેન હતો. જી.એસ. તરીકે શ્રી બહાદુરસિંહ જાડેજા તથા એલ.આર. તરીકે કુ. મયુરિકાબા જાડેજા હતા.

અનેક નામાંકિત કવિઓ, સાહિત્યકારો, વકીલો, ડૉક્ટરો, પત્રકારો, ન્યાયવિદો, પ્રોફેસરો, અનેક અવનવા ક્ષેત્રના સર્જકો શ્રી આર.આર. લાલન કૉલેજનું પ્રદાન છે.

તા. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધ્વજવંદન બાદ પ્રવચન પાઠવેલું જે તેમના માટે શુકનિયાળ નીવડ્યું. તરત જ આગામી ચૂંટણી બાદ - દિલ્હીના લાલ કિલ્લા પરથી રાષ્ટ્રધ્વજ જ્યારે ફરકાવવાનો તેમને અવસર પ્રાપ્ત થયો ત્યારે કચ્છવાસીઓ પોકારી ઊઠેલા કે 'લાલન કૉલેજથી લાલ કિલ્લા સુધી' મોદીજી પહોંચ્યા. કેમ જાણે લાલન કૉલેજનું આ ભાષણ તેમને અતિ શુકનવંતુ ન નીવડ્યું હોય? આ સૂત્રની નોંધ મીડિયાએ લીધેલી.

*લીમડા લાઈન,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ.*

# શ્રી હસ્તિનાપુર - શ્રી હેમતૃષા યાત્રાનું ભવ્ય આયોજન

*કામ - ક્રોધ - લોભ - મોહ - માયાના વિષચક્રમાં અટવાતા - અથડાતા - પીસાતા - ભીંસાતા આજના યુગના માનવીને મુક્તિનો માર્ગ જડતો નથી. આ વિષમ અને વિકટ સમયમાં ધર્મ એ જ જીવતરની સાર્થકતા છે. તીર્થયાત્રા એ જ જીવનની સાફલ્યતા છે એવો પ્રભુનો સંદેશ હૈયામાં વણીને, શ્રદ્ધાના સથવારે, પ્રવાસની પગથારે તા. ૨૯-૧૨-૨૦૧૬થી તા. ૦૧-૦૧-૨૦૧૭ સુધીમાં શ્રી હેમતૃષા યાત્રા / પ્રવાસ / સંઘ સુંદર રીતે સંપન્ન થયેલ છે. જેમાં યાદગાર હસ્તિનાપુર અને હરિદ્વાર જેવા આપણા જૈન તીર્થોની પાવન - પવિત્ર ભૂમિઓની યાત્રાનું આયોજન કરવામાં આવેલ.*

*શ્રીમતી અલ્પા મૂલચંદ મારૂના હસ્તે આ ૧૦૮ યાત્રાળુ સાથેનું આયોજન સંપૂર્ણ રીતે સંપન્ન થયું.*

*આપશ્રી સતત ખડે પગે, હસતાં મોઢે ઉપસ્થિત રહ્યા તે આપની અમારા પ્રત્યેની લાગણી અને આદર દર્શાવે છે. આપની આંતરિક સૂઝ અને સમજ તેમજ ધર્મઆરાધના કરાવાની ઊંચી ભાવના ખરેખર ઉમદા અને ઉદાત્ત હતી. આ યાત્રા સ્મરણીય બની રહી તે બદલ આપના હૃદયપૂર્વકના આભારી છીએ.*

*અભિનંદન... અભિનંદન... અભિનંદન...*

*શ્રીમતી અલ્પા મૂલચંદ મારૂ (મો. ૯૦૯૯૦ ૬૪૮૦૦) તથા સમસ્ત ટીમને અભિનંદન. આવું ધર્મનું યાત્રા દ્વારા સુંદર આયોજનકાર્ય કર્યું અને અનુમોદ્યું. આપશ્રી સતત રીતે આવાં કીર્તિમાન સ્થાપિત કરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપજાવો, પ્રગતિનાં નવાં શિખરો ઉપર પહોંચો તેવી પ્રભુને પ્રાર્થના. આપના ઉજ્જવળ ધાર્મિક, સામાજિક અને ધંધાકીય ભવિષ્ય માટેની શુભેચ્છા પાઠવતા, નવા વર્ષના સાલ મુબારક કહીને વીનવીએ છીએ. ખૂબ જ સુખી, સમૃદ્ધ થાય તેવા આશીર્વાદ છે. ધન્યવાદ, અભિનંદન.*

*અલ્પાબેન, તમે જેને પણ મળો તથા તમને જે પણ મળે તે સર્વની પ્રસન્નતા માટે નિમિત્ત બની રહો એવી શુભેચ્છા સાથે...*

***લિ.***

***શ્રીમતી કંચનબેન એન. શાહ***

***શ્રીમાન નવીનભાઈ નાનજી શાહ (પોલડિયા) પરિવાર***

વાર્તા

# શેર માટીની ભૂખ

● ડૉ. જયંત ખત્રી ●

સત્તર વરસે પદ્મા પરણી. વીસમા વરસ સુધી એને કંઈ છોકરાં ન થયાં, એની એણે પરવાય કરી નહિ. પણ બાવીસ વરસે પહેલી જ વાર એને 'શેર માટીની ભૂખ' જન્મી. અને તે દિવસથી પોતાના હૈયાને જ જાણે જૂઠું સમજાવતી હોય એમ એ સૌને કહેતી ફરતી : 'અમને કંઈ છે? 'હુતો' ને 'હુતી' - અમે ગમે તેમ કરીએ. આ છોકરાંઓની પંચાત, બા, અમને ન જોઈએ!'

પણ એ ભૂખ તો દિવસો દિવસ વધતી ચાલી. એની આંખોએ પેલો શૂન્યભાવ દેખાવો શરૂ થયો. દહાડે દહાડે એને એકાંત મીઠું ભાસવા લાગ્યું. ચાલીનાં બૈરાંઓ જોડે બેસવા કરતાં બારી આગળ ઊભું રહેવું કે ઉંબરા પર એકલું બેસી રહેવું એને વધારે ગમતું.

એક વખત એનાં બારણાં આગળ બાજુવાળી સાવિત્રીનો બાબો રમતો હતો. પદ્મા એને જોઈ રહી. એક પળ, બે પળ, અને ત્રીજી પળે તો એનું ભાન પણ સરી ગયું. કોણ જાણે કેમ એ તરત જ ચોંકી ઊઠી અને ધબ દઈને બારણું દઈ દીધું. એ મૂંઝાઈ અકળાઈ ગઈ. અને પાછળથી થયું કે એ તુચ્છ ગંદા છોકરા તરફ જોતાં એનું માન ગળી ગયું હતું. અને પેલી ભૂખ એની આંખોમાં તરી આવી, એના અણોસરાપણાને ઉઘાડો પાડી દીધો હતો. એ દયામણી સ્થિતિમાં એને કોઈ જોઈ જાય તો એને કેટલી ભોંઠપ લાગે!

પણ સાવિત્રીનો બાબો એને બહુ ગમતો બહુ મીઠો લાગતો! એની તરફ ન જોવાનું એ કેમે કરી નિશ્ચિત કરી શકી નહિ. પણ હવેથી એ એને કોઈ વખત બારણાંની ફાડમાંથી જોયા કરતી - જોઈ જ રહેતી. આંખમાં આંસુ ઉભરાઈ એનું દર્શન અવરોધતાં ત્યારે જ પદ્માને ભાન થતું કે પોતે તો રડી રહી છે.

અને એ ધબ દઈને પાછું બારણું બંધ કરી સોફા પર પડી રહેતી. એનું દીવાનખાનું સ્વચ્છ અને સુઘડ રીતે શણગારેલું હતું.

સોફા, ખુરશીઓ, સીસમની કોતરકામવાળી ટીપોઈ, છેલ્લી ઢબનું રાઈટિંગ ટેબલ, એનામલનો ટેબલ લેમ્પ અને ભીંત પર શૃંગારની છબીઓ. પણ પદ્માને આ સ્વચ્છ સુઘડતા બેહૂદી રીતે નિર્જીવ ભાસતી. અરે, જીવવાનો ડોળ કરતું પેલું ઘડિયાળ પણ 'ટક ટક' એના જીવનની મીઠી પળો કાપીકાપીને ઓછી કરતું ભાસતું!

પચ્ચીસ વરસ ખરી ગયાં, પદ્મા તો ય માતા ન બની.

એક દહાડો એને ઉધરસ થઈ. એમના ડૉક્ટર પાસે દવા લેવા ગઈ ત્યારે હસતાં હસતાં આ વાત ઉચ્ચારી : 'હેં ડૉક્ટર સાહેબ, આનો કંઈ ઉપાય નથી?'

ડૉક્ટર હસમુખો થવા જતાં ચિબાવલો થઈ ગયો. એણે કહ્યું : 'સારુ ને છોકરાં નથી થતાં તે! આટલાં તમે ભાગ્યશાળી છો. બાકી તો, લોકોને છોકરાં ન થાય એવા ઉપાય જોઈએ છે!'

પદ્મા હસી. એને હસાવી માટે ડૉક્ટર પણ ખૂબ હસ્યો. પદ્મા ઘેર આવી એના નિર્જીવ સોફા પર અડધો કલાક રડી.

પછી તો પદ્માની ભૂખ વધતી ચાલી. એ હર્ષદરાય - એના પતિના ખોળામાં માથું મૂકી રડી દેતી. મધરાતનાં અંધારાંય એ ભૂખ્યું રુદન સાંભળી થથરી ઊઠતાં.

એને આશ્વાસન આપતાં આપતાં હર્ષદરાય ઊંઘી જતા. ત્યારે પદ્મા ઉઠીને બારી આગળ ઊભી રહેતી. કો'ક રાતના ચંદ્ર હોય, કો'ક અંધારી, તારલાઓથી મઢી રાત હોય. પણ પદ્માને અજવાળિયાં અંધારિયાંની કંઈ પડી નહોતી. ગમે તેવા આકાશ નીચેય નિર્જીવ લાગતા જગતની પેલી પાર એ દીવાસ્વપ્નો ગૂંથતી અને એ સ્વપ્નમાંથી જાગતી ત્યારે રડી રડી, મનમાં પુકારીને કહેતી : 'પ્રભુ, મારી એક 'શેર માટીની ભૂખ' ન ભાંગે?'

અને એમ કેટલીય રાત્રિઓ અંધારું - અજવાળું કરી વહી ગઈ.

એક દહાડો બાજુવાળી સાવિત્રીએ એના બાબાની પીઠમાં ફોલ્લો થયેલો જોયો.

'હાય હાય! આ શું?' એણે લાગલી જ બૂમ પાડી. 'મંગળા બહેન, આ જુઓ મારા બાબાને કોઈએ ડામ દીધો છે!' એણે બાબાને છાતીએ ચાંપી અસંખ્ય બચીઓ ભરી.

'એ મોઈ પદ્માનાં કામ હશે - મોઈ વાંઝણી! કમાડની ફાડમાંથી મારા બાબા તરફ વરૂ જેવી ભૂખી આંખે જોતી મેં એને ઘણી વખત જોઈ છે. નીચ, મોઈ નફફટ!'

પદ્માએ એકેક શબ્દ સાંભળી લીધો. એનો શ્વાસ રૂંધાયો. એનું કાળજું વીંધાઈ ગયું. વાંઝિયાપણું આવડું મોટું પાપ હશે એ એને આજે જ ખબર પડી. એણે લાજ, ક્ષોભ તજી મોટેથી રડી દીધું - પોક મૂકીને રડી. એ રૂદન એનાથી કેમે કરી રોકાયું જાય તેમ નહોતું.

એ ડામ જેવા શબ્દનો જવાબ એક જ હતો. પદ્માએ છોકરું મેળવવા આકાશ-પાતાળ એક કરવાનો નિશ્ચય કર્યો. એણે એક પછી એક ડૉક્ટરો અજમાવ્યા, વ્રત લીધાં, માન્યતાઓ કરી. દોરા, ધાગા અને માદળિયાંઓ મંત્રાવ્યા. જાપ જપાવ્યા અને બ્રાહ્મણો જમાડ્યા. પણ કશું ય વળ્યું નહિ. સૌ કોઈ એના પૈસા લૂંટી ખસી ગયું.

પદ્મા હતાશ બની. એના નિર્જન ઓરડામાં અને એના મનની અંધારી એકલતામાં પાછી પટકાઈ પડી!

અને પદ્માને ત્રીસ વરસ પૂરાં થયાં.

ધીમે ધીમે એ આજુબાજુની વ્યક્તિઓ અને વસ્તુઓમાં રસ લેતી બંધ થઈ. એને માટે હવે હતું એક રૂદન - જીવનને વળગી રહેવાનો એક માત્ર તાંતણો-જે એને બહુવાર વહાલું લાગતું.

એક દહાડો રાતના હર્ષદરાયે કહ્યું : 'કાલે આપણે ત્યાં મહેમાન આવવાનાં છે.'

'કોણ?' પદ્માએ પૂછવાની ખાતર જ પૂછ્યું.

'હરગોવિંદ.'

'હેં!'

'નથુ કાકાનો હરગોવિંદ! ગામમાં આપણી બાજુમાં રહેતો હતો તે!'

'એ તો ડૉક્ટરનો અભ્યાસ કરતો હતો ને?'

'હા - એ જ. એને પાસ થયાને બે વરસ થઈ ગયાં. અહીં દવાખાનું ખોલવાનો વિચાર રાખે છે.'

બીજે દિવસે હરગોવિંદ આવ્યો. સત્તાવીસ વરસનો, મજબૂત બાંધાનો, સુંદર બિનઅનુભવી યુવાન. પદ્મા એની જોડે વધારે કંઈ બોલી નહિ પણ હરગોવિંદને કોઈની પણ જોડે વાતો કરવાની ટેવ હતી; અને વાત વચ્ચે શ્વાસ લેવા થંભતો ત્યારે મોહી પડવાનું મન થાય એવું થોડુંક હસી લેતો.

દુનિયા હજી સુધી એણે અનુભવી નહોતી, એટલે એનું હાસ્ય મુક્ત અને મોહક હતું. શ્રદ્ધા હજી કસોટીએ ચડી નહોતી, તેથી એના સ્વભાવમાં ગૌરવભરી તુમાખી હતી.

ચાર દિવસ વહી ગયા. જાણે અમસ્તો જ આવ્યો હોય એમ એણે દવાખાનાની પેરવીમાં કશું ય પગલું ભર્યું નહિ તેમ વાતે ય ઉચ્ચારી નહિ. પદ્માને આ છોકરો, ઉપરછલકો ને અધૂરો તો ય, ગમી ગયો. એની હાજરીમાં પેલા એકલવાયા વિચારો માટે અવકાશ નહોતો!

દિવસ જતાં પદ્મા એની જોડે વાતો કરવા લાગી બધી ય વાતો કહી, ડૉક્ટરથી માંડીને જોષી સુધીની! અને વાર્તાને છેડે પેલી નમણી આંખોય ઢળી પડી. તેણે આંસુ છુપાવવાનો પ્રયત્ન કર્યો તે હરગોવિંદે ચપળતાથી જોઈ લીધું. પદ્માને એ મૂંઝવણમાંથી બચાવવા પોતે પીઠ ફેરવી બારી આગળ ઊભો રહ્યો. અને સત્તાવીસ વરસના આ બિનઅનુભવી યુવાને દુનિયાદારીનો પહેલો પાઠ લીધો. એને ભાન ન રહ્યું કે એનું હૃદય થોડુંક જુદી જ રીતે થડકી ગયું હતું.

તે રાતે એણે પદ્મા વિષે જ વિચારો કર્યા અને બીજે દિવસ જૂઠું હસતી પદ્મા એને ચા આપવા આવી ત્યારે એણે ગંભીર થઈ કહ્યું : 'પદ્માબહેન, એક વાત કહું?'

પદ્માનું ખોટું હાસ્ય ઊડી ગયું. જે વાત ઉચ્ચારવી ય એને ગમતી નહોતી તેનું સૂચન હરગોવિંદ કરવાનો હતો.

'શુ છે?'

'ગઈ કાલે તમે પેલી વાત કરી ત્યાર પછી મને એક વિચાર આવ્યો કે નિઃસંતાન રહેવા માટે જેટલાં તમે જવાબદાર છો તેટલે જ દરજ્જે હર્ષદરાય પણ જવાબદાર છે. એમની પણ તપાસ કરાવી દવા લેવડાવો.'

પદ્મા બોલી નહિ. પણ એનું કપાળ અને હોઠ એની અમર વેદનાથી મરડાઈ ગયાં. એણે ઊભા થઈ જઈ આ તોછડા છોકરાની હાજરીમાંથી ભાગી જવા ઇચ્છયું, પણ એમ કરવાની એનામાં શક્તિ આવી નહિ. એ ધબ દઈને પાછી સોફા પર બેસી ગઈ. બે હાથમાં માથું મૂકી નિરાધારનો એકરાર કરતી રડી પડી.

હરગોવિંદે એક ઘડી માટે એની તરફ સ્નેહાળ નિકટતા અનુભવી : એટલી બધી અને એવી તો સચોટ કે એ અનુભવ માણતાં આ પ્રસંગે ઊભી કરેલી પોતાની ફરજ પણ એ ભૂલી ગયો - પદ્મા તરફ અભાન જોઈ જ રહ્યો! જિંદગી જો એક નાટક જ હોય તો અત્યારે રૂદનનો કેવો સુંદર અભિનય કરતી હતી આ મોહક, અતિ મોહક પદ્મા!

બેદરકારીમાં વિખરાઈ ગયેલા પણ કળાભરી રેખાઓ દોરતા તાજા જ ધોયેલા વાળ, રડીરડીને મદમસ્ત દેખાતી આંખો અને રૂદન પછી નિર્મળ થયેલું, ભીના હોઠવાળું મનમોહક મુખારવિંદ!

હરગોવિંદે જોયા જ કર્યું. એનું હૃદય પદ્માની વિખરાયેલી લટો સમારી એનાં આંસુ લૂછવાના સંકેત કરી રહ્યું હતું. એણે હાથ ઊંચોનીચો કરી બહાનારૂપ શબ્દો શોધવાની મથામણ કરી ત્યારે પદ્માએ એની મૂંઝવણ જોઈ. એણે નટની ચતુરાઈથી ભાવ બદલ્યા અને હરગોવિંદને કશી તક આપ્યા વિના બીજા રૂમમાં જતી રહી.

નહિ. અંદર જઈ રહી નહીં. બંધ બારણાં આગળ નિમૂઢ ઊભી રહી જાણે એનું આખુંય મન ભૂલમાં બહાર બીજા ઓરડામાં ન રહી ગયું હોય? એ કશુંય નહોતી કરતી. તોય એના હાથપગ પરાણે ધ્રૂજતા હતા. એના હૃદયના ધબકારાની ગરમી આખા શરીરમાં ફરી વળતી એણે અનુભવી!

હરગોવિંદ બહાર ગયો કે લાગલી પદ્મા દીવાનખાનામાં આવી બેઠી-છૂટકારાનો દમ ખેંચ્યો. હાથપગની ધ્રુજારી બંધ પડી ત્યાં સુધી એ એમ જ આંખો મિંચીને પડી રહી.

અને ત્યાર પછી સુઘડ રીતે ગોઠવાયેલા એના દીવાનખાનાની દરેક વસ્તુમાં પદ્માએ પ્રાણ પાંગરતા જોયા. એને લાગ્યું કે અહીંની દરેક વસ્તુ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. કોતરકામવાળી ટિપોઈ અને નવી ઢબનું ટેબલ કળાના સુંદર નમૂના હતા. પેલું કંટાળાભર્યું ઘડિયાળ હવેથી એના હૃદયસંગીતના તાલ પૂરવા લાગ્યું. અને એ તાલના નશામાં પદ્માના કલાકો અને દિવસો ગણતરી વગર રહી ગયા.

ત્રીસ વરસ પછી પદ્માના સ્ત્રીત્વે અકળાવી નાખે એવી ત્વરાથી ખીલવાની શરૂઆત કરી. આટલાં વરસો સુધી પદ્માએ એના યૌવનની દરકાર નહોતી કરી. આ બેદરકારી માટે યૌવન એની પર આફરીન થયું હોય એમ પોતાની સોળે કળાઓ એની પર ઢોળી દીધી.

જિંદગીમાં પહેલી જ વખત સાડી નીચે પોતાનું યૌવન

સંતાડવાનો આ ત્રીસ સરસની નવયૌવનાએ અભાન પ્રયત્ન કર્યો ત્યારે સૌંદર્યના અસંખ્ય કળાવર્તુળો પેદા થતાં - પ્રસરી ગયાં!

અત્યાર સુધી હરગોવિંદની હાજરીમાં નિ:સંકોચ રૂદન કરનારી હૃદય ખોલી વાતો કરનારી પદ્મા હવે એની નજર નીચે મીઠું મૂંઝાવા લાગી. એ જોતો હોય ત્યારે એના અભિનયમાં ગાંભીર્ય અને ગતિમાં ક્ષોભ પરાણે આવી જતાં. એ બાજુમાંથી પસાર થતો ત્યારે પદ્મા બારણાં પાછળ લપાતી અને જાણી જોઈને લપાતી તો ય એની આંખો સાથે આંખો મિલાવવાનો મોહ એનાથી છૂટતો નહિ. કોઈક વખત અકસ્માત બની જતો અને એ બન્ને દૃષ્ટિઓ અથડાઈ પડતી ત્યારે પદ્મા ત્વરાથી પીઠ ફેરવી પરાણે મુશ્કેરાઈ જતી; અને એ ઉશ્કેરાટ સંતાડવા ચપળ હાથોથી સાડીનો પાલવ ખેંચતી ત્યારે એના ખીલતા યૌવનની બેચાર કળીઓ ફૂલ બની જતી.

એક સવારના હર્ષદરાય બાથરૂમમાં નાહવા બેઠેલા. દીવાન ખાનામાં એકલા જ બેઠેલા હરગોંવિદને પદ્મા ચા આપવા આવી ત્યારે એણે સહસા પૂછ્યું : 'હમણાં હમણાં કેમ કંઈ બોલતાં નથી, પદ્માબહેન? ગુસ્સે થયાં છો?'

જવાબમાં પદ્માના હાથમાંથી ચા નો પ્યાલો પડી ગયો - ઢોળાઈ ભાંગી ગયો. આ જવાબ મૂરખ હરગોવિંદ સમજ્યો નહિ. એણે કહ્યું : 'જવા દો પ્યાલાને. મને જવાબ આપો.'

એ કશું બોલ્યા વગર પાછી ફરી, ત્યારે હરગોવિંદ એને આડો ફર્યો. પદ્મા જાણે કયા ભાવથી લાલલાલ થઈ ગઈ, આંખની ભમર સંકોચાઈ, મોઢું ગંભીર થઈ ગયું : 'મને જવા દો, હરગોવિંદભાઈ.'

અને એ જ વખતે હર્ષદરાયે દીવાનખાનામાં પ્રવેશ કર્યો. હરગોવિંદ ગુનેગારની અદાથી ચોંકી ગયો. એણે પાછું ફરી જોયું ત્યારે પદ્મા રસોડાનાં બારણાં આગળથી એની તરફ લુચ્ચું હસી રહી હતી.

હર્ષદરાયની ગેરહાજરીમાં એ બન્ને ઘણી વખતે એકલવાં પડતાં. પદ્મા ઓછું બોલતી, પણ હરગોવિંદનું કહ્યું બધું સાંભળતી. અને બન્નેમાંથી કોઈ ન બોલતું હોય ત્યારે પદ્મા એક હાથની હથેળી પર હડપચી ટેકવી બીજા હાથની આંગળી વડે ટિપોઈ પર અદૃશ્ય રેખાઓ દોરતી.

'શું વિચાર કરો છો, પદ્મા બહેન?' હરગોવિંદ પૂછતો ત્યારે પદ્મા સારી પેઠે સમજતી. આવું પૂછી એ પોતાની આંખો સાથે એની આંખો મિલાવવા ઈચ્છતો હતો.

એને ઉશ્કેરવા એ નીચું જ જોઈ રહેતી અને હસ્યા વગર કહેતી : 'કશાયના નહિ!'

આવા એક પ્રસંગે હરગોવિંદે ગંભીર થઈ જઈ રહ્યું : 'મને લાગે છે કે મારે હવે અહીંથી જવું જોઈએ.'

'કેમ?'

'બસ એમ જ!'

'તમને કંઈ અગવડ છે અહીં? હોય તો કહેતા કેમ નથી? તમારે જુદાઈ ન સમજવી.'

'ના, ના. અગવડ તો કંઈ નથી.'

'ત્યારે?'

હરગોવિંદે દુભાયા જેવું મોઢું કરી જવાબ નહિ આપ્યો. ત્યારે પદ્માએ કહ્યું : 'તમારી મરજી.' અને રેખા દોરતી હરગોવિંદની આંગળીઓ ત્યાં જ અટકી પડી. એણે અભિમાનમાં માથું ઊંચું કરી જોયું તો પદ્મા એની તરફ સચોટ નજરે જોઈ રહી હતી. અને એ દૃષ્ટિઓ ફરી અથડાઈ પડી, જુદી જ રીતે!

હરગોવિંદે ઊભા થઈ કોટ પહેરવો શરૂ કર્યો ત્યારે પદ્માએ વ્યંગમાં હસતાં પૂછ્યું : 'બહાર જાઓ છો? ચા કરી આપું?' એણે માનભંગ થઈ કહ્યું : 'નહિ.' અને બહાર જતાં જતાં એણે પદ્મા તરફ જોયું ત્યારે એ જોરથી હસી પડી : 'તમે બાળક છો, બાળક, હરગોવિંદભાઈ!'

તે રાતના મોડે સુધી હરગોવિંદ પાછો ફર્યો નહિ. જમવાનો વખત ક્યારનો ય થઈ ગયો હતો અને હર્ષદરાયની અધીરાઈ વધતી જતી હતી. એમણે છેવટે કહ્યું : 'ચાલ ત્યારે આપણે જમી લઈએ. એને માટે ઢાંકી મૂકજે.' પદ્માને જમવાનું ભાવ્યું નહિ. એને હરગોવિંદ વિષે ચિંતા થવા લાગી.

અગિયાર વાગ્યે હર્ષદરાયે સૂવાની તૈયારી કરવા માંડી. 'તું તારે સૂઈ જા. એ ગયો હશે નાટકસિનેમામાં ક્યાંક. વહેલો મોડો આવશે પોતાની મેળે!'

પદ્મા પથારીમાં પડી પણ એને ઊંઘ આવી નહિ. હરગોવિંદ ગુસ્સે થઈને બહાર ગયો હતો અને મુંબઈમાં ટ્રામ, મોટર અને માણસો બધાંય ખરાબ હતાં. એને અકસ્માત નડ્યો હશે? હોસ્પિટલમાં હશે? પોલીસના કબજામાં હશે? એને અપાર મૂંઝવણ થઈ. ઘણી રાતો પછી એ ફરી બારી આગળ આવી ઊભી. મધરાતનું મુંબઈ હજી જાગૃત હતું. એને ખબર નહિ પડી કે એ શા માટે હરગોવિંદની આટલી બધી ચિંતા કરતી હતી. બજારમાં ભાવોની મોટી વધઘટ થતી ત્યારે હર્ષદરાય પણ કોઈક વખત મોડા ઘેર આવતા ત્યારે પદ્માની અધીરાઈ આમ જ વધી જતી.

'પણ હરગોવિંદ?' પદ્માના મને સવાલ કર્યો. એના હૃદયે નિર્લજ્જ જવાબ આપ્યો. એ પરસેવાથી રેબઝેબ થઈ ગઈ. એ જવાબને ખોટો ઠરાવવા જેમ એના મને અસંખ્ય બહાનાં શોધ્યાં તેમ હૃદય કિન્નાખોરીમાં જોરથી, જલદીથી થડકી ઊઠ્યું. 'હર્ષદરાય પણ એટલે જ દરજ્જે જવાબદાર છે.' હરગોવિંદના શબ્દો પદ્માને યાદ આવ્યા અને એમની તરફ જોતાં પદ્માને જિંદગીમાં પહેલી જ વાર અણગમો આવ્યો.

અને બારણાં પર ટકોરા થયા. પદ્મા ગભરાઈ, અકળાઈ ગઈ. પોતે જઈ બારણું ખોલવાની એની હિંમત ચાલી નહિ. હર્ષદરાય ભરઊંઘમાં હતાં. 'જગાડું એમને?' ત્યાં ફરી ટકોરા થયા એક, બે, ત્રણ, અરર-કેટલા બધા! એણે દોડી જઈ બારણું ખોલી નાખ્યું. હરગોવિંદ સીધો પોતાના રૂમમાં જતો રહ્યો. પદ્મા જોતી જ રહી. 'એક શબ્દ પણ બોલ્યા નહિ!' એણે વિચાર કર્યો.

અને એ દુખિયારીનું હૃદય દુભાઈ ગયું. આંસુ વહી ગયાં. એ હળવે હાથે બારણું બંધ કરી પથારીમાં પડી!

બીજે દિવસે હર્ષદરાય બહાર ગયા કે તરત જ પદ્મા અને હરગોવિંદે એકમેક તરફ જોયું. જોતાં જ બન્ને ગંભીર બની ગયાં.

'રાત્રે મોડા કેમ આવ્યા?' પદ્માએ પૂછ્યું.

'સિનેમામાં ગયો હતો.'

'કહીને જવું હતું ને!'

થોડીવાર કોઈ કંઈ બોલ્યું નહિ, આખરે પદ્માએ નીચું જોતાં કહ્યું : 'મારો વાંક! મેં તમને નાહકના ગુસ્સે કર્યા હતાં.' હરગોવિંદ તો ય કંઈ બોલ્યો નહિ. 'મને કેટલી બધી ચિંતા થઈ હશે એ તમને શું ખબર?'

'ચિંતા? અને તે મારા માટે? માણસો સિનેમામાં નથી જતાં?'

ખરી વાત. એણે શા માટે હરગોવિંદની ચિંતા કરવી જોઈએ? શા હક્કે?

'આનું નામ તે પારકી પંચાત!' હરગોવિંદે કહેતાં જ કહી દીધું.

'પારકી?'

'હાસ્તો - પોતાની નહિ.'

'નહિ, પોતાની. તમે અમારા મહેમાન છો.'

'એટલા માટે પોતાની નહિ.' હરગોવિંદ સોફા પરથી અરધો ઊભો થઈ ગયો. 'તમે જૂઠું બોલો છો, પદ્માબહેન!'

પદ્માના શરીરે ઠંડી કંપારી ફરી વળી. એનું અંગેઅંગ ધ્રૂજી ઊઠ્યું.

'મને નાહકની ચીડવો નહિ, હરગોવિંદભાઈ! જાણો છો, ને શા માટે પૂછો છો?'

અને એની તરફ સૂચક દૃષ્ટિ નાખી પદ્મા રસોડામાં જતી રહી. ત્યાં કંઈ કામ નહોતું તો ય એણે થાળીઓ એક જગાએથી ઊંચકી બીજી જગાએ ગોઠવી. કાચની બરણીઓનાં ઢાંકણાં અદલબદલ કર્યાં. અને અમસ્તી અમસ્તી ચીનીનાં પ્યાલા રકાબી ધોવા બેઠી. એને ક્યાંય જંપ વળ્યો નહિ. મોઢું ફિક્કું અને આંખો લાલ થઈ ગઈ. હોઠો પર ભીનાશ આવી. એમને દાબી રાખવા છતાં એ પરાણે ફરકવા લાગ્યા. એની અધીરાઈ વધવા લાગી. હૃદયની જેમ એનું આખું અંગ એને થડકતું ભાસ્યું. હાથમાંથી ચીનીનો પ્યાલો પડી ભાંગી ગયો એનું એને ભાનેય ન રહ્યું. એને એમ જ રહેવા દઈ એ બેબાકળી બહાર આવી. હરગોવિંદ પોતાના રૂમમાં કશુંક લખતો બેઠો હતો. એના ઉંબરા પર વગર કારણે પદ્મા આવી ઊભી. વાતાવરણ તંગ થઈ ગયું.

'કેમ?' હરગોવિંદે આશ્ચર્યમાં પૂછ્યું.

'અમસ્તી જ.' કહેતી એ બહાવરી જેવી પાછી ફરી દીવાન ખાનાની બારી આગળ જઈ ઉભી.

એનું શરીર આગઆગ થઈ રહ્યું હતું. એના પરમાણુઓ અત્યારે કશુંક માગી રહ્યા હતા - કશુંક એવું કે જે મેળવ્યા વગર એની શૂધ પાછી આવવાની નહોતી.

બારી આગળથી પદ્મા રસોડામાં ગઈ, ત્યાંથી સોફા ઉપર અને પાછી હરગોવિંદના રૂમના બારણા આગળ, ફિક્કી, ગભરાયેલી, ઉશ્કેરાયેલી તે હરગોવિંદને તાકતી ઊભી.

'પદ્માબહેન!' હરગોવિંદે બૂમ મારી.

પદ્માને ચક્કર આવતાં હોય એમ તે જરા ડોલી. હરગોવિંદે હાથ આપ્યો, એણે પકડી લીધો, વળગી પડી. હરગોવિંદે એને રૂમમાં ખેંચી લીધી.

બહાર દીવાનખાનાનું ઘડિયાળ 'ટક-ટક' કશુંક સૂચક બોલતું રહ્યું, અને ત્યાંની દરેક નિર્જીવ વસ્તુઓમાં ખળભળાટ ફરી વળ્યો. કશુંક બની રહ્યું હોય અને એ બદલ અહીંની દરેક વસ્તુ વાચા માગતી હોય એવો ગમગીન ભાવ દીવાનખાનાને ચારે ખૂણે ઘૂમી રહ્યો.

મિનિટ પર મિનિટ પસાર થવા લાગી-જાણે કોઈના જીવના એક મહાબનાવની ઐતિહાસિક પળો ગણાતી હોય, સાડા ચારનો ટકોરો થયો.

પવનનું એક ઝાપટું આવ્યું. દીવાનખાનાની બારીનું એક બારણું અવાજ સાથે બંધ થયું. બહારની થોડીક ધૂળ અંદર ધસી આવી. ટેબલ પરથી કાગળિયાંઓ ઊડી ગયાં. પિત્તળના ફ્લાવરવાઝની માટી પરથી માખીઓ ગણગણાટ કરતી ઊડી ગઈ. ગમગીની પરાકાષ્ટાએ પહોંચી.

ત્યાં હરગોવિંદની ઓરડીનું કમાડ ધીમે રહીને અવાજ કર્યા વગર ખૂલ્યું. પહેલાં નાજુક હાથ અને પછી વીખરાયેલા વાળવાળું પદ્માનું લેવાઈ ગયેલું મોઢું બહાર આવ્યું. સાડીનો છેડો કેડે ઘાલતી ગભરાયેલી પદ્મા પોતાના બેડરૂમમાં દોડી ગઈ. થોડીવાર રહીને હરગોવિંદ પણ માથા પર જેમતેમ હેટ ઘાલતો બહાર ચાલ્યો ગયો.

ફરી પાછું દીવાનખાનું સૂનું પડ્યું. બપોર વહી ગયા, સાંજ પડી. પદ્મા પોતાના રૂમમાંથી રસોડામાં ગઈ. રસોઈ ચડાવી અને બારી આગળ શૂન્યમનસ્ક ઊભી રહી. 'શેર માટીની ભૂખ' સંતોષવા એણે એક પરાક્રમ કર્યું હતું - એની જ સાથે એનું પતન થયું! જેના વગર મહામૂલાં સ્ત્રીત્વની કંઈ કિંમત નથી - જે ગુમાવ્યા પછી જીવતા રહેવાનો ઉત્સવ અને વ્યક્તિત્વનાં અભિમાન નાશ પામે છે એવી એક અણમૂલ વસ્તુ એણે હાથે કરીને ગુમાવી હતી. એનું મન એને અસંખ્ય ફિટકારો વરસાવી રહ્યું હતું.

બારી આગળ ઊભી ઊભી એ ઉછકારે ઉછકારે રડી પડી : 'પ્રભુ મારી એક શેર માટીની ભૂખ પૂરી પાડત, મને ફક્ત એક જ બાળક આપત તો તો આમાંનું કશું બનત નહિ. હું ખરાબ સ્ત્રી નથી હું નથી - નથી ખરાબ સ્ત્રી! ઓ-ઓ...'

'અરે, આ શું?' પદ્માએ પાછળ ફરી જોયું તો હર્ષદરાય એની બાજુમાં જ ઊભા હતા. પદ્મા આબાદ પકડાઈ ગઈ.

હર્ષદરાયે એને ખભે હાથ મૂક્યો. 'હજી કેટલા દિવસ આમ

રડ્યા કરશે? જે વસ્તુનો ઉપાય નથી એનો હરખ-શોક શો કરવો, ગાંડી!' એમણે પદ્માના ગાલ પર હળવી લપડાક મારી.

દીવાનખાનાના સોફા પર એમણે પદ્માને બહુબહુ મનાવી - પટાવી, પણ એના ચહેરાની ગમગીની ગઈ નહિ, એ કશું ય બોલી નહિ ફક્ત પેલું બેહૂદું ઘડિયાળ હર્ષદરાયનાં મનામણાંને હઠીલી સ્ત્રી માફક એક જ 'ટક-ટક' જવાબ આપી રહ્યું!

દિવસો પસાર થવા લાગ્યા. હરગોવિંદને એક ધર્માદા દવાખાનામાં છ મહિનાની કામચલાઉ નોકરી મળી ગઈ. એણે હર્ષદરાયનું ઘર છોડ્યું.

પદ્મા ફરી પાછી એકલી પડી. હમણાંની એની એકલતા ભયંકર હતી. એને વિચારો ખૂબ સતાવતા. એણે હરગોવિંદનાં ચરણોમાં પોતાનું પતન સ્વીકાર્યું હતું, એટલા માટે કે જે 'શેર માટીની ભૂખ' હર્ષદરાય સંતોષી ન શક્યા તે એ કદાચ પૂરી પાડે. અને એણે એમ પણ માન્યું કે આના પછી બધું સારું થઈ જવાનું.

પણ આમાંનું કશું બન્યું નહિ. એને રહીરહીને ભાન થયું કે જે પ્રાપ્તિ માટે એણે પોતાનું પતન સ્વીકાર્યું હતું, એ પુત્રપ્રાપ્તિ એને ન પણ થાય. શક્યતા-સંભવ બહુ ઓછો હતો - અને એ સંભવ પર એણે પોતાનું સ્ત્રીત્વ વેચ્યું. હર્ષદરાયને દગો દીધો, પોતાની નજરમાં પોતાને હલકી પડવા દીધી.

પણ ચાર મહિના પસાર થયા ને પદ્માને ખાતરી થઈ કે હવે એનું પરાક્રમ ફળ આપી રહ્યું હતું.

એ ગર્ભવતી બની હતી.

એક પળ એને શાંતિ મળી. અને હવે દુઃખ ન હોવું જોઈએ. એની પાસે પૈસો હતો, હથેળીમાં રમે એવો પતિ હતો અને હવે તો ધીમે ધીમે 'શેર માટીની ભૂખ' પણ સંતોષાતી હતી; પણ એનું ગુનેગાર મન કેમે કરી માનતું નહિ.

પાંચ મહિને એનું પેટ દેખાયું. હર્ષદરાયે એ જોયું. એક રાતના એમણે સંકોચાતાં પૂછ્યું : 'પદ્મા, આ શું છે - બધું?' એમણે પેટ તરફ સૂચક નજર નાખી અને પછી હસી પડ્યા.

પદ્મા નીચું જોઈ રહી. એની આંખમાંથી આંસુ વહી ગયાં. 'પ્રભુએ તારી ઇચ્છા પૂરી પાડી. હવે તે રડવાનું હોય? ગાંડી ક્યાંની!' અને એમણે પદ્માના વાંસા પર હેતથી હાથ ફેરવ્યો ત્યારે એના શરીરમાં કોઈ અસહ્ય દર્દની કંપારી ફરી વળી.

અને ત્યાર પછી જ્યારે જ્યારે હર્ષદરાય એ બાબતમાં કંઈ પણ સૂચના કરતા ત્યારે પદ્મા ગુનેગારની મનોદશાથી સંકોચાતી મોઢાના ભાવ સંતાડવા ગંભીર થવા પ્રયત્ન કરતી, તો ય કપાળ પરની વેદનાની કરચલીઓ જતી નહિ. એ ગભરાતાં ગભરાતાં હર્ષદરાયના ચહેરાનો ભાવ જોતી કે એમના શબ્દોમાં કેટલો વ્યંગ હતો? પણ દરેક પ્રસંગે એમનો ઉત્સાહ નિર્મળ અને નિખાલસ જ એને દેખાતો.

પદ્મા એટલું જ ઇચ્છતી કે હર્ષદરાયમાં લગીરે પાપ હતું! તો એ પદ્મામાં શંકા લાવી બેચાર કડવા શબ્દો કહેત-એને મારપીટ કરત તો એને કેટલું બધું આશ્વાસન મળત! પણ આ નિખાલસ પતિ એના હેતથી પદ્માનો, ગર્ભવતી હોવાનો આનંદ નિર્દય રીતે હણી રહ્યો હતો.

એમ જ સાત, આઠ અને નવ મહિનાઓ પસાર થઈ ગયા. પદ્માનું પરાક્રમ હવે પૂર્ણ પક્વતાએ પહોંચી રહ્યું હતું. એ ઘડીઓ અને દિવસો ગણી રહી.

પદ્માએ વિચાર્યું કે થોડા જ દિવસોમાં હવે હર્ષદરાયની મિલકતનો વારસ જન્મશે. એ બન્નેના લોહીનું ટીપું! એમની જ માટીનું પૂતળું! અને ગામેગામ એના ખબરો જશે-ઉજાણીઓ થશે!

જ્યારે પદ્મા જ એક જાણતી હતી કે એ માટીનું પૂતળું એક મોટી ઠગાઈ હતી - એના આનંદનું સત્યાનાશ નોતરતો એ એક અમંગળ પ્રસંગ હતો. એ હર્ષદરાયની માટી નહોતી, એક પાપ હતું, જે કોઈક દહાડો ફૂટી જવા વિકસી રહ્યું હતું. એ કદાચ કોઈ એવી ઘડીએ ફૂટશે કે જ્યારે પ્રાયશ્ચિત કરવાનો ય અવકાશ નહિ મળે.

આ ભાર એનાથી કેમે કરીને સહ્યો જાય તેમ નહોતો. એણે નિશ્ચય કર્યો કે બેધડક એકરાર કરવો!

એ નિશ્ચયને એટલો જ અડગ રાખવા પદ્મા એના નિર્જીવ દીવાનખાનામાં આંખો મીંચીને પડી રહી. પેલું ઘડિયાળ એની હંમેશની આદત પ્રમાણે બેહૂદું 'ટક-ટક' કરી એને પજવી રહ્યું. પદ્મા હર્ષદરાયના આવવાની ઘડીઓ ગણવા લાગી.

દરવાજા પર ટકોરા થયા અને પદ્મા ચોંકી ગઈ. એ ઉઠે તે પહેલાં એના હૈયાએ દોડાદોડ કરી મૂકી. એનો નિશ્ચય ડગુમગુ થઈ રહ્યો.

એણે દરવાજો ખોલ્યો. હર્ષદરાય અંદર આવી સોફા પર બેસી ગયા. 'આજે શરીરે જરા ઠીક નથી' કહેતાં સૂઈ ગયાં. 'તું તારે જમી લે.'

'કેમ, શું થયું છે?' જાણે પોતાને જ પૂછતી હોય એમ પદ્માએ ધીમે સાદે પૂછ્યું.

'અમસ્તું જ-જરા તાવ આવી ગયો છે અને છાતીમાં દુઃખે છે.'

'મારે જમવું નથી-તમારું માથું દાબી આપું?'

'જાને હવે, ડાહી થતી! ભાવે તેટલું જમી લે.'

પદ્મા રડતાં રડતાં જમવા બેઠી. જમીને હર્ષદરાયની બાજુમાં સંકોચાઈને બેઠી : 'અરરર! કેટલો બધો તાવ છે તમને!'

અને આ વહાલસોયા પતિ તરફ જબ્બર ઉમળકો આવ્યો, પણ એટલા જ ઉમળકાભેર ગોત્યા શબ્દો જડ્યા નહિ. એ એટલું જ બોલી શકી : 'ડૉક્ટરને બોલાવું?'

'ના રે! મને કશું-કંઈ નથી. કાલે તાવ ઊતરી જશે!'

પણ બીજે દિવસ હર્ષદરાયનો તાવ વધ્યો. છાતીમાં સખત દુઃખવા લાગ્યું અને ઉધરસે દેખાવ દીધો. પદ્માએ ટેલિફોન કરી હરગોવિંદને બોલાવ્યો.

'એમને ન્યુમોનિયાની અસર છે.' એણે કહ્યું.

'હેં!'

'હા-બન્ને બાજું.' કંઈક વિચાર કરી એણે કહ્યું : 'જુઓ પદ્માબહેન, આવતી કાલે મારી હોસ્પિટલની ટર્મ પૂરી થાય છે, પણ હું ગમે તેમ કરીને આજે સાંજના જ આવી જઈશ. હમણાં તો દવા મોકલી આપું છું. એમને કોઈ પણ હિસાબે પથારી પરથી ઊઠવા દેશો નહિ!'

હરગોવિંદની ગેરહાજરીમાં પદ્મા હર્ષદરાયની સારવાર કરવા લાગી. જ્યારે જ્યારે એમનાથી દૂર જવાની એને તક મળતી ત્યારે મન હળવું કરવા થોડુંક રડી લેતી.

પદ્માને લાગ્યું કે પડછાયાની જેમ એનું પાપ એની પાછળ ફરી રહ્યું હતું. 'મારા જ પાપના ભોગે એ બીમાર પડ્યા છે' એવું વારંવાર એના મનમાં એ બોલ્યા કરતી.

'પદ્મા!' હર્ષદરાયે એને પાસે બોલાવી.

'કેમ!'

'તું આખો દહાડો કેમ રડ્યા કરે છે?'

'ના, ના-હું હવે નથી રડતી!'

'જૂઠું બોલે છે? હું કંઈ આંધળો નથી! મને કહે તો ખરી કે તને શું દુ:ખ છે; હવે, જ્યારે પ્રભુએ બધાં સારાં વાનાં કર્યાં છે?'

પદ્માએ એક જબ્બર પ્રયત્ન કરી આંસુ રોક્યાં. એણે હર્ષદરાયના કપાળે હાથ ફેરવ્યો : 'તમે સારા થઈ જાઓને,' એણે બનાવટી લાડ કરતાં કહ્યું, 'પછી કહીશ.' પણ એનાથી હવે ઘડીભર આંસુ રોકાય તેમ નહોતું. 'હું આ આવી' કહેતી એ બાથરૂમમાં દોડી ગઈ અને ત્યાં મન ભરીને રડી લીધું!

પાછી આવી ત્યારે હર્ષદરાયે એનો હાથ પકડી બાજુમાં ખેંચી લીધી. 'ક્યાં ગઈ હતી, રડવા? ખરું કહેજે!'

પદ્મા ચૂપ રહી. હર્ષદરાયે એના ગાલ પર હાથ ફેરવતાં ગળાગળા થઈ કહ્યું : 'હું મારું સર્વસ્વ આપું, જો તું એક વખત પહેલાંના જેવું હસે - પેલું પરણ્યાની પહેલી રાતે હસી હતી તેવું!'

પદ્માએ હસવાનો પ્રયત્ન કર્યો. પણ એનું જૂઠાણું અને બેડોળતા ઉપર તરી આવ્યાં. એ રોકી રોકાઈ નહિ. એ હર્ષદરાયની છાતીમાં માથું મૂકી બેફાટ રૂદનમાં તૂટી પડી. એની આખી સૂરીલી કાયા કંપી ઊઠી, જાણે એ રૂદન એના અંગેઅંગમાંથી ફૂટી નીકળવા મથતું હોય!

એ જ વખતે હરગોવિંદે પ્રવેશ કર્યો અને આશ્ચર્યમાં થંભી ગયો. પદ્મા દૂર ખસી ગઈ. પણ ઘડીભર વિચારશૂન્ય હરગોવિંદ તરફ જોતી રસોડામાં જતી રહી.

ચાર દિવસ પસાર થઈ ગયા અને હર્ષદરાયની માંદગી વધતી ચાલી. દિવસભર હરગોવિંદ એમની બાજુમાં બેસી રહેતો - દવા પાતો, ઈન્જેક્શન આપતો, શેક કરતો. આખી રાત પદ્મા જાગતી.

પાંચમે દિવસે એમનું હૃદય નબળું પડતું લાગ્યું. હોઠ, નાકની દાંડી અને આંગળીઓના નખ કાળા પડી જતા જણાયા. હરગોવિંદ ગભરાયો. એણે ન છૂટકે પદ્મા આગળ એમની માંદગીની ગંભીરતા જાહેર કરવાનો નિશ્ચય કર્યો. એણે પદ્માને શોધવા માંડી : 'પદ્માબહેન!'

એણે રસોડામાં જઈને જોયું તો પદ્મા એક સાદડી પર પડી હતી. એનું મોઢું પેટના દર્દથી ચીમળાઈ ગયું હતું. એ તરત જ પામી ગયો કે પદ્મા બાળકને જન્મ આપવાની તૈયારીમાં હતી! એની મુસીબતનો હવે પાર નહોતો!

'પદ્માબહેન...તમને...'

'હા, હરગોવિંદભાઈ!' એણે પાસું બદલતાં કહ્યું, 'આ આ બધું શું થવા બેઠું છે? મારાં દુ:ખોનો અંત આવશે કે નહિ કોઈ દહાડો?' એણે જોરથી રડી દીધું.

'આના કરતાં તો મોત ભલું!'

'ગાંડાં ન બનો, પદ્માબેન. આ પ્રસંગ રડવાનો નથી!'

'રડવાનો નથી!' એણે બેઠાં થઈ જઈ હરગોવિંદ સામે ડોળા કાઢ્યા. પણ એનામાં તાકાત નહોતી. એ પાછી સૂઈ ગઈ. 'હું અભાગણીના નસીબે આંસુ સિવાય બીજું શું છે? કહો જોઉં?'

'વખત નહિ ગુમાવો.' હરગોવિંદે કહ્યું. 'ચાલો, હું તમને હોસ્પિટલમાં મૂકી આવું.'


'પણ એમને કેમ છે?'

'એમને સારું થઈ જશે!'

પદ્મા હોસ્પિટલમાં પહોંચી. પણ ત્યારથી એની શૂધ મૂંઝાઈ ગઈ. આટલાં વરસોની યાતના પછી આ પ્રસંગનો સામનો કરવાની એનામાં શક્તિ અને હિંમત ન રહ્યાં. એણે નમતું આપ્યું. હોસ્પિટલના બોર્ડની સીલિંગ તરફ મૂઢની જેમ એ એક નજર જોતી પડી રહી.

રાત્રિનાં અંધારાં ઢળી પડ્યાં. મધરાત થઈ. ગરમી સખત પડતી હતી, ઝાડનું પાંદડુંય હાલતું નહોતું. ધરતીના કપાળ સમા આકાશ પર તારકોનાં પ્રસ્વેદબિન્દુ જામ્યાં હતાં. મધરાતનું જગત, અકળામણથી શાંત પડ્યું પડ્યું હાંફી રહ્યું હતું. હોસ્પિટલમાં એવી જ દર્દભરી શાંતિ પ્રસરી રહી હતી. સાતમનો ચંદ્ર મધરાત પછી અસ્ત પામ્યો ત્યારે હોસ્પિટલમાં એક નવા પ્રાણનો જન્મ થયો. એ બાળકે શ્વાસ ખેંચી દુનિયાનો પહેલો અનુભવ લીધો અને એ રડી ઊઠ્યું.

બરોબર એ જ વખતે એક જૂનો થઈ ગયેલો પ્રાણ એના છેલ્લા શ્વાસ ખેંચી રહ્યો હતો!

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

સવાર પડી. પદ્માએ હરગોવિંદના આવવાની રાહ જોવી શરૂ કરી. આઠ, નવ, દસ. એ આવ્યો નહિ. બાર થયા તો ય એ ન આવ્યો. પદ્મા એમ જ આંખ મીંચ્યા વગર સીલિંગ તરફ જોતી પડી રહી. એને કશા વિચારો નહોતા આવતા. એની આંખોનું નૂર ઊડી ગયું હતું. એના ચહેરા પરથી સૌ કોમળ ભાવો જતા રહ્યા હતા. જાણે એક મીણનું પૂતળું પડ્યું ન હોય!

છેક સાંજના હરગોવિંદ આવ્યો. થાક અને ઉજાગરાથી એનો ચહેરો પડી ગયો હતો. પદ્માએ એક પ્રશ્નાર્થ નજર એની તરફ ફેંકી એ મૂંઝાયો-અને મૂંઝવણમાં દિશાશૂન્ય ફાટી આંખે એણે પદ્મા તરફ જોયું. પદ્માએ નજર ફેરવી પાછું સીલિંગ તરફ જોવું શરૂ તર્ક્યું.

હરગોવિંદ પદ્માને કશુંક કહેવા આવ્યો હતો - કશુંક બહુજ અમંગળ! પણ એ કહેવાની એનામાં હિંમત નહોતી. હોસ્પિટલની ખુરશીમાં એનો આખો દેહ બેસુમાર અસ્વસ્થતા અનુભવી રહ્યો હતો. એ કેમે કરીને પોતાના ભાવ છુપાવી શકતો ન હતો.

એ વાત પદ્મા પાસે કેમ કરવી એ જ એને સૂઝ્યું નહિ. એણે ફેરવી ફેરવીને ઘણાં વાક્યો ગોઠવ્યાં. ચહેરાના ભાવો બદલવા પ્રયત્ન કર્યો, પણ એમ કરવા જતાં એની અસ્વસ્થ કાયરતા જ માત્ર ઉઘાડી પડતી હતી અને એમ પંદર મિનિટ વહી ગઈ તો ય એની જીભ ખૂલી નહિ.

પદ્મા ચૂપ હતી. એ ચુપકી હરગોવિંદ માટે અસહ્ય હતી. એને શરીરે કંપ ફરી વળ્યો. 'ગમે તેમ થાય, મારે મોઢે આ વાત હું એમને નહિ જ કહું.' હરગોવિંદ નિશ્ચય કરીને ઊઠ્યો. હેટ પહેરતો દરવાજા આગળ પહોંચ્યો ત્યાં પદ્માએ એને રોક્યો : 'હરગોવિંદભાઈ!'

હરગોવિંદ ત્યાં જ ઊભો રહી ગયો. હવે પદ્માને મોઢું બતાવવાની ય એનામાં તાકાત ન રહી. એને ખાતરી થઈ ગઈ કે જે વાત એ કરવા માગતો હતો, એ જ વાત પદ્મા પૂછવાની હતી. એનાં ગાત્ર ગળી ગયાં.

'એમને કેમ છે હવે?'

પદ્માએ પૂછ્યું ત્યારે હરગોવિંદની આંખ આગળ લાલ-લીલા અંધારાનાં વર્તુળ ફરી વળ્યાં. મહામહેનતે લાગણીઓ ધકેલી. નિર્દય મને નિષ્ઠુર રીતે પેલી વાત કહી દેવા એણે પદ્મા તરફ મોઢું ફેરવ્યું.

'હરગોવિંદભાઈ, આમ કેમ? એમને કશુંક થયું છે?'

હરગોવિંદે ખુરશી પર બેસતાં ડોકું ધુણાવી હા કહી. પદ્મા બેઠી થઈ ગઈ. એની આંખો ફાટી ગઈ, હાથની મૂઠીઓ વળાઈ ગઈ.

'શું?'

'હા.' હરગોવિંદ માંડમાંડ બોલી શક્યો. 'ગઈ કાલે મધરાત પછી!'

પદ્મા પથારી પર પડી ગઈ. એના છૂટા બાલો તકિયા પર છિન્નભિન્ન છવાઈ ગયા. આંખો અને હોઠ દબાવી એણે ચહેરાને વળ દીધો. તો ય એક મોટું ડૂસકું જોર કરી બહાર નીકળી ગયું. બીજું ડૂસકું દબાવવા જતાં એ અંદર ઊતરી ગયું. આંખો અરધી ખૂલી ગઈ. પદ્મા પાછી અર્થહીન નજરે સીલિંગ તરફ જોઈ રહી. એના હાથ, પગ અને હોઠ તો યે ધ્રૂજી રહ્યા હતા.

હરગોવિંદે કહ્યું : 'મેં મોટા કાકાને તાર કર્યો છે. બનતાં સુધી આજે સાંજ સુધીમાં જ આવી પહોંચશે.' હરગોવિંદે નીચું જોયું. 'અને' એણે ખુરશીના હાથા જોરથી દબાવીને પકડ્યા. 'આવતી પહેલી તારીખના મારી બહારગામની નોકરી નક્કી થઈ ગઈ છે એટલે - એટલે કદાચ-' એણે મહામહેનતે વાક્ય પૂરું કર્યું. 'બે દિવસ રહી મારે પણ મુંબઈ છોડવું પડે - પણ મોટા કાકા આવશે ત્યાં સુધી ગમે તેમ કરીને રોકાઈશ.'

આટલું કહી પોતાની ફરજ પૂરી થઈ હોય એવું સમજતો હરગોવિંદ ઊઠ્યો. 'હું જાઉં છું.' કહેતાં બહાર નીકળી ગયો. અને જાહેર રસ્તા પર એક મોટરકાર બ્રેકનો અવાજ કરતી એનાથી થોડે જ દૂર ઊભી રહી ગઈ ત્યારે જ એને ભાન થયું કે એ ખરેખર પદ્માની હાજરીમાંથી છૂટી જવા પામ્યો હતો.

હોસ્પિટલના ઘડિયાળમાં છના ટકોરા થયા. પદ્માએ સીલિંગ તરફથી નજર ફેરવી, ઘડિયાળ તરફ જોયું અને એના મગજમાં એના દીવાનખાનામાંના ઘડિયાળના 'ટક-ટક' વાગી રહ્યા. એને હર્ષદરાયના શબ્દો યાદ આવ્યા : 'એક વખત પહેલાંના જેવું ન હસે? પેલું, પરણ્યાની પહેલી રાતે હસી હતી તેવું?' પદ્માની આંખ મીંચાઈ ગઈ અને એના કંપતા હોઠો પરથી એક નાનકડું, મસ્તીખોર હાસ્ય રમત કરતું ઊડી ગયું.

પદ્માને એના વૈધવ્યના પહેલા જ દિવસે પરણ્યાની પહેલી રાતનું રંગીલું સ્વપ્નનું આવ્યું - શાંત, કોમળ અને આશાભર્યું! પણ નર્સે આવીને એને જગાડી દીધી. એનું બાળક હળવેથી એની બાજુમાં મેલી, ધવડાવવાનું કહી જતી રહી.

પદ્મા ઘડીભર એને જોઈ રહી. પ્રભાતના પહેલા કિરણ જેવું આશાભર્યું, ગુલાબની ખીલતી કળી જેવું કોમળ એ તો આંખ ઊઘાડતાં ય હજી ડરતું હતું.

પદ્માએ એને છાતીએ મેલ્યું ને એ સફાળી ચોંકી ઊઠી. એની છાતીમાંથી થઈને હજારો વેદનાઓના દંશ તેના શરીરે ફરી વળ્યા. એણે બાળકને છાતીએથી છીનવી દૂર ધકેલી દીધું અને રડતાં રડતાં બોલી ઊઠી :

'હટ, પારકી માટી!' ■

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

# બંધ ખાનાની ભીતર

• મન્નુ ભંડારી •

એનું ટેબલ ખૂબ મોટું હતું અને ત્રણ ખાનાઓમાં વહેંચાયેલું હતું. ડાબા તરફનું ખાનું વ્યક્તિગત હતું, વચ્ચેનું પારિવારિક, જ્યારે જમણા તરફના ખાનાને સામાજિક કહી શકાય. આ વિભાજન મંજરીએ જ કરેલું હતું. ઘણા દિવસો બાદ જ્યારે એ બંને વચ્ચે એક વિભાજનરેખા તણાઈ ગઈ હતી ત્યારથી તેણે આવું વિભાજન કર્યું હતું. શરૂઆતના દિવસોમાં તો ખાના તરફ તો શું, ટેબલ તરફ પણ એનું ધ્યાન ન જતું. ત્યારે તો આખાય ઘરમાં માત્ર પલંગ જ એને સૌથી આકર્ષક લાગતો અને એને થતું કે કોઈ જાદુ થાય અને દિવસના ચોવીસ કલાક સંકોચાઈને રાતના આઠ કલાકમાં સમાઈ જાય તો કેવું સારું! વિપિનનું શરીર જાણે એના સંપૂર્ણ વ્યક્તિનો પર્યાય બની ગયું હતું. એ વાત એના મનમાં ક્યારેય સ્ફુરતી જ નહીં કે શરીરથી પર પણ એનું કોઈ વ્યક્તિત્વ કે અસ્તિત્વ હોઈ શકે, સંબંધો અને સંપર્કો હોઈ શકે, પોતાનું પણ કોઈ જીવન હોઈ શકે.

પણ આ બધી એકદમ શરૂઆતની વાતો હતી. એ દિવસોની વાત કે જ્યારે બંનેના મન વચ્ચે કોઈ ભેદ ન હતાં. અને જ્યારે મન વચ્ચે કોઈ ભેદ નહોતો એટલે બીજા બધાં ભેદ આપમેળે ભૂંસાઈ ગયા હતાં. બધી ઋતુઓ વસંતઋતુ જેવી સુંદર સોહામણી લાગતી હતી. આરામના સમયે કામ કરવાની સ્ફૂર્તિ અનુભવાતી અને કામ કરતી વેળા અજબ પ્રકારનો આરામ મળતો.

એ વસંતની રમણીય સવાર હતી. ભીના વાળનો ઢીલો અંબોડો વાળી મંજરીએ મટર ચેવડો બનાવ્યો હતો. પ્રત્યેક કામમાં એ મન રેડી દેતી અને એનાં ગીતો આખાય ઘરમાં ગૂંજ્યાં કરતાં. ટ્રેમાં બધો સામાન સજાવીને લઈ ગઈ ત્યારે વિપિનને એણે કેટલાક કાગળિયામાં અટવાયેલો જોયો.

'આટલો તલ્લીન થઈને શું વાંચી રહ્યો છું?' એણે હસતાં - હસતાં પૂછ્યું ત્યારે વિપિન જરાક હચમચી ગયો હતો અને આખીય વાત ઉડાડી દેવાના પ્રયાસ રૂપે એણે ખૂબ બધો ચેવડો પોતાની પ્લેટમાં ઠાલવી દીધો હતો. મંજરીને લાગ્યું હતું કે એ દિવસે એ જરૂર કરતાં કંઈક વધારે પડતા વખાણ કરવાના મૂડમાં હતો. એ સતત પ્રસંગહીન વાતો કર્યે જતો હતો. એ બધું મંજરીના મનને સ્પર્શ્યા વગર જ પસાર થઈ ગયું.

દરરોજની જેમ બંને એકસાથે ઘરેથી નીકળ્યા હતાં પણ એક પીરિયડ પછી જ માથાના દુ:ખાવાનું બહાનું કરી એ ઘરે પાછી આવી ગઈ હતી. આખા રસ્તે એનું માથું ભમતું રહ્યું. ઘરમાં પ્રવેશતાં જ એને લાગ્યું જાણે એ કોઈ બીજાના ઘરમાં દાખલ ન થઈ રહી હોય!

એ સીધી ટેબલ પાસે જઈ પહોંચી. ટેબલ પર પડેલાં પુસ્તકો, ફાઈલો, કાગળિયાં બધું એણે ફંફોસ્યું, પણ એ કાગળ ન મળ્યાં. એને પોતાને નવાઈ લાગી રહી હતી કે માત્ર એક ઝલકમાં જ એ કાગળો સાથે એને કેવી ઊંડી ઓળખાણ થઈ ગઈ હતી! એણે ઝાટકા સાથે પહેલું ખાનું ખોલ્યું. એમાં કેટલાંક મિત્રો અને સ્નેહીઓનાં પત્ર હતાં. એક-બે લગ્નની કંકોતરી, એપોઈન્ટમેન્ટની ડાયરી, છાપાનાં કટિંગ અને એવું જ બધું કંઈક! એણે વચ્ચેનું ખાનું ખોલ્યું. એમાં પાસ-બુક અને ચેક-બુક હતી, મકાન અને લાઈટબિલની રસીદ હતી. એક બાજુ ગડી કરેલાં રૂમાલોની થપ્પી હતી. એણે ત્રીજું ખાનું ખેંચ્યું પણ એ ખૂલ્યું નહીં. એને તાળું મારેલું હતું. ખાનાને તાળું મારેલું હોય, એમાં કંઈ નવાઈની વાત નહોતી કે નહોતી આ કોઈ ભયંકર ઘટના- છતાંય એ અંદર સુધી ખળભળી ઊઠી. એ આખા ઘરમાં ફરી વળી, પણ એને ખાનાની ચાવીઓ ન મળી. હવે ખરેખર એનું માથું દર્દથી ફાટવા લાગ્યું હતું. મોઢા પર સાડીનો પાલવ ઢાંકીને એ આખો દિવસ પડી રહી.

એ રાત્રે જ્યારે એ સૂવા ગઈ ત્યારે તો એની અંદર બધું જાણે ચકરાવે ચડ્યું હતું. રુદન પૂરા આવેગથી ફૂટી નીકળવા માગતું હતું પણ એણે નક્કી લીધું હતું કે જ્યાં સુધી એ આખીય વાત જાણી નહીં લે, ત્યાં સુધી એક હરફ સુદ્ધાં નહીં ઉચ્ચારે. દરરોજની જેમ વિપિને એને પોતાના બાહુપાશમાં જકડી લીધી પણ કોણ જાણે કેમ આજે એણે પોતાની અંદર અનુભવ્યું કે એની સાથે સૂવાવાળો, એને પ્રેમ કરનારો વિપિન સંપૂર્ણ નથી, કેવળ એક ખંડ છે, એક ટુકડો માત્ર. સંપૂર્ણ વિપિન તો એને હંમેશાં પુષ્પ જેવો ફોરો લાગતો, પણ ખંડિત વિપિનનો ભાર એના માટે અસહ્ય બની રહ્યો હતો. વારંવાર એનું મન કહેતું કે એને જ ચોખ્ખે ચોખ્ખું પૂછી લેને, માગી લે ખુલાસો, લડી લે, ઝઘડી લે, પણ કોણ જાણે કેમ ટેબલનાં ખાના પર લાગેલું તાળું આજે એના મોઢા પર પણ જડાઈ ગયું હતું. એ આખી રાત વિહ્વળ બનીને પડખાં બદલતી રહી પણ એક શબ્દ બોલી ન શકી.

સ્રીની નજર આમ પણ ખૂબ ધારદાર હોય છે, એમાંય સંદેહનું આવરણ એના પર ચડી જાય તો આકાશ-પાતાળ ચીરી નાખવામાં ય એને વાર ન લાગે બીજા જ દિવસે એ બંધ ખાનું એની સામે ખુલ્લું પડ્યું હતું, જે વિપિનનું અત્યંત ખાનગી અને વ્યક્તિગત હતું. થોડી ડાયરીઓ, એક મહિલા અને નાનકડી બાળકીના ફોટા, પત્રો, કાચની શીશીમાં ગોળીઓ... ક્રોધ, ઘૃણા

અને દુઃખની સંયોજિત લાગણીઓની આંધી એના મનને ઘેરી વળી. માથું પકડીને એ કલાકોના કલાકો એમ જ બેસી રહી. ધ્રુસકે ને ધ્રુસકે રડતી રહી. એને લાગતું હતું કે ઠોસ જમીન સમજીને જ્યાં એણે ડગ માંડ્યા, એ તો શૂન્ય હતું. એને લાગ્યું કે અચાનક જાણે એ બેસહારા થઈ ગઈ. પોતાના ઘરની છત અને દીવાલો એને ધ્રુજતા લાગ્યા.

ખાનામાં માત્ર વિપિનનો ભૂતકાળ જ ન હતો, વર્તમાન પણ હતો અને એમાં ભવિષ્યની યોજનાઓ પણ હતી. એ જેમ જેમ વિપિનના વ્યક્તિગત જીવનની નજીક સરકી રહી હતી, અજાણે અને અનિચ્છાએ વિપિનથી દૂર જઈ રહી હતી. ધીરે ધીરે મન વચ્ચેનું આ અંતર શરીરો વચ્ચે પણ ફેલાતું ગયું અને અનાયાસે તેઓ એકબીજાથી તદ્દન અપરિચિત બની ગયાં. પછી એમના હિસાબો અલગ થવા લાગ્યા, સંપર્કો અને સંબંધો પણ અલગ થયા.

બંને પાસે પોતપોતાના તર્ક હતા. બંને સારી પેઠે જાણતાં હતાં કે આ તર્ક છેવટે તો એમને ક્યાંય નહીં પહોંચાડે. છતાં દર ત્રીજા દિવસે કલાકોના કલાકો વાદવિવાદ થતાં જેની પૂર્ણાહૂતિ મંજરીના આંસુ સાથે થતી. સ્નેહનું સ્થાન હવે સંદેહે લઈ લીધું હતું અને તર્કોએ સદ્‌ભાવના લીરેલીરા કરી નાંખ્યા હતા.

હવે મંજરી પોતાના જ ઘરમાં એકલવાયી થઈ ગઈ હતી અને એને બધું ખૂબ વેરાન લાગવા લાગ્યું હતું. દરેક કામ બોજારૂપ લાગતું અને નવરાશનો સમય વધુ કંટાળાજનક અને ત્રાસદાયક લાગતો.

નવરાશની પળોમાં ખોળામાં પુસ્તક રાખી એ કલાકો બેસી રહેતી; છાપેલી પંક્તિઓ આંખો તળેથી પસાર ચોક્કસ થતી, પણ મન અલિપ્ત જ રહેતું, સાવ કોરુંધાકોર! પરીક્ષાના પેપર્સ તપાસવા બેસતી તો એનાં સાથીમિત્રો એની મજાક ઉડાડતાં કહેતાં કે ઉત્તરવહી તપાસી રહી છે કે પ્રૂફ?! વિપિન સાથેનો સંબંધ શું લથડ્યો, એની તમામ ઇન્દ્રિયોના આંતરિક સંબંધો પણ હચમચી ગયાં.

એ ઘરના બધા બારી-બારણાં ખુલ્લાં રાખતી છતાંય એને લાગતું કે ઘરમાં ચોખ્ખી હવાની અવર-જવર નથી. ઘરની બંધિયાર હવા ઝેરી થતી જાય છે અને કોઈક છે જે એની નજર સામે ધીરે-ધીરે મરી રહ્યું છે. એ ન તો એને બચાવી શકતી હતી કે ન એને નિર્દયતાપૂર્વક એક ઝાટકે મારી શકતી હતી. મનમાં ને મનમાં એ કંઈકેટલાય સંકલ્પો કરતી, પણ એણે આ સંકલ્પોને વિચારોથી આગળ વધીને નક્કર રૂપ લેવા દીધું નહીં, કારણ કે ઘરમાં બહુ જલ્દી ત્રીજા પ્રાણીનું આગમન થવાનું હતું. એણે પોતાના દુર્ભાગ્યને ખૂબ ભાંડ્યું, પણ તેમ છતાંય મનમાં ક્યાંક આછી-પાતળી આશા હજીય શેષ હતી કે કોને ખબર કદાચ આ અનાગતનું આગમન જ એમની વચ્ચેનો સેતુ બની જાય!

પણ વરસ પસાર થતાં થતાં તો એણે એ સારી પેઠે જાણી લીધું હતું કે આ ભવમાં આવી આશા કરવી નરી મૂર્ખતા છે. આજે જીવનનું દરેક પાસું, દરેક સ્થિતિ, દરેક સંબંધ એક સમાધાનહીન સમસ્યા છે, જેની ગૂંચ ઉકેલી નથી શકાતી. એને કેવળ ભોગવી જ શકાય છે, જેમાં વ્યક્તિ સતત તૂટે છે, વિખરાય છે. એ પણ બે વરસ સુધી તૂટતી રહી, વિખેરાતી રહી. વિપિન મનમાં ક્યાંક આશ્વસ્ત થઈ ચૂક્યો હતો કે હવે મંજરીએ કદાચ આ બધું સ્વીકારી લીધું છે, હવે એ ઊફરી નહીં ચાલે.

પણ એમ થયું નહીં. લગ્નની પાંચમી વર્ષગાંઠ હતી. પોતાના તમામ અર્થો ખોઈ દેવા છતાં એ દિવસ તો પોતાની જગ્યાએ અડગ ઊભો જ હતો. ન ઇચ્છવા છતાંય આ દિવસે એ પોતાની જાતને વધુ કમજોર અનુભવતી હતી. એની યાતનાઓ અનેકગણી વધી જતી હતી પણ આ વખતે એણે આમાંનું કંઈ ન અનુભવ્યું અને આગ્રહપૂર્વક વિપિનને કહ્યું હતું કે સાંજે પાંચ વાગ્યે લા-બોહીમમાં મળીએ.

લા-બોહીમનો અંધારો ખૂણો. આજુબાજુના ટેબલ ખાલી હતાં. પોતાના ટેબલ પર ઝળુંબતી લાઈટ એણે બુઝાવી દીધી. અંધકાર પથરાતાની સાથે જ ક્ષણાર્ધ માટે મંજરીના મનમાંથી એ વાત પસાર થઈ ગઈ કે આજના અંધકાર દ્વારા જો તેઓ ઇચ્છે તો પોતાની જિંદગીમાં કેટલું બધું અજવાળું લાવી શકે! એ વેળાએ મનની અંદર કંઈક ઊગ્યું પણ ખરું, પણ બીજી જ ક્ષણે એણે પોતાને સ્વસ્થ કરતાં વિચાર્યું કે આ તો નરી ભાવુકતા છે અને ભાવુકતા દ્વારા મનુષ્યને ફક્ત કષ્ટ જ મળે છે, એ જીવી નથી શકતો. મંજરીને જીવવું હતું - પોતાના માટે, પોતાના બાળક માટે.

ત્રણ કલાક પછી તેઓ જ્યારે ત્યાંથી બહાર નીકળ્યા ત્યારે એને ખુદ નવાઈ લાગી રહી હતી કે આટલી સહજ રીતે, તટસ્થાપૂર્વક એ બધી વાતો કહી શકી. જાણે આ નિર્ણય એને પોતાના વિશે નહીં, કોઈ બીજાના માટે લેવાનો હતો. એ સારી રીતે જાણે છે કે સ્ત્રીઓ ક્યારેય પૂર્ણતઃ તટસ્થ નથી રહી શકતી, ખાસ કરીને આવી ભયંકર મારક ક્ષણોમાં તો એ વાત સુદ્ધાં નથી કરી શકતી, ફક્ત રડી શકે છે, હૈયું ફાડીને રડી શકે છે.

એનાથીય વધુ આશ્ચર્ય એને ત્યારે થયું હતું જ્યારે પોતાના નિર્ણયને વ્યવહારિક રૂપ આપવા માટે એણે પોતાનો બધો સામાન સમેટીને બે મહિનાની રજા મૂકી દિલ્હીમાંથી વિદાય લીધી હતી. વિપિને બાળક પર ખૂબ હેત વરસાવ્યું હતું અને એકવાર એના ઉપર પણ. પછી ઠંડા સ્વરે બોલ્યો હતો "હું દિલ્હી છોડી દઈશ. આ બધું ઘટિત થયા પછી મારાથી અહીં રહી નહીં શકાય. તું કદાચ પાછી ફરીને અહીં જ આવવું પસંદ કરે. આ ઘરને તારા નામે જ રહેવા દે."

મંજરી ત્યાં સુધી નિર્ણય નહોતી લઈ શકી કે એણે ખરેખર ક્યાં રહેવું છે અને શું કરવું છે? કેવળ એક ભરોસો હતો કે જેટલી સહજતાથી એ આ પરિસ્થિતિમાંથી બહાર નીકળી છે, એ જ રીતે નવા જીવનની કેડી પણ શોધી લેશે. છતાં ઘર એણે પોતાના નામે જ રહેવા દીધું. માનસિક તાણની આવી કપરી ક્ષણોમાં પણ એની વ્યવહારિક બુદ્ધિ કુંઠિત ન થઈ હતી ત્યારે એને લાગ્યું કે જેણે વિપિન સાથે લગ્ન કર્યા એ મંજરી તો ક્યારનીય મરી ચૂકી છે, આ તો

એની લાશમાંથી જન્મેલી કોઈ નવી જ મંજરી છે.

અણીના સમયે મોટું નાટક થાય એવી સંભાવના હતી. બાળકના મુદ્દે કંઈ પણ થઈ શકે એમ હતું પણ એવું કંઈ બન્યું નહીં. ઉપર ઉપરથી સહજતાથી ઔપચારિક વાક્યોનું આદાન-પ્રદાન થયું પણ અંદર મન મરેલાં હતાં. ટ્રેન પ્લેટફોર્મ અને પ્લેટફોર્મ ઉપર ઊભેલા વિપિનને છોડીને આગળ વધી ગઈ હતી અને મંજરી સૂકી ભટ આંખે આ બધું જોયા કરતી હતી.

જ્યારે બધું પાછળ છૂટી ગયું ત્યારે એના અંતરમાંથી એક ઊંડો નિશ્વાસ નીકળ્યો, કદાચ મુક્તિનો. પોતાના જ શરીર પરનું ગૂમડું જ્યારે સુકાઈ જાય ત્યારે એની મૃત ચામડીને ખેંચીને શરીરથી અલગ કરતી વેળા જે અનુભૂતિ થાય, કંઈક એવી જ.

બે મહિના પછી તે એ જ ઘરમાં પાછી ફરી હતી. બધાં એને પૂછતાં હતાં કે શું બહુ બીમાર થઈ ગઈ હતી? આટલી બધી સુકાઈ કેમ ગઈ છે? ચહેરો કેવો માંદલો અને કાળો થઈ ગયો છે! એને ખુદને પણ આ બધું અનુભવાતું હતું પણ હવે આ બધાથી કોઈ ફરક નહોતો પડતો. એણે અહીં આવીને સૌથી પહેલાં ચશ્માં ખરીદ્યાં, કારણ કે એની આંખો અચાનક જ બહુ નબળી થઈ ગઈ હતી. ઘર એવું ને એવું હતું. માત્ર એ તમામ ચીજો હટાવી દેવાઈ હતી જેની સાથે વિપિનની સ્મૃતિઓ જોડાયેલી હતી, પેલું ટેબલ પણ. ટેબલવાળો એ ખાલી ખૂણો એના મનમાં વિચિત્ર પ્રકારના ભય અને અતૃપ્તિથી મિશ્રિત એવી લાગણી પેદા કરતો. એ જાણે વિપિનથી મુક્ત થઈને પણ એ ટેબલથી હજી પૂર્ણપણે મુક્ત નહોતી થઈ શકી.

ઘરના બાકીના સામાન પર ધૂળના ઢગ ખડકાયા હતા. એક દિવસ તો આમ જ પસાર થઈ ગયો પણ બીજા દિવસથી એ સફાઈ કામમાં મંડી પડી. વિપિનનું કોઈપણ ચિહ્ન ત્યાં ન હતું, સિવાય કે એક-બે સિગરેટથી ભરેલી એસ-ટ્રે.

એને ખાલી કરતી વખતે એકવાર એનો હાથ ધ્રુજ્યો ખરો. ઘર સ્વચ્છ થઈ ગયું. છતાં એને સતત લાગી રહ્યું હતું કે એક પરિચિત ગંધ છે જે એમાંથી જતી નથી. એ ક્યાંય પણ જાય, ક્યાંય પણ રહે, એ ગંધના અહેસાસથી મુક્ત નથી થઈ શકતી.

એટલે જ એણે ઘરના બારી-બારણાં ખુલ્લાં રાખવાનું શરૂ કરી દીધું, તેથી બહારની ચોખ્ખી હવા અને ઉજાસ ઘરમાં આવી શકે. ધીરે-ધીરે એ ખુલ્લા બારણાંમાંથી હવા અને ઉજાસ સાથે-સાથે અનેક પ્રકારની ગંધ, અનેક ચહેરાઓ અને અનેક નજરો પણ ડોકાવા લાગી - કેટલીક સહાનુભૂતિવશ અને કેટલીક આત્મીયતાભરી. એના સાહસની પ્રશંસા પણ થતી અને ક્યારેક ક્યારેક એવા ઊડતા સમાચાર પણ પહોંચાડવામાં આવતા કે વિપિન કોઈ બાળકી અને મહિલા સાથે દેખાયો હતો. વિપિન માટે એમના સ્વરમાં ભર્ત્સના જ રહેતી પણ એને ન તો પોતાની પ્રશંસા સ્પર્શી શકતી કે ન વિપિનની ભર્ત્સના.

પહેલા વર્ષે પરિચિતો અને નવા ચહેરાઓની સંખ્યા ઘણી મોટી રહી, પછી ધીરે-ધીરે એ ઘટવા લાગી. હમદર્દી માટે વાત જૂની થઈ ગઈ હતી અને એમને લાગતું હતું કે એ લોકો તેમનું કર્તવ્ય નિભાવી ચૂક્યા છે. ફક્ત એક ચહેરો એવો હતો જે સતત ઉપસ્થિત રહ્યો અને ઘરમાં ઊંડે સુધી પ્રવેશ કરી ગયો પણ મંજરી કોઈ પણ જાતની ઉતાવળમાં ન હતી. હા, એટલું ચોક્કસ થયું કે અચાનક એને એકાકીપણું અસહ્ય લાગવા માંડ્યું, નોકરી બોજરૂપ અને જીવન નીરસ લાગવા લાગ્યું.

ક્યારેક એ એકાંતમાં વિચારતી કે ના, હવે એ જીવનની રાહ નહીં બદલે. જે તટસ્થતાથી એણે બધું સહન કર્યું છે અને પોતાની જાતને ટકાવી રાખી છે એ એળે નહીં જવા દે. અચાનક એને લાગવા માંડ્યું હતું કે એ બહુ મોટી થઈ ગઈ છે, મેચ્યોર બની ગઈ છે. આ ઉંમરમાં એના માટે આ બધું કદાચ શક્ય ન બને પણ જેવો પેલો ચહેરો એની નિકટ આવતો, અચાનક એની ઉંમરના દસ વર્ષ ક્યાંક ગાયબ થઈ જતાં અને એ વિચારવા લાગતી, ના, ના હજી પણ કશું બગડ્યું નથી. પસાર થતાં દિવસોએ ઉંમરના આંકડામાં ઉમેરો ચોક્કસ કર્યો છે, પણ ભાવનાઓ તો હજી પણ અકબંધ જ છે. જીવનના એ સોનેરી દિવસો, જ્યારે એને પોતાની ભાવનાઓ ખર્ચ કરવી હતી, એ તો મૃત સંબંધોની લાશના ભાર તળે વીતી ગયાં.

તેમ છતાં ત્રણ વરસ સુધી એણે કોઈ નિર્ણય ન લીધો. એણે વિચાર્યું, ફક્ત વિચાર્યું નહીં ઇચ્છ્યું હતું, અત્યંત સચ્ચાઈ અને પ્રામાણિકતાથી ચાહ્યું હતું કે જેવી રીતે એ વિપિનના સંબંધમાંથી ઊગરી ગઈ હતી, એમ એ આ એકાકીપણામાંથી પણ બહાર આવી જશે. પણ એણે અનુભવ્યું કે એ પોતાના બળે પોતાની એકલતા સામે ઝઝૂમવાનો પ્રયત્ન કરી રહી છે. એણે એમ પણ અનુભવ્યું કે અસિત પ્રત્યેના એના વ્યવહારમાં ક્યાંક અસંતુલન આવી ગયું છે. લોકોએ એને આડકતરી રીતે સલાહ આપી કે અસિતને એણે હોસ્ટેલમાં મૂકી દેવો જોઈએ. પહેલાં તો એણે સદંતર વિરોધ કર્યો - કેટલાંક આર્થિક કારણોનો હવાલો આપીને અને એક કારણ એ પણ કે એને હોસ્ટેલ મોકલીને એ સ્વયં કેટલી એકલી થઈ જશે પણ પછી એને લાગ્યું કે પોતાની એકલતા દૂર કરવા માટે થઈને એ બાળકનું ભવિષ્ય બગાડી રહી છે.

ત્યારે એણે બે નિર્ણય એક સાથે લીધા - અસિતને હોસ્ટેલ મોકલી દેવાનો અને પોતાની એકલતા દૂર કરવા સ્વાભાવિક

**GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279**

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

*Ramji Devshi Shah & Co.*
CUSTOM HOUSE AGENT

અને યોગ્ય માર્ગ અપનાવવાનો.

એને એ વાતની ખુશી હતી અને પોતાના પર થોડો ગર્વ પણ કે સ્થિતિ અધિક વણસે એ પહેલાં તે તટસ્થ રહીને એને સાચા સ્વરૂપમાં જોઈ શકે છે અને પછી તદ્નુસાર યોગ્ય નિર્ણય લઈ શકે છે.

દિલીપ હવે સાથે હતો અને જિંદગીના દસ વર્ષ જાણે અચાનક ગાયબ થઈ ગયાં હતાં. ઘર બદલાઈ ગયું હતું અને બિલકુલ નવીન ઢંગથી એની સજાવટ કરાઈ હતી. નવા ઘરની સાજ-સજાવટ કરતાં કરતાં એ કંઈક ગણગણ્યા કરતી. એણે નોકરી છોડી દીધી હતી. કારણ કે સાથી મહિલાઓની આંખમાં વર્તાતી ઉપેક્ષા અને ધૃણા એના માટે અસહ્ય બની ગઈ હતી. આમેય આ કામ કરતાં કરતાં એ થાકી ગઈ હતી, કંટાળી ગઈ હતી. હવે ડિસેમ્બરના શિયાળાની ઠંડીમાં આખી રાત કોઈના બાહુપાશમાં હૂંફ મેળવ્યા બાદ સવારે જ્યારે એની નિંદ્રા અને આળસથી ભરાયેલી આંખો ખૂલતી તો એને સામે ડ્રેસિંગ ટેબલ પર પડેલાં પોતાનાં જાત-ભાતના પ્રસાધનો દેખાતાં, નહીં કે અર્ધ વાર્ષિક પરીક્ષાની ઉત્તરવહીઓનાં મોટાં મોટાં બંડલો - ત્યારે એનું મન હળવુંફૂલ અને આશ્વસ્ત થઈ જતું.

રજાઓમાં અસિત ઘરે આવ્યો હતો. એ દિલીપને સતત ઘરમાં જોતો તેથી મંજરીને બંનેનો પરિચય કેળવવાના કપરા સંકટનો સામનો ન કરવો પડ્યો. અસિતના આવવાથી મંજરી ખૂબ ખુશ હતી. એને મીઠી મૂંઝવણ થતી હતી કે એ અસિતને શું-શું ખવડાવે અને ક્યાં-ક્યાં ફરવા લઈ જાય. દિલીપના જતાંવેંત તે એને લઈને નીકળી પડતી. ડિસેમ્બરનો મીઠો તડકો આખા દિલ્હી શહેરને સુંદર અને જીવંત બનાવી દેતો હતો.

સાંજે બંને પાછા ફરતાં ત્યારે બંનેના હાથમાં અસિતના ફરમાઈશી પેકેટ ઝૂલતાં નજરે પડતાં.

રજાઓ પૂરી થઈ અને અસિતનો હોસ્ટેલ પાછા જવાનો સમય આવી ગયો. એની સ્કૂલના છોકરાઓનું આખું ગ્રુપ હતું. સ્કૂલમાંથી છ મહિનાનું બિલ પણ આવ્યું હતું. દિલીપથી અમસ્તું જ બોલી જવાયું - ''આ સ્કૂલ ઘણી મોંઘી છે નહીં? આ મહિને ખર્ચો પણ બહુ વધારે થઈ ગયો.'' સાંભળીને મંજરીના ચહેરા પર એક હલકી નિરાશા ઘેરાઈ આવી. વાત તો સાવ સામાન્ય હતી અને કંઈ ખોટી પણ ન હતી. અસિત દિલીપનું સંતાન હોત તો પણ એ આમ જ કહેત? - પણ અસિત દિલીપનું સંતાન નથી અને સંદર્ભ પણ કંઈક જુદો જ છે, એટલે વાતનો અર્થ પણ બદલાઈ ગયો. દિલીપ તરત પરિસ્થિતિ કળી ગયો એટલે એણે તરત વાતને વાળી લેતાં કહ્યું, ''શું જમાનો આવ્યો છે! આપણે આટઆટલું ભણ્યાં, પણ આવી મોટી ફી ક્યારેય ભરી નથી.'' આમ છતાં વાત કદાચ સહજ ન બની શકી. મંજરીને પહેલીવાર પોતાની નોકરી છોડ્યાનો અફસોસ થયો.

પછી ધીરે-ધીરે એક અદશ્ય ટેબલ ઊગી નીકળ્યું. આ ટેબલ દિલીપના ઓરડામાં નહીં, મંજરીના ઓરડામાં હતું અને બે ભાગમાં વહેંચાયેલું હતું. એક વ્યક્તિગત અને એક પારિવારિક. વ્યક્તિગત ખાનામાં અસિતના ફરમાયશી પત્રો, એનાં ચિત્રો, એનાં સ્કૂલ રિપોર્ટ અને વિપિનના કેટલાંક ઔપચારિક પત્રો સામેલ હતાં - જેમાં આશ્વાસન અપાયું હતું કે અસિતનો અડધો ખર્ચ એ ઉપાડશે.

અને પછી ટેબલનું આ વિભાજન પહેલાંની જેમ મન અને શરીરથી આગળ વધીને આખા ઘરમાં ફેલાઈ ગયું હતું. બહાર એનો કોઈ અણસાર ન હતો - ન વાતચીતમાં કે ન વ્યવહારમાં, પણ અજાણતાં અને ન ઇચ્છવા છતાં મન અંદરથી અળગાં થઈ ગયાં હતાં, જિંદગી બે ટુકડામાં અલગ હતી, અવસર અલગ હતો, પણ વહેંચાઈ જવાની, ખંડિત થઈ જવાની પીડા તો એવી જ હતી.

રાત્રે, દિવસે, સૂતાં-સૂતાં મંજરી ખબર નહીં શું વિચાર્યા કરતી. હવે એને હાલતાં ને ચાલતાં વિપિન યાદ આવી જતો અને એની યાદ ગમતી પણ ખરી. છતાંય તે એ અનુભૂતિમાંથી મુક્ત ન થઈ શકતી કે વિપિને માત્ર પોતાની જિંદગીને જ ખંડ ખંડ નહોતી કરી નાંખી, બલકે એની જિંદગીને પણ એવી રીતે ટુકડાઓમાં વિભક્ત કરી નાખી હતી કે હવે આગળની આખી જિંદગી એણે એ ટુકડાઓની અભિશપ્ત છાયામાં જ વ્યતીત કરવાની હતી. એ હવે કદાચ ક્યારેય પોતાની સંપૂર્ણ જિંદગી નહીં જીવી શકે. ■

**પંચગની હવાફેર**
**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્ત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

## જખૌજા જશનામી માડુ ને મહિલાઉં

### મણીકાંત હીરજી ધુલ્લા (પ્રતાપ કેટરર્સ) અને પ્રતાપ હીરજી ધુલ્લા (ચેતક કેટરર્સ)

કેટરર્સેમેં પ્રતાપ ને ચેતક જુકો વિદેશમેં થ્યા મશહુર
છાભાશ મણીકાંતને પ્રતાપ, અંઇ ત થ્યા નાતજા નૂર
બોય ભાવર દિલાવર દાની, ખારાંઇયેં ભરપૂર
મિઠ્ઠા માડુને મિઠ્યું વાનગીયું, કેટરીંગજા કોહીનૂર
પાંજી નાતમેં કેટરીંગમેં પેલા થ્યા, ઇ પુણ્યાઇજો પ્રતાપ
જિત જિત સર્વિસ ડિના, ઉતે છડે આયા ઉની છાપ
મણીકાંત મિલતાવળા, પ્રતાપ પ્રભાવશાળી જેળા પિંઢ એળા કમ
હિકીયાર-એનીકે મિલો ત બૈયાર મિલેજો થીયે મન
કેટરીંગજી કળાજી ખૂબીયેંથી, કર્યોં એની કમાલ
સાધર્મિક ભક્તિજો કમ સંભારી, કર્યાં પિંઢકે ન્યાલ
જખૌજી હી જુગલ જોડી, નાતજી ખૂબ વધાર્યા શાન
ધન્ય ઈનીજે માત પિતાકે, ધન્ય ઈનીજો ધુલ્લા ખાનદાન.

### પ્રતાપ કેટરર્સજી કમગીરી (મણીકાંત હીરજી ધુલ્લા)

**વિદેશમેં** : લેસ્ટરજે જૈન દેરેજે પ્રતિષ્ઠામેં, પેરસ્યાં જમણ દિલદાર
શાકારી સ્વાદ માણી, વિદેશીયોંજો રાજીપો પારાવાર
**ભારતમેં** : "દેવળી" કરાયાં પાલીતાણામેં અભિષેક,
હો લખ્ખેં માડુંયેંજો જમણવાર
પરાક્રમી મણીકાંત પુજીવર્યા, વરત્યો જય જય કાર
ધુલ્લા નુખજે ભાવરેંકેં ભેગાં કરીને કર્યાં કુળદેવીજી પેડી
નાતજ્યું વિધ-વિધ પ્રવૃત્તિએમેં અગ્રેસર ને ર્યા પ્રેરક એવરરેડી
"સચ્ચા-માતા" જી કૃપા થકી, કમ મિલેતાં ધિલ ખોલી.
એમ.ઇ.ટી. કોલેજ (હોલ) વાંદ્રા - મુંબઈ જે પેલે જભરે
એ.સી. હોલમેં કમજી મિલઇ મોનોપોલી.

### ચેતક કેટરર્સજી કમગીરી (પ્રતાપ હીરજી ધુલ્લા)

**ભારતમેં** : ડો-ડો વરેંથી કાઠિયાવાડ સમાજજેં સમૂહલગ્નમેં રસોઇ ખવાજે
ભાવતાં ભોજન ખાઈ લગનીયાં, ચેતક કે છાભાશી ડીયેં હિકડે અવાજે
સવા કરોડ નવકાર જાપજી મુંબઈમેં પહેલી થઈ હુઈ શાસન ભક્તિ
તેર હજારેજે જમણકે રસીકરી, ચેતક પુરવારકેં પિંઢજી શક્તિ
નગપુરા ઉવસગરમ તીર્થજી પ્રતિષ્ઠાજી હુઇ અનેરી-શાન
લખ્ખે માડુએંજે જમણકે, પુજી વરીને ચેતક ભનાયેં કીર્તિમાન
**વિદેશમેં** : જર્મની-યુરોપ-ઇઝરાયલ ને સીંગાપુરમેં ચેતકજી કેટરીંગ સર્વિસ
વિદેશીયે પણ વખાણ્યાને ડિના ચેતકજી કળાકે વેલ વિશ
પ્રતાપજો કમ ટીપ ટાપ, ધિલ રખેં સદા સવાયો
હેળે પ્રતાપી ગુણ થકી, ચેતક દેશ-વિદેશમેં નાં કમાયો.
**બોય ભાવર** : સમાજકે ઉપયોગી થીયેં, જ્ઞાતિજા કમ કંઇયેં - મિઠ્ઠા લગેં
પ્રતાપ કેટરીંગ ને ચેતક કેટરીંગજી મિઠાશ, પથરાજે જગેં જગેં.

### શ્રીમતી ઇન્દિરાબેન જયંતિલાલ વિકમશી જખૌ/ઘાટકોપર

**B.Com. (Hons.), F.G.A.(London), FFIG SEM Gemologist**
પુણ્યશાળી પ્રભાવશાળી પ્રતિભા, આકર્ષે મિણીજો ધ્યાન
ઇન્દિયા જયંત વિકમશીજી, આય એળી અનેરી શાન,
મથે ઓઢી હથ જોડી ઉભારેં, વે મોંતે મિઠ્ઠી મુસ્કાન,
છટાદાર સ્પષ્ટ વકતા, સરસ્વતીજા કૃપાવંત વિદ્વાન,
જેમોલોજીજી જબરી જાણકારી, લંડનજી આય પધવી
માડુએંજે પ્રભાવવારે ક્ષેત્રમેં, શોભે નાર હી ગરવી.
અખિલ ભારત અચલગચ્છજા થ્યા, પહેલા મહિલા ઉપપ્રમુખ
અંઇ સદાય કાર્યરત, ધોડરૈ સંઘકે કરેલા ધર્માભિમુખ
આશાપુરા જેળા શોભેં, અભિલાષા સ્ત્રી મંડળજા સુત્રધાર
નારી ઉત્થાપનમેં હીન સન્નારીજા કમ બોલેં પારાવાર
માનવતાજી ઈ પુજારી, હૃદયમેં ભરઇ જીવદયા
ધર્મ માસિક મુક્તિ કૃપાજી માનદ્ સંપાદિકા મહોદયા
પરબ જેળી શિરમોર સંસ્થાજો, સર્જન કરી થ્યા ઇનજા રાહબર
જૈન જાગૃતિજી મહિલા વિંગજા, પ્રથમ પ્રમુખ ને વરી ફાઉન્ડર
સેવાજી સુવાસ પસરઈ, મિલ્યો **SEM** જો માન
શાળા કોલેજમેં પ્રવેશ ડેરાઇ, બાળકેંકે ડેરાયાં વિદ્યાજ્ઞાન
જખૌ મહાજનજા ચુંટાયેલા, પ્રથમ થ્યા મહિલા પ્રમુખ
ગામજે કમલા હાજરાહજુર, સેવા કંઇયે સન્મુખ
અનેક સંસ્થાઓમેં સેવાડે, રખ્યા અમી દૃષ્ટિ
પિંઢજે સદ્‌ભાવથી ઉભી કર્યાં, પરોપકારજી સૃષ્ટિ
સિંહણ જેળા શોભેં બાઈ, અચણ ઈનીજી રૂઆબદાર
સાવરેં માયત્રેં જશનામી, ધન્ય થ્યો ઈનીજો પરિવાર
આયોજનજા કુશળ કલાકાર, પામ્યા અંઇ હંમેશાં વિજયશ્રી
ધન્ય! ધન્ય! મિઠ્ઠાભેણ, ઇન્દિરા જયંત વિકમશી
જ્ઞાતિ રત્ના વસુંધરામેં, અંઇ અયો નામી નારીરતન,
સેવા પરાયણી નારી વિભૂતિ, આય માતબર આંજો ચિંતન,
મહિલાયેંમેં અંઇ મિઠ્ઠા મધુરા, કોમકે લગેં ભારી વાલા
ઘાટકોપરમેં ગુંજીર્યા અંઇ, ઠેર ઠેર ઇન્દિરાબાઈજા નાલા
ધન્ય! આંજી કાર્યકુશળતા, ધન્ય! આંજી બુધ્ધિ ચાતુરી
'રશ્મિન્' ચેતો ઇન્દિરાબાઈ આંકે, સદાય મિલે કુધરતજી યારી.

*રશ્મિન ખોનાનો કાવ્યસંગ્રહ 'ધન્ય! દશેંજી નાત'માંથી સાભાર*

### વતન નીરખી દિલ ડોલે...

વતન નીરખી દિલ ડોલે
ચડ્યો હું આનંદને ઝોલે
અમૃત સ્રવતી સુંદર નદીઓ,
વહેતાં વીતી ગઈ કઈ સદીઓ.
ચડ્યો હું સાગરને ખોળે
ડુંગરને ખોળે હું ભમતો
દોસ્તો સાથે હું રમતો
છે વૃક્ષ ઘટા ભાગોળે
સૂર્યની કાંતિ અંગે ધરતો
શીળો સમીર ઉષ્ણતા હરતો
વડ વીંઝણલા ઢોળે...વ
પક્ષી જ્યાં કલરવ કરતાં
મોર-પોપટ મનડું હરતાં
જ્યાં મૃગલા વળતા ટોળે...વ
પયશા વારિ અમૃત સરખા
દૂધ-દહીં પામી તું હરખા
જો મંથન છાસ વલોણે... વ
પડોશમાં પ્રીતિની ઝાંખી
આનંદુ છું ઈશ્વર સાક્ષી
મા મીઠપથી ઢંઢોળે... વ
જ્યાં ચાહનારા છે મિત્રો
કઈ સર્જતા ભાવિ ચિત્રો
મધુરી મૈયાને ખોળે... વ
જ્યાં નિર્ભય મારી વાણી
'રશ્મિન' એ તો મેં જાણી
કો ન આવે એની તોલે... વ

*'રશ્મિનનો રણકાર : ભાગ-૧'માંથી સાભાર*

**શુભેચ્છા સહ : લીનાબેન હંસકુમાર શાહ**

**હેમંત સર્જીકલ ઇ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, મદનકુમાર માલવિયા રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦ ફોન : (૦૨૨) ૨૫૬૮૬૧૦૨

# લીલો ચાંદલો

• મૃદુલા ગર્ગ •

આંખ ખૂલતાં જ રોજની આદત મુજબ આંખ પહેલાં કાંડા પર બંધાયેલી ઘડિયાળ પર ગઈ... ફક્ત સાડા છ વાગ્યા હતા. એણે તરત કચકચાવીને આંખો બંધ કરી દીધી અને રાહ જોવા લાગી કે હમણાં પલંગ આળસ મરડશે અને અવાજ આવશે - 'ઊઠવું નથી કે?' પણ જ્યારે થોડીવાર સુધી ચૂપકીદી છવાઈ રહી ત્યારે એણે આંખો ખોલીને જોયું કે એ એકલી જ પથારીમાં હતી. અરે હા, રાજન રાતે જ દિલ્હી ગયો છે. યાદ જ ના રહ્યું. તો હવે ઊઠવાની કોઈ ઉતાવળ નથી. એણે ઘણી બધી હવા ગાલોમાં ભરી લઈ એક લાંબો શ્વાસ છોડ્યો અને આખી પથારીમાં આળોટી. પથારીની બીજી બાજુ જઈ મોં પર હાથ રાખી સૂતી તો કાનમાં ઘડિયાળનું ટિક ટિક સંભળાયું. એ હસી પડી. એને કાંડા પર ઘડિયાળ બાંધીને સૂવાની આદત છે. રોજ રાજન ચિડાઈને કહે છે, 'આ શું, આખી રાત કાનની પાસે ટિક ટિક થયા કરે છે? આને ઉતારને.' એણે મોં પરથી હાથ હટાવી લીધો, તકિયો ખેંચીને પેટની નીચે દબાવી દીધો અને લાંબા-મોટા પલંગ પર હાથ ફેલાવીને ઊંધી સૂઈ ગઈ. ઓહ, સવારે મોડે સુધી સૂવામાં કેટલો આનંદ આવે છે! રાજન હોય છે ત્યારે સવારે છ સાડા છથી જ ખટરપટર ચાલુ થઈ જાય છે. ચા-નાસ્તાની તૈયારી સાથે બપોરનું ભોજન અને આઠ વાગતામાં તો રાજન ઓફિસ માટે રવાના થઈ જાય છે. ખબર નહીં રાજનને સવારે જલ્દી ઊઠવાનો શો શોખ છે! ખેર, આજે એ સ્વતંત્ર છે, જે ઇચ્છે તે કરવા. એણે શરીરને ઢીલું મૂકી દીધું અને ફરી સૂવાની તૈયારી કરવા લાગી.

પછી આંખ ખૂલી તો સાડા આઠ વાગી ગયા હતા. એણે એક કપ ચા બનાવી અને બારીના પડદા ખસેડી બહાર જોવા લાગી. દૂર સુધી ધુમ્મસ છવાયેલું હતું. એણે વિચાર્યું, આજે જરૂર વરસાદ આવશે. એને ધુમ્મસ ખૂબ ગમે છે. કારણ કે ધુમ્મસની પેલે પાર દૂર શું છે તે ખબર ન પડે ત્યારે તો અનાયાસે જ આશા બંધાઈ જાય છે કે ત્યાં જરૂર કોઈ અનુપમ અને મોહક વસ્તુ હશે.

હું ય ખરી છું, એણે હસતાં હસતાં વિચાર્યું, મને ધુમ્મસમાં ખુલ્લાપણું લાગે છે, મોકળાશ અનુભવાય છે અને સૂર્યપ્રકાશમાં ગૂંગળામણ. ચા પીને ગરમ પાણીથી બરાબર નાહવું છે એમ વિચારી એણે ડોલ ભરાવા મૂકી પણ પછી ઠંડા પાણીના ફુવારા નીચે જ ઊભી રહી. એ ગઝલ ગણગણવા લાગી. મોટા ટુવાલથી ઘસી ઘસીને શરીર લૂછ્યું. આજે એક અદ્ભુત સ્ફુર્તિ અને ઉત્સાહનો અનુભવ થઈ રહ્યો હતો. નીલા રંગનો કુર્તો અને સલવાર પહેર્યા તો નીલા રંગનો જ ચાંદલો કરવા હાથ લંબાઈ ગયા. પછી ખબર નહીં કયા વિચારે એણે એ મૂકી મોટો લીલો ચાંદલો લગાવી લીધો. રાજન હોત તો જરૂર કહેત, 'નીલા ઉપર લીલો? આમાં વળી કયો તર્ક?' એણે દર્પણમાં દેખાતાં પોતાના પ્રતિબિંબને જીભ કાઢીને ચીડાવવાનો ચાળો કરતાં કહ્યું, 'તર્કમાં પણ શું ખરેખર તર્ક હોય છે?' અને એ મોકળા મને હસી પડી.

કબાટનું ખાનું ખોલ્યું તો નજર ચાંદીની વાળી પર પડી. એણે પહેરી લીધી. લગ્ન બાદ એણે એ પહેરવાની છોડી જ દીધી હતી. નકલી હતી એટલે અને વળી જરૂર કરતાં મોટી પણ ખરી એવું રાજન કહેતો. એક જૂની બેગ ઊંચકી એ ઝડપથી બહાર આવી. આંગણામાં મૂંડુ આરામથી બેસીને રાજનની સિગરેટ ફૂંકી રહ્યો હતો. એને જોઈ સિગરેટ હથેળીમાં છુપાવતો એ સંકોચ સાથે બોલ્યો, "જમવામાં શું બનાવું?"

"કંઈ નહીં." એણે કહ્યું, "આજે તારી પણ રજા."

મૂંડુના ગભરાયેલો ચહેરાને જોઈ એ હસી પડી અને બોલી, "મારો કહેવાનો અર્થ એ હતો કે તને ભાવે તે બનાવી લે. તારે જ જમવાનું છે. મરજી પડે તો જમ અથવા રજા માણ."

ક્યાં જશે અને શું કરશે એની ચિંતા કર્યા વગર એ રોડ પર થોડે દૂર સુધી ચાલી નીકળી. એ માત્ર એટલું જ જાણતી હતી કે આજનો દિવસ એણે વેડફવો નથી. કંઈ નિર્ણય લેવાય એ પહેલાં તો વરસાદ શરૂ થઈ ગયો. એણે થોડે દૂર દોડી જઈ ટેક્સીવાળાને બૂમ પાડી અને ટેક્સીમાં બેસીને એ વિચાર કરવા લાગી કે હવે ટેક્સી લીધી છે તો ક્યાંક ને ક્યાંક જવાનું તો કહેવું જ પડશે. 'જહાંગીર આર્ટ ગેલેરી' એણે જે નામ સૌથી પહેલાં મોઢે આવ્યું તે કહી દીધું.

ગેલેરીમાં કોઈ આધુનિક ચિત્રકારનું ચિત્રપ્રદર્શન યોજાયેલું હતું. વિશેષ કંઈ સમજાયું નહીં, આમ છતાં આનંદ ચોક્કસ આવ્યો. ખબર નહીં પણ આજે કંઈ પણ કરવાનો આનંદ એને આવી રહ્યો હતો. એક ચિત્રની સામે એ ઘણીવાર સુધી ઊભી રહી. જોયું તો આખા કેનવાસ પર રંગબેરંગી રેખાઓ અહીંતહીં દોડી રહી હતી. એણે વિચાર્યું, 'અરે, આ તો બિલકુલ મારા કુર્તા જેવું છે.'

એ મોટેથી હસી પડી, એટલે મોટેથી કે બાજુમાં ઊભેલ એક દાઢીવાળો એને ઘુરકી રહ્યો. ક્યાંક આ ચિત્રકાર તો નથી ને? જરૂર આ ચિત્ર એના માટે અત્યંત ત્રાસદાયક રહ્યું હશે.

એણે ચહેરા પર ગંભીરતા લાવી અને દાઢીવાળા પાસે જઈ વિનમ્રતાપૂર્વક કહ્યું, 'સોરી' અને બહાર નીકળી ગઈ. બહાર નીકળીને એને વિચાર આવ્યો કે કદાચ એ કલાકાર ન હોય,

ઉદ્યોગપતિ પણ હોઈ શકે. કારણ બે પ્રકારના લોકો જ દાઢી રાખવાનું સાહસ કરી શકે છે, એક કલાકાર અને બીજા સામંતો કે જે હવે રહ્યા નથી. એમનું સ્થાન ઉદ્યોગપતિઓએ લઈ લીધું છે. જો એમ હશે તો એ આખો દિવસ એમ જ વિચાર્યા કરશે કે એણે મને સોરી કેમ કહ્યું. એમાંય એ તો નફાની શક્યતાઓ શોધતો રહેશે. એ બમણા જોરથી હસી પડી.

પછી જોયું, વરસાદ અટકી ગયો છે પણ આકાશ ખાસ્સું ઘેરાયેલું દેખાતું હતું. 'વરસાદે ય પૂરેપૂરો વરસ્યો નહીં' એમ વિચારી એણે રોડ પર ચાલવા માંડ્યું.

રોડની સાઈડમાં એક રેસ્ટોરાં પર દૃષ્ટિ પડતાં એને યાદ આવ્યું કે ખૂબ ભૂખ લાગી છે. અંદર જઈને એણે ઝટપટ ઓર્ડર આપી દીધો. 'એક ગરમાગરમ આલુટીક્કી અને એક આઈસ્ક્રીમ બંને સાથે.'

'એક સાથે?' વેઈટરે આશ્ચર્યચકિત થઈ પૂછ્યું.

'હા, કંઈ તકલીફ છે?'

'જી ના, લાવ્યો.'

એને ઠંડું અને ગરમ બંને એકસાથે ખાવું ગમે છે. કહેવાય છે કે એનાથી દાંત ખરાબ થઈ જાય છે. રાજન સાથે હોત તો તો સારી જગ્યાએ બેસીને આરામથી મેનૂને વાંચ્યા - જોયા પછી, સમજી વિચારીને ઓર્ડર આપત પણ આજે કેટલું ઝડપથી આ કામ પૂરું થઈ ગયું. ખાઈને બહાર નીકળતાં એણે વિચાર્યું, નજીકના કોઈ થિયેટરમાં પિક્ચર જોઈ લઈએ. નસીબ સારા હતા કે અંગ્રેજી ભાષાની એક જૂની કોમેડી ફિલ્મ ચાલતી હતી કેની; રાજન ઘણીવાર કહેતો, કોણ જાણે કેમ તને ડેની કે કે પસંદ છે? મને તો એની બાલિશતાઓ પર જરાય હસવું આવતું નથી. પણ એને હસવું આવે છે, સખત આવે છે, પછી ઉપરાછાપરી આવે છે...ક્યારે ક્યારે કારણ વગર આવે છે, જેમ કે આજે.

ફિલ્મ જોતાં એ બીજા દિવસોની સરખામણીમાં આજે મોકળા મને હસતી હતી. બાજુમાં બેઠેલા માણસનો ચહેરો અંધારાને કારણે દેખાતો નહોતો પણ એના હસવાનો અવાજ જરૂર સંભળાતો હતો. એ પરથી એટલું ચોક્કસ નક્કી થઈ શકાતું હતું કે હસવાની બાબતમાં એ એનાથી બે ડગ આગળ હતો. કલાકારની લાચાર અવસ્થાના મુદ્દા પર એ બંને જણ એટલું બધું હસ્યાં કે એમના હાથ એકમેકને અડક્યા. સોરી કહેવાના ઈરાદાથી બંને એકબીજા તરફ ફર્યા, પણ માફી માંગવાને બદલે બંને ફરી એક સાથે હસી પડ્યા.

ત્યાર બાદ દરેક વખતે એવું જ થયું. હસવું આવે ત્યારે તેઓ અનાયસે એકબીજાની સામે જોતાં ને એકસાથે હસી પડતાં.

ફિલ્મ પૂરી થઈ અને બંને એકસાથે બહાર નીકળ્યા ત્યારે જોયું, સાડા ચાર થયા હોવા છતાં અંધકાર છવાઈ ગયો હતો. આકાશ હમણાં વરસે પડે એવું ઘેરાઈ ગયું હતું.

''કેટલો સુંદર દિવસ છે!'' એણે પોતાના પડોશીને કહ્યું.

''સુંદર?'' એણે કંઈ આશ્ચર્ય સાથે પૂછ્યું, ''કે પછી બેરંગ છે?''

''હા, કેટલો સુંદર બેરંગ દિવસ છે!''

એ હસી પડ્યો, ''સમજું છું. સૂરજી અહીં રોજ ઊગે છે.''

''પણ ધુમ્મસ તો ક્યારેક ક્યારેક જ હોય છે. આઠ મહિનામાં આજે પહેલીવાર...!''

''હવે ચોમાસું શરૂ થઈ જશે?''

''હા, આજે ધોધમાર વરસશે.'' એણે કહ્યું અને પછી અનાયાસે જ પૂછ્યું, ''કૉફી પીશું?''

''જરૂર.''

ધીમા ધીમા ફોરાં પડવા શરૂ થઈ ગયા હતા એટલે બંને દોડીને સામે આવેલા રેસ્ટોરામાં ઘુસી ગયા. એણે વાળ ખંખેર્યા અને બોલી, ''તમારી છત્રી ક્યાં છે?''

''છત્રી?''

''હા, તમે લોકો હંમેશાં છત્રી સાથે જ રાખો છો ને?''

એ ખડખડાટ હસી પડ્યો ને કહ્યું, ''ઈંગ્લેન્ડમાં.''

કૉફી મંગાવી બંને સૂર્યાસ્ત વેળાના સમુદ્રને જોતાં જોતાં પોતાના વિચારોમાં ખોવાઈ ગયા.

એકાએક એનો અવાજ સાંભળી એ ચોંકી. ''તમે શું વિચારી રહ્યાં છો, તે જાણવા માટે હું પેનીનો ખર્ચ કરવા તૈયાર છું.'' એ બોલી રહ્યો હતો.

''આપો.'' એણે હસીને કહ્યું.

એણે બિલકુલ ગંભીરતાથી ખિસ્સામાં હાથ નાંખ્યો અને એક પેની કાઢી લંબાવી દીધી. એણે એ પેનીને હથેળીમાં દબાવતાં કહ્યું, ''સાચેસાચું કહેજો.''

''હું વિચારી રહી હતી કે સમુદ્રમાં કૂદી પડું તો કેટલે દૂર સુધી એકલી તરતી પહોંચી શકું? અને તમે શું વિચારી રહ્યા હતા?''

''પણ હું તમને પેની નહીં આપું.'' એણે પેની મૂકેલી હથેળીની મુઠ્ઠીને જરા વધુ કસી, જાણે એ એના કોઈ આત્મીયએ એને આપેલી ભેટ ન હોય!

''ખરાબ તો નહીં લાગે ને?'' એણે પૂછ્યું.

''ના'' એણે કહી તો દીધું પણ મનમાં ડર લાગવા માંડ્યો કે એ હવે ચવાઈ ગયેલી પ્રેમની વાતો શરૂ કરી દેશે.

''હું વિચારતો હતો કે જો વરસાદ વધી જશે તો અહીંથી વર્લી સુધીનું ટેક્સીનું ભાડું કેટલું થશે?''

દુર્ભાવથી નહીં પણ હર્ષના અતિરેકથી એ ખડખડાટ હસી પડી.

''મને અડધે સુધી લઈ જશો તો અડધું.'' એણે કહ્યું.

''બહુ સરસ.'' એણે એ ન પૂછ્યું કે એ ક્યાં રહે છે.

એને લાગ્યું કે જીવનમાં એ પહેલીવાર એવા માણસની

સાથે બેઠી છે જે એનો પતિ છે કે નહીં અને એ શું કામ કરે છે એ જાણવામાં રસ નહોતો.

“સમુદ્રના પાણીમાં પડતાં વરસાદના ટીપાં કેટલાં સુંદર લાગે છે!” એણે કહ્યું.

“હા.”

થોડીવાર બંને ચૂપ રહ્યાં.

“પ્રશાંત મહાસાગર પર જ્યારે જહાજ તરે છે ત્યારે એના અગ્રભાગથી ચિરાતું જળ ચાંદીની જેમ ચમકવા લાગે છે.” અતિથિએ કહ્યું.

“કેમ?”

“કદાચ ફોસ્ફરસને કારણે. તમે ક્યારેય નથી જોયું?”

“ના.”

“તક મળે તો જોજો.”

“તમે બહુ ફરતા લાગો છો?” એણે થોડા ઈર્ષાભાવ સાથે પૂછ્યું.

“ખૂબ” એ કંઈક યાદ કરીને સ્મિત કરી રહ્યો હતો.

“સૌથી સુંદર જગ્યા કઈ લાગી?”

“જ્યારે જ્યાં હોઉં તે.” એ સંકોચ સાથે થોડું હસ્યો, મનમાં થયું કે ખબર નહીં એ આ વાત સમજી હશે કે નહીં!

એણે “હા” માં માથું હલાવ્યું ને પછી હસી.

એણે જોયું કે હવે કોફી પૂરી થવામાં છે અને વેઈટર બિલ લઈને આવી રહ્યો છે. બહાર વરસાદ થંભી ગયો છે અને ધુમ્મસ પણ હટી રહ્યું છે. ના, હવે એ ધોધમાર નહીં વરસે. હવે એ આગાહી ખોટી પડી. હવે ધુમ્મસ હટી જશે ને ફરી તેજ પ્રકાશવાળો સૂર્ય તપવા માંડશે.

બિલ આવતાં જ એણે એ ઉઠાવી લીધું ને બોલી, “આમંત્રણ મારું હતું.”

અતિથિએ આનાકાની ના કરી. એણે પણ વિચાર્યું કે પૈસા આપવાની જિદ કરીશ તો બધું વિખેરાઈ જશે.

ટેક્સી કરીની હજી તો નીકળ્યાં જ હતાં કે એટલામાં ઘર આવી ગયું. ઊતરતાં ઊતરતાં એ પૈસા આપવા લાગી તો એણે રોકીને કહ્યું, “રહેવા દો.”

“કેમ?” એના કપાળ પર કરચલીઓ પડી. “આજનો દિવસ મારા માટે અત્યંત કિંમતી રહ્યો છે.”

“કેવી રીતે?”

“મેં આજ સુધી કોઈને લીલો ચાંદલો લગાવેલો નથી જોયા.” એણે સ્નિગ્ધ સ્વરમાં કહ્યું.

એ જરા ચોંકી ને ટેક્સી ચાલી નીકળી. થોડે દૂર જઈ એ આંખોથી ઓઝલ થઈ ગઈ. ■


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 • Fax : (020) 26434525 • E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 • Fax : (022) 23451950 • E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# નમકદાન

• નાસિરા શર્મા •

"અલ્લાહ, અન્ના બુઆ, આ ગુલ આખા ઘરમાં મીઠું વેરતી દોડાદોડ કરી રહી છે અને તમે એને રોકતાં પણ નથી?" રેશમાએ બાથરૂમની બહાર નીકળતાં નીકળતાં કહ્યું. "એ ઈ છોકરી, તું તો અમથી-અમથી નવી રમતો શોધી નાખે છે ને..." કહેતાં અન્ના નાક પર આંગળી મૂકી પળવાર પાંચ વર્ષની ઊછળતી-કૂદતી ગુલને તાકી રહી અને પછી ઘૂંટણ પર હથેળી ટેકવી પાટ પરથી ઊભી થઈ.

"કોણ જાણે આ ગુલની બચ્ચીને આમ આખા ઘરમાં મીઠું વેરતાં ફરવામાં શી મજા આવે છે? દુનિયાભરના રમકડાંનો ઢગ ખડકાયો છે; પણ બેગમનું મન તો નમકદાનમાં જ અટક્યું છે." રેશમા બબડતી પોતાની ગરદન નમાવીને ભીના વાળને ટુવાલથી ઝાટકવા લાગી.

"હું નહીં આપું અન્ના બુઆ...હું તો જમીનને પાવડર લગાવું છું." ઊછળતી કૂદતી ગુલ અન્ના બુઆના હાથમાંથી માછલીની જેમ સરકી અને પોતાની નાની અમથી મુઠ્ઠીમાં નમકદાન ભીંસીને ભાગી.

"એમ ત્યારે? સારું, ઊભી તો રહે પછી જો તારી આજે કેવી વલે કરું છું." અન્ના બુઆને જમવાની મેજના બે ચક્કર લગાવતાં લગાવતાં તો હાંફ ચડી ગઈ.

"અરે અન્ના બુઆ, પકડી બતાવો તો માનું..." બોલતાં બોલતાં ગુલ ખુરશી પરથી મેજ પર ચડીને મીઠું ભભરાવવા લાગી.

"ઊભી રહેજે તું, દઈ દઉં છું તારી બહેનાને ટોકરિયા બાવાને..." અન્ના બુઆએ તેમનું અંતિમ હથિયાર અજમાવ્યું.

"ના, ના, અન્ના બુઆ, એવું ન કરતાં." - હસતી - કૂદતી ગુલ અચાનક ડરથી સાવ પીળી પડી ગઈ.

"આજથી તમે નમકદાન વાસણના કબાટમાં રાખજો. મારે જરૂર પડશે ત્યારે જાતે કબાટમાંથી કાઢી લઈશ." કહેતાં કહેતાં રેશમા ટુવાલમાં વાળ વીંટીને આંગણામાંથી જમવાના રૂમમાં આવી ગઈ.

"અમ્મી, અન્ના બુઆ મને બીવડાવે છે." માને જોઈને ગુલ રોવા જેવી થઈ ગઈ.

"જા, હું તારી સાથે નથી બોલતી." રેશમા દીકરી સામે જોયા વગર બેડરૂમ તરફ જવા લાગી.

"કેમ મમ્મી, કેમ?" ગુલ દોડતી જઈને માને વળગી પડી.

"તું અમારું કહ્યું નથી માનતીને! જા, આજથી તારી કિટ્ટા." રેશમાએ કપડાંનું કબાટ ખોલતાં કહ્યું.

"પણ મેં તો તારી કિટ્ટા નથી કરીને!" પાછળ ખસતાં ગુલ બોલી.

"પણ મેં તો કરી છે ને! હવે હું તારી સાથે બોલીશ પણ નહીં અને વહાલ પણ નહીં કરું!" બોલતાં બોલતાં રેશમા કબાટમાંથી ઝફરના કપડાં કાઢવા લાગી.

"બુચ્ચા કરી લોને મમ્મી બુચ્ચા..." ઠુમકા મારતી મોઢું બગાડતી ગુલ હઠ કરવા લાગી.

"એક શરતે...હવેથી જમીન પર મીઠું નહીં ઢોળવાનું...તને કેટલીવાર સમજાવ્યું કે મીઠું ઢોળવું ગુનો છે ગુનો." રેશમા પથારીમાં પથરાયેલાં છાપાં ભેગા કરતાં બોલી.

"ગુનો એટલે શું મમ્મી?" પલંગનાં ગાદલાં પર કૂદતાં - કૂદતાં ગુલે પૂછ્યું.

"ગંદી વાત. કયામતના દિવસે અલ્લાહમિયાં પાંપણેથી મીઠું ઉપડાવશે ત્યારે તું ઉપાડી શકીશ?" રેશમાંએ ગાઉન ટીંગાડતાં પૂછ્યું.

"કયામતનો દિવસ ક્યારે આવશે?" સહેજ ડરતાં ડરતાં ગુલે પૂછ્યું. હવે એની ઊછળકૂદ બંધ થઈ ગઈ હતી અને એ પલંગની પાંગતે બેસી ગઈ હતી.

"જ્યારે બધાં મરી જશે અને..." રેશમાએ દીકરીને નીચે ઉતારતાં કહ્યું.

"બધાં મરી જશે? મરવું એટલે શું?" ટપાક કરતી ગુલ વચમાં બોલી.

"તારું માથું... આ તે છોકરી છે કે આફતની પોટલી...!?" અકળાઈને રેશમા બોલી અને વાળને વીંટાળેલો ટુવાલ ખોલવા લાગી.

"ધન્ય છે તને રેશમા...આ પાંચ વર્ષની બચ્ચીને તું જીવન અને મરણની ફિલોસોફી સમજાવી રહી છે!... બાળકો તો શરારત કરે... એને દરગુજર કરતાં શીખવું જોઈએ. આપણેય ક્યારેક નાના બાળક હતાં એમ વિચારી આંખ આડા કાન કરવાની ટેવ પાડ." ઝફર દાઢી કરતા કરતા બોલ્યો.

"એટલે જ...એટલે જ આ ગુલ નઠારી થતી જાય છે. જ્યારે પણ હું એને વઢું છું, તમે વચમાં ટોકો છો, રોકો છો. શું ધૂળ સુધરશે આ શેતાનની ખાલા?" રેશમાને સાચેસાચ ગુસ્સો આવી ગયો હતો. તે કપડાં ભેગાં કરીને રૂમની બહાર નીકળી ગઈ.

"કરાવી દીધીને તેં લડાઈ?" ઝફરે હસતાં હસતાં દીકરીને ગળે વળગાડીને એના પર બચીઓની ઝડી વરસાવી દીધી.

"અબ્બુ...અમ્મી ગંદી છે..." લાડ કરતાં કરતાં ગુલ ગણગણી અને એણે બાપના ગાલે વહાલ કર્યું.

"ના બેટા, એવું ન કહેવાય. માના પગ નીચે તો જન્નત હોય છે." ઝફરે બેટીનો ગાલ હળવેકથી થપથપાવ્યો.

"જન્નત એટલે શું અબ્બુ?" બાપના ખભા પર ચડતાં - ચડતાં ગુલ બોલી ઊઠી.

"જન્નત એટલે આપણું આ ઘર..." ઝફરે દીકરીને ખભા પરથી નીચે ઉતારી અને હજામતનો સામાન સમેટવા માંડ્યો.

★

કેટલાંય વર્ષો વીતી ગયાં.

"ગુલ! આટલું બધું ગરમ પાણી જમીન પર કેમ ઢોળ્યું છે દીકરી?" રેશમા વ્યાકુળ થઈને બોલી.

"પાણી જરૂર કરતાં વધારે હતું અમ્મી" - આર ઊકળતાં ઊકળતાં સોળ વરસની ગુલ બોલી.

"તો એ કોઈ ખાલી વાસણમાં લઈ લેવું હતું ને! આટલું ઊકળતું પાણી...જમીનને કેટલી પીડા થઈ હશે, બેટા?" રેશમાના ચહેરા પર દુઃખ છવાઈ ગયું.

"તમે પણ કમાલ કરો છો અમ્મી! આખો દિવસ સૂરજ એના આકરા તાપમાં ધરતીને શેકતો રહે છે, એને તો તમે કંઈ નથી કહેતાં અને મારા જરાક અમથા પાણી ફેંકવાથી એને પીડા પહોંચી?' ગુલ સહેજ નારાજ થઈને બોલી.

"કોઈ નિર્દોષને પીડા આપવી એ અપરાધ છે. એમ ન માનતી કે જમીનમાં જીવ નથી હોતો." રેશમાએ દીકરીની નારાજગીને અવગણતાં કહ્યું.

"તમેય ખરા છો અમ્મી, સૂર્યગ્રહણ થાય ત્યારે ન પોતે કંઈ ખાઓ છો કે નથી બીજા કોઈને ખાવા દેતાં; એમ કહીને કે સૂરજ મુસીબતમાં છે, એના માટે દુઆ કરો કે એ બિચારો આ મુસીબતમાંથી છુટકારો મેળવે... પણ આપણું આ સાયન્સ તો કંઈ જુદું જ કહે છે. હવે તમે જ કહો અમ્મી, હું કોની વાત માનું?' ગુલે ધોયેલા કપડાંના નાના-નાના ટુકડાને આરના ધોળમાં નાંખ્યા.

"જે શિક્ષણ સંવેદનાનાં ઝરણાંને સૂકવી દે તે વળી શિક્ષણ કેવું? સાયન્સ નવું છે પણ આપણા આ સંબંધો તો ખૂબ જૂના છે. આપણે ધારીએ તો નવા અને જૂનાં બંનેની સાથે જીવી શકીએ અને ધારો કે, સૂરજ ઠંડોગાર થઈ જાય તો શું આ સાયન્સ આપણને નવો સૂરજ આપી શકશે? જેને તમે લોજિક કહો છો તે ખૂબ જરૂરી છે આજની જિંદગીમાં, પણ લાગણીના ભોગે નહીં... લાગણી માણસની ઓળખ છે, બાકી કામ તો રોબોટ પણ કરી લે છે." રેશમાએ દીકરીની બેચેની જોઈ નરમાશથી કહ્યું.

"એટલે કે આપણે જૂની સડેલી રદ્દી વાતોય આંખો મીંચીને સ્વીકારી લેવી, એમ ને?" ગુલના ચહેરા પર વિદ્રોહનું મંદ સ્મિત રેલાઈ ગયું.

"જે જૂની વાતો હોય છે, તે સમય સાથે ઘસતાં ઘસતાં આપમેળે જ ખતમ થઈ જાય છે. લાગણી અને કાયદા વચ્ચે જમીન-આસમાનનું અંતર છે. એક ઈન્સાનની અંદરથી ફૂટે છે અને બીજું તેના પર લાદવામાં આવે છે. ઈન્સાનનો સૂરજ, જમીન, પાણી, આગ સાથેનો સંબંધ ખૂબ ગાઢ છે; તે ક્યારેય જૂનો થઈ જ ન શકે, દીકરા!" રેશમાએ એટલા વિશ્વાસથી આ વાત કહી કે ગુલ એનો કોઈ જવાબ ન આપી શકી.

"કપડાં પહોળાં કરી દે બેના, નહીંતર તડકો જતો રહેશે." અન્ના બુઆ વરંડાના દરવાજે બેસીને ચાંદીના નવા ખિલાલમાં કાળો દોરો વણીને નાંખતા બોલી.

"મારી સિલાઈની નોટબુક આખા ક્લાસમાં સૌથી સરસ છે." કહેતાં ગુલ ગૂંથણના નમૂના ચબૂતરા પર પાથરેલાં છાપાં પર ગોઠવવા લાગી.

"ખોલી નોટબુક જ શું કામ, મારી દીકરી આ વર્ષે માર્ક્સ પણ સરસ લાવશે." હસીને રેશમાએ દીકરીના માથા પર હાથ પસવાર્યો.

"કયા ધોરણમાં આવી બેના?" અન્ના બુઆએ ખિલાલ ગળામાં પહેરતાં પહેરતાં પૂછ્યું.

"અન્ના બુઆ, કેટલી વાર કહું કે દસમા ધોરણમાં." ખિજાઈને ગુલ બોલી.

"હવે આ બધું મને ક્યાં યાદ રહેવાનું?"

અન્ના બુઆએ પગ લાંબો કરીને ચૂડીદારની ચૂડી સરખી કરી.

"હવે બારમું, પછી પંદરમું અને..." ગુલ બોલવા લાગી.

"બહુ થયું હવે...બહુ ભણેસરી થવાની જરૂર નથી. ઘોડા જેવી છોકરી ચારેબાજુ ભાગ દોડ કરતી શોભતી નથી. હવે સગાઈ-લગ્નનો વિચાર કરો, વહુબેગમ." બબડતાં-બબડતાં અન્ના બુઆ ઊભાં થયાં.

"અમ્મી, તમે આમને ના પાડી દો... કાં તો મારી પોનીટેલની વાત કરશે અને કાં તો મારા લગ્નની...આમને કંઈ બીજો કામધંધો નથી?" પગ પછાડતાં પછાડતાં ગુલે રાડ પાડી.

"ના પાડી દઈશ, બસ." હસતાં-હસતાં રેશમાએ કહ્યું.

"અન્ના બુઆ, આવીને તમારી હાંડી ચડાવી દો, નહીંતર ખાવામાં મોડું થઈ જશે." રસોઈઘરમાંથી ખાનસામાએ સાદ દીધો.

"મસાલો બારીક લસોટ્યો છે કે નહીં?" અન્ના બુઆએ માથા પર દુપટ્ટો સરખો કરતાં કહ્યું.

"હા, હા, અહીં બધું તૈયાર છે. હાંડી ચૂલા પર તૈયાર કરીને મૂકી છે..હું તો આ ચાલ્યો" - કહેતા કહેતા ખાનસામા પાછળના દરવાજા ભણી ચાલવા માંડ્યો.

"ઉપડ્યો બીડી ફૂંકવા...આ નશો મૂઆને મારી નાંખશે એક દિવસ" બડબડાટ કરતાં અન્ના બુઆ રસોડામાં ઘૂસ્યાં.

"અન્ના બુઆ, આજે કેરીનો બાફલો બનાવજો, બહાર લૂ ફૂંકાવા લાગી છે." બોલતી રેશમા રૂમ તરફ વળી.

ગુલે કપડાં પહોળાં કરીને હાથ ધોયાં અને પછી ઈસ્ત્રી કરવાની વેતરણમાં લાગી. શીળો તડકો ધીરે ધીરે આકરો થઈને અડધા આંગણામાં પથરાઈ ગયો હતો.

★

વર્ષોનાં વહાણાં વાયા છે.

"હવે જે વીતી ગયું તેને ભૂલી જા રેશમા, ગઈકાલ તને આજે કેમ વ્યાકુળ કરી દે છે? આમ તો તું આવતીકાલ પણ ખરાબ કરી દઈશ...ભૂલવાની ટેવ પાડ અને માફ કરતાં શીખ." ઝફરે ઊંડો શ્વાસ લઈને કહ્યું.

"મારા ગળે એ વાત કેમેય કરીને ઊતરતી નથી. હવે હું શું કરું?" રેશમાએ સામે પડેલો પત્ર હાથમાં લેતાં કહ્યું.

"રેશમા, જિંદગી સિદ્ધાંતોનું પુસ્તક નથી." ઝફરે કહ્યું.

"એ વાત માની લઉં તો ય સિદ્ધાંત વગરની જિંદગી જિંદગી જ નહીં હોય." રેશમાએ કાગળ વાળીને કવરમાં નાખતા કહ્યું.

"તારી વાત સોળ આના સાચી છે, પરંતુ માત્ર આદર્શ જ જિંદગીની હકીકત નથી." આજે સલમાન સાથે જે કંઈ થયું એ માટે ભલે તું ગમે તે કહે પણ એણે જાણીજોઈને કૂવામાં છલાંગ નહોતી લગાવી. હકીકતમાં સંજોગોએ એને અંધારિયા કૂવામાં ધકેલી દીધો છે. એમાં એ બિચારો શું કરે?" ઝફર ઊંડા અને વિચારમગ્ન અવાજે બોલ્યો.

"એને બિચારો ન કહેતા. જો તેણે આ ખોટું પગલું ન ભર્યું હોત તો એની આવી દશા ન થાત. બધાંએ ત્યારે એને ના પાડી હતી; પણ ત્યારે તો આખી દુનિયા પર ફતેહ મેળવી લેવાનો નશો એના પર સવાર હતો ને..." ચિડાઈને રેશમા બોલી અને પત્ર ઓશીકા નીચે મૂકી દીધો.

"હવે સાપના જતા રહ્યાં પછી લિસોટા પર લાકડી મારવાનો શો અર્થ?"

"સગપણના લીધે આપણી ફરજ બને છે કે આપણે તેની મદદ કરીએ નહીંતર તારા આ પુસ્તકિયા આદર્શો એક દિવસ આપણને ગુનેગાર ઠેરવી દેશે." ઝફરે હસતાં હસતાં વિખરાયેલી ફાઈલો બંધ કરી, લેમ્પ બંધ કરી પથારીમાં લંબાયું.

સખત વ્યસ્તતા છતાં શ્રીવાસ્તવસાહેબને ત્યાં જવું પડ્યું. ઘણી ના છતાંય એમણે ચા-નાસ્તાની વ્યવસ્થા કરી જ દીધી.

"અરે ના જનાબ, અસ્પૃશ્યતામાં હું જરા પણ માનતો નથી. શું કહું તમને, નાનપણથી જ એવી ટેવ પડી ગઈ છે કે જ્યાં સુધી કોઈ જિગરી દોસ્ત ન બની જાય, ત્યાં સુધી હું કોઈનાય ઘરનું મીઠું-નમક નથી ખાઈ શકતો." ઝફરે સહેજ ભોંઠપભર્યા સ્વરે કહ્યું.

"તો અમને દોસ્ત ગણો." યજમાન હસ્યાં.

"તમે દોસ્ત છો જ માટે જ તો તમારી સાથે બેસીને ચા પી રહ્યો છું પણ મીઠું જીભે અડાડવાની એક જવાબદારી હોય છે. 'નમકહરામી' અને 'નમકહલાલી" ની વાત ઘરમાં એવી જડબેસલાક રીતે મનમાં બેસાડી દેવાઈ છે કે એને મનમાંથી કાઢવી મુશ્કેલ છે." ઝફરે ચાનો ઘૂંટ ભર્યો.

"પોતપોતાના સંસ્કાર છે!" યજમાને કહ્યું.

"આવી વાતો ક્યારેક ગામડાગામમાં ચોક્કસ સાંભળવા મળતી પણ શહેરમાં રહીને વળી આવી વાતોનું પાલન ભલા કોણ કરે છે?" એક હળવો મંદ સ્ત્રીસ્વરૂપ કાને પડ્યો.

"વાત તો તમારી સાચી છે, પણ અમારા બાપ-દાદા ગામડાના હતાં ને શહેર પણ એ જ ગામડાનો ભાગ છે; આ જ મુલ્કની જમીન." ઝફરે ખાલી પ્યાલો નીચે મૂક્યો અને મોંમાં હુક્કાની પાઈપ મૂકી.

"આજે તમારી ભાષા સાંભળવામાં ખૂબ વિચિત્ર લાગે છે. ક્યારેક ક્યારેક અમે પણ આવી નિરાળી ભાષા જીવનના અન્ય સંદર્ભે બોલતાં હોઈએ છીએ પણ સાચું કહું તો હવે આ ભાષા સમજનારા ધીરે ધીરે ખતમ થઈ રહ્યાં છે." યજમાને કહ્યું.

"તારું કામ પૂરું થઈ ગયું, બેટા?"

"બસ અબ્બુ, બે મિનિટ." કહીને ગુલ કલમ ચલાવવા લાગી. ટાઈફોઈડના કારણે ગુલ બે મહિનાથી કૉલેજ ગઈ ન હતી અને હવે બહેનપણીના ઘરે આવીને નોટ્સ ઉતારી રહી છે.

"જમીન પર શું ઠોકમઠોક કરે છે, અઝીઝ?" અન્ના બુઆએ અકળાઈને પૂછ્યું.

"કેટલીવાર તને ટોક્યો કે જમીન પર સામાન હળવેકથી મૂક; પણ દર વખતે તું ભૂલી જાય છે." રેશમાએ કડકાઈથી કહ્યું.

"અરે, એનામાં પણ જીવ હોય છે." એ જ લહેકામાં ગુલ આગળ બોલી અને પછી તરત મરકતાં હોઠોને દુપટ્ટાની આડાશમાં સંતાડી દીધાં.

"અરે, એ ભૂલતાં નહીં કે આજ આપણે એક મારીશું તો કાલે એ આપણને દબાવી દેશે...જવાનીના જોશમાં પરલોક સુદ્ધાં ભૂલી જાઓ છો." અન્ના બુઆ બબડાટ કરવા લાગી. અન્ના બુઆને તાવ આવે છે. અઠવાડિયાથી પથારી પકડી છે. પહેલાંનું ખાધેલું-પીધેલું શરીર છે એટલે બાંધો મજબૂત છે.

"જમીન બદદુઆ પણ આપી શકે છે. એનો પણ ખોફ નથી." રેશમા બજારમાંથી લાવેલી ચીજવસ્તુઓ ઉપાડીને કોઠારમાં મૂકવા લાગી.

"ઉફ્ફ! આ અમ્મી-અબ્બુ અને એમનાં અન્ના બુઆ કોણ જાણે કઈ સદીમાં જીવે છે! કોઈ મીઠું નથી ખાતું, કોઈ જમીનથી ડરે છે તો કોઈ નેકી અને બદીની વાતોમાંથી ઊંચું નથી આવતું...આટલી રોકટોકમાં જીવીને માણસ શું ધૂળ પ્રગતિ કરશે? - વિચારોમાં અટવાયેલી ગુલે ટેબલ પર જોરથી પુસ્તક પછાડ્યું ને ઊભી થઈ ગઈ.

"તું તારે બધું નમક વહેવડાવી દે ગટરમાં..." અન્ના બુઆ તાડૂક્યાં.

"કૂરાન પાકની કસમ અન્ના બુઆ, મને લાગ્યું કે લોટ છે." વાસણ ધોઈ રહેલી કરીમુન બીતાં બીતાં બોલી.

"એમ બોલને ખાતૂન કે આંખો પર ચરબી ચડી ગઈ છે, નહીંતર ફ્રીજમાં પડેલું મીઠું લોટ લાગે?" અન્ના બુઆનો સ્વર આંગણામાં ગૂંજી ઊઠ્યો.

"હવેથી ધ્યાન રાખીશ, અન્ના બુઆ." કરીમુન ખુશામતભર્યા સ્વરે બોલી.

"આ ખાળમાં જો...આ જ અનાજના દાણા માટે તું કામ કરે છે ને...મૂઆ કૂતરાં - બિલાડાં મરી ગયાં છે કે તું એંઠવાડ ખાળમાં નાંખી રહી છે? ખબરદાર! જો અનાજ પ્રત્યે ફરી આવી બેઅદબી દેખાડી તો વાળ ઝાલીને ઘરની બહાર કાઢી મૂકીશ." અન્ના બુઆનો શોરબકોર ચાલુ જ હતો.

કરીમુન ઝટ-ઝટ ચોખાના દાણા અને રોટલીના ટુકડા ખાળમાંથી કાઢવા લાગી.

"અમ્મી, જોને આ અન્ના બુઆ કેટલી બૂમાબૂમ કરે છે!? કાલે મારું પેપર છે અને આ..." ગુસ્સાથી તમતમતી ગુલ મા પાસે પહોંચી.

"પણ આખરે તમે લોકો એમનાથી આટલા ડરો છો શું કામ? ખાનસામાની જેમ એ પણ એક નોકર જ છે ને તો પછી તમે એને ખખડાવતા કેમ નથી?" કંઈક ગુસ્સાથી ગુલ બોલી.

"ગુલ..." ઝફરનો તીખો ધારદાર અવાજ ગૂંજ્યો.

"જી અબ્બુ..." ગુલ એમના અવાજની ઉગ્રતાથી ડરી જઈને બે ડગલાં પાછળ ખસી ગઈ. રેશમા હાંફળીફાંફળી ઊભી થઈ ગઈ.

કંઈ પણ બોલ્યા વગર ઝફર રૂમમાંથી નીકળી બહાર લોનમાં આવી ગયો. વ્યાકુળ દૃષ્ટિએ ગુલે પોતાની અમ્મી તરફ જોયું. રેશમાએ ઈશારાથી એને જતાં રહેવાનું કહ્યું અને પોતે ઝફરની પાછળ ગઈ.

★

આખા ઘરમાં એવો સન્નાટો છવાઈ ગયો છે જાણે કોઈ મોટું વાવાઝોડું આવી ગયું હોય! હમદર્દી અને અફસોસ વ્યક્ત કરનારાઓની લાઈન લાગી હતી. ઘરના પ્રત્યેક સભ્યના ચહેરા પર મિશ્રિત ભાવો દેખાતા હતા પણ આ બધાંથી બેખબર અન્ના બુઆ હજીયે સતત બબડાટ કરી રહ્યાં હતાં.

"અરે, જોજે, એના માથે તો વીજળી પડશે વીજળી. બે દિવસનો હતો ત્યારથી આ ઘરનું નમક ખાઈને મોટો થયો છે. અમને શી ખબર કે અમે જેને આંબો સમજીને ઉછેરી રહ્યા હતા, એ હકીકતમાં બાવળ નીકળશે?"

"હવે આ બધું કહેવાનો કંઈ અર્થ ખરો?" રેશમા અકળાઈને બોલી.

"મારી છાતી પર સાપ આળોટે છે બહુબેગમ! પોલીસ જમાદાર કરતાં પહેલા તો હું આ આસ્તિનના સાપની ખબર લઈશ. લે સોટી સટ-સટ! મારી મારીને એના હાડકાંપાંસળાં એક ન કરી દઉં તો હું પણ મારા બાપની ઓલાદ નહીં." ગુસ્સામાં અન્ના બુઆ હંમેશા સાફ જુબાનમાં બોલવા લાગતાં.

"પણ પહેલાં મળે તો ખરો!" ગુલ અકળાઈને બોલી.

"અરે, મેં આ ઘરનું નમક ખાધું છે, ગૂ નહીં..." સમસમીને અન્ના બુઆ બોલી ઊઠ્યાં

"તૌબા, તૌબા અન્ના બુઆ, તમે તો જાણે સાનભાન, ભૂલી બેઠાં છો...બહાર લોકો બેઠાં છે." છેવટે રેશમા થોડા ગુસ્સાથી બોલી.

"હું કંઈ આ ઘરની નોકર નથી કે મણનું તાળું મોં પર મારીને બેસી રહું. હું ઝફરમિયાંની ધાયમાં છું. બડી દુલ્હનની છાતીમાં ગૂમડું થયું હતું. મેં પૂરા દોઢ વરસ સુધી ઝફરમિયાંને જિગરનું ખૂન પીવડાવ્યું છે. મેં એમને જન્મ નથી આપ્યો તો શું થયું? ઉછેર્યો પણ નથી? અરે, ઉછેરનારની મોહબ્બત પેદા કરનારથીય વિશેષ હોય છે. કોઈ મારા બેટાના ઘરમાં ધાડ પાડે અને હું મોં ફાડીને હસું? પચાસ વરસ થઈ ગયાં છે મને આ ઘરના ઉંબરે બેસતાં. અરે અઝીઝ, તને મરતી વેળાએ પાણી પણ નહીં મળે."

"તું જરા ચા જોને. નાસ્તો સરખો મોકલજે. હું મહેમાનો પાસે જઈને બેસું છું." વ્યગ્ર થઈને રેશમાએ ગુલને કહ્યું અને ઊઠીને ડ્રોઈંગ રૂમ તરફ ચાલવા લાગી.

બે અઠવાડિયા પહેલાં રેશમા બેંકના લોકરમાંથી બધાં ઘરેણાં લઈ આવી હતી એમ વિચારીને કે ખાનદાનના બંને લગ્નોમાં હાજરી આપ્યા બાદ આ ઘરેણાં સરખાં કરાવી લેશે. ગુલે એમ.એ. કરી લીધું છે. કેટલાંય માંગા આવ્યાં છે.

એકવાર નક્કી થઈ જાય પછી લગ્ન લેતાં કેટલી વાર? આપણે તો પૂરી તૈયારી રાખવી જોઈએ ને! પણ ખુદાને કંઈ બીજું જ મંજૂર હતું. એક રાત્રે જ્યારે તેઓ કોઈ પાર્ટીમાંથી પાછા આવ્યાં ત્યારે તેમણે જોયું કે કબાટ ખુલ્લું પડ્યું હતું અને દાગીનાનો ડબ્બો ગાયબ હતો. અઝીઝ પર શક તો દૂર, વિશ્વાસ કરવો પણ મુશ્કેલ હતો કે એણે આ કામ કર્યું છે! એને ભણાવીગણાવીને ઝફરે નોકરી અપાવી હતી. રેશમાને મનમાં હતું કે ગુલનાં લગ્ન પછી અઝીઝના પણ લગ્ન કરાવીશું પણ એ તો ઘરેણાં અને રોકડ સાથે એવો

ગૂમ થઈ ગયો જાણે ગધેડાના માથેથી શિંગડાં!

"આપણા ઉછેરમાં જ કોઈ ખામી રહી ગઈ હશે, રેશમા!" દુઃખથી ઉદ્વોલિત થઈ ઝફર બોલ્યો.

"હા, મને પણ એમ જ લાગે છે." ઊંડા નિઃશ્વાસ સાથે રેશમાએ કહ્યું.

"શું લાગે છે?" ઝફરે રેશમાના અવાજની કડવાશથી ચોંકી જઈને પૂછ્યું.

"એ જ કે સાપનો કણો સાપોલિયું જ બને. એને લાખ દૂધ પીવડાવો તેથી શું એની અંદર રહેલું ઝેર નાશ પામશે? શું તે ડસવાનું ભૂલી જશે?" રેશમા બોલી ઊઠી.

"અફસોસ થાય છે; પણ હંમેશાં આવું નથી બનતું." ઝફર ઉદાસ સ્વરે બોલ્યો.

"મેં તો આવું જ જોયું છે. આપણા ઘરમાં પણ એમ જ થયું ને - ચોરનો દીકરો ડાકુ નીકળ્યો." રેશમા ગુસ્સામાં બોલી.

રૂમમાં ખાસ્સીવાર સુધી ખામોશી છવાયેલી રહી. ઝફર માથું નીચું કરી ચૂપચાપ બેસી રહ્યો. રેશમા આંખો પર હાથ ઢાંકીને સૂતી રહી. એકાએક ઝફરે અત્યંત દુઃખ સાથે કહ્યું - "મને ખબર છે ઔરતોને ઘરેણાં કેટલાં અઝીઝ હોય છે! એમાંય વળી આ તો ખાનદાનની વિરાસત હતી. આપણી શાન અને ઓળખ હતી."

"ખાનદાની વિરાસત આવી બેજાન ચીજોમાં નથી હોતી. બલ્કે ઇન્સાનના કિરદારમાંથી છલકે છે અને શાન પણ એ જ જે ઇન્સાનની શખ્સિયતમાંથી બોલે. જે ગયું તે, સમજો તમારા માથેથી ઉતાર ગયો. મને ઘરેણાં જવાનું કોઈ દુઃખ નથી."

"તું કહે છે એ તો બરાબર છે, પણ ઘરેણાં..."

"મેં તો મન ભરીને પહેરી ઓઢી લીધું છે. હવે દિલમાં કોઈ અરમાન બાકી નથી. રહ્યો સવાલ ગુલનો, તો એને આવા ભારેભરખમ ઘરેણાં ક્યારેય પસંદ જ ન હતાં. એ તો ન પહેરત, ફક્ત 'લૉકર' ની શોભા જ બનત. હું એને એની પસંદના નાજુક સુંદર ઘરેણાં કરાવી આપીશ. બીજું કંઈ નહીં તો રોજ પહેરી તો શકશે ને! જે ગયું તે ગયું! દિલનો થડકો બની ગયાં હતાં. હવે તો જાણે ખોફ ખતમ થયો." રેશમાએ સ્વસ્થતાપૂર્વક સમજાવટની ભાષામાં કહ્યું અને ઝફરનો ખભો થપથપાવ્યો.

"ખુદા, તું જોઈ રહ્યો છે; ઇન્સાફ કરજે...પેલો અભાગિયો સગીર ડેપ્યુટી સાહેબનો નોકર સવાર-સાંજ ઝોળી ફેલાવીને ક્યારેક ચા તો ક્યારેક તમાલપત્ર માંગવા આવી જતો. એણે ચોરી કરી હોત તો વાત હજીય ગળે ઊતરત પણ આ મારો રોયો નખ્ખોદિયો અઝીઝ શું કામ કરવા પડ્યો? અરે ધાડ પાડવા માટે પોતાનું જ ઘર મળ્યું? અડોશપડોશમાં એક એકથી ચડે એવા પૈસાદારો રહે છે. તોડવી જ હતી તો ઇબ્રાહિમમિયાંની તિજોરી તોડવી હતીને જેમાં વ્યાજનો પૈસો ઠાંસી-ઠાંસીને ભર્યો છે. અહીં મહેનતની કમાઈ પર નજર બગાડી...આનો તને બેવડો માર પડશે અઝીઝ.."

"રેશમા, જરા જઈને અન્ના બુઆને રોક તો!"

ઝફરમિયાં બુઆની છેલ્લી વાતથી ગભરાઈ ગયા.

"ક્યારની રોકું છું, ના પાડું છું, પણ મારું સાંભળે તો ને! વળી એટલી સાફ જુબાનમાં બળાપો કાઢી રહ્યાં છે કે સાંભળનારને તો એમ જ લાગશે કે આ મારાં વેણ છે." રેશમા અકળાઈને રૂમની બહાર નીકળી ગઈ.

"કાલે સવાર પડતાં જ હું મૌલવીસાહેબની દરગાહ પર પહોંચી જઈશ. ઇંડું ન કપાવું તો ફટ કહેજો. એવી એવી દુઆઓ ભણાવીશ કે કાળજું કટ-કટ કરીને નીચે પડશે! ગલીએ ગલીએ ગાંડો થઈને ભટકશે મરદૂદ...કૂતરાં સુદ્ધાં એની લાશ પર નહીં મૂતરે!" અન્ના બુઆ આંગણની વચ્ચોવચ ઊભા રહીને અઝીઝને ભાંડી રહ્યાં હતાં.

"બસ, બસ, અન્ના બુઆ બહુ થયું. એમ માનો કે માથેથી ઉતાર ગયો. હવે ભાંડવા-કૂટવાની ક્યાંક અવળી અસર ન થાય...ધીરજથી કામ લો. ખુદાની લાઠીમાં અવાજ નથી હોતો."

"હા, એના ઘેર દેર છે, પણ અંધેર નથી. જ્યારે ધીરજ ખૂટી જાય ત્યારે મોઢામાંથી આહ નીકળી જાય છે, બેના..." કહેતાં કહેતાં અન્ના બુઆ ઢીલાઢફ થઈને પલંગ પર ઊંઘમૂંધ પડી રહ્યાં.

"ધીરજનું ફળ મીઠું હોય છે, અન્ના બુઆ! એ પણ કહી રહ્યાં છે કે બહુ મોડી રાત થઈ ગઈ છે. હવે અન્ના બુઆએ આરામ કરવો જોઈએ." કહેતાં કહેતાં રેશમાએ અન્ના બુઆના ખભા પર હાથ મૂકી એમને સૂવામાં મદદ કરી.

"આ ઘરના નમકમાં જશ નથી." અન્ના બુઆ મનમાં ગણગણ્યાં.

અન્ના બુઆને સૂવડાવીને રેશમા આંગણામાં આવી. એણે દુઆ વાંચી ત્રણવાર તાલી વગાડી અને પછી પોતાના રૂમ તરફ આગળ વધી.

સન્નાટો ફેલાઈ ગયો હતો. ચોકીદારની સીટી વાગતી હતી. ગુલના રૂમમાં અજવાળું હતું.

"હવે આ હિફાજત કોના માટે?" ઝફરે રેશમાને પૂછ્યું.

"આ ઘર માટે એ ઘરેણાં તો કેવળ ઘરની જ દોલત હતાં, નહીં? રેશમાએ વ્યંગભર્યા સ્મિત સાથે કહ્યું.

"હા, જ્યારે ઇન્સાન પરથી ભરોસો તૂટે છે ત્યારે ખુદા પર જ યકીન પાકો થાય છે." ભાંગી પડતાં ઝફરે કહ્યું.

"કદાચ ગુલ સાચું જ કહે છે, આપણે જૂનવાણી. આપણા વિચાર જૂનવાણી... બદલાતા સમયમાં આપણું શું મહત્ત્વ છે?" રેશમાએ ધીરેથી કહ્યું.

"કોણ જાણે...?" ઝફર બબડ્યો. એમની નજર સમક્ષ પચીસ વર્ષ પહેલાંનું દૃશ્ય તાજું થઈ ગયું. જ્યારે અઝીઝના બાપને ફાંસી થઈ હતી અને એની મા સકીના તેના જન્મના બીજા દિવસે જ મરી ગઈ હતી. અઝીઝના મામા ઝફરના ઘરમાં

નોકરી કરતા હતા. એની દશા ઉપર દયા ખાઈને ઝફરે એને પોતાના ઘરમાં ઉછેરવા દીધો. એનું બાળપણ, એની યુવાની, એની વાતો, એનો ચહેરો ઝફરને યાદ આવી ગયાં. આટલી લાંબી જિંદગી સાથે વીતાવ્યાં પછી પણ શું માણસ માણસને ખરેખર ઓળખી શકે છે?

★

જૂન મહિનાના ધોમધખતા દિવસો. આખો દિવસ રૂમમાં અને રાત કૂલર સામે વીતી જતી હતી. આવી જ એક ઉકળાટભરી બપોરે ગુલે અકળાઈને માને કહ્યું "અમ્મી, તારીખ નક્કી કરતાં પહેલાં, તમારે મને તો પૂછવું હતું."

"એમાં પૂછવાનું શું બેટા? તને બધી ખબર તો હતી. છેલ્લા ત્રણ મહિનાથી આ વાત ચાલી રહી છે." રેશમાએ હસીને કહ્યું.

"પણ અમ્મી આમ..." ગુલ રડમસ થઈને બોલી.

"વાત શું છે? છોકરો પસંદ નથી?" રેશમાએ વ્યગ્ર થઈને પૂછ્યું.

"અમ્મી, આ લગ્ન મારું મોત બનશે.આ લગ્ન હું ક્યારેય નહીં કરું." ઉદાસ પણ મક્કમ મને ગુલ બોલી.

"શું?" રેશમાએ ચોંકીને દીકરી સામે જોયું. સાચે ગુલ મોટી થઈ ગઈ હતી!

"હા અમ્મી, તમે કંઈક કરો. અબ્બુને સમજાવીને રાજી કરી લો. હું...હું...જમાલને..."સાહસ કરીને ગુલે એક ઝાટકે પોતાની વાત જણાવી દીધી.

"તારે જે પગલું ભરવું હતું તે ભરી લીધું, અમારી મરજી જાણ્યા વગર...? અત્યારે તું જ્યાં ઊભી છે ત્યાં એક તરફ કૂવો છે અને બીજી તરફ ખાઈ હવે આ બેની વચ્ચેનો કોઈ રસ્તો બચ્યો નથી.

"જમાલ એવો છોકરો નથી. તમે ખોટું સમજો છો."

"જાણું છું. ખાનદાન વગરના ઘરબાર વિનાના અનાથ છોકરાને દીકરી આપવાનું દુઃખ તું નહીં સમજી શકે. વેવાઈનું સુખ એક જુદો સધિયારો આપે છે, જે તું ક્યારેય નહીં સમજી શકે. કારણ કે તેં જમાલને અને અમે તને પ્રેમ કર્યો છે. આપણી મંજિલ અલગ અલગ છે."

"અમ્મી પ્લીઝ..."

"તારા અબ્બુને ખૂબ દુઃખ થશે. એ તો કદાચ યકીન જ નહીં કરે."

રેશમાના ગયા બાદ ગુલ વિચારોમાં ડૂબી ગઈ. અમ્મી માને છે જાણે હું મારી જિંદગી વિશે કોઈ નિર્ણય જ ન લઈ શકું. આકાશ-જમીન માટે એમનું દિલ દુભાય છે પણ પોતે જેને જણી છે એવી દીકરીની પસંદ પર ખુશ થવાના બદલે ગમગીન થઈ ગયાં છે.

મેં આ બધું કંઈ જાણી જોઈને થોડું કર્યું હતું!? કોણ જાણે ક્યારે અને કેવી રીતે જમાલ મારા દિલોદિમાગ પર છવાઈ ગયો! મારા વશમાં ક્યાં કંઈ રહ્યું જ હતું! દિલ કાનોમાં એટલા જોરથી ધડકતું હતું કે બીજો કોઈ અવાજ સંભળાતો જ ન હતો. આવી હાલતમાં શું અક્કલ કામ કરે ખરી? હવે જમાલને જ્યારે ખુદા માની લીધો છે ત્યારે પાછી પાની કેવી રીતે થાય? ના કેવી રીતે પડાય? અબ્બુએ આજ સુધી મારી કોઈ વાત ટાળી નથી. જે રમકડાં તરફ મેં આંગળી ચીંધી એમણે તરત ખરીદી આપ્યું. તો પછી આ તો મારી જિંદગીનો સવાલ છે. તેઓ ચોક્કસ મારી પસંદનો ખ્યાલ રાખશે.

ઘરમાં ઊઠેલું નાનકડું તોફાન શમી ગયું.

ગુલના લગ્નને વરસથી વધુ સમય થવા આવ્યો છે. ગુલને પોતાનું પિયર હવે પહેલાં કરતાંય વધુ વહાલું લાગવા લાગ્યું છે. અન્ના બુઆ સાથે તોફાનમસ્તી ભરી વાતો પણ પહેલાંની જેમ જ ચાલે છે.

"હું આટલી જલ્દી મરવાની નથી, બેના! હું તો મારા પરપૌત્રને જોઈને જ જવાની હોં!" અન્ના બુઆએ બાળક માટેની નાનકડી રજાઈમાં આભલું ટાંકતા કહ્યું.

"અરે વાહ અન્ના બુઆ, તો શું મારા પૌત્રનું મોઢું નહીં જુઓ?" ગુલે હસતાં હસતાં કહ્યું.

"મારામાં વળી ક્યા મોર ટાંક્યાં છે બેના કે હું બસો વરસ સુધી જીવતી રહું?" અન્ના બુઆ હસ્યા.

ગુલને નવમો મહિનો બેઠો. જમાલ બે અઠવાડિયાથી નોકરીના કામે બહારગામ ગયો છે. ઝફરે ઘરજમાઈને સારી નોકરી અપાવી દીધી છે. જોવા-સાંભળવામાં તો જમાલમાં કોઈ ખોટ નથી, તેમ છતાં બંને લોકો સામે ઓછપ અનુભવે છે, ખાસ કરીને જ્યારે કોઈ એમ પૂછી બેસે કે દીકરીનું સાસરું ક્યાં છે? પછી જાતે જ મન મનાવી લે છે કે દીકરી અને જમાઈ નજર સામે છે તો મનને કેટલી ધરપત છે, શાંતિ છે! આ જ તો એમની ખુશનસીબી છે.

"સિદ્દીકીસાહેબને કો'ક દિવસ જમવા બોલાવી લઈએ."

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

ગુલે કહ્યું.

"સમય ક્યાં છે મારી પાસે?" જમાલ ખિજાઈ ગયો.

"આજકાલ તમે ખૂબ વ્યસ્ત રહેવા લાગ્યા છો. જૂના મિત્રો માટે પણ તમારી પાસે સમય નથી. વળી, સિદ્દીકીસાહેબ તો બહારગામથી આવ્યા છે."

"જોયું જશે આવતી વખતે...બે પ્રોજેક્ટસ આવી ગયા છે જે મારે બે દિવસમાં પૂરાં કરીને મોકલવાના છે. રાત્રે છેક દસ-અગિયાર વાગે પાછો આવીશ. પછી હું એમની શું આગતાસ્વાગતા કરી શકીશ?" જમાલે કહ્યું.

"આ છોકરાંઓ... સફીને સૂવા જ નથી દેતાં" ગુલ વ્યાકુળ થઈને બોલી.

"ક્યાંક વળી પાછી કોઈએ એના મોંમાં ટોફી ન મૂકી દીધી હોય."

અન્ના બુઆ તો પરપૌત્રનું મોઢું જોવાના સમ ખાઈને બેઠી હતી પણ સફીનો જન્મ થયો એ પહેલાં જ જતી રહી.

"એમાં એમનો શો વાંક? તેં જ એક પછી એક ઉપરાછાપરી છોકરીઓ પેદા કરીને એમની જીવવાની હોંશ પર પાણી ફેરવી દીધું. ત્રીજી ઓલાદ છોકરો જ હશે, એની શું ગેરેન્ટી હતી?"

"કાશ માત્ર એક અઠવાડિયું વધારે જીવી ગઈ હોત...એમના મૃત્યુ પછી સાત જ દિવસમાં સફીનો જન્મ થયો. બંને છોકરીઓને એમણે કેટલાં જતનથી ઉછેરી હતી. એમની બહુ ખોટ સાલે છે."

"ઘરનાં બુઝુર્ગ હતાં."

"સાંજે મારે ડૉક્ટર પાસે અબ્બુના રિપોર્ટ લેવા જવું પડશે. થાય છે કે અમ્મીનું ચેકઅપ પણ કરાવી જ લઉં. કેટલાંય દિવસોથી તેઓ માથાના દુ:ખાવાની ફરિયાદ રહે છે."

"હું સાંજે જલ્દ ઘેર આવી જઉં?" જમાલે નરમાશથી કહ્યું.

"ના, ના હું જઈ આવીશ. તમે પૂરી ખંતથી તમારો પ્રોજેક્ટ પૂરો કરો."

"ઠીક ત્યારે" જમાલે રાહતનો શ્વાસ લીધો.

લગ્નને દસ વરસ વીતી ગયાં. ગૃહસ્થી જામી ગઈ. છોકરાંઓ એટલાં મોટાં થઈ ગયાં છે કે હવે એમને ગુલની કંઈ ખાસ જરૂર નહોતી પડતી. એમની પોતાની રમતગમત, અભ્યાસની દુનિયા સાથે ઘરસંસાર પણ એ જ રોજિંદી ઘટમાળ મુજબ બરાબર ચાલ્યા કરતો. ગુલ પાસે પાંચ-છ કલાકનો નવરાશનો સમય રહેતો. એ આટલા નવરાશના સમયમાં કંઈક કરી શકે તેમ હતી.

"સાંભળો છો, હું નોકરી કરી લઉં તો?" ગુલે પોતાના મિયાંના મનનો તાગ લેતાં પૂછ્યું.

"કેમ? ઘરની જવાબદારીઓ શું ઓછી છે કે તારે નવી આફતને દાવત દેવી છે?"

"હું બપોરે સાવ નવરી અને એકલી હોઉં છું...તો થોડું મન લાગી જશે." ગુલ બોલી.

"વિચારી લે." જમાલે ખભા ઉલાળીને કહ્યું.

હૃદયરોગનો હુમલો... ઝફરે વિદાય લઈ લીધી. રેશમાને પણ હવે જિંદગી જીવવામાં કાંઈ ખાસ રસ રહ્યો ન હતો. રાત-દિવસ ખુદાને એક જ પ્રાર્થના કર્યા કરતી કે મારા હાથ-પગ ચાલતાં હોય ત્યાં જ મને ઉઠાવી લેજે. દીકરીનો ભર્યોભાદર્યો સંસાર જોઈ લીધો. હવે કોઈ અરમાન બાકી રહ્યાં નથી. રેશમા પોતાના ઓરડામાં એકલી ઉદાસ પડી રહેતી.

"સાંજે ક્યાંક ફરવા જઈશું, અમ્મી. છોકરાંઓ પણ કેટલાંય દિવસોથી આઈસ્ક્રીમ ખાવાની જીદ કરી રહ્યાં છે. હું જમાલને ઓફિસે ફોન કરું છું." બોલતાં ગુલ રેશમા પાસેથી ઊભી થઈ.

"જમાલસાહેબ ઓફિસમાં નથી. ક્યાં ગયા છે, ખબર નથી."

"અચ્છા...તો મારો મેસેજ...ઓહ! બે દિવસથી ઓફિસ જ નથી આવતા...એમ...અચ્છા!" ફોન મૂકીને ગુલ વિચારોમાં ગરકાવ થઈ ગઈ. ઓફિસમાંથી આખોઆખો દિવસ જમાલ ક્યાં જાય છે? શું ફરી કોઈ નવો પ્રોજેક્ટ? આટલું કામ શા માટે કરવાનું? આખો દિવસ દોડાદોડી...ખેર, હું જ સાંજે અમ્મીને લઈ જઈશ. એમનું મન ખુશ રહે તે ખૂબ જરૂરી છે. નહીંતર અબ્બુ વગર એ દિવસે ને દિવસે સુકાતી જાય છે.

સાંજે પાંચેય ઘરની બહાર નીકળ્યાં. ઘેરથી નીકળતાં પહેલાં ગુલે ફોન કર્યો કે કદાચ જમાલ આવી ગયો હોય પણ નિરાશ થઈને ખાનસામાને રસોઈ બાબતે સુચના આપી તે ઘરની બહાર નીકળી. રાત્રે લગભગ નવ વાગ્યે છોકરાંઓ સાથે ગુલ ઘરે પાછી ફરી. પછી છોકરાઓનાં કપડાં બદલાવવામાં, એમને સૂવડાવવામાં વ્યસ્ત થઈ ગઈ. બીજે દિવસે સવારે કપડાં ગોઠવતી ગુલ અત્યંત વ્યસ્ત હતી.

"વાહ! તમે પણ ગઈકાલે ક્વૉલિટી ગયા હતા?" નવાઈ પામી ગુલ બોલી અને બિલની ચબરખી પાકીટ સાથે ટેબલ પર

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

મૂકી.

".....એ તો આખો દિવસ ઑફિસમાં કામ કરતાં-કરતાં થાકી ગયો હતો એટલે સાંજે બસ અમસ્તાં જ..." જમાલ જરા ગેંગેફેંકે થઈ ગયો પણ પછી એણે વાત તરત વાળી લીધી.

"હા, તો એમાં આટલા હેરાન-પરેશાન થવાની ક્યાં વાત છે?" ગુલ હસી પડી.

"કંઈ નહીં. હું કંઈ પરેશાન નથી." જમાલ નરવસ થઈને બોલ્યો.

બીજે દિવસે સાંજે ગુલે જે કંઈ જોયું એ જોઈને તે એકદમ ખામોશ થઈ ગઈ. પછી એ ખામોશી એના મિજાજનો એક હિસ્સો બની ગઈ. એને એક વાત બરાબર સમજાઈ ગઈ હતી કે વર્ષો પહેલાં જયારે જમાલ બહારગામ ગયો હતો ત્યારે તે મોહતરમાનાં ઘરે કેટલીયે વાર એણે ભોજન કર્યું હતું. એ ભોજનનું કરજ ચૂકવવા તે એને પણ પોતાની સાથે લઈ ગયો હતો. પણ ઘર હોવા છતાં જમાલ એકલો જ કેમ એહસાન ચૂકવવા માંગતો હતો?

આ વાત ગુલને ઉધઈની જેમ ખાવા લાગી. એ ઘણીવાર વિચારતી કે એ બે ટંકના ભોજનમાં એવું તો શું હતું કે જમાલે વર્ષો સુધી ખાધેલાં એનાં ઘરનાં નમક સાથે બેવફાઈ કરી? શું સાચે જ એના ઘરનાં નમકમાં જશ ન હતો?

"તું આજકાલ નમકદાન કેમ ટેબલ પર રાખતી નથી?" એક દિવસ અકળાઈને જમાલે કહ્યું.

કેટલાંય દિવસોથી એ જોઈ રહ્યો હતો કે એ માંગે પછી એને ઇંડાં પર નાંખવા માટે મીઠું આપવામાં આવતું.

"નમકની મહત્તા યાદ રહેને એટલા માટે..." ગુલ ધીરેથી બોલી અને ઉપરથી નમકદાન ઉતારીને જમાલને આપ્યું.

"આનો શું અર્થ?" કંઈપણ ન સમજવા છતાં જમાલ હસ્યો.

"લોકો નમકને ભૂલી રહ્યાં છે." ગુલે કહ્યું અને પછી મનોમન રેશમાને યાદ કરતાં બોલી, "કયામતના દિવસે શું આજેય પાંપણેથી નમક ઉપાડવું મુશ્કેલ કામ છે."

"મમ્મી ટોસ્ટ!" બેટીએ લાડ કરતાં કહ્યું.

"હા, આપું છું." કહીને ગુલ બાળકોમાં વ્યસ્ત થઈ ગઈ.

"હું જઉં છું. આજે સાંજે કદાચ ઘરે આવવામાં મોડું થઈ જાય તો ચિંતા ન કરતી." કહેતાં કહેતાં જમાલ નેપકીનથી મોઢું લૂછીને ઊભો થયો અને દરવાજા ભણી ચાલવા લાગ્યો. કાર સ્ટાર્ટ થવાનો અને પછી ગેટની બહાર નીકળવાનો અવાજ આવ્યો. જમાલ જે રાહ પર આગળ વધી ગયો છે ત્યાંથી જલ્દી પાછા ફરવું મુશ્કેલ હતું.

'મારે આંખ આડા કાન કરવાની ટેવ પાડવી જોઈએ. બીજાની બદી નજરઅંદાજ કરવામાં જ હવે જિંદગીનો સાર છે.' એમ વિચારતાં વિચારતાં અદ્દલ અબ્બુના અંદાજમાં કશું બોલ્યા વગર ગુલ માથું નીચું નમાવીને નાસ્તો કરતી રહી. ■

## મને બધું જ આવડે – સમરથ કો નહિ દોષ ગુસાઈ

(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)

તમારી ખબર કાઢવા નહિ, ખબર લેવા આવે. સૌથી પહેલાં તમારા મેડિકલ રીપોર્ટસ જોવા માંગે. એમના જ્ઞાનના ભારથી તથા સ્વભાવગત તમને સલાહો આપીને એવો અહેસાસ કરાવે કે આકાશ સામું જોઈને તમારાથી ગવાઈ જાય...

'અંત સમય મારો સાધજે વહાલા કરું હું તો કાલાવાલા...'

રોગથી યોગ સુધી તથા રાજકરણથી જગતતારણ કે પછી ગર્ભધારણ સુધી તમામ બાબતોનું જ્ઞાન ધરાવતા આ પ્રખર જ્ઞાનીઓ ખરેખર અસહ્ય હોય છે. પોતાને શ્રીરામ તથા જગત આખાને અહલ્યા સમજીને ઠેર ઠેર લાતો મારતા જતા આ એમ.બી.એ. અખિલ વિશ્વના જીવનની તથા મગજની મેથી મારતા જતા હોય. તમે સામાન સાથે ટ્રેનમાં ચડતા હો અને તમારા દુર્ભાગ્યવશ જો એ તમને જોઈ જાય તો ઘણાં પૂછે કે ટિકિટ કન્ફર્મ છે ને? બાકી હું કરાવી આપું. ત્યારે જવાબ આપવા કરતાં એ મહાશયને પાટા ઉપર ધક્કો મારવાના ઘાતક વિચારો આવે.

દરેક બાબતમાં એમની એક્સ્પર્ટ ટિપ્સ આપ્યા વિના ન રહે. એ ટિપ્સ આપવાની એમની યોગ્યતા છે કે નહિ? એ એમનો વિષય છે કે નહિ? તમારે એમની ટિપ્સની જરૂર છે કે નહિ? એ બધી ગૌણ બાબતો એમને ન નડે. આવી વસમી વેળાએ તમારી સજ્જનતા તમારા ગુસ્સાને શબ્દરૂપે મોંમાંથી બહાર આવતા રોકે પણ તમારા મનમાં તો આર્તનાદ થયા વિના ન રહે કે, 'હે દુઃખકર્તા-સુખહર્તા, શાંતિથી જગતને જીવવા દો.'

પરંતુ આ એમ.બી.એઝ. ના તમારી સાથેના વ્યવહારમાં ઈન-કમિંગ બંધ અને માત્ર આઉટ-ગોંઈગ જ ચાલુ હોય છે. તમને બોલવાની છૂટ હોતી નથી. એ પૂછે એટલો જ જવાબ તમારે આપવાનો હોય છે. તમારા જવાબના જવાબમાં આઠ-દસ વાક્યો દ્વારા તમારા મગજ ઉપર હથોડા પછાડવાનો વારો એમનો હોય છે. વચમાં આંગળી ઊંચી કરે પણ તમારો વારો આવે નહિ...જ્યાં સુધી એમનો બીજો સવાલ પૂછવામાં ન આવે. એમની સ્વસ્વીકૃત સમર્થતાને તમે સમર્થન ન આપો તો કેમ ચાલે?

આવી દોષરહિત સમર્થ વિભૂતિઓના સકંજામાં તમે અવારનવાર આવતા હો છો અને એ વિભૂતિઓ તમને વગરવાંકે ગુનેગારના કઠેડામાં ઊભા કરીને એમની આત્મદૃષ્ટિથી પાવન કરવાના દૈવી પ્રયત્નો કરતી હોય. છતાં સંબંધોમાં ઘણુખરું સહન કરી લેવાની તમારી ક્ષમતા દાદ માંગી લે તેવી હોય, પરંતુ તમારી કે એમના અંતકાળ સુધીમાં સહનશીલતા જવાબ આપી દે તો શું કરવું?

*બી-૪૨, સ્કાયલાર્ક એપાર્ટમેન્ટ,*
*શિવરંજની, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

મંથન

# મને બધું જ આવડે
# સમરથ કો નહિ દોષ ગુસાઈ

• અલ્પા શાહ •

સંતવાણી દરેક યુગમાં સુસંગત રહી છે. સંતકવિ તુલસીદાસની વાણી આજના યુગમાં પણ એટલી જ રેલેવન્ટ છે. વાણીમાં આલેખેલા ગુણો-અવગુણો, ડુઝ એન્ટ ડોન્ટસને આ યુગ પ્રમાણે આપણે ઈન્ટરપ્રિન્ટ કરી લઈએ એ અલગ બાબત છે.

તુલસીદાસ કહી ગયા કે, 'સમરથ કો નહિ દોષ ગુસાઈ.' તુલસીદાસ સંત હતા તેથી ઈશ્વરની સ્તુતિ રૂપે સમર્થ શબ્દનો ઉપયોગ તેમને જ સૂઝે તથા તેમને જ પાલવે. આજના સ્માર્ટ યુગમાં સંતવાણીની ફ્રેમમાં પોતાને ફિટ કરીને ભગવાનનું કામ ઓછું કરવાના હંબલ આશય સાથે કેટલાંય પૂર્ણપુરુષોત્તમો પોતાને ઈશ્વરના રીપ્રેઝન્ટેટિવ તથા સમર્થ માનીને શકટનો ભાર તાણતા શ્વાનને તાદશ કરતા ફરતા હોય છે. હવે આવા ગુણોના ભંડાર બની અને માની બેઠેલા સમર્થ લોકોમાં દોષ ક્યાંથી હોય? આવો સમર્થ માનવી એટલે એમ.બી.એ. માસ્ટર્સ ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશનવાળા એમ.બી.એ. નહિ. પરંતુ 'મૈ હૂં ના' ટાઈપ્સ મને બધું જ આવડે વાળા એમ.બી.એ. (૧) 'મેં જ કહ્યું' (૨) 'મને બધું જ આવડે' અને (૩) 'મને બધા જ ઓળખે.' આ ત્રણ સિવાય ચોથી વાત એમ.બી.એ. લોકો ક્યારે ન કરે. આવા 'હું' પ્રેમીઓનો પ્રિય એક્ટર ચોક્કસ શત્રુઘ્ન સિંહા અથવા રાજકુમાર જ હોવા જોઈએ. આવા એમ.બી.એ. નો સમાગમ દસ મિનિટથી વધુ ક્યારેય ન કરાય. નહિતર તમારું ધનોતપનોત કાઢી નાખે. એમના જીવનમાં 'આઈ' જ કાયમ કેપીટલ હોય. 'યુ' તેમને મન તુચ્છ હોય અને 'વી' નો તો તેમને કન્સેપ્ટ જ ન હોય.

જગતનું દુઃખ દૂર કરવાના નામે સુખ દૂર કરતા આ સ્વયંસેવકોએ સેવાનો ભેખ લીધો હોય એમ આવતા - જતા સૌ કોઈને સલાહ આપવામાં તેઓ ક્યારેય કંજૂસાઈ ન કરે. તમારી સલાહની જરૂરિયાત પણ આ એમ.બી.એ. જ નક્કી કરે. તમારી જાત-મહેનતથી મેળવેલી કોઈ સિદ્ધિમાં ઘડીના છઠ્ઠા ભાગમાં તેમનો ફાળો ગણાવી દે. એ બાબતે જાહેરમાં એટલું બધું બોલે, તમને વચમાં ગોલ જ ન કરવા દે. છેવટે તમે પણ માની લો કે 'હશે, આ મારા શુભ ચિંતક આટલું બધું કહે છે તો એમના લીધે જ મને આ સિદ્ધિ મળી હશે.' બોલી બોલીને એ એટલા બોર વેચે કે તમારી છાબડી પણ ખાલી કરી નાખે. અંતે તમને વિચાર આવે કે ના બોલીને તમે અમથી ખાનદાની બતાડી. તમને ન બોલવા દઈને તમારા મૌનને તમારી હામિમાં ખપાવી દે. તમારી વાત સાંભળી ન સાંભળી કરીને પોતાની જ વાંસળી વગાડે રાખે. 'હું એ જ કરવાનું કહેતો હતો' કહીને એમની અનંત વાત આરંભે. તમે રાહ જોયા કરો કે વાતમાં વચ્ચે ક્યાંક અલ્પવિરામ પણ આવે તો આ પૂરઝડપે દોડતી ગાડીમાંથી હિંમત કરીને તમે કૂદી પડો. પરંતુ તમારા લાખ પ્રયત્ન છતાં એ તમને કૂદવા ન દે. તમારા ઘરમાં કોઈ પ્રસંગ હોય તો વાવાઝોડાની ઝડપે એ પહોંચી જાય અને ધાડપાડુની માફક તમારા હાથમાંથી વગર પૂછે સઘળુંય મેનેજમેન્ટ ઝૂંટવી લે. તમારી જાપાનની યાત્રાને ચીન તરફ વાળી જાય. આવા દોઢડાહ્યાના અવતારોને ઉંદર પકડવાના પાંજરામાં પૂરીને દૂ...ર...છોડી આવવાનો આક્રોશ મનમાં જાગે, પણ તમારી સજ્જનતાના કારણે તમારો અણગમો પેલા નિઃસ્વાર્થ એમ.બી.એ. સુધી ન પહોંચે, ને તમારા દાંતથી તમારા પોતાના નખ ખોતરવા સિવાય તમે કશું જ ન કરી શકો.

તમારી સ્વતંત્રતા હણી નાખતા આવા સ્વાતંત્રસેનાનીઓ રસ્તામાં પણ જો સામા મળે તો ભૂતકાળના અનુભવોને લીધે ધબકારો ચૂકી જવાય. આવી વણચાહી મુલાકાત વખતે માત્ર હાથ કરીને ચાલતી પકડવી વધુ હિતાવહ રહે. કારણ કે તમે જો એમના હાથમાં ઝડપાયા તો તમારો કલાક તો એ મુખવાસની મજાથી ખાઈ જાય અને તમારા મગજમાં ઠસાવતા જાય કે એ એમ.બી.એ. તમારા કરતાં વધુ હોશિયાર છે, તમારા કરતાં વધુ ઓળખાણ તથા વગવાળા છે અને એ તમારા ઉદ્ધારાર્થે જ પ્રગટ થયા છે.

ગિનિઝ બુકમાં નામ લખાવવાની લાલસા વગર નવી નવી ઢગલાબંધ ઓળખાણો કરવાના શોખીન એમ.બી.એઝ. ઓળખાણથી માણસનું એન્કાઉન્ટર કરવામાં કોઈ એ.ટી.એસ. ના જાંબાઝ ઓફિસર કરતાં પણ વધુ ચપળ હોય. સવારની ઓળખાણ સાંજે તો અંગત સ્નેહમાં ફેરવવાની તાકાત આ ગળેપડુ એમ.બી.એઝ. માં હોય. ગઈ કાલે તમે જેમની સાથે આ એમ.બી.એ. ની ઓળખાણ કરાવી હોય, આજે એમના ખોળામાં બેસીને તમને અંગૂઠો બતાડવામાં તેમને લિજ્જત પડે. નવી ઓળખાણ એમને મન શિકાર સમી હોય. પોતાની પૂર્ણતાથી એ તાજા સ્નેહીને પૂરા જ કરવાના હોય છે.

જો આ પરદુઃખભંજક એમ.બી.એ. ને ખબર પડી કે તમે બીમાર છો, તો મર્યા જ સમજો. તમારા ક્રિયાકરણ સુધીની જોગવાઈ કરી આપે. જવાબદારીના ભાવ સાથે ગંભીર વદને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)**

# વાર્ધક્યનું સૌંદર્ય

• સંધ્યા ભટ્ટ •

આપણે ત્યાં સંધ્યાના સૌંદર્યનો મહિમા છે. અને સંધ્યા ક્યાં નથી હોતી? સમયચક્રનું એક રૂપ તે સંધ્યા. સૂર્યાસ્તના સમયે આકાશમાં નારંગી રંગો વેરાયા હોય, પંખીઓ પોતાના વિરામસ્થાને જવા ઉતાવળા બન્યા હોય, આખા દિવસની ખેપ પૂરી કરીને ગાયો પોતાને ઘેર જવા ઘૂઘરીઓ રણકાવતી હોય, પુરુષો જગત સાથેનું યુદ્ધ ખેલી પોતાના ઘરને ઝંખતા હોય અને બહાર ગયેલા કુટુંબના સભ્યોને આવકારવા આતુર ગૃહિણી ઘરને ઠીકઠાક કરી સાંજની રસોઈમાં પરોવાઈ હોય એ સમય તે સાંજનો સમય.

કદાચ આજના સમયમાં આ વર્ણન રંગદર્શી (Romantic) ભાસે. શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને કારણે કારખાનાના ધુમાડા આકાશને રગદોળી કાઢતા હોય, ત્યાં રમણીય રંગોને ક્યાં શોધવા? સવારે આઠથી રાત્રે આઠની ફરજો બજાવતા નોકરિયાતની સાંજ કોઈ પણ પ્રકારની સુંદરતા અનુભવ્યા વિના ઑફિસની કૃત્રિમ ઠંડકમાં જ પૂરી થઈ જતી હોય, ત્યાં સાંજની નિરાંત માણવાનો અવસર ક્યાંથી મળે? પુરુષો સાથે ખભેખભા મેળવીને કામ કરતી અને પહેરવેશ સુધ્ધામાં પુરુષની તરાહ અપનાવતી મોટા ભાગની સ્ત્રીઓ હવે પતિની કે બાળકોની રાહ જોવાના રોમાંચથી વંચિત છે.

આ સંદર્ભમાં સાંજના સૌંદર્યનાં અનેક પરિમાણો નિહાળવામાં થોડી તકલીફ તો પડવાની. પણ સાંજ કંઈ માત્ર કુદરતમાં જ થોડી જોવાની હોય છે? માનવજીવનનો સંધ્યાકાળ પણ સૌંદર્યમંડિત હોઈ શકે છે. જીવનના ઉષઃકાળનું નરવાપણું અને મધ્યાહ્નનું તપ જ જીવનની સંધ્યાને સૌંદર્ય આપી શકે. જીવનનાં પહેલાં પચ્ચીસ વર્ષ વિદ્યાપ્રાપ્તિમાં વીતે છે. જન્મજાત સંસ્કારો, બુદ્ધિ, વૃત્તિ, વલણો અને સંવેદનશીલતાની આંતરિક મૂડી દ્વારા અને બાહ્ય સંજોગો પ્રમાણે દરેક વ્યક્તિ વિદ્યા મેળવે છે. આ વિદ્યા કે કુશળતાના વિનિયોગથી પછીનાં વર્ષોમાં તે અર્થોપાર્જન કરે છે. મોટેભાગે આપણે ત્યાં એવું જોવા મળે છે કે નોકરીમાં કે વ્યવસાયમાં પ્રવૃત્ત થયેલા લોકો એક વાર નોકરી મળ્યા પછી નવું શીખવાની ગરજ રાખતા નથી.

દરેક વ્યક્તિ - પછી તે મોટું કામ કરતી હોય કે નાનું, ધંધો કરતી હોય કે નોકરી, માલિક હોય કે નોકર, ઉદ્યોગમાં હોય કે શિક્ષણમાં, રાજકારણમાં હોય કે ધર્મકારણમાં, ગૃહસ્થ હોય કે ગૃહિણી — તેણે નવું શીખવાનું, જાણવાનું, વાંચવાનું બંધ કરવું જોઈએ નહિ. જાણીતા ચિંતક ડેકાર્ટ કહે છે કે, 'I think therefore I am.' માણસ જ્યાં સુધી વિચારે છે ત્યાં સુધી તેનું અસ્તિત્વ છે. વાંચવા-વિચારવાનું કે નવું શીખવાનું બંધ થાય તો એ આપણે આપણા અસ્તિત્વનો કરેલો અસ્વીકાર છે. અસ્તિ + ત્વ એટલે હોવાપણું. હોવું એ એક જીવંત ઘટના છે.

જે વૃદ્ધિ પામ્યું છે તે વૃદ્ધ છે. અહીં માત્ર શારીરિક વય અભિપ્રેત નથી. વાર્ધક્યમાં સૌંદર્ય ત્યારે જ આવે જ્યારે વ્યક્તિનો વિકાસ સધાયો હોય, સધાતો હોય. સમ્યક્ વિચાર, વાણી અને વર્તન ધરાવતા વૃદ્ધોની મુખાકૃતિ પરનું સૌંદર્ય જોવાની એક અલગ મજા છે. વિકાસની કેડી પર આ રીતે ચાલતા રહેલા લેખકો, વિચારકો, સંગીતકારો, નૃત્યકારો, શિલ્પકારો, અભિનેતાઓ કે પછી કોઈ કળાના ધારકો જ નહિ પણ ભાવકોના વ્યક્તિત્વમાંથી પણ આ તપોબળે અર્જિત થયેલી સૌંદર્યઆભા સૌમ્ય શાંતિ આપે છે.

સવારે નહાઈ-ધોઈ ધ્યાન કે પાઠમાં ડૂબેલ વૃદ્ધ કે વૃદ્ધાની શાંત મુખમુદ્રાને જોવાનો લહાવો તમને મળ્યો છે? સમગ્ર આયુષ્ય દરમિયાન વેઠેલાં સંઘર્ષો, સમસ્યાઓ કે જય પરાજયમાંથી શાણપણ મેળવીને પક્વ થયેલી પ્રજ્ઞાની ક્રાંતિથી દીપ્તિમંત થયેલ વૃદ્ધ કુટુંબ અને સમાજને સ્વસ્થતાનો સંદેશ આપે છે. એમના મુખ પરની કરચલીઓ ખેતરમાં પડેલ ચાસની સુંદરતાનું દર્શન કરાવે છે. શરીરની બાહ્ય સુંદરતાથી પર આ સમજણ, સ્વસ્થતા અને અંતરની પવિત્રતાના પરિણામરૂપ સૌંદર્યને બહારની ધૂળ રજોટી શકતી નથી. વાર્ધક્યના સૌંદર્યને બહારના સુશોભનની જરૂર નથી; તે તો અંદર રહેલી તેજસ્વિતાનું જ પ્રગટ પ્રતિબિંબ છે. ખરી સુવાસ તો વૃદ્ધના અંતરમાં છે જે બહાર વિલસતી દેખાય છે.

કૂણા પાનનું તારુણ્ય સૌને એકસરખું વહાલું છે, પણ પક્વ પાનની પીળાશને ચાહવા માટે વિશેષ પાત્રતાની જરૂર છે. જન્મથી માંડીને તે વૃદ્ધાવસ્થા સુધીના તબક્કાઓને જીવીને પ્રમાણી શકનાર માણસ જ વૃદ્ધત્વની પદવીને માણી શકે છે. આ પદવી મેળવવાનો સંતોષ જેવો તેવો નથી. મહેનત કરીને મૂલ્યવાન મત્તા મેળવવાનો આનંદ ચિરસ્થાયી હોય છે અને તેને બહારના સન્માનની ગરજ હોતી નથી. આપણા સૌના જીવનનું લક્ષ્ય આવું વાર્ધક્યનું સૌંદર્ય મેળવવાનું રહો.

*'સ્નેહલ', પ્રજાપતિ વાડી સામે,*
*ગાંધી રોડ, બારડોલી, જિ. સુરત - ૩૯૪ ૬૦૧.*

# ઇતિહાસ વિષે પરિશીલન

• ડૉ. રસેશ જમીનદાર •

પૃથ્વી આપણી છે. સજીવ અને નિર્જીવ સહુની સહિયારી છે. મૂર્ધન્ય કવિ ઉમાશંકરભાઈએ તેથી ગાયું છે કે પૃથ્વી માતા ઉપર પશુ છે, પંખી છે, પ્રાણી છે, વન છે, વનસ્પતિ છે, ગિરિ છે, કંદરા છે. શું નથી? આ બધાંનો ઉપયોગ અને ઉપભોગ કરતો માનવી છે, હા માનવી છે. તેથી તો કવિવર્ય સુંદરમ્ ને કહેવું પડ્યું કે 'હું માનવી માનવ થાઉં તોય ઘણું.' સાચે જ પૃથ્વીમાતા માનવી-સંતાનોથી સભર છે, પરંતુ માનવ-સંતાનોથી ઝૂરે છે. કવિવર ઉમાશંકરજીએ લખેલું કે આપણે સહુ 'બુદ્ધિમાની' છીએ. 'બુદ્ધિજીવી' ઓછા, માનવીઓ ખસૂસ બુદ્ધિમાની છે, તો માનવો જરૂર બુદ્ધિજીવી છે. ખેર.

માનવી સમૂહજીવી છે, કહો કે હતો. સમાજમાં તે રહેતો હતો, છે; પણ હવે 'હું' થી પોરસાય છે. અલબત્ત, સમાજનું એનું વળગણ સ્વાર્થી છે. સેવાર્થી ઓછું છે. કોઈને કોઈ આશા ફળીભૂત કરવા કાજે માનવી સમાજમાં સમૂહમાં રહે છે તે વાત અલગ છે. આશાઓની સંપ્રાપ્તિ સારું કે એની સિદ્ધિઓ વાસ્તે માનવી મથામણ કરતો રહે છે; જેમાં તેને ક્યારેક સફળતા, તો ક્યારેક નિષ્ફળતા કે ક્યારેક અભૂતપૂર્વ સુફળ પ્રાપ્ત થતું રહે છે. આ સમગ્ર પુરુષાર્થની સતત મીમાંસા અને તેનું અર્થઘટન ઈતિહાસનું બુનિયાદી કાર્ય છે.

કહો કે ઈતિહાસ માનવીના પોતાના જ્ઞાન માટે છે. જ્ઞાન એ માનવીને ભૂતકાળમાં થયેલો અનુભવ છે. જિજ્ઞાસુ વ્યક્તિ એ ઘટનાને જાણવાની ઈચ્છા ધરાવે છે. આથી, વ્યક્તિ જે વર્ણનો-વિભાવનાઓ-વિચારો-વલણો અભિવ્યક્ત કરે છે, તેમાં જ્ઞાન સમાયેલું છે. ઈતિહાસનો અભ્યાસ એટલે જ્ઞાનની સાધના. આવી સાધના સ્થળ અને કાળના સંદર્ભે સહજ-સરળ બને છે.

પરંતુ બુનિયાદી બાબત એ છે કે માનવી એક છેડે છે અને ઈતિહાસ બીજા છેડે. આ બંને છેડાની વચ્ચે બે ધ્રુવ વ્યાવર્તક રીતે રહેલા છે, જેથી આપણે અભિજ્ઞ હોવા છતાંય અનભિજ્ઞ છીએ. એ બંને ધ્રુવ તે સંસ્કાર અને સંસ્કૃતિ. તેથી થોડીક ચર્ચા આ બે ધ્રુવ કેન્દ્ર વિશે, જે વડે બંને છેડાને સમજી શકાય, કહો કે સાંકળી શકાય.

સંસ્કાર શબ્દ બહુ ભાતીગળ છે, લાક્ષણિક છે, વ્યાપક છે, સૂક્ષ્મ છે, અદશ્ય છે, અવર્ણનીય છે, અમૂલ્ય છે, અપરિવર્તનીય છે, ભાવનાત્મક છે અને ચિરંજીવ છે. ઐહિક જીવનમાં માનવી જેનું જેનું મૂલ્ય આંકે છે તે બધું સંસ્કાર શબ્દમાં સમાવિષ્ટ છે. માનવીને સંસ્કાર સાથે સીધો સંબંધ છે. તે અદશ્ય હોવા છતાંય માનવીનાં વાણી - વર્તન - વ્યવહાર - વ્યવસ્થા દ્વારા આપણે તેને અનુભવી શકીએ છીએ, અવલોકી શકીએ છીએ. માનવીનો સૌંદર્ય સાથેનો સંબંધ, કણની સર્જકતા સાથેનો સંબંધ, કુદરતના અલૌકિકપણા સાથેનો સંબંધ, જીવનની રોમાંચકતા સાથેનો સંબંધ અને જ્ઞાનની પિપાસા સાથેનો સંબંધ — આ બધાંનું સુગ્રથિત, સુશ્લિષ્ટ અને સુસ્થિત નિરૂપણ તે સંસ્કાર.

આથી તાત્પર્ય એટલું જ કે સૂક્ષ્મ એવા સંસ્કારને દશ્યરૂપ આપવાનું કાર્ય સંસ્કૃતિનું છે. કહો કે સંસ્કારરૂપી ધ્યેયને સિદ્ધ કરવા સારું સંસ્કૃતિ એક મહત્ત્વનું જ્ઞાપક છે. અર્થાત્ સંસ્કારને વહન કરવાનું સાધન સંસ્કૃતિ છે. આમ, સંસ્કાર એ સંસ્કૃતિની બુનિયાદ છે. આ દૃષ્ટિએ સંસ્કૃતિ સાધનાત્મક છે, સ્થૂળ છે, મૂલ્યનિષ્ઠ છે, પરિવર્તનીય છે, દશ્ય છે, વર્ણનીય છે, નાશવંત છે અને સ્થળાંતરિત છે. સમજવાનું એ છે કે કોઈ પણ સંસ્કારી જાતિના કલ્યાણ કાજે નિશ્ચિત શરતોને આધીન રહી જે સમાજ નિર્માણ પામે છે તેનું વ્યવહારિક અને વાસ્તવિક સ્વરૂપ તે સંસ્કૃતિ.

સંસ્કાર અને સંસ્કૃતિનાં કાર્ય ભૂતકાલીન અનુભવાતીત વારસાનું વર્તમાને વિતરણ અને વિસ્તરણ કરવાનાં છે. આ પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે, પણ જ્યારે તે અટકી જાય છે ત્યારે સંસ્કારનું કેવળ અવમૂલ્યન થાય છે અને સંસ્કૃતિ તો નાશ પામે છે. છતાં જો સાંસ્કારિક વિરાસત સ્થાનિક મૂલ્યથી કંઈક વિશેષ દાયીત્વશીલ હોય છે ત્યારે તે જરૂર અન્યત્ર અસ્તિત્વ ધરાવે છે. આથી, પ્રત્યેક સંસ્કૃતિને બે સાંસ્કારિક લક્ષણ હોય છે : એક, પોતીકું (અથવા સ્થાનિક મૂલ્ય કે મહત્ત્વ ધરાવતું અને બીજું, સાર્વત્રિક કે શાશ્વત (જે માનવ માત્રનો સહિયારો વારસો બને છે.) આ દૃષ્ટિએ સંસ્કાર અતુલ્ય છે - અમૂલ્ય છે અને તેના સાધન તરીકે - જ્ઞાપક તરીકે સંસ્કૃતિનું મહત્વ અંકાયું છે. તેમજ ઉભયના નિરૂપિત શાસ્ત્ર તરીકે - વિજ્ઞાન તરીકે - વિદ્યા તરીકે ઈતિહાસનું મહત્ત્વ નિર્માયું છે. આમ, આ ત્રણેયનાં સ્થાનમૂલ્ય (Place-value) નિશ્ચિત છે : સંસ્કાર > સંસ્કૃતિ > ઈતિહાસ. ત્રણેય અવિભાજ્ય છે, પરસ્પર અવલંબિત છે અને સદ્ય સંલગ્નિત છે. આમ, છતાંય ત્રણેયને પરસ્પરના પર્યાય તરીકે સ્વીકારીને કેવળ ઈતિહાસનું મહત્ત્વ ભ્રમિત રીતે વધારી દીધું છે. અર્થાત્ અદશ્ય એવા સંસ્કારને અભિવ્યક્ત કરવાના કોઈ એક દશ્ય સાધન તરીકે સંસ્કૃતિનું મહત્ત્વ છે અને સાંસ્કૃતિક સાધનોને અર્થઘટિત વર્ણન કરવાનું કાર્ય અને પ્રજાપ્રત્યક્ષ કરવાનું વિજ્ઞાનવિદ્યા શાસ્ત્ર તરીકેનું કાઠું ઉપસાવ્યું છે.

સંસ્કાર એ માનવદેહનો આત્મા છે, સંસ્કૃતિ એનું દેહરૂપ છે અને ઇતિહાસ એનું પરિવેષ્ટિત પર્યાવરણ છે. આથી, માનવીની આસપાસ લૂતાતંતુની જે ગૂંથાયેલી સાંસ્કૃતિક ઘટનાનાં અર્થઘટન અને પૃથક્કરણ કરતી વિદ્યા તે ઇતિહાસ છે. આમ, ઇતિહાસના કેન્દ્રસ્થાને - નાભિ-સ્થાને માત્ર માનવી રહેલો છે. બીજા શબ્દોથી સમજાવીએ તો માનવીની રોજનીશી તે ઇતિહાસ; કહો કે માનવીનાં રોજબરોજનાં મૂલ્યનિષ્ઠ કાર્યનાં અર્થપૂર્ણ મૂલ્યાંકન તે ઇતિહાસ. સાહિત્યિક પરિભાષાથી ઓળખાવીએ તો ધબકતા માનવજીવનનાં અર્થઘટિત આલેખન તે ઇતિહાસ.

ઇતિહાસ ગતિશીલ છે. ગતિત્વ એનું પ્રાથમિક લક્ષણ છે. સમય ઇતિહાસનો આત્મા છે. સમય પરિવર્તનશીલ છે. તે ક્યારેય પુનરાવર્તન પામતો નથી. તેથી જો સમય એ ઇતિહાસનો આત્મા છે તો ઇતિહાસ પણ પરિવર્તનશીલ છે અને તે ક્યારેય પુનરાવર્તન પામતો નથી. પુનરાવર્તન પામે છે તેમ કહેવું ભ્રામક છે. દેખાતું પુનરાવર્તન હકીકતમાં તો સદ્ય સતત પ્રવાહ છે, જેમાં પુનરાવર્તન શક્ય નથી.

પૃથ્વી ઉપર પ્રસંગો ઘણા પ્રસવે છે, બનાવો બહુ બને છે, ઘટનાઓ ઘણી ઘટે છે; જે બધું જ બુદ્ધિપ્રેરિત કે બુદ્ધિસર્જિત હોતું નથી. કેવળ વિચારશક્તિથી ઉદ્‌ભૂત બનાવો પ્રસંગો - ઘટનાઓ જ ઇતિહાસનો વિષય બને છે, તેનું દત્તવસ્તુ બને છે. તેથી માનવી જ ઇતિહાસી પ્રક્રિયાનો વર્ણ્ય વિષય બને છે. તાત્પર્ય એટલું જ કે મનની-વિચારોની બાહ્ય અભિવ્યક્તિ તે ઇતિહાસ. અર્થાત્ માનવીએ કરેલા પુરુષાર્થની મીમાંસા અને અર્થઘટન કરતું શાસ્ત્ર તે 'ઇતિહાસ.' અર્થાત્ માનવ જીવનના સામાજિક - સાંસ્કૃતિક અનુભવોનો ઇતિહાસ પ્રમાણભૂત દસ્તાવેજી સાહેદ છે. આ દૃષ્ટિએ ઇતિહાસ આખા સમાજનું વૃક્ષ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જીવાતા જીવનમાં માનવીનાં ધ્યેય સંસ્કારપ્રાપ્તિનાં છે; મૂલ્યપ્રાપ્તિનાં છે. આ ધ્યેયને સિદ્ધ કરવાનાં - હાથવગાં કરવાનાં સાધન - વાહન છે સંસ્કૃતિ. અને સંસ્કૃતિને અર્થઘટિત કરતું વિજ્ઞાન તે ઇતિહાસ છે. આમ, માનવી > સંસ્કાર > સંસ્કૃતિ > ઇતિહાસ એવું વ્યુત્પાત્તિક સમીકરણ મૂકી શકાય. બેકનનું કથન સાચું જણાય છે કે ઇતિહાસનાં અધ્યયન માનવીને સૂઝબૂઝવાળો - શાણપણવાળો બનાવે છે. ઇતિહાસશિક્ષણની પ્રસ્તુત ઉપયોગિતા સમજાઈ ન હોવાથી આ વિદ્યાની વગોવણી થઈ છે.

આપણે આ કૉલમ દ્વારા ઉપેક્ષિત ઇતિહાસવિદ્યાને સાપેક્ષ રીતે સમજવાનો પ્રયાસ કરીશું. આ ભૂમિકાના સહારે હવે પછી શક્યતઃ માનવીની ઘટના - બનાવ - પ્રસંગને આવરી લેતી સાંપ્રત સમસ્યાઓ, સાધનો, જ્ઞાપકો, પ્રાપ્ત વિગતો- હકીકતો પૂર્વાપર-સંબંધ સાથે સમજવાનો યથાશક્તિ પ્રયાસ કરીશું, જેથી વિશ્વસમસ્તમાં ઘટતી-બનતી-પ્રસવતી હકીકતોને પ્રજાગત કરીશું. આ દ્વારા સંસ્કાર, સંસ્કૃતિ, ઇતિહાસ, પુરાવસ્તુ, શિલ્પ, સ્થાપત્ય, દફતરવિદ્યા, અભિલેખવિદ્યા, સ્થળનામવિદ્યા જેવાં વિજ્ઞાનને સ્પર્શતા અને સ્થળતપાસ કે ઉત્ખનનથી કે અર્થઘટનથી પ્રાપ્ત થતાં સ્પંદનોને આવરી લેવાનો યથાશક્તિ પ્રયાસ કરીશું.

*બી-૧૦, વસુ એપાર્ટમેન્ટ્સ,*
*શ્રીજી પેલેસ સામે, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.*

## ભારતની રાષ્ટ્રીયતાની ઓળખ

| | |
|---|---|
| ભારતીય રાષ્ટ્રીય મુદ્રા | : રૂપિયો |
| ભારતીય રાષ્ટ્રીય નદી | : ગંગા |
| ભારતીય રાષ્ટ્રીય પક્ષી | : મોર |
| ભારતીય રાષ્ટ્રીય પ્રાણી | : વાઘ |
| ભારતીય રાષ્ટ્રીય ફૂલ | : કમળ |
| ભારતીય રાષ્ટ્રીય ફળ | : કેરી (આંબો) |
| ભારતીય રાષ્ટ્રીય યોજના | : પંચ વર્ષીય યોજના |
| ભારતીય રાષ્ટ્રીય મીઠાઈ | : જલેબી |
| ભારતીય રાષ્ટ્રીય પર્વ | : ૨૬ જાન્યુઆરી, ૧૫ ઓગસ્ટ |
| ભારતીય રાષ્ટ્રીય ધ્વજ | : ત્રિરંગો |
| ભારતીય રાષ્ટ્રીય ગીત | : જન ગણ મન... |
| ભારતીય રાષ્ટ્રીય ચિહ્ન | : અશોક સ્તંભ |
| ભારતીય રાષ્ટ્રીય નારા | : સત્યમેવ જયતે |
| ભારતીય રાષ્ટ્રીય પંચાંગ | : શક સંવત |
| ભારતીય રાષ્ટ્રીયતા | : ભારતીય |
| ભારતીય રાષ્ટ્રીય લિપિ | : દેવનાગરી |
| ભારતીય રાષ્ટ્રીય ગીત | : હિંદ દેશકા પ્યારા ઝંડા |
| ભારતીય રાષ્ટ્રીય વિદેશ નીતિ | : ગુટ નિરપેક્ષ |
| ભારતીય રાષ્ટ્રીય પુરસ્કાર | : ભારત રત્ન |
| ભારતીય રાષ્ટ્રીય સુચનાપત્ર | : શ્વેત પત્ર |

*સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ - અમદાવાદ*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

Aristo™
STAINLESS STEEL

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

ચિંતન

# પારસમણિ

• અંબાલાલ પુરાણી •

એક બાળકે મને કાગળ લખ્યો છે તેમાં એ પૂછે છે : “પારસમણિ ખરેખર હોય છે ખરો?” એના જવાબમાં મારે કબૂલ કરવું જોઈએ કે પારસમણિ મને જોવા મળ્યો નથી.

પણ એમ તો બધી વસ્તુઓ આપણે જાતે જોઈએ તો જ માનીએ, એવું ક્યાં હોય છે? ઘણાએ મુંબઈ જાતે નથી જોયું, પણ મુંબઈ છે એ વાત તો સાચી છે. વળી, આજે કોઈ વસ્તુ ન હોય, તો થોડો વખત પછી માણસ તે બનાવી પણ શકે છે. વિમાન પહેલાં ન હતું; આજે છે. એવું પારસમણિની બાબતમાં બને પણ ખરું.

પણ એ બાળકે બીજો સવાલ પૂછ્યો છે : “કહે છે કે પારસમણિ જેને અડકે તે વસ્તુ સોનાની થઈ જાય; પણ લોઢાનું સોનું કોઈ દિવસે બને ખરું?”

એનો જવાબ પણ આપું છું. બધાએ કોયલો તો જોયો છે. હવે એ કોયલો જમીનમાં ખૂબ ઊંડે દટાઈ જાય અને તેના ઉપર પાવાગઢ જેવો પર્વત પડે, તો શું થાય તે જાણો છો? એ કોયલાનો જ હીરો બની જાય!

પણ કોઈને થશે કે જમીનમાં દટાઈ ગયેલો કોલસો હીરો બની જાય છે તે કાંઈ આપણે જાતે, આપણી નજરે જોઈ શકતા નથી. તો એ મુશ્કેલીનો જવાબ ફ્રાંસ દેશના એક રસાયણશાસ્ત્રીએ આપ્યો છે. લાવોઝીર એનું નામ. એણે કોયલાની ભૂકી લઈને ખૂબ ગરમ ધાતુમાં નાખીને પછી એકદમ તેના ઉપર પેલા પર્વતના જેટલું ભારે દબાણ યંત્રો વડે કર્યું. પરિણામે નાની નાની હીરાની કણીઓ બંધાઈ ગઈ! એટલે કોયલાનો હીરો બને છે, એ નક્કી થયું.

પથરા કે કોયલામાં સમૂળો ફેરફાર થઈ જઈ શકે છે, તેમ જીવતા પ્રાણીઓમાં પણ કેટલીક વાર એવો ફેરફાર થતો જોવામાં આવે છે. જમીન પર પેટ ઘસીને ચાલતી ઇયળની એક જાત એવી થાય છે કે એની આજુબાજુ માટીનું પડ કરીને અંદર તેને પૂરી રાખવામાં આવે છે. એ કેદખાનાની અંદર ને અંદર એનો વિકાસ થાય છે અને ધીમે ધીમે એને પાંખો ફૂટે છે. ત્યાર પછી માટીના પડને તોડીને તે બહાર નીકળી ઊડી જાય છે; એ પતંગિયું બની જાય છે! જમીન પર પેટ ઘસડતી ઇયળ અને હવામાં છૂટથી ઊડતું પતંગિયું : એ બેમાં કેટલો ફેર છે! પણ ઇયળમાંથી પતંગિયું બની જાય છે.

જોકે ખરો પારસમણિ તો આપણા અંતરમાં રહેલો છે. આપણી પોતાની અંદર જ એવી કોઈક વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઈ જાય; આપણે પોતે જેવા હોઈએ તે મટી જઈને જુદા જ બની જઈએ.

પોતાની અંદર રહેલો આ પારસમણિ ઘણાને હાથ લાગતો નથી. એમાંના કેટલાકને કોઈ ગુરુમાં કે મહાપુરુષમાં એ પારસમણિ મળી આવે છે. એવાનો સ્પર્શ થતાં આપણું જીવન બદલાઈ જાય છે. ■

## કચ્છી યુવાન રાજેશ કુબડિયા (શાહ)ની વાઇબ્રન્ટ ગ્લોબલ સમિટમાં શ્રેષ્ઠ લઘુ ઉદ્યોગ સાહસિક પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી

કચ્છના પ્રવેશદ્વાર સમા સામખિયાળીમાં આવેલ ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ લઘુઉદ્યોગ એકમ દ્વારા પ્રમાણિત એવરીડે હર્બલ બ્યુટીકેરને ગુજરાત સરકારની લઘુ અને મધ્યમ ઉદ્યોગની પ્રોત્સાહક નીતિ અન્વયે આપવામાં આવતા ઍવોર્ડ અનુસંધાને વર્ષ ૨૦૧૫-૧૬નો શ્રેષ્ઠ લઘુ ઉદ્યોગ સાહસિક પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. આ પુરસ્કાર કંપનીના વિવિધ સ્તરે વિસ્તરેલી શાખ અને કરેલ કામગીરી, પ્રગતિના વિવિધ મૂલ્યાંકનો, પ્રોડ્ક્ટસની ક્વોલિટી, કંપનીની સિસ્ટમને આધારે વરિષ્ઠ અધિકારીશ્રી દ્વારા મૂલ્યાંકન કરી આપવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એવરીડે હર્બલ બ્યુટી કેર વર્ષ ૨૦૦૪માં સામખિયાળી કચ્છમાં સ્થાપિત લઘુ ઉદ્યોગ એકમ છે. ખૂબ જ મર્યાદિત મૂડી રોકાણ અને સ્ટાફ સાથે ભાડાની જગ્યામાં શરૂ થયેલ એકમ આજે GMP અને ISO સર્ટિફાઇડ આયુર્વેદિક / કોસ્મેટીક પ્રોડક્ટસનું મેન્યુ. યુનિટ, જે ભારતભરના ખાદી અને ગ્રામોદ્યોગ ભંડાર અને ઉત્તર ભારતના રાજ્યોમાં માર્કેટિંગ નેટવર્ક ધરાવે છે. આજે સામખિયાળી તેમજ આસપાસના ૮૦ જેટલા કર્મચારીઓ સાથે આયુર્વેદિક ઉત્પાદનોની વિશાળ રેન્જ ધરાવે છે અને પરંપરાગત માર્કેટિંગ સાથે કંપની પોતાના બે ઓનલાઈન પોર્ટલ પણ ધરાવે છે. જેના માધ્યમથી વિશ્વભરમાં કુરિયરથી પ્રોડક્ટ્સ મોકલવામાં આવે છે.

એવરીડે હર્બલ બ્યુટી કેર કંપનીએ કચ્છના નાના ગ્રામ્ય વિસ્તારમાંથી શરૂ કરી ગ્રામીણ રોજગારી ઊભી કરી, પ્રાચીન આયુર્વેદ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી તેમજ સુચારુ સંચાલનના ભાગરૂપે ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા આ પસંદગી કરવામાં આવી છે. ■

આરોગ્ય ચિંતન

# સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૨)

• હરેશ ધોળકિયા •

## ઉંમર વધવાથી થતા શારીરિક ફેરફારો

*"સુંદર યુવાન વ્યક્તિ હોવું એ એક અકસ્માત છે, પણ સુંદર વૃદ્ધ વ્યક્તિ હોવું એ તો એક કળા કૃતિ છે."*

*– એલીનોર રૂઝવેલ્ટ*

જેમ જેમ વ્યક્તિ વૃદ્ધ થતી જાય છે, તેમ તેમ તેનો દેખાવ અને તેના શરીરની કામ કરવાની રીતમાં પરિવર્તન આવતું જાય છે. અને એમ માનવાની જરૂર નથી કે તે ખરાબ જ હોય. વ્યક્તિ ધારે તો, પોતાની શક્તિ અને સામર્થ્ય ઘટી જાય ત્યારે પણ તેને જાળવવા ઘણું કરી શકે છે.

જેમ જેમ સમય પસાર થતો જાય અને શરીરમાં જે ફેરફારો થાય છે, તે તો એક સંકુલ પ્રક્રિયા છે. તે વ્યક્તિએ વ્યક્તિએ જ નહીં, પણ એક જ વ્યક્તિમાં પણ વિવિધ રીતે બદલ્યા કરે છે. એટલે, એવો સંભવ છે કે, તેની સાંભળવાની કે જોવાની શક્તિ કદાચ ઘટે, પણ તેનું હૃદય અને ફેફસાં ખૂબ જ મજબૂત હોઈ શકે.

આમાં એક સારા સમાચાર એ છે કે વ્યક્તિ પાસે પુષ્કળ વધારાની શક્તિ છે, જેને વિજ્ઞાનીઓ "ફંક્શનલ રિઝર્વ" કહે છે. તેનો અર્થ એ કે તે વૃદ્ધાવસ્થામાં પણ સારી રીતે કામ કરી શકે છે. એટલે, સંભવ છે કે ૬૦ વર્ષની એક સ્વસ્થ અને સક્રિય વ્યક્તિ ત્રીસ વર્ષના ધૂમ્રપાન કરતા, દારૂ પીતા અને સતત જંક ફૂડ ખાતા જાડિયા કરતાં બહાર અને અંદરથી ઉત્તમ સ્થિતિમાં હોઈ શકે.

જેમ જેમ ઉંમર વધે છે, તેમ તેમ કેટલાંક મહત્ત્વનાં અંગોની સ્થિતિ આવી થતી જાય છે :

### ★ હાડકાં, સાંધા અને સ્નાયુઓ :

હાડકામાં ઘસારો થતાં, સાંધામાં તરલતા ઘટવાથી અને સ્નાયુઓના તંતુઓ અને માંસપેશીઓ ઘટવાથી ૪૦ની ઉંમર પછીના એક દાયકામાં વ્યક્તિ એક સેન્ટીમીટર જેટલી દુબળી બને છે. (મેનોપોઝ પછીની સ્ત્રીઓ તો ખાસ.) ૭૫ ની ઉંમર થાય છે ત્યારે ૨૫ વર્ષે જે સ્નાયુઓ હોય છે તેના કરતાં અર્ધા સ્નાયુઓ હોય છે. વ્યક્તિની શક્તિ પણ દર વર્ષે એક થી બે ટકા ઘટે છે. સ્નાયુઓની શક્તિ પણ, જાળવવામાં ન આવે તો, ૩ થી ૪ ટકા ઘટે છે. પગ પણ સપાટ બને છે.

**પણ સારા સમાચાર** એ છે કે હાડકાં અને સ્નાયુઓ જીવંત ટીસ્યુઝ છે જે સમગ્ર જીવન દરમ્યાન સતત ભાંગતાં રહે છે અને સર્જાતાં પણ રહે છે. વ્યક્તિ વૃદ્ધ થતી જાય છે તેમ તેમ આ ભાંગવાની પ્રક્રિયા વધે છે અને તે હાડકાં અને સ્નાયુઓનો જથ્થો ગુમાવે છે. પણ, વ્યક્તિ ઇચ્છે તો, યોગ્ય કસરત દ્વારા - જેવી કે વજન ઉપાડવું, હાઈકીંગ, પીઠ પર ભાર રાખવો, કૂદકા મારવા, ટેનિસ અને સ્ક્વોશ - આ ઘટનાને ધીમી પાડી શકે છે. આવું જ સ્નાયુઓ વિશે પણ કહી શકાય. ભલે સ્નાયુઓના કોશને ઘસાતા અટકાવી ન શકાય પણ તેને ધીમા તો પાડી જ શકાય.

### ★ આકાર અને કદ :

પ્રૌઢ ઉંમર થતાં સ્વાભાવિક છે કે કમર આસપાસ ચરબી જમા થવાની શરૂઆત થાય છે. ભલે વ્યક્તિ વીસની હતી ત્યારે જેટલું વજન હતું તેટલું જ સાઠનાં હોય, છતાં શરીર પર વધારે ચરબી હોવાની શક્યતા તો હોય જ છે, સિવાય કે તે શારીરિક રીતે સતત સક્રિય રહી હોય. આ ચરબીનું કારણ ઈન્સ્યુલીનના પ્રતિકારનું હોઈ શકે. તેનું કારણ પણ એ હોઈ શકે કે શરીર હોર્મોન ઈન્સ્યુલીન તો બનાવે, પણ તેનો શુગર નિયંત્રણ માટે યોગ્ય ઉપયોગ ન કરી શકે. તેથી હાર્ટ એટેક, ડાયાબિટીસ, સ્ટ્રોક, કેટલાંક કેન્સર વગેરેનો ભય ઊભો થતો હોય છે. એટલે આ ઉંમરે તપાસણી કરાવવી આવશ્યક બને છે.

**પણ સારા સમાચાર** એ હોય છે કે એક વાર વ્યક્તિ સાઠની થાય છે, તો તે શરીરમાં અન્યત્ર ચરબી ગુમાવવાનું શરૂ કરે છે. પુરુષોમાં આ ચરબી ગુમાવવાની શરૂઆત વહેલી થાય છે. તેનું કારણ તેનામાં ટેસ્ટોસ્ટેરોનનું સ્તર ઘટવાનું મનાય છે. સ્ત્રીઓ ચરબી ગુમાવવાની શરૂઆત ૬૫ની આસપાસ કરે છે. પણ જો યોગ્ય આહાર અને કસરત કરાય તો શરીરનો આકાર સુડોળ રાખી શકાય છે.

### ★ હૃદય અને ફેફસાં :

સમય જતાં હૃદયમાં સંકોચન આવે છે. સિત્તેર વર્ષની ઉંમર થાય છે ત્યાં સુધી તે યુવાનીમાં હોય છે તેના કરતાં ત્રીસ ટકા ઓછા કોશ થઈ જાય છે. તેની પમ્પિંગ ક્ષમતા પણ ઘટવા માંડે છે. ફેફસામાં રહેલ ઍર બેગ અને કોશિકાઓની સંખ્યા પણ ઓછી થવા લાગે છે. ફેફસાં પોતે પણ ઓછાં સ્થિતિસ્થાપક થવા લાગે છે. વ્યક્તિનો મહત્તમ એરોબેટિક પાવર - એટલે કે તે કસરત કરે ત્યારે જેટલું મહત્તમ ઑક્સિજનનું પ્રમાણ લઈ શકે - પણ બદલાય છે અને જો તે વધારે પડતી કસરત કરે તો તેને શ્વાસ ચડી આવે છે. સાઠની ઉંમર પછી વ્યક્તિ

ફેફસામાંથી જોરથી હવા કાઢી નાખે પછી જે હવા વધે તેનું પ્રમાણ પણ લગભગ ૩૫ ટકા રહે છે. આ પ્રમાણ વીસ વર્ષની વયે વીસ ટકા હોય છે.

**પણ સારા સમાચાર** એ હોય છે કે ઉંમર વધે તેમ ભલે હૃદયના કોશ ઘટવા લાગે છે અને હૃદયમાં પણ ઘણાં પરિવર્તનો આવે છે, છતાં આ શક્તિશાળી અંગ પાસે અનુકૂલન કરવાની અને કામ કરતા રહેવાની ભારે જબરી શક્તિ છે. જો વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં પણ યોગ્ય રીતે કસરત કરવાનું ચાલુ રાખે, ખાસ કરીને ઍરોબિક કસરતો, તો ઉંમર આધારિત જે પરિવર્તનો થતાં હોય છે તેની સાથે કામ પાડવાની હૃદયની શક્તિને જાળવવામાં ભારે મદદ મળે છે. તેમાં પણ જો ધૂમ્રપાન ન કરાય, તો તે કેવળ હૃદયને જ મદદ નથી કરતું, પણ ફેફસાંની શક્તિને જાળવવામાં અને સ્વસ્થ રહેવામાં પણ ઘણી જ મદદ કરે છે.

### ★ યકૃત અને કિડની :

ઉંમર વધે તેમ યકૃત (લીવર) ના કોશોની સંખ્યા ઘટવા માંડે છે. લોહીનો પ્રવાહ પણ ઓછો થવા લાગે છે અને લીવરના કાર્ય માટે જે એન્ઝાઈમ્સની જરૂર હોય છે તે પણ ઓછી કાર્યક્ષમતાથી કામ કરે છે. આ પરિવર્તનોનો અર્થ એ છે કે લીવર શરીરમાંથી દવાઓ અને બીજાં તત્ત્વો કાઢવામાં વધારે સમય લે છે. આ દરમ્યાન કોશ ઘટવાથી તથા ઓછા લોહી પરિભ્રમણથી લીવરના કદમાં પણ ઘટાડો થાય છે તેથી તે કચરો ગાળવાના કામમાં પણ ઉત્તમ કામ નથી કરતું. તેના પરિણામે ડિહાઈડ્રેશન થવાનો સંભવ વધે છે. કિડનીનું નબળું કામ, લોહીનું ઊંચું દબાણ, હૃદય રોગ અને સ્ટ્રોકમાં પરિણમી શકે છે અને અનિયંત્રિત ડાયાબિટીસ કિડનીના કામને નુકસાન પહોંચાડી શકે છે.

**પણ સારા સમાચાર** એ કહી શકાય કે આપણા લીવરની સતત સ્વસ્થ રહેવાની ક્ષમતા નોંધનીય છે. તેમાં પણ જો વ્યક્તિ આલ્કોહોલ ન લેતી હોય તો અથવા ન્યૂનતમ પ્રમાણમાં લેતી હોય, તો તો વધારે સારી છે. આપણા લીવરની જેમ કિડની તો કામ કરી શકતી નથી, પણ આ બે થોડાં પણ સ્વસ્થ હોય તેનો અર્થ એ કે વ્યક્તિ પાસે વધારાની શક્તિ તો છે જ. યોગ્ય કસરત, આહાર નિયંત્રણ અને જરૂર પડે તો, જરૂરી દવાથી લોહીના દબાણને જો નિયંત્રિત રાખી શકાય, તો તે કિડનીને બરાબર કામ કરવામાં મદદરૂપ થાય છે.

### ★ વાળ અને ચામડી :

સળ, ઉંમરના ડાઘા, સૂકાપણું અને પાતળી થતી ચામડી - આ બધાં ઉંમર વધવાનાં કેટલાંક દેખાઈ શકે તેવાં ચિહ્નો છે. પણ હકીકતે જેને એજિંગ-વૃદ્ધત્વ કહી શકાય તે તો ચામડી નીચે થાય છે. ચામડીમાં થતું પરિવર્તન સૂકાપણું, ખંજવાળ, ચરચરાટ અને ચેપનું જોખમ ઊભું કરી શકે છે. ખાસ કરીને મોમાં મ્યુક્સ મેમ્બ્રન્સમાં, યુરેથ્રામાં અને સ્ત્રીઓમાં યોનિમાં. ૫૦ની ઉંમર થતાં, કહેવાય છે કે અર્ધા કેકોસિયન પ્રદેશના લોકોના વાળ સફેદ થવા લાગે છે. આ સાથે માથાં પર, બગલમાં અને દુટી નીચે વાળનો વિકાસ પણ ઘટવા લાગે છે. અલબત્ત, ખાસ કરીને પુરુષોમાં - નાકમાં, કાનમાં અને ભ્રમર પર વધી પણ શકે છે. સ્ત્રીઓમાં એસ્ટ્રોજીન ઘટવાથી ચહેરા પર વાળ ઊગી પણ શકે છે.

**પણ સારા સમાચાર** એ કહી શકાય કે આધુનિક ચામડી અને વાળની પેદાશો આમાં મદદ કરી શકે છે. પણ ચામડીને સુંવાળી રાખવાનો અને વાળને પણ સરસ રાખવાનો ઉત્તમ ઉપાય – તે યોગ્ય આહાર લેવો, પુષ્કળ પાણી પીવું અને વધારે પડતો સૂર્યનો પ્રકાશ ટાળવો તે છે. અને, ઈચ્છો તો, ગમે તે હોય- સ્ત્રી કે પુરુષ વ્યક્તિ વાળને રંગી તો શકે જ છે.

### ★ અવાજ :

વ્યક્તિની કંઠનળીની કાર્ટીલેજો કડક થાય છે અને તેનાં સ્નાયુઓ નબળાં પડવા લાગે છે. તે વ્યક્તિના અવાજને શાંત અને ભારે બનાવી શકે છે. સ્ત્રીઓનો અવાજ નીચો થઈ શકે છે. પુરુષનો અવાજ ઊંચો થઈ શકે છે. ૬૫થી ઉપરના લોકોમાં પાંચમાંથી એક વ્યક્તિ તેમના અવાજની સમસ્યા અનુભવી શકે છે.

**પણ સારા સમાચાર** એ કહી શકાય કે અવાજની યોગ્ય તાલીમથી તથા ગાવાની પ્રેક્ટિસ કરવાથી ઉંમર આધારિત અવાજની સમસ્યાઓનાં પરિવર્તનોને ઓછાં કરી શકાય છે. (રોજ એક વાર દસ મિનિટ માટે મોટા અવાજે વાંચવું અથવા રેડિયો પર આવતાં ગીત સાથે ગાવું પણ એક ઉપાય છે.) અથવા સમૂહ ગીતમાં પણ જોડાઈ શકાય. તેમાં આનંદ પણ મળશે. નવા લોકોનો પરિચય પણ થશે અને અવાજને પણ લાભદાયી થશે. પણ હા, ચીસ પાડવી કે જોરથી બૂમ મારવી આવા પ્રયોગો ન કરવા. તે વોકલ કોર્ડને નુકસાન કરશે.

***(ક્રમશઃ)***

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

# વૃદ્ધત્વ : વૈજ્ઞાનિક અભિગમ

• ઇલા એમ. મેકવાન •

વૃદ્ધત્વ એ માનવજીવનનો અંતિમ તબક્કો છે. માણસ પોતાની જિંદગીના અગાઉના બન્ને તબક્કાઓ સ્વાભિમાનપૂર્વક વીતાવી ચૂક્યો હોય છે. વૃદ્ધત્વના આ તબક્કાને આધેડ અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. વૃદ્ધત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી જોવામાં આવે છે. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં વૃદ્ધત્વને વૈજ્ઞાનિક અભિગમથી જોવાની શરૂઆત થઈ. વૃદ્ધત્વને શરીરશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક, આર્થિક અને સામાજિક અભિગમથી જોવામાં આવે છે. દરેક માનવી માટે વૃદ્ધત્વ એ નિશ્ચિત અવસ્થા છે. પરંતુ વૃદ્ધત્વને સ્વાભાવિક સ્વીકૃતિ પ્રાપ્ત થતી નથી. સમાજના દરેક વર્ગમાં વૃદ્ધત્વને બોજારૂપ કે ઉપેક્ષિત ગણવામાં આવે છે. વૃદ્ધજનો અંગે ઘણી કહેવતો પ્રચલિત છે. જેવી કે ઘરડા ગાડાં વાળે, ઘરડા ડહાપણનું ઘર વગેરે...આ કહેવતો માત્ર સાહિત્ય પૂરતી સીમિત રહી ગઈ છે.

દેખીતી રીતે વૃદ્ધત્વની વ્યાખ્યા બહુ જ ટૂંકી છે. પરંતુ તેને વિસ્તૃત સ્વરૂપે અને વૈજ્ઞાનિક અભિગમથી જોવામાં આવે તો વૃદ્ધત્વ એ સામાન્ય રીતે ૬૦ વર્ષથી ઉપરની વય ધરાવતા વ્યક્તિ માટે અથવા તો વ્યક્તિની તે અવસ્થા માટે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. વૃદ્ધત્વ એ માત્ર શબ્દ ન રહેતા એક શારીરિક લાક્ષણિકતા બને છે. વયવૃદ્ધિની સાથે માનવ શરીરમાં થતાં શારીરિક પરિવર્તનો અને શારીરિક શક્તિઓમાં આવતી શિથિલતા અને કાર્યક્ષમતાનો અભાવ એ વૃદ્ધત્વની નિશાની છે. ભારતીય સમાજમાં ભારત સરકારની નીતિ અંતર્ગત વૃદ્ધત્વની ઉંમર ૬૦ વર્ષ પછી ગણાય છે અને તેને વૃદ્ધત્વ અંગેના સરકારી લાભો પ્રાપ્ત થાય છે.

જર્મન ચાન્સેલર ઓટો વાન બિસ્માર્કે દુનિયાની પ્રથમ સમાજ સુરક્ષા નીતિની સ્થાપના કરી જેમાં વૃદ્ધજનોને પેન્શન આપવાની જોગવાઈ કરવામાં આવેલ. આ બાબત સૂચવે છે કે તે સમયથી વૃદ્ધત્વને એક વૈજ્ઞાનિક અભિગમથી જોવામાં આવે છે. ત્યારથી માનવ જીવનના આ સ્તરને વૈજ્ઞાનિક રીતે મૂલવવાનું શરૂ થયું.

- **વૃદ્ધત્વની વ્યાખ્યા :**

વૃદ્ધત્વ માટે અલગ અલગ વિજ્ઞાન અલગ અલગ વ્યાખ્યા આપે છે. વસતિશાસ્ત્ર વધતી વયને વૃદ્ધત્વ ગણાવે છે. સરેરાશ મૃત્યુની વયના આધારે વૃદ્ધત્વની વય મર્યાદા નક્કી કરે છે. શરીરવિજ્ઞાન અને રોગ નિદાનશાસ્ત્ર વૃદ્ધત્વને શારીરિક વૃદ્ધિની સાથે સાથે વયવૃદ્ધિને લીધે થતી શારીરિક ક્ષમતાઓના ક્ષયની પ્રક્રિયાને વૃદ્ધત્વ ગણાવે છે. જર્નેટૉલૉજી વયવૃદ્ધિની સાથે ઘણા રોગો અને અક્ષમતાઓ ઉદ્ભવે તેને વૃદ્ધત્વ તરીકે ઓળખાવે છે. મનોવિજ્ઞાનના મતે વ્યક્તિની માનસિક ક્ષમતાઓ અને કાર્યક્ષમ નિર્ણય શક્તિનો અભાવ વૃદ્ધત્વની નિશાની છે. સમાજશાસ્ત્રીય અભિગમ પ્રમાણે વૃદ્ધત્વ સામાજિક દરજ્જામાં આવતા પરિવર્તનને લીધે ઉદ્ભવતી હતાશા અને સામાજિક અનુકૂલનમાં અનુભવાતી મુશ્કેલીને સૂચવતો ખ્યાલ છે.

- **વૃદ્ધત્વની લાક્ષણિકતાઓ :**

જ્યારે વ્યક્તિ વૃદ્ધાવસ્થા તરફ આગળ વધે છે ત્યારે તે જે શારીરિક લાક્ષણિકતાઓ અનુભવે છે ેને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય જે નીચે પ્રમાણે છે.

## (અ) શારીરિક લાક્ષણિકતાઓ

વયવૃદ્ધિને લીધે ૫૦ વર્ષની વય પછી વ્યક્તિ પોતાના શરીરમાં અમુક પ્રકારના બદલાવો અનુભવે છે. પહેલાની સરખામણીમાં શારીરિક ક્ષમતાઓ ઘટતી જતી હોય, અમુક પ્રકારનું શ્રમવાળું કાર્ય અશક્ય થવા લાગે, કામની ઝડપ અને સ્ફૂર્તિમાં ઘટાડો થાય. આવા લક્ષણો શારીરિક લક્ષણો તરીકે માનવ શરીરમાં ઉદ્ભવતા જોવા મળે છે. જે નીચેની ચર્ચાથી સારી રીતે સમજી શકાશે.

### (૧) હાડકાં અને સાંધાઓ

વૃદ્ધત્વ તરફ ગતિ કરતી વ્યક્તિના હાડકાંઓ પાતળા અને નબળા થવા લાગે છે. શરીરમાં કુદરતી રીતે ઉત્પન્ન થતું કેલ્શિયમ અને આયર્ન ઘટવા લાગે છે. આથી શરીરશાસ્ત્રીય સંશોધનોના આધારે જાણવા મળ્યું છે કે વૃદ્ધ વ્યક્તિના હાડકાંઓ નબળાં અને શિથિલ થઈ જાય છે. હલન ચલન કરવામાં પણ વ્યક્તિને મુશ્કેલી અનુભવાય છે. શરીરના હાડકાંઓના સાંધાઓ કાર્યક્ષમ રીતે કાર્ય કરી શકતા નથી. આથી સાંધાના દુખાવાઓ, બેસવા ઉઠવામાં થતી તકલીફો વગેરે લક્ષણો વૃદ્ધાવસ્થામાં વિકસતા જોવા મળે છે.

### (૨) શ્વાસોશ્વાસ અને દાંતની તકલીફ

સામાન્ય રીતે યુવાવસ્થા અને પ્રૌઢાવસ્થામાં વ્યક્તિનું શ્વસનતંત્ર જે રીતે કાર્ય કરતું હોય છે તે રીતે વૃદ્ધાવસ્થામાં કાર્ય કરી શકતું નથી. સામાન્ય રીતે યુવાવસ્થામાં વ્યક્તિ જે રીતે ઊંડા શ્વાસ લઈ શકે છે તે રીતે વૃદ્ધાવસ્થામાં તે શ્વાસ લઈ શકતો નથી. ફેફસાંઓની કાર્યક્ષમતાઓ પણ ઘટવા લાગે છે. આથી પૂરતા પ્રમાણમાં વ્યક્તિને ઑક્સિજન મળતું નથી. શ્વાસ ચઢવો, ચાલવામાં થાક લાગવો કે કોઈ શ્રમ સ્વરૂપનું કાર્ય કરવામાં

મુશ્કેલી અનુભવવી – આવા લક્ષણો શ્વાસોશ્વાસની પ્રક્રિયામાં નબળાઈ ઉદ્‌ભવતાં વ્યક્તિ મુશ્કેલી અનુભવે છે.

વૃદ્ધાવસ્થાની બીજી એક લાક્ષણિકતા તે દાંત છે. વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ પોતાના કુદરતી દાંત ગુમાવી દે છે. આથી વ્યક્તિને બોલવામાં તથા ખોરાક ચાવવામાં તકલીફ પડે છે. ખોરાક ખાતી વખતે ખોરાક બરોબર ન ચાવવાથી પાચનતંત્રની પ્રક્રિયા પર તેની અસર થતી હોય છે. વૃદ્ધ વ્યક્તિના દાંતની ઉણપના કારણે ખોરાકની પસંદગી પર પણ અસર થતી હોય છે.

### (૩) પાચનક્રિયા અને દૃષ્ટિ

દાંતના અભાવને લીધે અધકચરો ચવાયેલો ખોરાક જઠરમાં પૂરતા પ્રમાણમાં પાચન થઈ શકતો નથી. જઠર પૂરતા પ્રમાણમાં પાચક રસો ઉત્પન્ન કરી શકતું નથી. ખાધેલા ખોરાકમાંથી જઠરે જે પોષકતત્ત્વો છૂટાં પાડવા જોઈએ તે પાડી શકતું નથી. આથી પાચન ક્રિયામાં રહેલી ક્ષતિઓને લીધે ઉત્સર્ગ ક્રિયામાં પણ અવરોધ ઊભો થાય છે. કબજિયાત, ગેસ જેવી શારીરિક તકલીફો ઉદ્‌ભવે છે.

મોટી ઉંમરે દૃષ્ટિ નબળી પડે છે. આંખમાં મોતિયો આવે છે. દૂરના અને નજીકના ચશ્મા આવે છે તેમજ દૂરની વસ્તુને ઓળખવાની આંખથી જ તેની ઝડપ માપવાની ક્ષમતા ઘટે છે. આથી વૃદ્ધ વ્યક્તિ કોઈ પણ વસ્તુને ચશ્મા વિના જોઈ શકતી નથી. જે તેની કાર્યક્ષમતા પર અસર કરે છે.

### (૪) શ્રવણ શક્તિ ઘટવી

વયવૃદ્ધિની સાથે અન્ય ઇન્દ્રિયોની જેમ શ્રવણ શક્તિ પણ ઘટવા લાગે છે. વ્યક્તિ ઊંચા અવાજે બોલેલી વાત જ સાંભળી શકે છે અથવા એકથી વધારે વાર જ્યારે કહેવામાં આવે ત્યારે જ તે વાત સાંભળી શકે છે અને સમજી શકે છે. આથી ઘણીવાર પરિવારના સભ્યો કે આસપાસના લોકો વૃદ્ધજન પર ગુસ્સો કરે છે. પરંતુ આ પરિસ્થિતિ શારીરિક પરિસ્થિતિ હોવાથી વૃદ્ધ નિઃસહાય બની જાય છે.

### (૫) હૃદયની તકલીફ

વયવૃદ્ધિની સાથે વૃદ્ધ વ્યક્તિની હૃદયની ક્ષમતા પણ ઘટે છે. આથી રૂધિરાભિસરણ તંત્રની કાર્યક્ષમતા ઘટે છે. સામાન્ય રીતે યુવા વ્યક્તિનું રક્ત આવર્તન એક મિનિટમાં ૮૦ વાર થાય છે. જ્યારે વૃદ્ધાવસ્થામાં આ ઝડપ ઘટે છે. આથી શરીરમાં રક્ત પરિભ્રમણની પ્રક્રિયા ધીમી પડે છે જે શરીરના કોષોને નબળા બનાવે છે. ચામડીઓ પર કરચલી પડે છે અને નવા રક્તકણો બનવાની પ્રક્રિયા મંદ પડે છે. હૃદયનો જમણો ભાગ મોટો થાય છે જેથી પૂરતા પ્રમાણમાં રક્તનું દબાણ રહેતું નથી. મોટાભાગના વૃદ્ધજનોને ઉચ્ચ રક્તચાપ તથા નિમ્ન રક્તચાપની સામાન્ય તકલીફ જોવા મળે છે.

### (૬) ઊંઘ અને અવાજ

વૃદ્ધાવસ્થામાં વૃદ્ધ વ્યક્તિની ઊંઘનું પ્રમાણ ઘટવા લાગે છે. સરેરાશ એક પુખ્ત વયની વ્યક્તિ દરરોજ ૬ થી ૮ કલાકની ઊંઘ લેતો હોય છે જ્યારે વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ મહત્તમ ૩ થી ૪ કલાક જ ઊંઘ લઈ શકે છે. આથી ઊંઘ ઘટવાથી તેની શરીરના વિવિધ તંત્રો પર વિપરીત અસર પડે છે. લાંબો સમય ઊંઘી ન શકતા વૃદ્ધો ઘરના અન્ય સભ્યોને અડચણરૂપ બને છે. જેથી વૃદ્ધ વ્યક્તિ પરિવારમાં અપ્રિય બની જાય છે.

વયવૃદ્ધિ સાથે શ્વસનતંત્રમાં ઊભી થતી ખામીને લીધે તેમજ દાંત ન હોવાથી વૃદ્ધજનનાં અવાજમાં અને શબ્દોના ઉચ્ચારમાં અડચણ ઊભી થાય છે. અવાજ ધ્રૂજવા લાગે છે અને અસ્પષ્ટ ઉચ્ચારો થવા લાગે છે. જેથી અન્ય વ્યક્તિઓ સાથેના વાર્તાલાપમાં મુશ્કેલી સર્જાય છે. વૃદ્ધ વ્યક્તિ બોલતી વખતે તોતડાવા લાગે છે. આથી સામેની વ્યક્તિ તેની વાત પૂરતા પ્રમાણમાં સમજી શકતી નથી.

## (બ) માનસિક લક્ષણો

વયવૃદ્ધિને લીધે વ્યક્તિની માનસિક કાર્યક્ષમતાઓ પર તેની સીધી અસર થતી હોય છે. મોટાભાગના વૃદ્ધો જે શારીરિક મુશ્કેલીઓ અનુભવે છે તેના કરતાં પણ જે માનસિક મુશ્કેલીઓ અનુભવે છે તે તેઓ માટે વધારે ત્રાસદાયક હોય છે. વયવૃદ્ધિને લીધે વૃદ્ધો સતત અસલામતીની લાગણી અનુભવતા હોય છે. કાર્યક્ષમતામાંથી અકાર્યક્ષમતા તરફ જવાની જે પ્રક્રિયા થાય છે તેને પરિણામે એક તરફ કામ કરવાનો જુસ્સો હોય છે અને બીજી તરફ શારીરિક અક્ષમતા હોય છે. જે મનોદ્વંદ્વ ઊભો કરે છે. આથી વૃદ્ધાવસ્થા વિવિધ માનસિક પરિસ્થિતિઓને જન્માવે છે.

### (૧) આત્મવિશ્વાસમાં ઘટાડો :

વૃદ્ધ વ્યક્તિ ધીમે ધીમે પોતાનો આત્મવિશ્વાસ ગુમાવવા લાગે છે. શારીરિક ક્ષમતાઓ ક્ષીણ થવાને લીધે તેમજ નિર્ણય શક્તિ ઘટવાથી આત્મવિશ્વાસમાં ઘટાડો થાય છે. ચેતાતંત્ર ધીમું પડવાથી વ્યક્તિ કોઈપણ નિર્ણય ઝડપથી લઈ શકતી નથી. આથી વૃદ્ધ વ્યક્તિ પોતાના પરનો વિશ્વાસ ગુમાવવા લાગે છે. જે આત્મવિશ્વાસમાં ઘટાડો કરે છે.

### (૨) ભૂતકાળનું મમત્વ અને પુનરાવર્તન :

વૃદ્ધ વ્યક્તિ પોતાની ભૂતકાળની ઘટનાઓને યાદ કરતી રહે છે અને આસપાસના લોકોને એ સતત કહેતી રહે છે. આથી એકને એક વાતનું પુનરાવર્તન કરવાની તેઓને ટેવ પડી જાય છે. જે આસપાસના લોકો વચ્ચે વ્યક્તિને અપ્રિય બનાવી દે છે. આમ ભૂતકાળનું મમત્વ વૃદ્ધ વ્યક્તિ છોડી શકતી નથી. પોતાના પરિવારના સભ્યોની વર્તમાન પરિસ્થિતિને પોતાની ભૂતકાલીન પરિસ્થિતિ સાથે જોડીને તેના ઉદાહરણ આપ્યા કરે છે.

### (૩) સ્મૃતિલોપ :

વૃદ્ધ વ્યક્તિની યાદશક્તિ ઘટવા લાગે છે. આથી સ્મૃતિલોપની પરિસ્થિતિ ઊભી થાય છે. વૃદ્ધ વ્યક્તિ અવારનવાર

બધું ભૂલવા લાગે છે અને આ ભૂલવાની પ્રક્રિયાને લીધે વૃદ્ધ વ્યક્તિ આત્મવિશ્વાસ ગુમાવે છે. કુટુંબના સભ્યો પણ વૃદ્ધ વ્યક્તિની આ સ્મૃતિલોપની પરિસ્થિતિને લીધે તેઓ ઉપર વિશ્વાસ મુકતા નથી. આથી વૃદ્ધ વ્યક્તિ હીનતાની લાગણી અનુભવે છે. સ્મૃતિલોપ અને વિસ્મરણ એ વૃદ્ધાવસ્થા સાથે જોડાયેલી એક પરિસ્થિતિ છે. જે સામાન્ય રીતે ૮૦ વર્ષની ઉંમર પછી જોવા મળતી હોય છે.

## (ક) સામાજિક લાક્ષણિકતા :

વૃદ્ધાવસ્થા એ માત્ર શારીરિક, માનસિક પરિસ્થિતિ નથી પરંતુ એક સામાજિક પરિસ્થિતિ પણ છે. જિંદગીના છ દસકા સુધી જે વ્યક્તિ સ્વાભિમાન અને આત્મગૌરવપૂર્ણ રીતે જીવન જીવી હોય, જેમણે મહત્ત્વના નિર્ણયો પોતાની જાતે લીધા હોય તેવી વ્યક્તિ જીવનના અંતિમ તબક્કામાં બીજા ઉપર આધારિત બની જાય – આ પરિસ્થિતિ તેના માટે સહ્ય રહેતી નથી. વૃદ્ધાવસ્થા જેમ શારીરિક-માનસિક લાક્ષણિકતાઓ જન્માવે છે તેમ કેટલીક સામાજિક લાક્ષણિકતાઓ પણ જન્માવતી હોય છે.

### (૧) સામાજિક સમાયોજન

વૃદ્ધાવસ્થાએ પહોંચેલ વ્યક્તિએ સામાજિક સમાયોજન સાધવું પડે છે. લગભગ ચાર દસકા સુધી સંપૂર્ણપણે સ્વતંત્ર જીવન જીવેલ અને સ્વનિર્ણયથી દરેક કાર્ય કરેલ હોય તેવી વ્યક્તિએ અચાનક જ જીવનના બધા જ ક્ષેત્રોમાંથી નિવૃત્તિ લેવી પડે છે. ભારત જેવા પરંપરા પ્રધાન સમાજમાં જીવનના વિવિધ આશ્રમોના અંતિમ આશ્રમમાં તેણે સમાજ જીવનની બધી જ જવાબદારીઓથી મુક્ત થઈ જવું જોઈએ તેવી માન્યતા પ્રવર્તતી હોય ત્યાં વ્યક્તિએ ફરજિયાતપણે દરેક કાર્યમાંથી નિવૃત્તિ લેવી પડે છે. આથી સતત પ્રવૃત્તિમાં રહેલી વ્યક્તિએ ફરજિયાતપણે નિવૃત્ત થવું પડે છે. આ પરિસ્થિતિમાં સમાયોજન સાધવામાં વૃદ્ધ વ્યક્તિને તકલીફ પડે છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં કુટુંબમાં કમાતો વડીલ પુરુષ બધા જ નિર્ણયો લેવા માટે અધિકારી હોય છે. આથી નિવૃત્ત થયેલા વૃદ્ધને આ નિર્ણયોની ફક્ત જાણ કરવામાં આવે છે. તેઓને નિર્ણયમાં સહભાગી બનાવવામાં આવતા નથી. વૃદ્ધે કુટુંબની દરેક પરિસ્થિતિમાં સમાયોજન સાધવું પડે છે. આ પરિસ્થિતિ વૃદ્ધો માટે આકરી બને છે.

### (૨) દરજ્જો અને ભૂમિકા :

વૃદ્ધાવસ્થામાં પહોંચતાં જ વૃદ્ધ વ્યક્તિનો સામાજિક દરજ્જો બદલાય છે. વૃદ્ધ વ્યક્તિને વૃદ્ધાવસ્થામાં પહોંચતા જ માનભેર દરેક ભૂમિકાઓથી મુક્ત કરી દેવામાં આવે છે. વૃદ્ધો પરિવારમાં માત્ર તેમની ઉપસ્થિતિ જ નોંધાવતા હોય છે. એ સિવાયની દરેક ભૂમિકાઓમાંથી તેમને મુક્ત કરી દેવામાં આવે છે. કોઈપણ કામ હોય, કોઈ નિર્ણય લેવાનો હોય, કે કોઈ જવાબદારીઓ ઉઠાવવાની હોય, તો ત્યારે 'તમે આ ન કરી શકો' અથવા તો 'તમારાથી નહીં થાય' તેવું કહી તેઓને ભૂમિકા ભજવણીથી દૂર કરી દેવામાં આવે છે. 'હવે ભગવાનનું નામ લો,' 'કથા શ્રવણ કરવા જાઓ,' 'મંદિર જાઓ' આવા શબ્દો કહી વૃદ્ધોને તેઓની બિનઉપયોગિતા બતાવવામાં આવે છે. વૃદ્ધાવસ્થામાં આ ભૂમિકા બદલવાને લીધે વૃદ્ધો સતત મનોસંઘર્ષ અનુભવતા હોય છે.

### (૩) પેઢી અંતર (Generation Gap) :

વૃદ્ધો અને યુવા કુટુંબીજનો વચ્ચે બે પેઢી વચ્ચેનું સામાજિક અંતર ઊભું થાય છે. બન્નેની સામાજિક પરિસ્થિતિઓ ભિન્ન હોય છે. વૃદ્ધ સભ્યો પોતે જ્યારે યુવાવસ્થામાં હતા એટલે કે પોતાના સંતાનોની અવસ્થામાં હતા ત્યારે શું હતા, કેવી સામાજિક પરિસ્થિતિ હતી, કઈ પરિસ્થિતિમાં શું કરતાં અને કેવા સંઘર્ષો કરીને આગળ આવ્યા છે તે પોતાના સંતાનોને સતત કહ્યા કરે છે. જ્યારે યુવા પેઢીઓનો સમય ભિન્ન હોય છે. વૃદ્ધ જ્યારે યુવા હતા ત્યારે જે સમય અને પરિસ્થિતિ હતી તેમાં આજે પરિવર્તન આવ્યું છે. આથી બન્ને પેઢીની સમય અને પરિસ્થિતિ અંગેની સમજણ ભિન્ન હોય છે. આથી બે પેઢી વચ્ચેનું અંતર સંઘર્ષ જન્માવે છે. આ સંઘર્ષના પરિણામે આગળ જતાં બે પેઢી વચ્ચેનો સંવાદ જ અટકી જાય છે. જે વૃદ્ધો માટે કપરી પરિસ્થિતિ છે. ઘણા વૃદ્ધો પરિવારમાં જ એકલતાની અનુભૂતિ કરતા હોય છે.

### (૪) સામાજિક એકલતા :

સામાજિક પરિવર્તનને લીધે પરંપરાગત સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તૂટવા લાગી છે. તેના સ્થાને વિભક્ત કુટુંબો અસ્તિત્વમાં આવવા લાગ્યા છે. સંતાનો પુખ્ત થતાં અને નોકરી મળતાં માતા-પિતાથી અલગ થાય છે અથવા તો એક શહેરમાંથી બીજા શહેરમાં અથવા તો ગામડામાંથી શહેરમાં સ્થળાંતરિત થતાં માતા-પિતા પોતાના સ્થાનમાં એકલા પડી જાય છે. વૃદ્ધાવસ્થામાં આ એકલતા વૃદ્ધોને પીડે છે. વિભક્ત રહેતા પરિવારોમાં વૃદ્ધોની કાળજીનો મોટો પ્રશ્ન છે. દિવસે-દિવસે એકલા રહેતા વૃદ્ધોનું પ્રમાણ વધવા લાગ્યું છે. આથી તેના વિકલ્પ તરીકે વૃદ્ધાશ્રમો ખૂલવા લાગ્યા છે. જ્યાં વૃદ્ધોને તેની એકલતા દૂર કરનાર સાથીઓ મળે છે તેમજ તેની સારસંભાળ લેનાર લોકો પણ મળે છે. ઘણા કુટુંબોમાં વૃદ્ધો પરિવારમાં સાથે જ રહેતા હોવા છતાં તેઓ સાથે કુટુંબના અન્ય સભ્યો જરૂરિયાતથી વધારે વાતચીત કરતા નથી તેમજ તેઓ કોઈ બાબતમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે તો તેના તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. આથી વૃદ્ધો ઉપેક્ષિતતાની લાગણી અનુભવે છે અને તે એકલતામાં ધકેલાઈ જાય છે.

વૃદ્ધાવસ્થા શારીરિક, માનસિક અને સામાજિક રીતે વૃદ્ધોને સતત પીડતી પરિસ્થિતિ છે. વૃદ્ધાવસ્થામાં પહોંચતી દરેક વ્યક્તિ વૃદ્ધાવસ્થાથી ભયભીત થતી હોય છે. વૃદ્ધાવસ્થા એ અનિવાર્ય સત્ય છે છતાં પણ તે અનિચ્છનીય છે. કોઈ વ્યક્તિ પોતે વૃદ્ધ છે તેવું ઝડપથી સ્વીકારતી નથી. આથી વૃદ્ધાવસ્થામાં સામાજિક-માનસિક સમાયોજનના વિશેષ પ્રશ્નો ઉપસ્થિત થાય છે, જે માનવ જીવનમાં અનેક સમસ્યાઓ જન્માવે છે. ■

સમાજ ચિંતન

# સંબંધોના સથવારે : પાડોશી ધર્મ

● ઇલા કે. શાહ ●

ગત વર્ષની વિદાય સાથે નૂતન વર્ષનું આગમન થઈ ચૂક્યું. અવનવીન આશાનાં કિરણો સહિત સુપ્રભાતની શુભ શરૂઆત થઈ. સૌએ સગાં-સંબંધી, આડોશ-પાડોશ, મિત્રવર્તુળમાં રહીને આનંદનું આદાનપ્રદાન કર્યું હશે.

સુષ્પાબેનને અપરિચિત પાડોશી સાથે પરિચિત હોય તેવો અનુભવ થયો. નૂતન વર્ષથી જ પરોપકારી પાડોશીની પિછાન (ઓળખ) થઈ.

મિતેશભાઈની નોકરીની ટ્રાન્સફર એટલે કે બદલી બીજા અજાણ્યા શહેરમાં થઈ. હજી માંડ સેટીંગ થયું હતું. બે બાળકો દસ વર્ષનાં આર્ય અને પાંચ વર્ષનો શૌર્ય સાથે જ હતા. પાડોશી સાથે ખાસ ઓળખાણ થઈ નહોતી, ત્યાં જ એક વખત દિવાળીના પ્રથમ અઠવાડિયામાં જ રાત્રે બે વાગે ફોનની ઘંટડી રણકી... "હલો... કોણ સુષ્માબેન? મારે ભારે હૈયે પણ એક વાત જણાવવાની છે." એક ભાઈનો અવાજ હતો.

"હા, હું જ સુષ્મા. શું સમાચાર છે ભાઈ!?!" સુષ્માબેને ગભરાતાં પૂછ્યું.

બેન તમારા પતિનો એક્સિડેન્ટ થયો છે, હાલત ગંભીર છે. તમે જલ્દી પહોંચો. તેમ કહી ફોન નંબર તથા હોસ્પિટલનું એડ્રેસ આપી તે ભાઈએ ફોન મૂકી દીધો.

રાત્રિના બે વાગેલા. અજાણ્યું શહેર, અપરિચિત માણસો. સગા-વહાલાં દૂર. હવે શું કરવું? બે બાળકોને મૂકીને જવું કેવી રીતે? હિંમત એકઠી કરી. પ્રભુ સ્મરણ કરતાં માર્ગ સૂઝ્યો. આર્યને ભરોસે શૌર્યને મૂક્યો. વાત સમજાવીને તેઓ ગયા. જેમ તેમ કરી હોસ્પિટલ પહોંચ્યા. પતિને શોધી કાઢ્યા. તેઓ બેભાન હતા, ખૂબ વાગ્યું હતું. ઓપરેશનની તૈયારી ચાલતી હતી. ડૉક્ટર સાથે વાતચીત કરી લીધી.

આ બાજુ સવાર થતાં જ આર્યએ બારણું ખોલી બાજુમાં રહેતાં અંકલની ડોરબેલ દબાવી. અશોક અંકલ બહાર આવ્યા. કહ્યું, 'શું છે બેટા? કેમ ગભરાયેલો લાગે છે?'

'મારા પપ્પાને એક્સિડેન્ટ થયો છે. મમ્મી રાત્રે ત્યાં ગઈ છે. અમે એકલા છીએ. નજીકમાં કોઈ સગું નથી.' આર્યએ જણાવ્યું.

'અરે, રાત્રે જ અમને ઉઠાડ્યા હોત તો અમારી ગાડીમાં બેનને લઈ જાત. તમે ચિંતા ન કરો. આવો ચા-દૂધ નાસ્તો કરો. અમે મોબાઈલથી સંપર્ક કરી પહોંચી જઈશું. તને એડ્રેસ - નંબર આપ્યો હશે તો આપ.' પાડોશી અશોક અંકલે સાંત્વન આપ્યું.

'થેંક્યુ અંકલ.' કહીને થોડીવાર પછી ફોન નંબર, એડ્રેસ આપ્યા. ને તે પછી આન્ટી સુચિત્રાબહેને બાળકોને સંભાળી લીધા.

અશોકભાઈ મારફતે બીજા પાડોશીઓને ખબર પડી. તેથી બધા જ વારાફરતી સુષ્માબેનને હૂંફ મળે ને મદદરૂપ થવાય તે રીતે પહોંચી ગયા.

પાડોશી સાથે ગાઢ પરિચય ન હોવા છતાં સૌએ સુષ્માબેનનાં પરિવારને સાચવી લીધો. એકાદ મહિનો હોસ્પિટલ રહેવું પડ્યું. પરંતુ સુષ્માબેનને ઊની આંચ આવી નથી. સગાં કરતાં પાડોશીઓનો પ્રેમસભર સાથ મળ્યો.

તેમણે પાડોશી અશોકભાઈ - સુચિત્રાબેન, કિરીટભાઈ - કુસુમબેન તથા જયંતિભાઈ - યામિનીબેન સાથે પરિચય કેળવ્યો અને ખૂબ આભારવશ થતાં તેમની આંખોના ખૂણા ભીના બન્યા.

દરેકે પોતાની ફરજ છે તેમ કહી આભારનાં ભાર નીચે દટાવાની ના પાડી.

છેવટે, એક માસ બાદ હોસ્પિટલથી સહીસલામત તેમના પતિને ઘેર લઈ આવ્યા. ત્યારે સુચિત્રાબેને રસોઇ તૈયાર રાખેલી હતી. બાળકો આર્ય અને શૌર્યની પૂરતી કાળજી લીધી હતી. વળી ઘરમાં પણ સાફસૂફી કરાવી રાખી હતી.

સુષ્માબેન તો અચંબો પામી ગયા. ખૂબ જ નવાઈ લાગી. પહેલો સગો તે પાડોશીની પહેચાન થઈ. તેઓ બોલ્યા : "તમારાં જેવાં પાડોશી ન હોત તો મારા પતિ તથા બાળકોનું શું થાત? તમને કયા શબ્દોની ઉપમા આપું?!? હું ઋણ ક્યારે ચૂકવી શકીશ?" તેઓનું હૃદય દ્રવી ઉઠ્યું.

"અરે, આવા સમયે ઓળખ ન હોય તો પણ ફરજ ન ચૂકાય. બેન, અમે કાંઈ કર્યું નથી. માત્ર પડોશીધર્મ બજાવ્યો છે." સુચિત્રાબેને કહ્યું.

"મમ્મી, આ આન્ટીએ તો અમારો બધો ટાઈમ સાચવીને ચા-નાસ્તાથી જમવા સુધીની મહેનત કરી અમને પપ્પા-મમ્મીની ખોટ પડવા દીધી નથી. અંકલ પણ ખૂબ દોડાદોડી કરીને તને મદદરૂપ થયા છે. બંને ખૂબ પ્રેમાળ ને લાગણીવાળા છે. તેમને આપણે કદી ન ભૂલી શકીએ." આર્યા સમજાવતો હતો.

"હા દીકરા, ઘણીવાર તો પરિચિત પાડોશી પણ મોં ફેરવી

લેતા હોય છે. બાકી સાધારણ પરિચય કે અલ્પ ઓળખ બાદ આટલી હદ સુધી મદદરૂપ થાય તે તો ખરેખર પ્રશંસનીય ગણાય. પ્રભુએ પાડોશીનાં હૈયામાં જાણે પ્રવેશ કરીને દુઃખ દૂર કર્યું છે.'' મમ્મી સુષ્માબેને જણાવ્યું.

આ નવા વર્ષથી નક્કી કરીશ કે નવા પાડોશીને પરિચય કેળવી પોતાનાં બનાવવા. સંબંધોના સથવારામાં પાડોશી સાથેનો સંબંધ એક અગત્યનો ભાગ ભજવે છે. તે સૌને સમજાવીશ. જો કે પાડોશીઓમાં પણ પ્રકાર જોવા મળે છે. આનાથી વિરુદ્ધ પાડોશીની વાત ફરી કોઈવાર કહીશ, પણ તે પહેલાં નાનકડો પ્રસંગ જણાવી દઉં.

આજે લોકો પાડોશીધર્મ લગભગ ભૂલી રહ્યાં છે. પાડોશી આપણાં શૈશવકાળ દરમિયાન કે લગ્ન પછી બંધાયેલાં સંબંધો કે મિત્રોથી અલગ હોય છે. પાડોશી મિત્ર બને કે દુશ્મન તે તમારી વાણી, વર્તન અને સમજદારી પર આધારિત છે.

વધતાં જતા વિભક્ત પરિવારોમાં દરેક તહેવાર વખતે પરિવારનાં સૌ સભ્યો ભેગાં થાય એ શક્ય નથી. આવાં સમયે પહેલાં જેની સાથે ખુશીઓની વહેંચણી કરી શકાય તે છે પાડોશી.

સુમિબેનના પાડોશમાં એક વૃદ્ધ દંપતિ રહે છે. તેમનાં દીકરાઓ પરદેશમાં વસતા હોવાથી તેઓ એકલતા અનુભવે. પણ સુમિબેનના પરિવારના દરેક સભ્યો નાનાં-મોટાં તહેવારોમાં એમને પગે લાગવા જતા. અવારનવાર હળીમળીને ખાતાં-પીતાં ને આનંદ કરતા. તેથી તેઓને દીકરાની ખોટ ન સાલે. સંબંધ ગાઢ થતો ગયો.

સુમિબેનના પરિવારની પુત્રવધૂની પહેલી ડિલીવરી આવી. તે વખતે શું કરવું? કેવી રીતે કરવું? તે કોઈને વિચારવાની જરૂર ન રહી. પાડોશી આ દાદીમાએ સૌને નિશ્ચિંત બનાવી જવાબદારી લઈ લીધી.

સારાં સંબંધો હંમેશાં કારગત નીવડે છે. આજ રીતે કૃપાબેનની વાત કરું તો તેઓ સર્વિસ કરે છે. ઑફિસમાં લંચ સમયે તેમની દીકરીને સ્કૂલેથી લઈ આવે છે. ઘેર લાવી જમાડીને પાછી કેર સેન્ટરમાં મૂકી દે છે.

પરંતુ ક્યારેક એવું બને કે ટાઈમ ન હોય ત્યારે પાડોશમાં રહેતા શુચિબેનને ફોન કરીને જણાવી દે છે ને સ્કૂલેથી લેવા માટે કહે છે. સારાં સંબંધોને લીધે તેમનું કામ પાર પડે છે. નોકરિયાત મહિલાઓને માટે કેટલી રાહત રહે છે! એ તો કૃપાબેન જેવી મહિલાઓ જ સમજી શકે!?!

સુખ-દુઃખમાં સામેલ થનારને સામાજિક પરિવારને વધારનાર એવાં પાડોશીઓ સાથે પ્રેમભર્યો સંબંધ જરૂર રાખજો.

પરિવાર

# સાચા અર્થમાં માતા-પિતા બનીએ : (3)

• ડૉ. મણિલાલ ગડા - મનોચિકિત્સક, ડૉ. દિપ્તી શાહ (ગડા) - મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક •

'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૧૬ના અંકમાં આપણે જાણ્યું કે બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતા-પિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતા-પિતાના સ્વભાવ અને વલણમાંના ત્રણ મહત્ત્વના મુદ્દાઓ વિશે જાણકારી મેળવી : (૧) બાળક માટે સમય ફાળવવો (Time), (૨) ગુણવત્તાભર્યો સમય (Quality Time), (૩) સલામતી (Security).

*આ લેખમાં અન્ય મુદ્દાઓની છણાવટ કરીએ.*

## ૪. પોતાનું કાર્ય બાળક જાતે કરી લે :

ઉંમર પ્રમાણે બાળક પોતાનાં કાર્યો જાતે કરી લે એ માટે માતા-પિતાએ તાલીમ આપવી જોઈએ. બાળક પાસેથી એનાં કાર્યો કરવા માટે શરૂઆતમાં મદદ કરો. બાળકને કામ કરવા દો. એ ન કરી શકે તો જે ભાગ ન કરી શકે એ પૂરતી મદદ કરો. આથી બાળકને પોતાનાં કાર્યો જાતે કરી લેવાની ટેવ પડશે. શરૂઆતમાં બાળકને આ કાર્યો કરવા સમય લાગશે પરંતુ થોડા સમયમાં બાળક જાતે આ કાર્યો વ્યવસ્થિતપણે કરી લેશે. **આ માટે માતા-પિતામાં ધીરજ હોવી જરૂરી છે.** આ કાર્યો બાળક કરે ત્યારે બાળકને શારીરિક નુકસાન ન થાય, વાગે નહીં એનું ધ્યાન રાખવું જરૂરી છે. પોતાનાં કાર્યો જાતે કરવાથી **બાળકમાં આત્મવિશ્વાસ વધે છે.**

બાળકને જાતે કામ કરવામાં સમય વધારે લાગે છે. માતા-પિતામાં આ માટેની ધીરજ નથી હોતી. એટલે માતા-પિતા જાતે બાળકનું કામ કરી આપે છે. માતા-પિતાનો તત્પૂરતો સમય બચી જાય છે પણ લાંબાગાળે માતા-પિતાના આ વલણથી બાળકનું નુકસાન થાય છે. બાળક પોતાનાં દરેક કાર્યો માટે માતા-પિતા પર આધાર રાખતું થઈ જાય છે (Depending on Parents). દા.ત. **બાળક જાતે જમી લે.** શરૂઆતમાં બાળકને પોતાની જાતે જમવામાં સમય વધારે લાગશે, પોતાને ગંદું કરશે, કપડાં કદાચ ગંદાં કરશે. જો મમ્મી જમાડી આપે તો જમવાનું (એક કામ) ઝડપથી પતી જશે, બાળક ગંદું નહીં થાય. કદાચ એક કે બે રોટલી વધારે ખાશે. આ કારણથી મમ્મી કે વડીલો બાળકને જમાડી આપે છે. પરંતુ આ વલણથી બાળક વડીલો પર અવલંબિત રહે છે, સ્વતંત્ર રીતે પોતાનાં કાર્યો કરવાનું વલણ (attitude) આવતું નથી. ધીમે ધીમે બાળકને તાલીમ આપવાથી બાળક વ્યવસ્થિત રીતે પોતે જમી લેશે. જેનાથી એનો આત્મવિશ્વાસ વધશે. એને એકલા કોઈ મિત્ર કે સગાંવહાલાંના ઘરે રહેવું હશે તો સ્વતંત્ર રીતે જઈ શકશે. જેના લીધે એ બાળક વિષેની એક છબી ઊભી થશે કે આ બાળક શિસ્તબદ્ધ છે. જેથી એના વ્યક્તિત્વનું (Personality Development) ઘડતર થશે.

ઉંમર પ્રમાણે બાળક પોતાનાં કાર્યો કરી લે. સ્નાન જાતે કરી લે, કપડાં પહેરી લે, શર્ટનાં બટન બંધ કરી લે, શૂઝ પહેરી લે, શૂઝની દોરી બાંધી લે, ટાઈમ ટેબલ પ્રમાણે પાઠ્ય પુસ્તકો તથા નોટબુક્સ ગોઠવી લે, દફ્તર ગોઠવી લે અને એ પ્રમાણે સ્કૂલે લઈ જાય. સ્કૂલેથી આવીને પુસ્તકો જગ્યા પર વ્યવસ્થિત મૂકી દે વગેરે.

આમ કરવાથી એનો આત્મવિશ્વાસ વધશે તથા પોતાની જવાબદારી સમજશે. વ્યક્તિત્વના વિકાસના આ પાયાના ગુણો છે જે માતા-પિતાની યોગ્ય માવજતથી વિકાસ પામશે.

## ૫. "ના" પાડતાં શીખો (Learn to say "NO")

બાળકની હંમેશાં માંગણીઓ હોય છે અને બાળક જાતજાતની માંગણીઓ કરતું જ હોય છે. જે કાંઈપણ નવું જુએ એ વસ્તુ બાળકને પોતાના માટે જોઈતી હોય છે. નવું રમકડું જુએ એટલે એ એને ખરીદવું હોય છે. માર્કેટમાં નવાં નવાં રમકડાં આવતાં જ હોય છે. ઈલેક્ટ્રોનિક રમકડાં તો નિત નવાં આવે છે. બાળકના મિત્ર પાસે રમકડું હોય પણ પોતાની પાસે ન હોય તો એ રમકડું એને ખરીદવું હોય છે. બાળકની એક માંગણી પૂરી કરો એટલે બીજી માંગણી તો ઊભી જ હોય છે. એક વડીલ ના પાડે તો બીજા વડીલ પાસે માંગણી થાય છે. માતા ના પાડે તો બાળક પિતા માસે માંગણી કરે છે. એ બંને ના પાડે તો દાદા-દાદી, નાના-નાની કે અન્ય વડીલો પાસે માંગણી કરે છે.

(૧) બાળક હોશિયાર છે. એને ખબર હોય છે કે **કયા વડીલ એની માંગણીઓ પૂરી કરશે.** એટલે એ વડીલો પાસે જ એ માંગશે. (૨) બાળકને એ પણ સમજ હોય છે કે કયા સમયે માંગણી કરવી. પિતા થાકીને ઘરે આવ્યા હોય ત્યારે કે ઘરમાં સગાવહાલાં કે મહેમાનની હાજરીમાં માંગણી કરવી. જેથી માતા-પિતા કે વડીલો ના ન પાડી શકે. (emotional blackmailing).

માતા-પિતા તથા વડીલોએ બાળકની **અયોગ્ય તથા બિનજરૂરી માંગણીઓ પૂરી ન કરવી જોઈએ. મક્કમતાથી ના પાડવી જોઈએ.** કોઈપણ એક વડીલ ના પાડે ત્યારે બીજા બધા જ વડીલોએ ના પાડવી જોઈએ. એક વડીલને જો ખબર ન હોય તો બાળકને સમજાવીને કહેવું જોઈએ કે બીજા વડીલ જોડે સલાહ મસલત કરીને જવાબ આપીશ. હા કે ના ત્યારબાદ

જ કહેવી. માતા, પિતા કે અન્ય વડીલોમાં બાળક વિશે વિચારો કે વર્તણૂકમાં મતભેદ ન હોવો જોઈએ. જો કોઈ બાબતમાં મતભેદ હોય તો **બાળકની ગેરહાજરીમાં આપસમાં ચર્ચા કરી એક નિર્ણય પર આવવું** ખૂબ જ અગત્યનું છે. ત્યારબાદ નક્કી કર્યા પ્રમાણેનું વલણ માતા, પિતા તથા દરેક વડીલોએ મક્કમતાથી અપનાવવું અગત્યનું છે.

ના પાડવાને લીધે શરૂઆતમાં બાળક હતાશ થશે, એને ગુસ્સો આવશે, કોઈક બાળક ધાંધલ ધમાલ કરશે, જમવાનું બંધ કરશે કે નહીં જમે વગેરે. બાળક પોતાની રીતે બધો જ પ્રયત્ન કરશે માતા-પિતા કે વડીલોને મનાવવા માટે. જેથી કરીને પોતાની માંગણી પૂરી થાય. લાગણીશીલ વડીલની લાગણી દુભાવશે (Emotional blackmailing). આ પરિસ્થિતિમાં **માતા-પિતા તથા વડીલોએ મક્કમ વલણ અપનાવવું જરૂરી છે. ગુસ્સે થયા વગર,** શાંતિથી પરંતુ મક્કમતાથી ના પાડવી અગત્યની છે જેથી બાળકને સમજાય કે માતા-પિતા કે અન્ય વડીલો એની માંગણી પૂરી નહીં કરે.

ના પાડવાથી અને પોતાનું ધાર્યું ન થાય એ સંજોગો કે પરિસ્થિતિનો સામનો કરવાની આદત કે વલણ બાળકમાં ધીમે ધીમે આવતું જશે. બાળકની સહનશક્તિ વધશે. હતાશાની લાગણી પર કાબૂ મેળવતાં શીખશે. આવેગ પર કાબૂ મેળવશે. બાળકના વ્યક્તિત્વમાં આ એક જમા પાસું બનશે જે ભવિષ્યમાં બાળક માટે ઢાલરૂપી કામ આવશે. બાળક પરિપક્વ (Matured) વ્યક્તિત્વ ધરાવશે અને પુખ્તવયે પરિપક્વ વ્યક્તિત્વ ધરાવશે અને સફળતાની કેડીઓ પર ચાલશે.

### ૬. અન્ય બાળકો જોડે સરખામણી ટાળો (No Comparison) :

માતા-પિતા તથા વડીલો પોતાના બાળકની સરખામણી અન્ય બાળકો જોડે કરતાં જ હોય છે. બાળકની સરખામણી હંમેશાં એનાથી ચડિયાતા કે વધારે હોશિયાર બાળક જોડે જ થતી હોય છે. “જો આ બાળક ભણવામાં કેટલો હોંશિયાર છે. તું એની જેમ ભણ અને વધારે માર્ક્સ મેળવ.” “તારાં નાના ભાઈ/બહેન ભણવામાં આગળ છે, તારાથી સ્માર્ટ છે. એમની પાસેથી કાંઈક શીખ.”

આ સરખામણી નિરર્થક છે. આ અયોગ્ય છે. માતા-પિતા કે વડીલો આ પ્રકારની સરખામણી કરી બાળકના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે. આડકતરી રીતે બાળકનું અપમાન કરે છે.

આ જ બાળક જો પોતાના માતા-પિતાની કે વડીલોની સરખામણી એમનાથી આગળ રહેલી વ્યક્તિ જોડે કરશે, મૂકેશ અંબાણી જોડે કરશે, રાજકીય નેતા, રાજ્યના પ્રધાન કે મંત્રી જોડે કરશે, માતાની સરખામણી રસોઈમાં બાજુની આન્ટી જોડે કરશે તો માતા-પિતાને કેવું લાગશે? બાળકનો પણ હેતુ સારો છે કે માતા-પિતા કે વડીલો આગળ આવે.

માતા-પિતા અને વડીલોનો હેતુ હોય છે કે બાળક અભ્યાસમાં આગળ આવે. પરંતુ કહેવાની રીત અયોગ્ય છે. **પદ્ધતિ અયોગ્ય છે, નકારાત્મક છે.**

બાળકને કહી શકાય કે “બેટા, તું મહેનત કરે છે એ યોગ્ય છે પરંતુ થોડીક વધારે મહેનત કરીશ તો પરિણામ સારું આવશે.” આમાં માતા-પિતા બાળકના કરેલા કાર્યની / મહેનતની નોંધ લે છે તથા હકારાત્મક પદ્ધતિથી પ્રોત્સાહન આપે છે.

અન્ય મુદ્દાઓની છણાવટ હવે પછીના લેખમાં કરશું.

*(ક્રમશઃ)*

## ઇન્ટરનેટ સ્પીડ-૨૦૧૬ના લેખાજોખા

ઈન્ટરનેટનો ઉપયોગ કરતી વખતે સૌથી મહત્ત્વનું છે તેની સ્પીડ. દુનિયામાં સૌથી ફાસ્ટ ઈન્ટરનેટ સાઉથ કોરિયામાં છે. જ્યાં એવરેજ ૨૬.૭ MBPS ની સ્પીડ મળે છે. જ્યારે ચીનમાં ૬.૭ અને ભારતમાં ૩.૭ MBPS છે. સમગ્ર દુનિયાની સરેરાશ સ્પીડ ૫.૬ MBPS છે.

### ૧ મિનિટમાં ઇન્ટરનેટ પર થતા ગ્લોબલ ઇન્ટરએક્શન

★ યુ-ટ્યુબ પર ૪ લાખ લોકો ઓનલાઈન વીડિયો જુએ છે.
★ વૉટ્સએપ પર ૪૫ કરોડ મેસેજ સેન્ડ થાય છે.
★ ટ્વીટર પર ૪.૨૨ લાખ ટ્વીટ પોસ્ટ થાય છે.
★ ફેસબુક પર ૭ લાખ લોગ-ઈન અને ૩૩ લાખ પોસ્ટ થાય છે.
★ ગૂગલ પર ૩૨.૪૦ લાખ સર્ચ થાય છે.
★ ૨૦ કરોડ જેટલા ઇ-મેઈલ થાય છે.
★ સ્કાઈપી પર ૨૩૯૫ વીડિયો કોલ થાય છે.
★ ઈન્સ્ટાગ્રામ પર ૫૫ હજાર ફોટો અપલોડ થાય છે.
★ વર્ડપ્રેસ પર ૧૨૧૨ પોસ્ટ થાય છે.
★ ટમ્બલર પર ૧૨૦૦ પોસ્ટ થાય છે.
★ ઈન્ટરનેટ પર પ્રતિ મિનિટ ૨૪ લાખ જીબી જેટલો ટ્રાફિક રહે છે.
★ દર મિનિટે સરેરાશ ૨૧ જેટલી વેબસાઈટ હેક થાય છે.

*પ્રેષક : દિનેશચંદ્ર જે. શાહ - અમદાવાદ*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

શિક્ષણ

# શિક્ષણ અને સામાજિક મૂલ્યો

• અનિલ લકુમ •

## • પ્રસ્તાવના :

વ્યક્તિનો જન્મ કુટુંબમાં થાય છે. કુટુંબમાં જન્મ્યા પછી કુદરતી ક્રમ પ્રમાણે વિકાસ થાય છે. બાલ્યકાળથી વિકસતા સમાજની અન્ય વ્યક્તિઓ સાથે સંપર્કમાં આવે છે. સમાજની મહત્ત્વની સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા તેના વર્તન, ભાષા, સંસ્કાર, આચાર-વિચાર, મૂલ્યો, ટેવો વગેરે કેળવાય છે. કુટુંબ, પડોશ, મિત્રજૂથના સંપર્કમાં આવ્યા પછી શાળામાં પ્રવેશ મેળવે છે. શાળા-કોલેજમાં પોતાના કુટુંબ સિવાય અન્ય જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાયના બાળકો - વિદ્યાર્થીઓ સાથે સંબંધોથી જોડાય છે. આમ શાળા-કોલેજોમાં આવ્યા બાદ અનેક ફેરફારો પરિવર્તનો તેનામાં આવે છે. શાળા-કોલેજ દરમ્યાન મેળવેલા અનુભવો અને શિક્ષણ તેના જીવનનું ઘડતર કરે છે. જો સામાજિક મૂલ્યો આધારિત શિક્ષણ મળ્યું હોય તો જીવનનું સાચું ઘડતર થાય છે. અન્યથા તેનામાં અનેક વિકૃતિઓ અને મર્યાદાઓ જન્મે છે. શિક્ષણ સાથે સંકળાયેલા બધા જ લોકો સામાજિક મૂલ્યોને માનવસમાજ અને માવનજીવન માટે મહત્ત્વના ગણે છે.

ભારત દેશના બંધારણમાં જે સામાજિક મૂલ્યોનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તે સામાજિક મૂલ્યો અને માનવીય અધિકારોને કેન્દ્રમાં રાખી શિક્ષણ સંસ્થાઓમાં તે મૂલ્યોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. મૂલ્યો આધારિત શિક્ષણ સમાજ અને રાષ્ટ્ર માટે અનિવાર્ય છે તેવું માનવામાં આવે છે. દેશમાં શાળા અને કોલેજોમાં મૂલ્યો આધારિત શિક્ષણ દાખલ કરી દીધું છે, પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે મૂલ્ય આધારિત શિક્ષણ અપાય છે ખરું?

## • મૂલ્ય શિક્ષણ :

દેશનાં બાળકો અને ભાવિ નાગરિકોમાં ઉચ્ચ માનવીય મૂલ્યોનો વિકાસ થાય તેને મૂલ્ય આધારિત શિક્ષણ કહેવામાં આવે છે. દા.ત. રાષ્ટ્રીય ભાવના અને એકતા, સમાનતા, માનવતા, પ્રામાણિકતા, સર્વધર્મ સમભાવ, પ્રેમ-કરુણા, બંધુત્વ, ન્યાય, નિષ્ઠા, સેવા, મદદ વગેરે.

## • મહાત્મા ગાંધીજી :

જે શિક્ષણથી મનુષ્યના શરીર, મન અને આત્માના માનવીય ગુણોનો સર્વાંગી વિકાસ થાય તે મૂલ્ય પ્રેરિત શિક્ષણ કહેવાય.

સામાજિક સંસ્થાઓમાં શિક્ષણ મહત્ત્વની સામાજિક સંસ્થા છે. શિક્ષણ વ્યક્તિને સમાજ સાથે સમાયોજન સાધવામાં મદદરૂપ બને છે. મૂલ્યો આધારિત શિક્ષણ સાચા નાગરિકો બનાવવા સક્ષમ હોય છે.

## • વાસ્તવિકતા :

સૈદ્ધાંતિક અને બંધારણીય રીતે આપણી શિક્ષણ પ્રણાલિકા મૂલ્ય-શિક્ષણ આધારિત છે. પરંતુ વિચિત્રતા અને વિરોધાભાસ એ છે કે ભારતીય સમાજનાં તમામ ક્ષેત્રોમાં મૂલ્યોની કટોકટી અથવા મૂલ્યોનું અધઃપતન થઈ રહ્યું છે. સમાજનાં તમામ ક્ષેત્રોમાં વ્યાપક ભ્રષ્ટાચાર પ્રવર્તે છે, જે મૂલ્યો માટે પડકારરૂપ છે. કહેવાતો શિક્ષિત-ભદ્રવર્ગ પણ આમાં સામેલ છે. સમાજ માટે જે રોલમોડેલ હોય તે જ મૂલ્યો વગરનો હોય તો નવી પેઢી પાસે મૂલ્યો અનુસરવાની કે આત્મસાત્ કરવાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય? પ્રૉફેસરો, શિક્ષકો, વકીલો, ડૉક્ટરો, એન્જિનિયરો, વહીવટી અધિકારીઓ, રાજકીય નેતાઓ, ધાર્મિક સંતો, મહંતો વગેરે દેશના સાચા નાગરિક બનવા સક્ષમ હોતા નથી. મૂલ્યો આધારિત શિક્ષણ જ દેશને સારા-સાચા નાગરિકો તૈયાર કરી આપે છે.

## • મૂલ્યો આધારિત શિક્ષણ :

વર્તમાન સમયમાં ભારતીય શિક્ષણ અને શિક્ષણ પ્રણાલી સામે અનેક પડકારો છે. આમાં સુધારા કરવા અંગે અનેક કેળવણીકારોએ પોતાના અભિપ્રાયો રજૂ કર્યા છે. સમગ્ર દેશમાં શૈક્ષણિક સુધારાઓ અંગે વિચારવાનું શરૂ થઈ ચૂક્યું છે. દેશની અને રાજ્ય સરકારોએ આ દિશામાં કેટલાક સ્વૈચ્છિક પ્રયોગો પણ અમલમાં મૂક્યાં છે.

## • રાષ્ટ્રીય ભાવના અને એકતા :

દેશના નાગરિકોમાં માનવીય ગુણો અને મૂલ્યો બાળપણથી શિક્ષણ દ્વારા બાળકોમાં રોપવામાં આવે તે જરૂરી છે. દેશના નાગરિક તરીકે મહત્ત્વના સામાજિક અને શૈક્ષણિક મૂલ્યોનું આંતરિકીકરણ થવું જોઈએ. સરકારી પાઠ્યપુસ્તકોની શરૂઆતમાં "ભારત મારો દેશ છે, બધાં ભારતીયો મારા ભાઈ-બહેન છે" આ સંદેશ-વિચાર પ્રકાશિત કરવામાં આવે અને તેનો ઉપયોગ શિક્ષકો, મા-બાપ કરે તો જ બાળકોમાં રાષ્ટ્રભાવના અને રાષ્ટ્ર પ્રેમ વિકસે. બાળકોમાં કુટુંબ અને શાળા દ્વારા આવા મૂલ્યોનું આંતરિકીકરણ કરવાનો પ્રારંભ થવો જોઈએ. રાષ્ટ્રીયભાવના અને રાષ્ટ્રપ્રેમના મૂલ્યનું આંતરિકીકરણ થશે તો દેશના લોકો સંકુચિતતા છોડી જ્ઞાતિ અને ધર્મથી પર થશે અને રાષ્ટ્રીય એકતાનું નિર્માણ થશે.

- **સંવેદનશીલતા :**

પ્રવર્તમાન સમયમાં સમાજમાં માનવીય સંવેદનશીલતા ઘટતી જાય છે. માનવી કઠોર, હિંસક અને દયાહીન બને તે અયોગ્ય છે. આવતી નવી પેઢીઓમાં માનવીય સંવેદનશીલતા ઊભી થાય તે જરૂરી છે. મૂલ્ય આધારિત શિક્ષણ સંવેદનશીલ નાગરિકો તૈયાર કરે છે. આ માટે મહાત્મા ગાંધી પ્રેરિત 'આશ્રમ ભજનાવલી' નાં ભજનો સમાજમાં વધુને વધુ ગુંજતા કરવાની આવશ્યકતા છે. દરેક પાઠ્યપુસ્તકના પ્રારંભે નરસિંહ મહેતા રચિત "વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે" પ્રાર્થનાને મુદ્રિત કરવી જરૂરી છે. માનવીય સંવેદનશીલતાવાળાં ભજનો અને પ્રાર્થના વાસ્તવમાં માનવી કેવો હોવો જોઈએ તે રજૂ કરે છે. આચાર વિચારની મૂલ્ય વ્યવસ્થા કેવી હોવી જોઈએ તેનો આ સરળ ઉપાય છે.

- **સર્વધર્મ સમભાવ :**

દેશમાં સમયાંતરે કોમી સંઘર્ષો થતાં રહ્યા છે. તેનું કારણ સર્વધર્મ સમભાવનું મૂલ્ય સમાજમાં સ્થાપિત કરવાનો નિરુત્સાહ છે. હિન્દુ-મુસ્લિમ અને અન્ય ધર્મના એકતાના અનેક પ્રસંગો અને પ્રતીકો હાજર હોવા છતાં શિક્ષણમાં તેને યોગ્ય સ્થાન મળ્યું નથી. સર્વધર્મ સમભાવ અને બંધુત્વનાં ઉદાહરણો આપણા પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ કરવા જોઈએ. પ્રત્યેક ધર્મના વિદ્યાર્થીને અન્ય ધર્મનાં ધર્મસ્થાનો, સંસ્કૃતિ, આધ્યાત્મિક વિચારો, ધર્મગ્રંથો વગેરેનો પરિચય અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવે તો મૂલ્ય શિક્ષણની સાચી શરૂઆત થાય. રાષ્ટ્રીય ભાવના અને એકતા વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં આત્મસાત્ કરાવવામાં આવે તો દેશની ઊગતી પેઢીમાં સર્વધર્મ સમભાવ પ્રબળ બને છે.

- **સમાનતા :**

શૈક્ષણિક સંસ્થામાં સાથે ભણતા વિદ્યાર્થીઓમાં જ્ઞાતિ, ધર્મ અને સામાજિક-આર્થિક દરજ્જા વગેરેના તફાવતો હોય છે. આ તફાવતો અસહિષ્ણુતા ન જન્માવે તે પ્રકારનું મૂલ્ય - શિક્ષણ અભ્યાસક્રમમાં દાખલ કરવું જોઈએ. ધર્મ, જ્ઞાતિ કે અનામતપ્રથાના નામે વિરોધો અને ઘર્ષણો ન થાય તેના માટે વિદ્યાર્થીઓમાં તંદુરસ્ત ચર્ચા થવી જોઈએ. યોગ્ય અને સાચી જાણકારી મળવાથી સમભાવ વિકસે છે. દેશના બંધારણમાં સમાનતાનું મલ્ય અગ્રસ્થાને છે. દેશના નાગરિક તરીકે બધા જ સમાન છે. ભેદભાવનો છેદ ઉડાડી દીધો છે. બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યોની માહિતી-જાણકારી ભિન્ન જ્ઞાતિ અને ધર્મના વિદ્યાર્થીઓને મળવાથી એકબીજા પ્રત્યે આદરભાવ વિકસે છે.

- **સ્ત્રી-પુરુષ સમાનતા :**

દેશના બધા નાગરિકોનો સર્વાંગી વિકાસ થાય અને રાષ્ટ્રીય પ્રવાહમાં અને વિચારધારામાં બધા ઓતપ્રોત થાય તેના માટે સ્ત્રી શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સ્વતંત્ર ભારતના બંધારણ દ્વારા સ્ત્રી અને પુરુષ સમાનતાના મૂલ્યને સ્થાપિત કરવા અને લોકશાહી સમાજમાં એક જવાબદાર નાગરિક તરીકે દેશની પ્રગતિમાં પુરુષની સાથે સ્ત્રી શિક્ષણ ઉપર ભાર મુકાયો છે. માનવ, સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ અગત્યનું પરિબળ છે જે જાતિભેદ દૂર કરવા માટે મદદરૂપ થઈ શકે છે. રાષ્ટ્રના નિર્માણ અને પુનઃનિર્માણમાં સ્ત્રી અને પુરુષ બન્નેનું યોગદાન રહેલું છે. જો એમાંથી કોઈ એક વર્ગ શિક્ષણના ક્ષેત્રમાં પાછળ રહી જાય તો રાષ્ટ્રનું યોગ્ય નિર્માણ થઈ શકે નહિ. શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થિનીઓ (યુવતીઓ) પોતાને સલામત અનુભવ કરે તે માટે વિદ્યાર્થીઓ (યુવકો) માં સ્ત્રી દાક્ષિણ્ય અને સ્ત્રી-પુરુષ સમાનતાની વિચારધારા સ્વીકૃત બને તે જરૂરી છે.

- **વિકલાંગો :**

દેશમાં અનેક શારીરિક અને માનસિક રીતે વિકલાંગ વિદ્યાર્થીઓ કાં તો સાથે ભણતા હોય છે અથવા પડોશમા રહેતા હોય છે. તેઓની કુદરતી મર્યાદાઓને ધ્યાનમાં રાખી માનવીય અભિગમ અપનાવી તેમની સાથે સમાનતાભર્યું અને મદદરૂપ વર્તન અને વ્યવહાર થાય તે જરૂરી છે. આ પ્રકારનું હકારાત્મક વાતાવરણ અને વલણ મૂલ્ય શિક્ષણમાં ઢાળવું અનિવાર્ય છે.

વિદ્યાર્થીઓ પોતાના રોજિંદા જીવનમાં અનેક મહત્ત્વનાં સામાજિક મૂલ્યો જેવાં કે પ્રામાણિકતા, નિષ્ઠા, મદદ, સેવા, ન્યાય, પ્રેમ-કરુણા વગેરેનો ઉપયોગ કરે અને દિશાના સક્રિય પ્રયત્નો કરે તેવા પ્રકારના મૂલ્યશિક્ષણનો અભ્યાસક્રમ ઘડાય અને અમલમાં મુકાય તે સમયની માંગ છે.

*આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કાંકણપુર,*
*તા. ગોધરા. મો. ૯૪૨૭૫ ૯૫૯૫૦*

---

## બાવલું

**(અનુસંધાન : પાના નં.-૬૯ ઉપરથી ચાલુ)**

આર્થિક રીતે ખૂબ ફળતું હશે, બાવલું લોકોને રાજકીય વિકાસ કરવામાં એક રમકડા તરીકે મદદરૂપ થાય છે, વિકૃત લોકોને વિકૃતિ સંતોષવામાં મદદરૂપ થાય છે, પક્ષીઓ તેમજ રસ્તા પરનાં પ્રાણીઓને આશરો પૂરો પાડવામાં મદદરૂપ થાય છે તેમજ ખાણીપીણીની લારી ગલ્લા તેમજ ટોળટપ્પા મારવાના સ્થળ તરીકે ખૂબ ઉપયોગી થાય છે. આજે પ્રજા એક બાવલા જેવી બની ગઈ છે અને તેથી કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવાની ક્ષમતા જ નથી રહી. બસ, બધું મૂંગે મોઢે સહન કરવાની આદત પડી ગઈ છે.

- **મિનિ કટ :**

ઐતિહાસિક ધરોહર સમાન બાવલાનો ઉપયોગ સામાન્ય પ્રજા પોતાના ઘરનું સરનામું આપવા માટે કરે છે.

*મો. ૯૭૧૨૯ ૨૪૨૦૧*

બાળ વિકાસ

# કોને ભણાવીશું? – બાળકને કે મા-બાપને?

• ઊર્મિલાબહેન શાહ •

‘અરે બહેન! તમે આ શું કર્યું? અમારાં છોકરાં તો પર્યાવરણની નોટમાંથી બધું ગોખી ગોખીને મરી ગયાં અને તમે તેમાંથી કશું જ પૂછ્યું જ નહીં? કાલે રાત્રે બે વાગ્યા સુધી મેં અંકિતાને વંચાવ્યું. બિચારાં છોકરાં ય કરે શું? હવે સાવ ઓછા માર્ક આવશે. આખું ય વર્ષ આ છોકરાંઓને ભણાવી ભણાવીને થાકી ગયાં.’

‘અરે! તમે માનશો? મારો દેવાંગ તો બિચારો કાલે રાતે જંપીને સૂતો પણ નથી. રાતે બાર વાગે તો હું એને જોડકાં અને ખાલી જગ્યા પૂછતી હતી. આટલો નાનો બીજા ધોરણમાં છે, તોય તેને મેં રિવિઝન પૂરું કર્યા વિના સૂવા જ ન દીધો. છેલ્લી વખતે બધું ય જોવું તો જોઈએ ને! નહીં તો પરીક્ષામાં ક્યાંથી આવડે!

ત્રણ તો નોટ હતી. એટલું બધું વાંચતાં વાર ન થાય? છેલ્લા ચાર દિવસ બિચારો માંદો પડ્યો હતો તે હું પણ સ્કૂલ છૂટ્યા પછી આવી આવીને બધું જ પાટિયા પરથી ઉતારી જતી હતી. મારી તો એ બધી જ દોડધામ અને મહેનત બધું જ માથે પડ્યું. આ તે કંઈ રીત છે? આવી રીતે કંઈ પરીક્ષા લેવાતી હશે? કરાવેલું સરખી રીતે પૂછો ય નહીં, કાંઈ ઢંગધડા જ નહીં! છોકરાં મૂંઝાઈ ન જાય!’

આમ કાગારોળ મચાવતી મમ્મીઓ મારી ઓફિસમાં ધસી આવી. ધોરણ એકથી ચારની પર્યાવરણની પરીક્ષા લેવાઈ હતી અને છોકરાં તો બેલ પડતાં જ ઉત્સાહભેર દોડતાં બહાર આવ્યાં હતાં. એમના મોં પર ન આવડ્યાનો કોઈ ભાર કે અકળામણ જરા પણ દેખાતાં ન હતાં, પણ એમનાં પ્રશ્નપત્રો જોયાં ને મમ્મીઓના મગજની કમાન છટકી. પરીક્ષાના માર્ક પાછળની ઘેલછાએ આજના માબાપોને ગાંડાં બનાવી દીધાં છે. મેં અનેકવાર એમને સમજાવ્યું છે કે પરીક્ષાનાં માર્ક એ છોકરાંઓને માપવાની પારાશીશી નથી. તેમને ખીલવા દો, તેમને પાંગરવા દો. તેમને ચોપડીની બહાર માથું કાઢવા દો. દુનિયામાં ચારે બાજુ જ્ઞાનના અઢળક ભંડારો પડ્યા છે. સવાર પડે ને આંખ ખૂલે એવું જ જ્ઞાન મેળવવાનું કામ શરૂ થઈ જાય છે. ઈશ્વરે માનવમાત્રમાં જિજ્ઞાસાવૃત્તિ મૂકી છે અને એટલે આંખ ખુલ્લી હોય ત્યાં સુધી એ જે કંઈ જુએ તેને સમજવાનો સતત પ્રયત્ન કરે છે. ક્યારેક તો ન સમજાય ત્યાં સુધી એને ચેન પડતું નથી. તેની મથામણ ચાલ્યા જ કરતી હોય છે એટલે બાળક સવારથી ઊઠે ત્યારથી આપણને જાતજાતના પ્રશ્નો પૂછે છે. આપણે એ બધા પ્રશ્નોના જવાબ આપી શકવા જેટલી ક્ષમતા કેળવવાની જરૂર છે. આપણામાં એ ક્ષમતા છે ખરી? અરે! કદાચ એવી ક્ષમતા હોય તો એ માટેની ધીરજ પણ છે ખરી?

‘અરે! મારો દેવાંગ તો મારું માથું ખાઈ જાય છે. આખો દિવસ એની માથાકૂટ ચાલુ જ હોય. મા, આનું આમ કેમ? તેનું તેમ કેમ? બધી વસ્તુના તો જવાબ ક્યાંથી હોય? એની લમણાઝીક સતત ચાલુ ને ચાલુ જ હોય છે. મને તો ક્યારેક એમ થઈ જાય છે કે આના કરતાં એને બોલતાં નહોતું આવડતું એ સારું હતું. માથું તો ખાતો નહોતો.’

પોતાનાં જ સંતાન સાથે બોલવાનો - વાત કરવાનોય કંટાળો આવે, થાક લાગે એવાં માબાપને હું માબાપ કેવી રીતે કહું? આવાં માબાપ માટે મને કરુણા ઊપજે છે. આજનાં લગભગ બધાં જ માબાપ શિક્ષત તો હોય જ. પર્યાવરણ એ વિષય ચોપડીમાંથી ભણવાનો વિષય જ નથી. જીવનનાં અનુભવો અને આસપાસના વાતાવરણના વિશ્લેષણ અને સમજમાંથી જ તે શીખી શકાય. એ માટે બાળકને બહારની દુનિયામાં ડોકિયું કરવાનો અવકાશ આપવાને બદલે ચોપડીનાં પાનાંમાંથી માથું જ બહાર ન કાઢવા દઈએ. અરે! એનાથીય વધુ તો એનાં બહેને પાટિયા પર જે લખ્યું હોય તે લખી લેવાનું, લખવાનું રહી જાય તેની પાછળ ઘેલાં ઘેલાં થઈ એ ઉતારી લઈ એની ગોખણપટ્ટી કરાવી છોકરાં પાસે પોપટની જેમ બોલાવી માબાપ ખુશ થાય કે ‘મારા દેવાંગને તો પર્યાવરણમાં બધું જ આવડે છે. સોમાંથી સો માર્ક ન આવે તો મને કહેજો.’ અને પછી, પર્યાવરણના સાચા અર્થને અનુલક્ષીને પેપર કાઢવામાં આવે ત્યારે માર્કની ઘેલછા પાછળ ઘેલાં બનેલાં માબાપોને ઘેરો આઘાત લાગે છે. આપણું માનસ કેવું થઈ ગયું છે? શિક્ષણનો સાચો અર્થ સમજવાનો પ્રયત્ન સુદ્ધાં પણ આપણે કરીએ છીએ ખરાં?

સ્વતંત્ર રીતે વિચારવાની શક્તિ ખીલે અને એ વિચારોને મુક્ત રીતે અભિવ્યક્ત કરી શકે એવી શક્તિ કેળવે એ જ શિક્ષણ. એનાથી જ જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે છે. એને બદલે આપણે બાળકને આ ઢાંચામાં નાખી તેના વિકાસને રૂંધી નાંખીએ છીએ. એક કેળવણીકારે કહ્યું છે, ‘બાળકને બધું આપો પણ તમારા વિચારો ન આપો.’ તેની વિચારશક્તિ ખીલવા દો. તેને મુક્ત રીતે વિહરવા દો. મુક્ત અભિવ્યક્તિ કરવા દો. પણ આપણે તો એવી મનોદશાથી પીડાઈએ છીએ કે છોકરાએ મુક્ત રીતે અભિવ્યક્તિથી કંઈ લખ્યું હોય તો અકળાઈ ઊઠીએ છીએ અને પરીક્ષામાં મોટું મીંડું આવીને ઊભું રહી જાય છે.

ઋત્વીના પપ્પા હિમાશુંભાઈ ઋત્વીની નિબંધની નોટ લઈને

આવ્યા. ઋત્વીએ નિબંધ લખ્યો હતો તેમાં ઠેકઠેકાણે ચોકડા હતા તે જોઈ એ પોતે હેબતાઈ જ ગયા હતા. પણ એમના મગજમાં પણ ઊતરતું ન હતું કે એમાં એણે ખોટું શું લખ્યું હતું. નિબંધ તો સ્વતંત્રપણે વિચારીને આપેલા વિષય પર અભિવ્યક્તિ આલેખવાનું માધ્યમ છે. દરેક માણસ કોઈ પણ વિષયને તેની દૃષ્ટિએ જોઈ શકે, મૂલવી શકે અને એની ઇચ્છા મુજબ અભિવ્યક્ત પણ કરી શકે. એમાં કશું ખોટું જ કેવી રીતે હોઈ શકે? હા, જોડણી, વાક્યપ્રયોગ એવી કંઈ ભૂલો હોઈ શકે. પણ શિક્ષણમાં જો સ્વતંત્ર વિચારશક્તિ અને મુક્ત અભિવ્યક્તિને સ્થાન જ ન અપાય તો એ શિક્ષણ જ કેવી રીતે કહેવાય? મેં એ શિક્ષકને બોલાવ્યા અને નિબંધમાં કેમ ચોકડા માર્યા હતા તેનાં કારણ પૂછ્યાં. તો શિક્ષકે કહ્યું 'મેં વર્ગમાં શિખવાડ્યું છે, લખાવ્યું છે, એવું નથી લખ્યું એટલે ચોકડા માર્યા છે.' મને એક ઘેરો આઘાત લાગ્યો... આ શિક્ષકને હું શિક્ષક કેવી રીતે કહી શકું? બાળકોને ખીલતાં ને પાંગરતાં કરવાને બદલે તેમની શક્તિઓને કુંઠિત કરી દેતાં આ શિક્ષકોને હું માફ કેવી રીતે કરી શકું? શિક્ષણનું હાર્દ જ જેને ખબર નથી એવા આ શિક્ષકો, બાળકોને ખીલતાં ને પાંગરતાં કરવાની વાત તો બાજુ પર રહી પણ એમની વિચારશક્તિનેય મૂરઝાવી નાખવાનો એમને શો અધિકાર છે? 'બાળકની સાહજિકતાને મૂરઝાવી ન દો' સર્વપલ્લી રાધાકૃષ્ણને ખાસ કહ્યું છે. તો આપણે તો બાળકની સાહજિકતાને જ મૂરઝાવી દઈએ છીએ, બાળકની જીવંતતા જ છીનવી લઈએ છીએ. આપણે બાળકને ચેતનવંતુ બનાવવાનું છે, તેનામાં પ્રાણ પૂરવાનો છે. તેની આંખમાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધાની ચમક ચમકાવવાની છે. તેને બદલે આવી ગોખણપટ્ટીની પરીક્ષાઓનો હાઉ ઊભો કરી એમને નિશ્ચેતન બનાવી દઈએ છીએ. બીજા ધોરણમાં ભણતાં બાળકોને તે વળી મોડી રાત સુધી નોટો ગોખવાની હોય! એના બાળપણની નિજાનંદની મસ્તીને છીનવી લેવાનો આપણને શો અધિકાર છે? આપણે ડોક ઊંચી કરી ગૌરવથી કહેવું છે 'મારું બાળક ખૂબ હોંશિયાર છે.' બાળકો શું આપણી પ્રતિષ્ઠાની પ્યાદાં છે? આપણે એમને શું રોબોટ બનાવવાનાં છે? ચાવીવાળાં રમકડાં બનાવવાનાં છે? આજનાં શિક્ષિત કહેવાતાં માબાપોને તે શી ઘેલછા લાગુ પડી છે કંઈ સમજાતું નથી. ક્યારેક તો એમ થઈ જાય છે કે આ બાળકોની સ્કૂલ ચલાવવી કે માબાપ માટે સ્કૂલ ચાલુ કરવી? કોને ભણાવવાં? બાળકોને કે માબાપને!!!

*૨૫, પાર્થ બંગ્લોઝ,*
*કર્ણાવતી ક્લબ સામે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## પ્રકૃતિ

**(અનુસંધાન : પાના નં.-૬૬ ઉપરથી ચાલુ)**

ફીલિંગ્સ અનુભવી છે તે શબ્દોમાં તો વ્યક્ત થાય જ નહીં. તે તો અનુભવવાથી જ સમજાય. પણ હા, એટલું કહીશ કે એમની સાથે મારા મનની પ્રફુલ્લિતતા વધે છે, ખૂબ પોઝિટિવ એનર્જી મળતી રહે છે. દુર્ભાવો સૂકા પાંદડાની જેમ ખરી ગયા છે, આળસ આવતી નથી, સ્ફૂર્તિ રહે છે, સદા તંદુરસ્ત રહું છું, દેહ કાંતિ - મન કાંતિ ખીલે છે, પ્રસન્નતા વધે છે, કોઈ દિવસ એકલું લાગતું નથી, કંટાળો કદી આવતો નથી. પ્રકૃતિ સૌંદર્ય અને આનંદની સામ્રાજ્ઞી છે. એનામાં ખોવાઈને ખૂબ આનંદ આવે છે. એ એટલી પવિત્ર છે કે એના સાથમાં કલ્યાણ અને મૈત્રીનો ભાવ જાણે સાતત્યથી વહ્યા કરતો હોય છે. એક ગજબનો આત્મિક આનંદ સદા અનુભવું છું. મારો એક નાનો બગીચો છે. ઊઠીને પ્રેમથી એમને મળું છું ત્યારે એમના મોઢા પર જે મુસ્કુરાહટ જોઉં છું તે મારો સૌથી મોટો ખજાનો છે. અતિશયોક્તિ નહીં સમજતા, પણ મારા બગીચામાં ગુલાબના એક એક છોડ પર એક સમયે તમને ૧૦૦થી ૧૨૫ ગુલાબ સાથે જોવા મળે છે. એ જોઈને લોકો પૂછતા હોય છે કે તમારો આપેલ છોડ જ અમે વાવ્યો છે પણ તમારો છોડ આટલો બધો કેવી રીતે ખીલે છે? એમને કેવી રીતે સમજાવું કે આ તો લાગણી અને પ્રેમની મીઠી આપ-લે નો જાદુ છે!'

આ વાતો બધા સાથે શેર કરવા પાછળ એમનો એક જ ભાવ છે કે છોડો - વૃક્ષો - વનસ્પતિ જગત પ્રત્યે માણસોની માનસિકતા ફરે. એમની દૃષ્ટિનો વ્યાપ ફરે. તેઓ પ્રકૃતિની વધારે નજીક આવે અને તેને ગહેરાઈથી સમજે. તેમના પ્રત્યે વધારે સંવેદનશીલ થાય. તો જ માનવ જગત અને વનસ્પતિ જગત વચ્ચેનો પ્રેમ વધશે અને માનવો તેમના સાંનિધ્યમાં મળતા અતુલ્ય આનંદને અનુભવી શકશે. પ્રકૃતિનો ખરો આસ્વાદ માણી શકશે. ધનેશભાઈ કહે છે, "પ્રકૃતિનો આશીર્વાદ અમૃત સમાન છે. મને આ જ્ઞાન અને આ આનંદ **વેચવો** નથી પણ બધાની સાથે **વહેંચવો** છે!" એમના આ ભાવ પરથી કળી આવી છે કે પ્રકૃતિ સાથે રહીને તેમના વિચાર કેટલા નિર્મળ છે અને નિઃસ્વાર્થતાનો ભાવ કેટલો ખીલ્યો છે!

આ સાંભળીને હું ગદ્‌ગદ્ થઈ ગઈ. કેવી ઉત્કૃષ્ટ ભાવના! કાશ, આપણે પણ આ બધું અનુભવી આપણી સંવેદના વધારીને વનસ્પતિ જગતના આપણા આ મૂક ભાઈ-બંધુઓને પ્રેમથી નવડાવી, શાંતિ અને આનંદના વાતાવરણમાં રાખી એમનું જીવન સુખદ અને આહ્લાદક બનાવી શકીએ.

શ્રી ધનેશભાઈ ભોજકને હજી હું પર્સનલી મળી નથી. એમના વિશે જાણવા માટે ફોન પર જ એમની સાથે વાત થતી રહી છે. પણ એટલું કહેવાનું મન થાય છે કે એમના હૃદયથી ઝરતી હૂંફ અને લાગણી એમના દિલથી વહેતી સરળતા અને સચ્ચાઈથી એમની વાણીથી મહેકતી મીઠાશથી હું એમની સાથે આત્મીયતાના તાંતણાથી બંધાઈ ગઈ. મને એવો ભાવ થયો કે હું એમને 'અધા' (કચ્છીમાં અધા = પિતા) કહું અને એમણે તે સહર્ષ સ્વીકારી મને પોતાની દીકરી બનાવી લીધી!

*બેંગ્લોર • મો. ૯૪૪૮૪ ૬૦૦૫૬*

યાદગાર પ્રવચન

# યુવાનો : સપનાના સોદાગરો બનો

• નરેશ વેદ •

*(૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૬નાં રોજ વિઠ્ઠલભાઈ વ્યાખ્યાનમાળા અંતર્ગત અપાયેલ વક્તવ્ય)*

રાષ્ટ્રના ઘડતરમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને વિઠ્ઠલભાઈ પટેલનું સ્થાન ચોક્કસપણે નિશ્ચિત થઈ ચૂકેલું છે. સરદાર પટેલ લઘુબંધુ હતા, વિઠ્ઠલભાઈ વડીલ બંધુ હતા. બંને ભાઈઓ વચ્ચે ખૂબ જ એખલાસ હતો. બેરિસ્ટર થવા માટે સરદાર પટેલ માટે થઈને જે પત્ર આવ્યો ત્યારે બંને ભાઈઓની ઈનિશિયલ સરખી હોવાને કારણે આ પત્ર ઉપર વિઠ્ઠલભાઈ બેરિસ્ટર થવા ઈંગ્લેન્ડ પહોંચી ગયા હતા. આ ઘટના સરદાર પટેલની તેમના માટેની લાગણી સૂચવે છે. બીજો પ્રસંગ છે કે જ્યારે વિઠ્ઠલભાઈએ જાહેરજીવનમાં કાર્ય કરવાની ઈચ્છા પ્રકટ કરી હતી, ત્યારે સરદારે તેમને આર્થિક રીતે નિશ્ચિંત રહેવા જણાવી દીધું હતું અને કહ્યું હતું કે રાજકારણ થકી સમાજની સેવા કરવાનું આપે જે કામ હાથમાં લીધું છે તે આપ ખુશીથી કરો. બંને બંધુઓ વચ્ચે આટલો બધો એખલાસ હતો, પરંતુ પ્રકૃતિ ભિન્નતા બંને ભાઈઓ વચ્ચે જોવા મળતી હતી. સરદાર એટલે 'મેન ઓફ એક્શન' લોખંડી પુરુષ જેને કારણે ભારત સંગઠિત થઈ અખંડ બન્યું. જ્યારે વિઠ્ઠલભાઈ અંર્તમુખી પ્રકૃતિવાળા, સ્પષ્ટ વક્તા અને પ્રખર સ્વાભિમાની. આથી ઓછા જાણીતા થયા. પરંતુ રાષ્ટ્ર માટે તેમણે જે સેવાઓ આપી છે તે ખૂબ મોટી છે. તેમનો કેરિયર ગ્રાફ જોઈએ તો નાની વયે જ તેમણે બેઝિક લીડરની પરીક્ષા પાસ કરી, ૧૯૦૫ માં બેરિસ્ટર બનવા ઈંગ્લેન્ડ ગયા અને ત્યારબાદ ખૂબ જ ટૂંકા ગાળામાં મહત્ત્વનાં પદો શોભાવ્યાં. ૧૯૧૫માં વિઠ્ઠલભાઈ કોંગ્રેસમાં જોડાયા, ૧૯૧૭માં રાષ્ટ્રીય પ્રચારક તરીકે મહત્ત્વની ઝુંબેશ શરૂ કરી. ૧૯૧૮માં તેઓએ એ ખૂબ મહત્ત્વનાં શિખરો સર કર્યા, જેમાંનું એક પોલિટિકલ કોન્ફરન્સનું પ્રમુખપદ અને બીજું ઈમ્પિરિયલ લેજિસ્લેટીવ કાઉન્સિલમાં ચૂંટાઈને આવવું તે. અંગ્રેજોની જ્યારે હુકૂમત હોય ત્યારે આ રીતે ચૂંટાઈને આવવું તે નાનીસૂની વાત નથી. ૧૯૧૯માં જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીના સભ્ય તરીકે 'મેમોરેન્ડમ ઓફ એવિડન્સીસ' એક્ટ પસાર કરાવવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા તેમણે અદા કરી હતી.

૧૯૨૦માં મહારાષ્ટ્રના મુંબઈમાં મેયર તરીકે ચૂંટાયા. ગુજરાતના સપૂતની આ સિદ્ધિ કંઈ નાનીસૂની ન કહેવાય. ૧૯૨૬માં ઈમ્પિરિયલ લેજિસ્લેટીવ એસેમ્બલીના સ્પીકર બન્યા પછી ઘણાં ઉત્તમ ધોરણો તેમણે સ્થાપિત કર્યા. જેમાં પ્રોટોકોલ, એટીકેટ, બિહેવિયર વગેરેનો સમાવેશ કરી શકાય. તેમણે વિકસાવેલી આવી તંદુરસ્ત પ્રણાલી હાલમાં પણ એટલી જ પ્રાસંગિક છે. એક પરતંત્ર પ્રજાનો પ્રતિનિધિ લેજિસ્લેટીવ એસેમ્બલીનો સ્પીકર હોય અને અંગ્રેજી હકૂમતને તેની અદબ જાળવવી પડતી હોય તો આવું વ્યક્તિત્વ કેટલી ઉચ્ચ કક્ષાનું હશે તેનો તો આપણે માત્ર વિચાર જ કરી શકીએ. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ તે વખતે રિઝર્વ બેન્કનાં કોઈ ખરડા વિશે વિઠ્ઠલભાઈ વિશે ઘસાતું લખેલું, પરંતુ વિઠ્ઠલભાઈનો પ્રભાવ એવો કે આવાં અગ્રણી અખબારે પણ તેમની જાહેરમાં માફી માગવી પડી હતી.

વિઠ્ઠલભાઈએ ગુજરાત તેમજ રાષ્ટ્રીય કક્ષાએ, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે, ખેડૂતો માટે અને ત્રીજા તથા ચોથા વર્ગના કર્મચારીઓ માટે જે કંઈ કામગીરી કરી છે તેનું ઋણ ચૂકવી શકીએ તેવી સ્થિતિમાં આપણે નથી.

★

આ સ્મૃતિ વ્યાખ્યાનમાળા વર્ષોથી અસ્ખલિત રીતે આયોજિત થતી આવી છે અને તેનો યશ આપ સૌને અને સંસ્થાને જાય છે. આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ એ છે કે યુવાન ભાઈઓ બહેનોને ખ્યાલ આપે છે કે લીડર કોન કહેવાય? લીડર શું કરી શકે. મારે આ વિષયના સંદર્ભમાં અત્યારના સંજોગોને આધારે 'વ્હોટ ઈન્ડિયા વોન્ટસ' વિશે વાત કરવી છે. સમગ્ર માનવજાત માટે આપણું રાષ્ટ્ર અપવાદ છે. જેમાં ૬૦ ટકાથી વધુ ૨૫ વર્ષનો યુવાન વર્ગ છે. પરંતુ દુર્ભાગ્ય એ છે કે રાષ્ટ્રના રાજકારણમાં, સમાજકારણમાં, શિક્ષણમાં યુવાનોના વિચારોને સામેલ કરવામાં આવતા નથી કે તેને મહત્ત્વ આપવામાં આવતું નથી. આપણે માત્ર યુવાધન હોવાનું ગૌરવ લઈને બેસી રહીએ તે ન ચાલે. યુવાનો જો રાષ્ટ્રની મુખ્યધારામાં હોય તો રાષ્ટ્ર ગરીબ, અશિક્ષિત કે અવિકસિત ન રહી શકે.

પ્રાથમિક શિક્ષણથી જ તેના પર શિસ્તના નામે વધુ પડતા અંકુશ અને સ્વતંત્ર વિચારો વ્યક્ત કરવાને માટે થઈને અનુકૂળ માહોલનો અભાવ યુવાશક્તિને સપ્રેસ (Supress) કરે છે. શિસ્તનું પોતાનું આગવું મહત્ત્વ તો છે જ પરંતુ એ કેટલી માત્રામાં હોવી જોઈએ અને કઈ રીતની હોવી જોઈએ તે ચર્ચાનો વિષય છે. આજે ઈન્ટરનેટને પરિણામે યુવાવર્ગમાં એક ગ્લોબલ અવેરનેસ આવી છે, એક પ્લેટફોર્મ મળ્યું છે જેનો સદ્‌ઉપયોગ થવો જોઈએ. પહેલાનાં સમયમાં પ્રજાને પરાજિત કરવી હોય તો યુદ્ધ કરવું પડતું પરંતુ આજે એની જરૂર રહી નથી. ઊગીને ઊભી થતી પેઢીને સેક્સ અને વાયોલન્સના માર્ગે ચડાવી રાષ્ટ્રને ખોખલું બનાવવાના તરીકા અજમાવાઈ રહ્યા છે. ૨૪ કલાક ચાલતા માધ્યમો દ્વારા થતું સાંસ્કૃતિક આક્રમણ યુવાધનને ખરાબ આદતો

અને નશાખોરીને રવાડે ચઢાવી વિકૃત અને માયકાંગલી બનાવી દેવાનો એક પ્રયાસ ચાલી રહ્યો હોય તેવું લાગે છે.

સામાજિક પરિપ્રેક્ષમાં જોઈએ તો આજે પરિસ્થિતિ એવી છે કે આપણી આવકો ઊંચી થઈ છે પરંતુ ખરીદશક્તિ ઘટી છે. આપણે ચંદ્ર પર જઈને આવ્યા પણ આપણી સોસાયટીમાં નવી રહેવા આવેલી વ્યક્તિને ત્યાં રસ્તો ઓળંગીને નથી જઈ શકતા. પતિ-પત્નીની સહિયારી આવકમાં વધારો થયો છે પણ છૂટાછેડાનું પ્રમાણ પણ વધ્યું છે. વિજ્ઞાન-ટેકનોલોજી થકી સગવડતાઓ વધી છે પણ માઈન્ડ સેટ સાયન્ટિફિક થયો નથી. પીઝા, નૂડલ્સ, બર્ગર તો લઈ આવ્યા પણ પોષણ ક્ષમતાનો તેમાં નિરંતર અભાવ જણાય છે. આધારકાર્ડ તો બનાવી લીધું પણ માર્કેટિંગની માયાજાળમાં ફસાઈને આપણે આપણો આધાર અને અસલિયત નથી સાચવી શક્યા. અત્યારના ચોકલેટી હીરો આપણા આઈકોન ન જ હોઈ શકે. આપણા આઈકોન સરદાર પટેલ, વિઠ્ઠલભાઈ, મહાત્મા ગાંધી કે પછી સચીન તેંદુલકર કે સીમાડાની રક્ષા કરતો આપણો સૈનિક હોઈ શકે, જેમણે રાષ્ટ્ર કે માનવજાત માટે કંઈક કર્યું છે. આપણું રાષ્ટ્રીય ચરિત્ર ધીરે-ધીરે ખરડાઈ રહ્યું છે, નીતિમત્તા ઘટતી જાય છે અને આજ ઘરેડમાં આપણે જીવ્યે જઈએ છીએ. પરંતુ જો આ જ પરિસ્થિતિ રહેશે તો સશક્ત, સંપન્ન, રાષ્ટ્રનું નિર્માણ નહીં થઈ શકે.

વિદેશોમાં ઘસડાતું આપણું યુવાધન જેને આપણે બ્રેઈન ડ્રેઈન કહીએ છીએ તે નાસા કે સિલિકોન વેલીમાં સારું કામ કરે છે. પણ કોઈ માર્ક ઝુકરબર્ગ ભારતમાં કેમ નથી પાકતો? આટલી બધી સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં કરોડોના ખર્ચે રિસર્ચ વર્ક થતું હોવા છતાં પ્રથમ પંક્તિનું કહી શકાય તેવું કોઈ સંશોધન કે નોબલ પ્રાઈઝને લાયક કોઈ સંશોધન કેમ આપણા દેશમાં નથી થતું? આપણે સોફ્ટવેરમાં પાવરધા થયા પણ હાર્ડવેરમાં પછાત કેમ રહી ગયા? આપણે વિચારવું જોઈએ કે જે રાષ્ટ્ર પાસે આટલી બધી પ્રાકૃતિક સંપદા અને માનવ સંપદાય હોય તે રાષ્ટ્ર ગરીબ કેવી રીતે રહી શકે? તેનો જવાબ એ છે કે 'વી આર પુવર બાય અવર પોલીસીસ એન્ડ નોટ બાય અવર રીસોર્સીસ.' જ્યારે દેશની આઝાદીનાં ૫૦ વર્ષ ઉજવાઈ રહ્યાં હતાં ત્યારે તે વખતનાં લોકસભાના સ્પીકર પી.કે. સંગ્માએ આપણા રાષ્ટ્રએ પચાસ વર્ષોમાં જે મજલ કાપી એના લેખાજોખાં રૂપે, ક્યા ખોયા, ક્યા પાયાનો એક અંદાજ આવે, એ માટે રાજકારણ, અર્થકારણ, ધર્મકારણ, શિક્ષણ વગેરે જેવા જુદા-જુદા વિષયો પર વિદ્વાનો પાસે લેખો તૈયાર કરાવ્યા હતા અને એના ગ્રંથની દરેક પાર્લામેન્ટેરિયનને નકલો આપી હતી. તેમાં એટલો ડેટા હતો કે તેમાંથી પીએચ.ડી. ની ૨૫ જેટલી થીસિસ તૈયાર થઈ શકે. પરંતુ આપણું દુર્ભાગ્ય કે આ માહિતીનો આપણે યોગ્ય ઉપયોગ ન કરી શક્યા અને રાષ્ટ્રના વિકાસ માટેનો એક યોગ્ય રોડમેપ બનાવવામાં કચાશ રહી ગઈ.

ખેતક્રાંતિ અને ઉદ્યોગક્રાંતિ પછી ૧૯મી સદીમાં જે એક મહત્ત્વની ક્રાંતિ હતી તે હતી આઈડિયોલોજિકલ ક્રાંતિ. જેણે આલ્બર્ટ આઈન્સ્ટાઈન, સિગ્મેન્ટ ફ્રોઈડ, કાલ માર્ક્સ જેવી વિભૂતિઓ દુનિયાને આપી. એમણે માનવજાતને કનડતા અને મૂંઝવતા અનેક પ્રશ્નો ઉપર માર્ગદર્શન આપી વૈચારિક આબોહવા બદલી હતી. આજે જે આપણા દેશમાં ભાષાવાદ, કોમવાદ, પ્રાંતવાદ, આતંકવાદ, ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર, કાળું ધન વગેરે જેવી અનેક સમસ્યાઓ છે, જે ઉકેલવી બાકી છે. પરંતુ આપણે ક્યાંક આ ક્રાંતિથી વંચિત રહી ગયા.

આવી પરિસ્થિતિ હોય ત્યારે આપણે શું કરવું જોઈએ? આમાંથી બહાર આવવાનો કોઈ રોડમેપ છે ખરો? જવાબ છે હા. આ રોડમેપ તૈયાર કર્યો છે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, પ્રખર વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલકલામ સાહેબે. ૨૦૦૪ ની સાલમાં કલામ સાહેબ જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે ગુજરાતની એક હાયર સેકન્ડરી સ્કૂલમાં વ્યાખ્યાન આપવા ગયા હતા. વ્યાખ્યાન પછી વિદ્યાર્થીઓ જ્યારે તેમનો ઓટોગ્રાફ માંગવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું કે હું તમને એક સવાલ પૂછીશ અને આ સવાલનો જે જવાબ આવશે તેને હું મારો ઓટોગ્રાફ આપીશ. બારમાં ધોરણમાં ભણતી એક વિદ્યાર્થિનીને એમણે સવાલ પૂછ્યો કે, 'બેટા, જીવનમાં તારી મહત્ત્વાકાંક્ષા શી છે?' ત્યારે વિદ્યાર્થીનીએ જવાબ આપ્યો કે, 'હે મહામહિમ, મારી મહત્ત્વાકાંક્ષા એ છે કે જ્યારે હું ચૂંટણીમાં મત આપવા યોગ્ય બનું ત્યારે મારું રાષ્ટ્ર વિકાસશીલ નહિ પણ વિકસિત હોય. અને હું એક વિકસિત રાષ્ટ્રની નાગરિક છું તેનું ગૌરવ લઈ શકું.' આ જવાબ સાંભળીને ડૉ. કલામ સાહેબ ઊંડા વિચારમાં પડી ગયા. એમને થયું કે વાત તો સાચી છે આઝાદીના છ દાયકાઓ પૂરા થયા છતાં આપણે હજુ વિકાસશીલ રાષ્ટ્ર છીએ, વિકસિત રાષ્ટ્ર નથી. રાષ્ટ્રના એક મોટા વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ તરીકે દેશના પ્રથમ નાગરિક અને રાષ્ટ્રધુરાના ધારક તરીકે દેશની ઊગીને ઊભી થતી પેઢીનો આ સવાલ અત્યંત મહત્ત્વનો અને પડકાર રૂપ છે. એના પર ખૂબ વિચાર વિમર્શ કરીને આપણા રાષ્ટ્રને ટૂંકા સમયગાળામાં વિકસિત બનાવી આપે એવા એક રોડમેપ દર્શાવતું એક પુસ્તક એમણે પ્રગટ કર્યું, જેનું નામ હતું 'ઇન્ડિયા વિઝન ૨૦૨૦.'

આ પુસ્તક તેમણે ભારતની યુવાપેઢીના પ્રતિનિધિ રૂપે પેલી વિદ્યાર્થિનીને સમર્પિત કર્યું. બારમાં ધોરણમાં ભણતી એક વિદ્યાર્થિનીમાં જો આટલી તાકાત હોય, એ દેશના રાષ્ટ્રપતિને વિચારતા કરી શકતી હોય તો દેશનાં આટલાં બધાં યુવાનોની શક્તિ જો સંકલિત થાય તો શું ન કરી શકે? આપણે એવો સમાજ ઊભો કરીએ કે જેમાં નોલેજ જ કરન્સી હોય. નાણાં અને પ્રોપર્ટીની કરન્સી ભૂકંપ કે સુનામી કે કોમી દંગાઓમાં નાશ પામી શકે અને કરોડપતિમાંથી રોડપતિ થઈ જવાય. પણ જ્ઞાનથી જો આપણે સમૃદ્ધ હોઈએ તો આ સંપત્તિ ક્યારેય નહિ ધોવાય. આપણે જ્ઞાનથી સમૃદ્ધ થવું છે. આપણે 'નિશાન ચૂક

માફ, નહિ માફ નીચું નિશાન' ને અનુસરવાનું છે. પોતાની લીટી મોટી કરવાની છે. આજે જે યુવાનો છે, બૌદ્ધિકો છે, ચિંતકો અને વિશ્લેષકો છે તે રાજકારણથી અલિપ્ત રહે છે અને આથી જ ચૂંટણીઓ જાતિ અને ધર્મના નામથી લડાતી રહે છે. આથી સૌએ રાષ્ટ્રની મુખ્ય ધારામાં સક્રિય થવું જોઈએ.

યુવાન ભાઈઓ બહેનો! કલામ સાહેબનાં બે પુસ્તકો 'વિંગ્સ ઓફ ફાયર' અને 'ઈગ્નાઈટેડ માઈન્ડ' આપ જરૂરથી વાંચજો. ભગવાને ઉડવા માટે તમને પાંખો આપી છે, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ એ તમારી પાંખો છે. તમારી પાસે સ્પાર્ક છે. કલામ સાહેબ કહેતા કે હું સપનાનો સોદાગર છું, સપના વહેંચવા આવ્યો છું. જેની પાસે સપનાઓ નથી તેમની પાસે ભવિષ્ય નથી. સપનાનો અર્થ છે : આશાઓ, અપેક્ષાઓ જે સર્જનાત્મકતાનું વાતાવરણ સર્જે છે. આપણે આપણા દેશ માટે સપનાઓ જોઈએ અને એવું કામ કરીએ કે આપણું આવતી કાલનું ભવિષ્ય સુધરે. જેમ કાર કે સ્કૂટર ચાલુ કરવા ઈગ્નીશન કી ફેરવવી પડે તે જ રીતે કલ્પનાશક્તિ અને સપનાઓને ચરિતાર્થ કરવા અને સર્જનાત્મકતારૂપી સ્પાર્કને જગાવવા શિક્ષક અને સંસ્થાના રૂપમાં આપણને ઈગ્નીશન કી જોઈએ, જેનાથી આપણું કર્મપ્રવૃત્તિરૂપ એન્જિન ચાલુ થાય. અને આથી જ આપણને આપણા શિક્ષકો, સ્કૂલ અને કૉલેજ જેવી સંસ્થાઓ અને યુનિવર્સિટી પ્રત્યે આદરભાવ હોવો જોઈએ. મારી કોલેજ મારું ગૌરવ, મારી યુનિવર્સિટી મારું ગૌરવ તેવી ભાવના, જો આપણે નહીં કેળવીએ તો આપણું પતન નિશ્ચિત છે.

આપ સૌ શિક્ષિત, દીક્ષિત અને ભિક્ષિત થાવ તે આજના સમયની માંગ છે. પીએચ.ડી. થઈ ગયા એટલે મહાપંડિત થયા એમ નહિ; જ્ઞાન સાથે વિનય, વિવેક અને નમ્રતા પણ જોઈએ. વિઠ્ઠલભાઈની બાયોગ્રાફી વાંચીએ ત્યારે આ બધી જ લાક્ષણિકતાઓનો આપણને ખ્યાલ આવે છે.

આપણે દરિદ્રતામાંથી સમૃદ્ધિ તરફ, પછાતપણામાંથી વિકાસશીલતા તરફ, અંધકારમાંથી ઉજાસ તરફ જવું છે અને એક સુખી, સમૃદ્ધ, વિકસિત રાષ્ટ્ર સર્જવું છે. એ માટે આપણે આપણી નબળાઈઓને ઓળખી એને દૂર કરી કર્મશીલ બનવું છે.

આપણાં રાષ્ટ્રની હાલની પરિસ્થિતિ જોઈને સાહિત્ય અકાદમી, ન્યુ દિલ્હીના ઍવૉર્ડ વિજેતા કવિ જગદીશ જોષીએ એક માર્મિક કાવ્ય લખ્યું છે. એના ઉદ્‌ઘોષ સાથે હું મારું આ વ્યાખ્યાન પૂરું કરીશ. ઊંડે દેશદાઝ અને વતનપ્રેમને વ્યક્ત કરવા એમણે વ્યથિત હૃદયે લખેલું એ કાવ્ય આ મુજબ છે :

**'છિન્ન ભિન્ન'**

*ઓચિંતો ફ્યૂઝ જતાં મારા માળામાં અંધારું ઘોર*
*કોઈએ બૂમ પાડીને કહ્યું*
*અલ્યા નરસિંહ, મીરાં, સૂરદાસ, તુલસીદાસ, નાનક,*
*રહીમ, કબીર ક્યાં છો?*
*કોઈ ઈલેક્ટ્રીશિયનને તો બોલાવો.*
*બાજુના રૂમમાંથી નીકળીને મીરાંબહેને કહ્યું*
*અલ્યા ગિરધર!*
*ઈલેક્ટ્રીશિયન આવે ત્યાં સુધી મીણબત્તી તો લાવ*
*ત્યારથી મારા માળામાં*
*મારી ચાલીમાં*
*મારા દેશમાં*
*મીણબત્તીની શોધા શોધ ચાલે છે!*

**– જગદીશ જોષી**

આપણા જીવનનો ફ્યુઝ ઊડી ગયો છે, એમાંથી ચૈતન્ય ચાલ્યું ગયું છે અને માટે અંધકાર છવાઈ ગયો છે. સામાન્ય ફ્યુઝ ઉડી ગયો હોત તો વાયરમેન કે ઈલેક્ટ્રીશિયન કામ આવતે. આ તો જીવનનો ફ્યુઝ ઊડી ગયો છે. એ સાંધી આપવા તો આપણી સંસ્કૃતિના ચિરંતન જ્યોતિસ્તંભ જેવા આવા દ્રષ્ટાઓ જોઈએ. ફાટીને તાર તાર થઈ ગાભા જેવા થઈ ગયેલા આપણા જીવનવસ્ત્રને બખિયા ભરીને ફરી કોણ અખંડ કરી આપશે? આપણે રાહ જોઈએ છીએ સ્વમુખે ભગવદ્‌ગીતામાં ખાતરી આપનાર ભગવાનની જેઓએ કહ્યું હતું કે આવી વિષમ પરિસ્થિતિમાંથી લોકોને ઉગારવા હું આવીશ.

બાજુની રૂમમાંથી મીરાંબહેન નીકળી છે એટલા માટે કે એ કમિટેડ છે. એ મીણબત્તી લાવવાનું કહે છે, પણ મીણબત્તી ક્યાંય મળતી નથી. આ મીણબત્તી આપણે ગુમાવી દીધેલાં આદર્શો અને મૂલ્યોનું પ્રતીક છે. કવિ નિરાશાવાદી થઈને મીણબત્તી મળતી ન હોવાનો ખેદ પ્રગટ કરે છે.

પણ આપણે નિરાશાવાદી નથી, આશાવાદી છીએ. આપણને એ મીણબત્તી મળી ગઈ છે. એ મીણબત્તી એટલે હું અને તમે, તમે અને તમારા અધ્યાપકો, તમે અને તમારા વાલીઓ. એક મીણબત્તીમાંથી હજારો મીણબત્તી પેટાવી શકાય છે, પણ આપણી પાસે તો અસંખ્ય મીણબત્તીઓ છે. આવો, આપણે એ એક સાથે પેટાવીએ અને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, અંધકારમાંથી ઉજાસમાં, પછાતમાંથી પ્રગતિમાં, ગરીબીમાંથી સંપન્નતામાં આગળ ધપીએ. આભાર.

*૩૫, પ્રોફેસર્સ સોસાયટી, વલ્લભ વિદ્યાનગર*

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# શ્રી કચ્છી વીસા ઓસવાળ અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

**સંચાલિત**

**તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી આરાધના ભવન**

**અર્થાત્**

## નવનીત વિવિધલક્ષી ભવન

**(શ્રી લાલજી રામજી ગાલાની સ્મૃતિમાં — ગામ : રાયણ, કચ્છ)**

**ભવન સ્થળ :** પ્લોટ નં. ૧૦૪, કોમલ એન્કલેવની બાજુમાં, પી.ટી. કોલેજ રોડ, શાંતિવન પાસે (વાસણા પીરાણા બ્રિજ પાસે), પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : **(079) 2664 0950** • મોબાઈલ : **098250 08500** (ટોકરશી મામા)

## પધારો... પધારો... પધારો...

**તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજાસાહેબ**

**સાથે.... નૂતન આચાર્ય ભગવંતો...**

**પ.પૂ.આ.ભ. શ્રીકવીન્દ્રસાગરસૂરીશ્વરજીમ.સા., પ.પૂ.આ.ભ. શ્રીવીરભદ્રસાગરસૂરીશ્વરજીમ.સા.,**

**પ.પૂ.આ.ભ. શ્રીમહોદયસાગર સૂરીશ્વરજીમ.સા.**

## અમદાવાદ સંઘમાં આપનું હાર્દિક સ્વાગત

શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદના અહોભાગ્ય એ

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજસાહેબ પાલીતાણા ચાતુર્માસ પૂર્ણ કરી ૯૯ યાત્રામાં નિશ્રા આપી, ગુણોદયપુરમમાં **શ્રીશંખેશ્વરપાર્શ્વનાથ** જિનાલયની પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્ણ કરી સળંગ ૫૦મા વર્ષીતપનાં પારણા નિમિત્તે મુંબઈ પધારતા પહેલા અમદાવાદના આપણા સંઘના આંગણે પધારી રહ્યા છે. સાથે નૂતન આચાર્ય ભગવંતો **પ.પૂ.આ.ભ. શ્રીકવીન્દ્રસાગરસૂરીશ્વરજીમ.સા., પ.પૂ.આ.ભ. શ્રીવીરભદ્રસાગરસૂરીશ્વરજીમ.સા., પ.પૂ.આ.ભ. શ્રીમહોદયસાગરસૂરીશ્વરજીમ.સા.**, પ.પૂ. મુનિ ભગવંતો, પ.પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો પણ સાથે પધારે છે.

### • કાર્યક્રમ •

- **સોમવાર, તા. ૨૭-૨-૨૦૧૭ :** *હરખચંદ રામજી ગાલા (છોટુભાઈ)ના બોપલના નિવાસ સ્થાને*
- **મંગળવાર, તા. ૨૮-૨-૨૦૧૭ :** *નવનીત વિવિધલક્ષી ભવન, પ્રભુદાસ ઠક્કર કોલજ રોડ, પાલડી.*
- **બુધવાર, તા. ૧-૩-૨૦૧૭ :** *મણિનગર અચલગચ્છ જૈન ઉપાશ્રય.*

*મંગળવાર, તા. ૨૮-૨-૨૦૧૭ના રોજ પૂજ્યોશ્રીનું સામૈયું સવારના ૮.૩૦ કલાકે પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસેથી કરવામાં આવશે. નવનીત વિવિધલક્ષી ભવનમાં કાર્યક્રમ ૯ થી ૧૧.*

***સંઘ નવકારશી : નવનીત વિવિધલક્ષી ભવનમાં સવારના ૭.૩૦થી ૮.૩૦***

***સાધર્મિક ભક્તિ : બપોરના ૧૧.૩૦ થી ૧.૦૦***

(વધુ વિગત • જુઓ : સામેના પાને) ☞

*સામૈયામાં શણગારેલ બેડા તથા ગહુંલીઓ સાથે લઈને ચાલવાનું છે. જેમાં બેડા તથા ગહુંલીઓના પ્રથમ પાંચ ઈનામો આપવામાં આવશે. દરેકને આશ્વાસન ઈનામો આપવામાં આવશે.*

*સંઘ, ગચ્છ અને શાસનની શોભામાં અભિવૃધ્ધિ કરવા દરેકે સમયસર હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ છે.*

**લી.**

**શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ વતી**

**ટોકરશી કે. શાહ**
**મેનેજિંગ ટ્રસ્ટી**

**શાંતિલાલ મુરજી સાવલા**
**ટ્રસ્ટી તથા પ્રમુખ**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

## પધારો... પધારો... પધારો...

**તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજસાહેબ**

**સાથે.... નૂતન આચાર્ય ભગવંતો...**

**પ.પૂ.આ.ભ. શ્રીકવીન્દ્રસાગરસૂરીશ્વરજીમ.સા., પ.પૂ.આ.ભ. શ્રીવીરભદ્રસાગરસૂરીશ્વરજીમ.સા., પ.પૂ.આ.ભ. શ્રીમહોદયસાગર સૂરીશ્વરજીમ.સા.**

---

શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદના આંગણે ભલે પધારો...
આપનું ભાવભર્યું સ્વાગત છે.

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીગુણોદયસાગરસૂરીશ્વરજી** મહારાજસાહેબ સાથે નૂતન આચાર્ય ભગવંતો **પ.પૂ.આ.ભ. શ્રીકવીન્દ્રસાગરસૂરીશ્વરજીમ.સા., પ.પૂ.આ.ભ. શ્રીવીરભદ્રસાગરસૂરીશ્વરજીમ.સા., પ.પૂ.આ.ભ. શ્રીમહોદયસાગરસૂરીશ્વરજીમ.સા.**, પ.પૂ. મુનિ ભગવંતો, પ.પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો પાલીતાણાથી વિહાર કરી મુંબઈ જતા અમદાવાદના આંગણે પધારે છે.

**• કાર્યક્રમ •**

*બુધવાર, તા. ૧-૩-૨૦૧૭ના બપોરના ૩ વાગે*
*નવનીત વિવિધલક્ષી ભવનથી વિહાર કરીને મણિનગર ઉપાશ્રયે પધારશે.*

**સામૈયું** : *પૂજ્યોશ્રીનું સામૈયું બપોરના ૩ કલાકે જવાહર ચોક ચાર રસ્તા, મણિનગર પાસેથી કરવામાં આવશે. ત્યાંથી ઉપાશ્રયે પધારશે.*

*સંઘ, ગચ્છ અને શાસનની શોભામાં અભિવૃધ્ધિ કરવા દરેકે સમયસર હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ છે.*

**લી.**

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ**
**શાંતિલાલ મુરજી સાવલા - પ્રમુખ**

ચરિત્ર નિબંધ

# પ્રકૃતિ

● ભાવના મનોજ વીછીવોરા ●

'પ્રકૃતિ' — આ શબ્દ સાંભળીએ એટલે પવનમાં મસ્ત લહેરાતા વૃક્ષ - વેલા, રંગબેરંગી ફૂલો, ખળખળ વહેતાં નદી - ઝરણાં, ઊંચા ઊંચા ડુંગરા, વિશાળ નીલું આકાશ, સૂરજ, ચાંદ, ટીમટીમાતા તારલા, કિલકારી કરતા પંખીઓ... એવી મસ્ત મજાની નયનરમ્ય છબી આંખો સમક્ષ તરવરી ઊઠે છે અને મનને પ્રફુલ્લિત કરી હૃદયના પ્રસન્નતાથી છલકાવી દે છે. જેની કલ્પના માત્રથી આપણા મન - મસ્તિષ્ક પર આવી જાદુઈ અસર થતી હોય તો જીવનભર પ્રકૃતિ સાથે સંકળાયેલા લોકોને રોજે કેવો અદ્ભુત આનંદ મળતો હશે! અને સાથે રહેતાં - રહેતાં પ્રકૃતિ સાથે લાગણી અને પ્રેમનો મીઠો બંધન ગુંથાઈ જતો હોય અને તેની સામે પ્રકૃતિ પણ જો ખીલી ખીલીને પોતાના હૃદયના સાદ સંભળાવતી હોય અને એની મૂક વાચા સમજવાની અનેરી શક્તિ પોતામાં હોય, તો એ કેવો અલૌકિક અનુભવ હશે! પ્રકૃતિ સાથે વાર્તાલાપ કર્યા જેવો જ!

પ્રકૃતિ પર અઢળક પ્રેમ વરસાવતા, તેની સાથે વાતો કરતા, તેના ભાવને સમજતા, તેની સાથે ઊંડાણથી જોડાતા અને આમ ખરો આત્મિક આનંદ માણતા આપણા કચ્છના જ એક ભાઈને જાણવાનો અનેરો લહાવો જિંદગીએ જ્યારે મને બક્ષ્યો ત્યારે મેં ઘણી ધન્યતા અનુભવી કારણકે આવું વાંચ્યું - સાંભળ્યું હતું પણ પ્રત્યક્ષમાં કોઈને જાણતી ન હતી. આ અનુભવ આપની સાથે શૅર કરતા ઘણો આનંદ અનુભવી રહી છું. આપણા એ ભાઈ છે — ભાવનગરના શ્રી ધનેશભાઈ ગોવિંદભાઈ ભોજક. જેઓ મૂળ નખત્રાણા તાલુકામાં આવેલ તરામંજલ ગામના છે.

ટૂંકમાં એમના વિશે કહું તો શ્રી ધનેશભાઈએ B.Sc. in Agricultureની ડિગ્રી મેળવેલ છે. ગુજરાત સરકારના ખેતી ખાતામાં તથા બાગાયત ખાતામાં ૧૯૬૬થી ૨૦૦૨ સુધી એટલે કે લગભગ છત્રીસ વરસ સર્વિસ કરી ફરજ બજાવી છે. રિટાયર થયા પછી પણ તેઓ કૃષિ સાથે જોડાયેલા છે. બાગાયતી સાથે એમને વિશેષ લગાવ છે. જેમાં પ્લાન્ટ ફિઝિયોલોજી (Plant Physiology) એટલે વનસ્પતિ દેહ ધર્મની ક્રિયા પર તેઓ કામ કરે છે. વનસ્પતિનું નિદાન કરે છે જેના ખૂબ ઉત્કૃષ્ટ પરિણામ મળે છે. ઉપરાંત આ વિસ્તાર માટે કૃષિ જમીન વેલ્યુઅર (Registered Approved Agricultural Land Valuer) તરીકે કામગીરી બજાવે છે. ૭૩ વરસના હોવા છતાં માંદગીની પથારી માંડી નથી કે ઔષધ ગોળી ખાધી નથી. આ ઉંમરે પણ તેઓ એવા તંદુરસ્ત અને ફીટ છે કે આખો દિવસ કામમાં વ્યસ્ત હોય છે. આ તો થઈ એમની ડિગ્રી અને સર્વિસની વાત, જે તેમનો બાહ્ય પરિચય છે. મોટો અમૂલ્ય ખજાનો તો તેમની અંદર સંગ્રહાયેલો છે, જે હવે ખોલું છું.

ભણીગણીને પૈસા તો સૌ કમાતા હોય છે, પણ પોતાના કામની સાથે સાથે પોતાની અંગત રુચિ અને લગાવ દ્વારા કોઈ જ્યારે પોતાની અંદર રહેલ ખૂબીઓ, ખુદાએ બક્ષેલ દિવ્ય શક્તિઓને ખીલવે છે ત્યારે તે બીજા બધા કરતાં બે ડગલાં આગળ વધી, બધાને અચરજ તો પમાડે છે જ, પણ સાથે પોતાનું જીવન પણ સાર્થક કરે છે! દુનિયામાં અમુક જ લોકો એવા નસીબદાર હોય છે કે જેમને કોઈ ફરિશ્તો આવીને તેમની અંદર રહેલ ખૂબીઓ વિશે કહે છે અને તેમને બહારના આશીર્વાદ પણ આપી જાય છે. ધનેશભાઈના જીવનમાં આવું જ કાંઈક બન્યું.

૧૯૭૩-૧૯૭૬ દરમિયાન ધનેશભાઈ 'બાગાયત' નામક માસિકના ઍડિટર હતા. ત્યારે એમનો સંપર્ક સૌરાષ્ટ્રના જામનગર રાજ્યના કૃષિ નિયામક સૂરસિંહજી જાડેજા સાથે થયો. સૂરસિંહજી એક પ્રસિદ્ધ 'ડાઉઝર' (dowser) હતા અને એમને ઇન્ડિયન આર્મી, પાણી જોવા બોલાવતી. ધનેશભાઈએ તેમને 'ડાઉઝીંગ' (dowsing) વિશે એક લેખ એમના માસિક માટે લખી આપવાની વિનંતી કરી. સૂરસિંહજીએ કહ્યું, 'હું તમને લેખ તો આપીશ, પણ તમારી અંદર જે ડાઉઝીંગ કરવાનો પાવર પડ્યો છે તે મને ઉજાગર કરવો છે.' ધનેશભાઈ એકદમ આશ્ચર્યચકિત થઈ ગયા અને પ્રશ્નભર્યા નેત્રો વડે તેમને જોવા લાગ્યા. ત્યારે સૂરસિંહજીએ ચોખવટ કરી કે, 'મેં તમારા હસ્તાક્ષર પર ડાઉઝીંગ પાવર અજમાવ્યો છે. એટલે મને તમારી અંદર રહેલ આ શક્તિ વિશે જાણ થઈ છે. તદ્પશ્ચાત તેઓ ધનેશભાઈને તેમના પોતાના નિજી રૂમમાં લઈ ગયા અને તેમને ખુરશી પર બેસાડી પોતાના જમણા હાથનો અંગૂઠો ધનેશભાઈના કપાળની મધ્યમાં રાખી 'શક્તિપાત' કર્યો. એટલે એમને એ શક્તિથી ચાર્જ કરી દીધા અને કહ્યું, 'આ શક્તિ મેં તમારામાં ડાયવર્ટ કરી છે, પણ તમે અગર એના બદલામાં કોઈની પાસેથી પૈસા લેશો તો એ શક્તિ ગુમાવી દેશો.' પછી તેમણે પોતાના ઍંગલ રોડ અને પેન્ડ્યુલમ, જેના વડે ડાઉઝીંગ કરાય, તે ધનેશભાઈને આપી દીધો અને તેમને એ કઈ રીતે વાપરવો તે શિખવાડવા માંડ્યા. ત્રણેક કલાક સુધી તેની પ્રેક્ટિસ કરાવી.

હવે ધનેશભાઈ સમય મળતાં ડાઉઝીંગને ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરવા લાગ્યા. મોડી રાત સુધી તેની સાથે કામ કરવા લાગ્યા. છ-આઠ મહિનાની કોશિશ પછી તેમને થોડી ફાવટ આવવા માંડી અને તેમાં એકાગ્રતા આવવા માંડી. તનતોડ

મહેનત કરતા કરતા છેવટે તેઓ એમાં પરફેક્ટ થઈ ગયા. ત્યારબાદ એમણે તેનો પ્રયોગ ફિલ્ડવર્ક માટે શરૂ કર્યો.

ધનેશભાઇનો જે ફિઝિયોલોજીનો અભ્યાસ હતો તે છોડના બાહ્ય રૂપ પર તો હતો જેમકે છોડના વિકાસનો દર, પાંદડાનો વિકાસ, પાંદડાનો રંગ, કળીનું ખીલવું, ફૂલમાં રંગ અને સુગંધ વગેરે. પણ ડાઉઝીંગના લીધે છોડનો નિદાન કરવા વેગ મળ્યો કારણકે છોડમાં રહેલ તકલીફના પાયા સુધી પહોંચવા તેમને ડાઉઝીંગ વડે ખૂબ મદદ થવા લાગી. આ રીતે તેમનો અભ્યાસ અને પ્રેક્ટીસ ચાલતી રહી અને જ્ઞાન વધતું ગયું. ધનેશભાઈ એમાં માહીર થઈ ગયા હોવા છતાં પોતાને હજી પણ વિદ્યાર્થી જ ગણે છે. એટલે જ આ ઉંમરે પણ વધારે ને વધારે શીખી રહ્યા છે.

કોઈપણ વસ્તુ પોતાની મેળે શીખવી સહેલી નથી. સૂરસિંહજીએ તો એમને ડાઉઝીંગની માત્ર બારાખડી શરૂ કરાવી હતી. પછી ધનેશભાઈ તેમની રુચિ અને જાત મહેનતથી જ આગળ વધ્યા. આના માટે ખંત હોવી ખૂબ જ જરૂરી છે. કોઈપણ વસ્તુ એકલા એકલા કરે રાખવી હોય તો માણસને કંટાળો આવે છે પણ ધનેશભાઈની તો વાત જ નિરાળી છે. તેઓ જેમ ડગલો ડગલો આગળ વધતા ગયા તેમ તેમ એમની જિજ્ઞાસા અને રૂચિ ઔર વધતી ગઈ. પહેલા શરીર, પછી મનનું જોડાણ, પછી પોતાની અંદર રહેલ ઇન્ટ્યુશનનું ભળવું, એકાગ્રતા આવવી – આ બધું ખૂબ જ ધીરજનું કામ છે. પોતાની આંતરશક્તિથી તેનું તારણ કાઢવું સૌના બસની વાત નથી. આ Higher Intelligence નું કામ જ છે, જે ડિગ્રીઓ દ્વારા પ્રાપ્ત ન થઈ શકે. આ પણ એક ધ્યાન છે, સાધના છે! ખરું કહું તો ધનેશભાઈ એક સાધક જ કહેવાય. ડાઉઝીંગ અને ઑરામાં તેઓ એવા ઓતપ્રોત રહેવા લાગ્યા કે સંસારની બીજી ગણી બધી નકામી પંચાતોથી પર થતા ગયા. ખૂબ ઊંડો અભ્યાસ કર્યો અને એમાં જ એમને મજા આવતી ગઈ. અભ્યાસના આ માર્ગ પર ચાલતા ચાલતા આગળ વધવાની સ્ફુરણા તેમને અંતરમાંથી મળતી ગઈ. બાહ્ય પરથી હવે તેઓ છોડની અંદરની ગતિવિધિઓ સમજતા થઇ ગયા, એમના ભાવ સમજવા લાગ્યા. નાની નાની બાબતોનું એક્સપરિમેન્ટ કરી છોડના ભાવોનું, તેમની ફિલીંગ્સનું અવલોકન કરવા લાગ્યા. તેમના કહેવા મુજબ, 'તમે ચપ્પુ કે કુહાડી લઈને કોઈ છોડની સામે ઉગામો, કોઈપણ જાતની ક્રૂરતા પ્રગટ કરો તો એના કારણે છોડની ઑરામાં ધ્રુજારી આવે છે. એંગલ રોડ અને પેન્ડ્યુલમના ઉપયોગથી તેમને આ ખ્યાલ આવતો ગયો. છોડને પ્રેમથી પંપાળો, સારા ભાવ પ્રગટ કરો તો સ્પંદનમાં બદલાવ આવતો. છોડને પણ આનંદની અનુભૂતિ થતી, જે તે વ્યક્ત કરતું. આ બધું જેમજેમ ધનેશભાઈને ફીલ થતું ગયું, તેમ તેમ તેઓ વનસ્પતિ જગતથી વધારે નિકટ જતા ગયા. એમની સાથે પણ લાગણીથી સંધાતા ગયા. એમના પ્રત્યે વધારે સંવેદનશીલ થતા ગયા. છોડોને જોવા માટે દૃષ્ટિ અને બોલવા માટે જબાન નથી એટલે તેઓ પોતાના દિલની વાત દર્શાવી શકતા નથી પણ તેમને ફીલિંગ્સ છે. તેઓ દરેક સ્પર્શ કે ભાવને પોતાની શક્તિથી જાણી - સમજી શકે છે અને રીસ્પોન્ડ કરે છે, જે તેમની ઑરા પરથી જાણી શકાય છે.

મને એ જાણીને વિસ્મય થયો કે કોઈ વૃક્ષ કે છોડની આજુબાજુ ઝઘડો કરતા હોય તો તેને તકલીફ થાય છે. તેના ભાવ તરત બદલાય છે. તેને આપણા આવા નેગેટિવ ભાવ ગમતા નથી. ગુસ્સો, અનાદર, ક્રૂરતા, ઈર્ષ્યા, દ્વેષ વગેરે નેગેટિવ ભાવોમાં અગ્નિતત્ત્વ રહેલ છે. તે છોડોને ગમતો નથી એમ ધનેશભાઈએ જણાવ્યું. તેનાથી તેઓ સંકોચાઈ જાય છે. એમના વિકાસ પર - Growth પર લાંબે દહાડે એની અસર પડે છે. વૃક્ષારોપણ કરતી વખતે આપણે આડેધડ વૃક્ષો વાવતા હોઈએ છીએ, આપણને એ ખબર નથી કે અમુક જ જાતના છોડ અમુક જાતના છોડની બાજુમાં વાવી શકાય. તે બંનેમાં મૈત્રીભાવ હોવો ખૂબ જ જરૂરી છે, નહિતર તેની વૃદ્ધિ થતી નથી. બીજી એક રસપ્રદ વાત ધનેશભાઈએ કહી કે, 'તમે ઝટકો મારી ડાળખી કે ફૂલ તોડો અને હળવેકથી તોડો – આ બંનેમાં છોડને અલગ ફીલિંગ આવે છે. પંપાળતાં પંપાળતાં ફૂલ તોડો એ ગમતું ન હોવા છતાં પણ તે React કરતું નથી, પ્રતિભાવ દર્શાવતું નથી. ઘણીવાર ફૂલ તોડવાની સ્વેચ્છાએ તે પરવાનગી આપે છે.' એ ભાવ પણ ધનેશભાઈને સમજાયો છે. 'તુલસીને આપણે ભાવથી વંદીએ એ ભાવ એને બહુ ગમે છે. જ્યારે ચંદ્રની ગતિ થાય છે ત્યારે એકમથી પૂનમ સુધી છોડોનો Growth ઝડપથી થાય છે, એમની Physiology માં ઘણો ફેરફાર થતો જાય છે. જળનો પિતા ચંદ્ર ગણાય. ચંદ્ર શીતળ હોય છે એટલે જળ પ્રમાણે જ જીવની સ્થિતિ થતી હોય છે. સૂરજ અગ્નિતત્ત્વ છે. સૂરજનો ઉગ્ર તાપ તેને ગમતો નથી, એ તેના ભાવ પરથી જાણ્યું છે.' કેવો અદ્ભુત અદૃષ્ટ જગત છે આ!

છોડના પાંદડામાં કે ડાળખીમાં કોઈ તકલીફ હોય તો તેને ઠીક કરવા ઘણીવાર તેની વાઢકાપ (pruming) કરવી પડે છે. તેને તે ગમતી નથી પણ તેનો Growth સારો થાય તેના માટે તે જરૂરી હોય છે એટલે કરવી પડે છે. જે તેને પંપાળતાં પંપાળતાં ધનેશભાઈ કરે છે.

ધનેશભાઈને ખરેખર ધન્ય છે કે તેઓ આ મૂક જગતની ભાષા સમજવાની અજોડ શક્તિ ધરાવે છે અને અત્યંત કરુણા અને પ્રેમથી તેમની સારવાર તથા માવજત કરે છે. આપણે આવો અદ્વિતીય અનુભવ ક્યારે લઈ શકશું એ ખબર નથી પણ એમની પાસેથી છોડો વિશેની આવી ગૂઢ અને અનમોલ વાતો જાણવા મળી, એ જ આપણું સૌભાગ્ય ગણીએ!

પોતાના આ અતાગ જ્ઞાન વડે ધનેશભાઈએ છોડોને ઘણું આપ્યું છે. એમને એમની પાસેથી શું મળ્યું એવું પૂછતાં એમણે કહ્યું કે, 'છોડોની સાથે જે અનુપમ લાગણીઓ, ભાવનાઓ કે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

ઇતિહાસ

# મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ રાજની રૈયત સાથે ગરબીની રમઝટ બોલાવી

• જોરાવરસિંહ જાદવ •

ભારતની ધરતી માથે આઝાદીના અજવાળાં ઊતર્યાં ઈ મોર્ય સૌરાષ્ટ્રમાં થઈ ગયેલાં જાણીતા રાજકૂળોમાંનું એક મહત્ત્વનું ગોહિલ રાજકૂળ છે. ઇતિહાસના જર્જરિત પાનાં બોલે છે કે સેજકજી ગોહિલે ૧૨મી ૧૩મી સદીમાં ખેરગઢથી આવીને પાંચાળની ધરતી પર 'સેજકજી' ગામનું તોરણ બાંધી ત્યાં રાજધાની સ્થાપી. ગોહિલોની રાજધાની સમયાંતરે ઘોઘા, ઉમરાળા અને શિહોરમાં ફરતી રહી. એ પછી પરાક્રમી અને પ્રજાવત્સલ રાજવી ભાવસિંહજીએ ઈ.સ. ૧૭૨૩માં ભાવનગરની સ્થાપના કરી રાજધાનીનું શહેર બનાવ્યું. આઝાદી પછી દેશના નાનામોટાં રાજ્યોનું ભારતમાં વિલીનીકરણ થયું ત્યારે ભાવનગર પ્રથમ વર્ગનું સલામી રાજ્ય હતું. એ વખતે દસ લાખ રૂપિયાનું સાલિયાણું મળતું હતું. મારે આજે ભાવનગર રાજ્ય કે સાલિયાણાની નહીં પણ જેમની જન્મશતાબ્દી ધામધૂમથી ઉજવાઈ ગઈ એવા ભાવેણા (ભાવનગર) ના પ્રજાવત્સલ મહારાજા શ્રીમંત કૃષ્ણકુમારસિંહજીના જીવનના વણસ્પર્શ્યા પ્રસંગો અને ઘટનાઓની વાત કરવી છે.

૧૯ મે ૧૯૧૨ માં જન્મેલા રાજવીનું જન્મશતાબ્દી વર્ષ ઉજવવા ભાવનગર મહાનગરપાલિકાના મેયરશ્રીના અધ્યક્ષપદે નીમાયેલ મહોત્સવ સમિતિએ નીલમબાગ ચોકમાં મહારાજા સાહેબની પ્રતિમાને ફૂલહાર કરી એક વર્ષ સુધીના કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. તેમના અવસાનના ૪૮ વર્ષ પછીએ પ્રજા આ રાજવીને ભૂલી નથી. એમની દિલાવરી, દાતારી સત્કર્મો, સુવહીવટ અને પ્રજાકલ્યાણની ભાવના અને સમર્પણ શીલતાને આજેય સહુ યાદ કરે છે. ભાવનગરના વિદ્વાન પ્રાધ્યાપક અને પ્રિ. ડો. ગંભીરસિંહજી ગોહિલ આ સત્ત્વશીલ રાજવીનું જીવનચારિત્ર તૈયાર કરી પ્રગટ કર્યું છે.

ઈ.સ. ૧૯૧૯માં મહારાજા ભાવસિંહજીનું અકાળ અવસાન થયું ત્યારે યુવરાજ કૃષ્ણકુમારસિંહજીની ઉંમર ૭ વર્ષની હતી. તેમની સગીર અવસ્થા દરમ્યાન ઇંગ્લેન્ડ ખાતેની ઉચ્ચ કારકીર્દિ જતી કરીને ભાવનગર આવેલા સર પ્રભાશંકર પટ્ટણીના અધ્યક્ષ સ્થાને રચાયેલી વહીવટી સમિતિએ રાજ્યનો કારોબાર સંભાળી લીધો.

બાર તેર વર્ષની ઉંમરે ભાવનગર આવેલા ગાંધીજી સાથે કૃષ્ણકુમારસિંહજીની મુલાકાત યોજાઈ. જેમનાથી તેઓ ઘણા પ્રભાવિત થયા. દીર્ઘદૃષ્ટા રાજનીતિજ્ઞ અને વિચક્ષણ બૌદ્ધિક સર પ્રભાશંકર પટ્ટણીનું સાનિધ્ય અને માર્ગદર્શન તેમનું ઘડતર-બળ બની રહ્યા. રાજકોટની રાજકુમાર કૉલેજમાં અભ્યાસ કર્યા પછી કૃષ્ણકુમારસિંહજીને ઇંગ્લેન્ડની વિખ્યાત પબ્લિક સ્કૂલ હેરોમાં મૂકવામાં આવ્યા. ત્યાં ત્રણ વર્ષ અભ્યાસ કરી ક્રિકેટ, ફૂટબોલ, નિશાનબાજી વગેરેનો શોખ કેળવ્યો. ઇ.સ. ૧૯૩૧ માં કૃષ્ણકુમારસિંહજી પુખ્તવયના થતાં રાજ્ય વહીવટની ધૂરા સંભાળી લીધી. તે જ વરસે ગોંડલના યુવરાજ શ્રી ભોજરાજજીનાં સુપુત્રી વિજયાબા સાથે તેમના લગ્ન લેવાયાં. વિજયાબાનાં ધાર્મિક, પ્રેમાળ, સરળ અને ઉમદા સ્વભાવે પણ તેમનાં જીવનમાં પ્રભાવક રંગો પૂર્યા હતાં એમ ડૉ. ગંભીરસિંહજી ગોહિલ નોંધે છે.

કૃષ્ણકુમારસિંહજી ઉચ્ચ વહીવટી કુનેહ અને પ્રેમકલ્યાણની પ્રખર ભાવના ધરાવતા રાજવી હતા. પ્રજાવત્સલતાનો આદર્શ સેવનાર મહારાજા સમયાંતરે ચાંચ બંદરના બંગલે કે ગોપનાથના બંગલે હવાફેર માટે જતાં અને ત્યાં થોડા દિવસ રહીને આરામ કરતા. એ વખતે આજુબાજુ પંથકના ગામડાંમાં આકસ્મિક મુલાકાતે પહોંચી જતા. એ વખતે ગોપનાથ ઢૂંકડા એક ગામે નવરાત્રી પ્રસંગે રમાતી ગરબી, પંથકના પચાસ ગાઉ માથે વખણાય. રાજમાંથી સંદેશો ગયો કે બાપુ આઠમની રાતે તમારી ગરબી જોવા પધારે છે.

અઢારસો પાદરના ધણી ગરબી જોવા પધારે છે એ જાણીને ગામ લોકોનો આનંદ હિલોળે ચડ્યો. ગરબી ગાનારા અને રમનારાઓના કેડિયાની કસો તૂટવા માંડી. એમના અંતરના આનંદમોરલાવ ટહૂકી ઊઠ્યા. ગામના ચોરાની સફાઈ થઈ ગઈ. ઢોલિયા ઢળાઈ ગયા. આણાંત વહુઓએ લાવેલી પટારામાં મૂકેલી નવીનકોર રજાઈયું પથરાઈ ગઈ. ગાદી તકિયા નંખાઈ ગયા. કુંભારો આવીને ઠંડા પાણીના ચીતરેલાં માટીના ગોળા ભરીને મૂકી ગયા. ભાવેણાના ભૂપ ગરબી જોવા પધારે છે એ વાત જાણીને અડખે પડખેના પાંચ પચ્ચીસ ગાઉ માથે આવેલા ગામના લોકો ગાડાં, ઘોડા અને ઊંટિયા માથે સવાર થઈને અહીં ઊમટી પડ્યા. અવનિ માથે અંધારાના ઓળા ઊતર્યા ન ઊતર્યાં ત્યાં કૃષ્ણકુમારસિંહજી પધાર્યા. કટ કટ કટ પગથિયાં ચડીને ચોરે આવ્યા. પ્રજાજનોના વંદન ઝીલીને ઢોલિયા માથે બિરાજમાન થયા અને તકિયાને અઢેલીને બેઠા. સૌની ખબર અંતર પૂછતા પડખે બેઠેલા મુખીને પૂછ્યું : 'પટેલ, શું ચાલે છે? માતાજીની ગરબી રમવા માટે તમારું ગામ બહુ જાણીતું છે એમ સાંભળ્યું છે.'

ગામના નવરાત્રી ઉત્સવની પ્રશંસા સાંભળીને ગામેતીઓના અંતરમાં આનંદના રંગ સાથિયા પુરાણા. એક બે ઉત્સાહી આગેવાનો એકસાથે બોલી ઊઠ્યા : 'જી મહારાજ! આ ગામમાં ગરબી રમવાની પરંપરા પાંચ પાંચ પેઢીથી હાલતી આવે છે. અમારી ગરબીની તો વાત નો' થાય. ભારે રંગત જામી જાય,

ઈમાંય જો માવઠાનો વરહાદ વરહી ગ્યો હોય ને પછી જુવાનિયા ગરબી રમઝટ બોલાવે ઈ બીજી ભાતની હોય. ગરબી પુરી થાય ત્યાં તો ધરતી માથે વેંત વેંત ઊંડું કુંડાળું કોરાઈ જાય હો.'

મહારાજા રાજી થતાં બોલ્યા : 'તમારા સંપીલા ગામમાં માતાજીની માંડવડી આગળ આવી રૂડી ગરબી થતી હોય તો એમાં રમવાનો લ્હાવો આજ હુંય લઈશ.' આવી વિસ્મયભરી વાત સાંભળતાં જ ગામના આગેવાનોના મોં પરનો આનંદ ઉચાળા બાંધીને હાલતો થયો. સૌ સ્તબ્ધ બનીને એકબીજાની સામે તાકી રહ્યા. મહારાજા ગામ આખાના લોક સાથે ગરબી રમે ઈ વાત કોઈને ગળે ઊતરતી નહોતી. એક વયોવૃદ્ધ ભાભાથી નો રહેવાણું. એ ઊભા થયા ને બે હાથ જોડીને બોલ્યા : 'બાપુ આ તો અમારી ગામડિયા લોકની ગરબી. આપના જેવા રાજરજવાડાથી અમારા ભેળા નો' રમાય.'

'શું હું શક્તિની ભક્તિ કરવાને લાયક નથી ગણાતો?'

'અરેરે, બાપુ આ શું બોલ્યા? આવું બોલીએ તો મા ખોડિયાર અમારી જીભ જ ખેંહી લ્યે. ભાવેણાના માથે તો ખોડિયારમાના ચાર હાથ છે. માની અમીદૃષ્ટિ છે.' વૃદ્ધ ભાભા બોલી ઊઠ્યા.

'તો વડીલ તમે આવું કેમ બોલ્યા?'

'બાપુ! વાત જાણે એમ છે કે અમારી ગામડિયાઓની ગરબી સરખે સરખા સમોવડિયાને રમવા માટેની હોય છે. ગરબી રમનારે સામે આવનારને ગોઠણ સુધી નમી તાળી દઈ આગળ જવાનું. એક બીજાને પગે લાગવાનું. વરહને વચલે દાડે કંઈ મન દુઃખ થયા હોય ઈ હંધુય ભૂલીને આનંદ માણવાની ગરબી છે. એટલે અમે ગરબીમાં ગામના વાળંદ, ઘાટઘડા કુંભાર, મેરાઈ, મોચી જેવા વસવાયાને ભેળાં રમવા દેતા નથી. કાઠી, દરબારો અને રજપૂતોની વસતીનું ગામ છે. આ લોકો સ્વપ્નામાંય કોઈની સામે ઝૂકવાનું પસંદ કરતાં નથી. આપનાથી ગામલોકો આગળ ઝૂકીને રમવાની ગરબી ન ગવાય.' એક ગામડિયાએ પેટછૂટી વાત કરીને રહસ્ય ઉઘાડું કરી નાખ્યું.

'ભાઈ, આ તો હડહડતો અન્યાય કહેવાય. માતાજીની ભક્તિ કરતી વખતે અહંને ઓગાળી નાખવો જોઈએ. માને તો બધાં જ બાળકો સરખાં ગણાય. માડીના દરબારમાં ઊંચનીચના ભેદભાવ ન રખાય. સૌ સરખાં ગણાય.' આટલું બોલતા મહારાજાના મુખ પર જાણે કે વેદના લીંપાઈ ગઈ. તેઓ ગંભીર અવાજે બોલ્યા :

'આજે મારે ગામેળું જોડે ગરબી ગાઈને ભેદની ભીંતડિયું ભાંગી નાખવી છે.'

ગામનું વસવાયું વરણ મહારાજાની મહાનતા જોઈ સ્તબ્ધ થઈ ગયું. શું ભાવેણાનો નાથ પોતે ઊઠીને આપણી સાથે ગરબી રમીને ઘૂંટણ સુધી નમીને ગરબીમાં તાળી આપશે? ધન્ય છે આવા સમદૃષ્ટિવાળા રાજવીને. વાયે અડીને વાત ગામ આખામાં વહેતી થઈ ગઈ.

સવર્ણો વસવાયાઓ જોડે ગરબી રમવાની ગડમથલ કરતા હતા ત્યારે કૃષ્ણકુમારસિંહજીએ એટલું જ કહ્યું : 'ભાઈઓ, હું અઢારસો પાદરનો ધણી ઊઠીને મારી રૈયત જોડે તરોવરો કરૂં કે ઊંચનીચના ભેદભાવ રાખું તો એ બધા ક્યારે ઊંચા આવશે? રૈયત તો મારા રાજની શોભા છે. એ સૌને ભેળા લઈને હું ગરબીમાં જોડાઈશ. કેડયેથી લચક લઈને પગ સુધી નમવામાં ભલે મને નાનપ લાગે.'

પછી તો ભાઈ ગરબીનો રંગ જામી ગયો. ગામ લોકોની સાથે વસવાયા વર્ગ હોંશભેર જોડાયો. કોઈ દિ' ગરબીય નહીં રમનારા કે જોનારાય રંગેઅંગે ગરબી રમવા ઊતરી પડ્યા. ભાવનગરના રાજા સાથે ગરબી રમવાનો લ્હાવો કોણ જતો કરે? ઘૈડિયા વાતું કરે છે કે તે દિ' બાપુ એક એક ગ્રામજનના ગોઠણ સુધી નહીં પગના પંજા સુધી નીચા નમીને બબ્બે કલાક ગરબીમાં ફર્યા. ગામલોકો રાજવી સાથે ગરબી રમીને ધન્યતા અનુભવવા લાગ્યા. ગરબી પૂરી થતાં પોતાને સવર્ણોમાં ખપાવતા સૌ કોઈએ મહારાજાની માફી માગી. વર્ણભેદ નહીં રાખવા બધા વચનબદ્ધ થયા. ત્યારે શ્રી કૃષ્ણકુમારસિંહજીના મુખ પર આનંદની અનેરી આભાવાળું સ્મિત રમતું હતું. અસ્પૃશ્યતા નિવારણના ઢોલ તો આપણે આજે વગાડીએ છીએ પણ પ્રજાકલ્યાણની ભાવનાવાળા ભૂપ એ કાર્ય તો વર્ષો પહેલા કરી ચૂક્યા હતા.

મહારાજાના શિક્ષણપ્રેમની એક ઘટના 'સંકલ્પ શક્તિ' એ આ મુજબ નોંધી છે. નગરવિકાસના કામો નિહાળવા અને નગરચર્ચા કરવા નીકળેલા મહારાજા સંધ્યાટાણે અંગત માણસો સાથે ચર્ચા કરતાં જઈ રહ્યા હતા. એવામાં એમની નજર એક ધૂની માણસ માથે પડી. એમને આશ્ચર્ય એટલા માટે થયું કે ધૂની જેવો જણાતો ખાદીધારી માણસ મેલાંઘેલાં નાનાં નાનાં ટાબરિયાંઓને પ્રેમપૂર્વક નવડાવી માથામાં તેલ નાખી વાળ ઓળી દેતો હતો. એને જોતાં જ મહારાજા થંભી ગયા. એમના મનમાં વીજળીના સળાવાની જેમ એક વિચાર ઝબકી ગયો. બાપુએ એમના ઢૂંકડા જઈને રાજ્યમાં સારી શિક્ષણ સંસ્થા ઊભી કરવા આર્થિક સહાય આપવાની તત્પરતા બતાવી, ત્યારે સેવાભાવી ખાદીધારી શું કહે છે? 'મને કોઈ શિક્ષણ સંસ્થા ઊભી કરી મોટું પદ લેવામાં રસ નથી. મને રાજ્યના પૈસાય જોતાં નથી. આપ આપવા ઇચ્છતા જ હો તો સામેની ખરાબાની જમીન મને આપો. મારે ગામના ગરીબ બાળકોને માટે એમાં હીંચકા બાંધવા છે, અને છોકરાંઓને ભેગાં કરી ધમપછાડા કરાવવા છે.'

મહારાજા આ માણસના હીરને પારખી શક્યા અને પછી બીજે દિવસે તાંબાના પતરે પડતર જમીન મહારાજા સાહેબે 'યાવત્ ચંદ્ર દિવાકરૌ' લખી આપી. એ પડતર જમીન ઉપર પાંગરેલી પ્રતિષ્ઠ સંસ્થા એટલે "શિશુવિહાર - ભાવનગર." એ મહારાજાનું નામ કૃષ્ણકુમારસિંહજી. એ ભેખધારી માણસ એટલે માન. શ્રી માનભાઈ ભટ્ટ. બેમાંથી એકેય હયાત નથી. હયાત છે પ્રજાના હૃદયમાં એમની સ્મૃતિ. ■

નિબંધ

# બાવલું

• મિતેષ સોલંકી •

હું જ્યારે પત્રકારત્વનો અભ્યાસ કરતો ત્યારે એક પ્રોજેક્ટ તરીકે શહેરમાં મુકવામાં આવતાં વિવિધ બાવલાંની લોક માનસ પર શું અસર થાય છે તેમજ તે મૂકવા પાછળ સરકારના શું ઈરાદા હોય છે તેનો એક અભ્યાસ કરવો તેવી ઈચ્છા હતી. કમનસીબે હું એ કામ પૂર્ણ કરી ન શક્યો પરંતુ તે વિષયને લઈને મારા થોડા અનુભવો તેમજ વિચારોને અહીં રજૂ કરવાની ઈચ્છા થઈ. આપના પ્રતિભાવ આવકાર્ય છે.

ચાર રસ્તા પર મુકવામાં આવતા બવલાના વિષયો સમયાંતરે બદલાતા ગયા છે. સ્વતંત્રતા પછી જેમના થકી આપણને સ્વતંત્રતા મળી છે તેમના યોગદાનની યાદી રૂપે આપણે આ બાવલા મૂકવાની શરૂઆત કરી. જેમાં મુખ્ય પ્રવાહના રાજકીય, સામાજિક તેમજ ઐતિહાસિક વ્યક્તિઓને સ્થાન આપવા આવ્યું જેમ કે મહાત્મા ગાંધી, નહેરુ, સરદાર, વિવેકાનંદ, રાજા રામમોહનરાય, શિવાજી, મહારાણા પ્રતાપ વગેરે. ત્યાર બાદ તત્કાલીન રાજકીય વ્યક્તિઓનાં બાવલાં પણ મૂકવાની શરૂઆત થઈ જેમ કે ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી વગેરે. અંતે રાજકીય પક્ષો પોતાના પક્ષ સંચાલિત રાજ્યોમાં પોતાનાં જ બાવલા મૂકવા લાગ્યા જેમ કે માયાવતી. સમયાંતરે કળા, વિજ્ઞાન, સમાજસેવી લોકો તેમજ વિકાસને લગતી કૃતિઓ મુકવાની શરૂઆત કરવામાં આવી. આ વિગતોને વધારે વિસ્તૃત રીતે લખી શકાય. પરંતુ મારા આ લેખનો ઉદ્દેશ બીજો છે "લોકો આ બાવલાં જોઈને શું વિચાર છે? અથવા કંઈ વિચારે છે પણ ખરા?" મારા અંગત અનુભવે જાણ્યું કે લોકોને બાવલામાં બહુ રસ નથી હોતો. આજના આ ઝડપી યુગમાં લોકો બાવલા પાસેથી અનેક વખત પસાર થઈ જાય છે અને બાવલા સામે જોવાનો સમય પણ નથી હોતો. હા! મોડી રાત્રે બાવલા પાસે એકઠા થવાનું, નાસ્તો પાણી કરવાના, ટોળટપ્પા કરવાના સ્થળ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે પરંતુ બાવલાને ક્યારેય ચર્ચાના વિષય તરીકે જોયો નથી. એવું તો ભાગ્યે જ બનતું હશે કે લોકો કોઈ ચોક્કસ બાવલા પાસે એકઠા થઈને તે વ્યક્તિ અથવા કૃતિને લગતો કોઈ પરિસંવાદ યોજાતો હોય, ચર્ચાઓ થતી હોય અને તેમાંથી શું શીખવા જેવું છે તેની વાતો કરવામાં આવતી હોય. હા! જે તે વ્યક્તિને તેની જન્મ જયંતી કે પુણ્યતિથિ પર યાદ કરીને બે દિવસ પહેલા બાવલાને સાફ કરીને ફૂલહાર ચડાવવામાં આવે છે અને તેમાં પણ બાવલાનો ઉપયોગ પોતાની સાથે ફોટોમાં બાવલાને થોડી જગ્યા મળે તે માટે જ કરવામાં આવે છે. સામાન્ય દિવસોમાં તો બાવલા પર પક્ષીઓના ચરક અને બાવલાની આસપાસની બેઠક કૂતરાઓને આશરો આપતી જોવા મળે છે. યુવાન પેઢીને ક્યારેક સામાન્ય રીતે જ પૂછતા એ પણ ખ્યાલ આવ્યો કે તેમને બાવલું કોનું છે તેની પણ ખબર નથી હોતી અને વળી તે અજ્ઞાન માટે તેમને ગૌરવ પણ હોય છે કે - આવી બધી બાબતોમાં શું સમય બગાડવો? એવી દલીલ પણ કરી દેતા અચકાતા નથી.

બાવલાં મૂકવાનો સરકારનો ઈરાદો અને લોકો પર તેની થતી અસર વચ્ચે મને ક્યારેય સ્નાનસૂતકનો સંબંધ પ્રસ્થાપિત થતો જોવા નથી મળ્યો. ઉલટાનું ક્યારેક બાવલાને કારણે ઝઘડા થતા વધારે જોવા મળ્યા છે. લોકો પોતાના ગુસ્સા કે વિકૃતિનું પ્રદર્શન આ બાવલાને નુકસાન પહોંચાડીને કરતા જોવા મળે છે જેમ કે ગાંધીજીનાં ચશ્માં ગૂમ કરી દેવાં, આંબેડકર સાહેબના હાથને તોડી નાખવો, સરદારની પ્રતિમા પર કાળી શાહી રેડવી વગેરે. ત્યારબાદનાં પરિણામ આપણને ખબર જ છે - કૃત્રિમ ગાંધીવાદીઓ ગાંધી (ન) ચીંધ્યા માર્ગે આંદોલન કાઢશે, દલિત સમાજના કૃત્રિમ આગેવાનો સમાજની લાગણી દુભાયાના કારણો આગળ ધરીને ધરણાં યોજશે, સરદાર સાહેબના આધુનિક અને છીછરા નવસ્વરૂપ બજારમાં રેલીઓ કાઢી નાખશે અને અંતે ચાર દિવસ પછી સમાચારમાં ચમકી જઈને સૌ સૌના કામમાં વ્યસ્ત થઈ જશે અને પેલી ખંડિત મૂર્તિ અથવા બાવલાને ઢાંકી દેવામાં આવશે અથવા ત્યાંથી દૂર કરીને નવા બાવલાની વ્યવસ્થા કરવામાં આવશે.

કળા અને વિજ્ઞાન સંબંધિત કૃતિઓ એક રીતે સુખી વર્ગની કક્ષામાં આવી શકે કારણકે સામાન્ય જનતાને કળામાં રૂચિ હોય તેવું બહુ જોવા મળતું નથી. અરે ત્યાં સુધી કે ચાની કીટલીની કૃતિમાં કીટલી પકડવાનું હેન્ડલ ખોટી રીતે દર્શાવવામાં આવ્યું હોય તો પણ ચાલે અને વિજ્ઞાનને લગતી સિદ્ધિઓ માટે મૂકવામાં આવેલ બાવલા માટે કોઈ પાસે સમય નથી. વળી, આ કૃતિઓ પર કોઈ ફૂલહાર ચડાવવા માટે પણ આવતું નથી એટલે તેને કોઈ અંગત દ્વેષથી ખંડિત કરે તેનો ભય પણ રહેતો નથી. બસ સમયની સાથે સડવાની એક માત્ર જવાબદારી આ કળા અને વિજ્ઞાનના બાવલાની હોય છે જે જવાબદારી આ કૃતિઓ બિચારી સુપેરે નિભાવે છે.

તેમ છતાં એક વાત કહેવી જ પડે કે બાવલું ખરા અર્થમાં સમાજસેવા કરતું રહે છે તેમજ વર્તમાન પ્રજાની માનસિકતાના અરીસા તરીકે વર્તે છે. જેમ કે બાવલાં બનાવવા પાછળ થતા ભ્રષ્ટાચારથી જવાબદાર અધિકારી તેમજ મળતિયાઓને બાવલું

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૯ ઉપર)

સત્ય કથા

# હનુભાઈ

• ઝવેરચંદ મેઘાણી •

લાઠી ગામની સીમમાં ધોળી શેરડીનો દોઢ-દોઢ માથોડું ઊંચો વાઢ પવનના ઝપાટામાં ખૂલી રહ્યો છે - જાણે પોપટિયા રંગના કોઈ મહાસાગરનાં મોજાં હિલોળે ચડ્યાં હોય તેવો દેખાવ થઈ ગયો છે. એવા ઘાટા એ શેરડીના થર સંધાણા છે કે માંહે ચકલુંય માર્ગ કરી શકે તેમ નથી. બાર-બાર મહિના થયા પટેલના ચાર દૂધમલિયા છોકરાઓએ દિવસ અને રાત કોસ હાંકી હાંકીને આવી થાંભલીઓ જેવી શેરડી જમાવી છે. ચિચોડાની ચીસો ગાઉ ગાઉને માથે સંભળાય છે. દીકરાના વિવાહ થાતા હોય તેમ ગામડે ગામડેથી પટેલનું કુટુંબ ગોળ અને શેરડી ખાવા આવ્યું છે. બાવા, સાધુ કે ફકીર-ફકીરાં તો કીડિયારાંની જેમ ઊભરાણાં છે.

આજ લાઠીના ધણી લાખોજી ગોહિલ પોતાના મહેમાનોને તેડીને આ વાઢે શેરડી ખાવા આવ્યા છે. બાપુએ કહ્યું : "પટેલ, જસદણના ધણી શેલા ખાચરની દાઢમાં ધરતીના સવાદ રહી જાય એવી શેરડી ખવરાવજો, હો કે!"

પોરસીલો પટેલ ભારા ને ભારા વાઢી ડાયરાની સામે પાથરવા મંડ્યો. દરબાર શેલો ખાચર અને એના ત્રણસો અસવારો 'હાંઉ, બા, હાંઉ!', 'ઢગ્ય થઉ ગી, બા, બસ કરો!' - એમ બોલતા બોલતા માથાબંધણાંના ઊંડા ઊંડા પોલાણમાંથી ધારદાર સૂડીઓ કાઢીને એ અધમણ અધમણ ભારના સાંઠાને છોલવા મંડ્યા. પાશેર પાશેર ભારનાં માદળિયાંની ઢગલીઓ આખી પંગતમાં ખડકાવા માંડી; અને છરા જેવા દાંતવાળા પહેલવાન કાઠીઓ, પોતાના મોઢામાં કેમ જાણે ચિચોડા ફરતા હોય તેમ, ચસક ચસક એ પતીકાંને ભીંસી ભીંસી ચૂસવા લાગ્યા. અમૃતસરના ઘૂંટડા પીતી પીતી કેમ જાણે દેવ-દાનવોની સભા બેસી ગઈ હોય એવી મોજ આજ લાઠીના વાઢમાં જામી પડી હતી.

"વાહ લાખાજી! શેરડી તો ભારે મીઠી!" દરબાર શેલા ખાચરે વખાણ શરૂ કર્યા.

લાખાજીએ વખાણને ઝીલીને જવાબ આપ્યો : "હા, બા! મીઠપ ઠીક છે. ભગવાનની દયાથી અમારી વસ્તી ઠીક કામે છે."

ત્યાં કાઠી-ડાયરામાંથી એક બીજા ગલઢેરાએ સાદ પૂર્યો : "બા, આથી તો પછેં ગળપણનો આડો આંક આવી ગયો હો! અમૃતના રોગા ઘૂંટડા ઊતરે છે."

"હા, બા!" ફરીવાર લાખાજીએ કાઠીઓની તારીફ સ્વીકારી. "તમ જેવા ભાઈઓની દયામાયા, કે લાઠીનાં લોક બાપડાં મહેનત કરીને ગદર્યે જાય છે."

પણ લાખાજીના હોઠ મરકતા હતા. એને મર્મના બોલ બોલવાની બૂરી આદત હતી, તેથી હમણાં કંઈક બરછી જેવો બોલ છૂટશે એવી ધાસ્તી લાગવાથી શેલા ખાચરે પોતાના કાઠીઓ તરફ મિચકારો તો ઘણોય માર્યો, છતાં રંગે ચઢેલો કાઠી ડાયરો અબોલ રહી શકે તેવું નહોતું. ત્રીજો કાઠી તાનમાં બોલી ઊઠ્યો : "ભણે, બા લાખાજી! આવડી બધી મીઠપ આણવાનો કારસો તો બતાવો! આવો રૂડો ખાતર તે કણાનો નાખ્યો છે તમે?" લાખાજીથી ન રહેવાયું : "ખબર નથી, બા! તમારા વડવાઓનાં માથાં વાઢી વાઢીને ખાતર ભર્યું છે, એટલે આવી મીઠપ ચઢી છે, સમજ્યા?"

લાખાજીથી એટલું બોલાઈ ગયું, અને એનાં વેણ પડતાં તો 'થૂ! થૂ!' કરતા તમામ કાઠીઓ શેરડીનાં માદળિયાં થૂંકી નાખીને બેઠા થઈ ગયા. સહુની આંખો રાતીચોળ થઈ ગઈ. રંગમાં ભંગ પડ્યો અને આંખો કાઢીને કાઢીઓ ચાલવા મંડ્યા. ત્યારે વળી લાખાજીએ બળતામાં ઘી હોમ્યું : "એ બા! લાઠીમાં બરછિયું ઘણીયુંય મળે છે. એકેક બાંધો છો તે હવે બબ્બે બાંધજો ને લાઠીને ઉખેડી નાખજો!"

શેરડીનો રસ ખારો ઘૂઘવા જેવો થઈને કાઠીઓની દાઢને કળાવતો રહ્યો.

★

ઉત્તરમાં બાબરા અને કરિયાણાના ખાચરોની ભીંસ થાતી આવે છે; દખણાદી દશે આંસોદર, લીલિયા અને કુંડલાનો ખુમાણ ડાયરો લાઠીને ઉથલાવી નાખવા ટાંપી બેઠો છે; ઉગમણેથી ગઢડા, ભડલી અને જસદણ-ભીમોરા જેવાં ખાચરોના જોરાવર મથકો બરછી તોળીને ઊભાં છે; અને આથમણી કોર ચિત્તળ ને જેતપુરનો વાળા ડાયરો જ્યારે જ્યારે બને છે ત્યારે ત્યારે હલ્લા કરી રહ્યો છે. એવી રીતે -

*કાઠી બળ થાક્યા કરી, કટકે ત્રાઠી કેક,*
*(તોય) અણનગ નોઘાટી એક, (તારી) લાઠી લાખણશિયડા!*

(હે લાખાજી ગોહિલ, કાઠીઓ બળ કરીને થાક્યા, ઘણાં લશ્કર તારા ગામના માથે ત્રાટક્યાં, તોય તારી લાઠી નમ્યા વિના ઊભી જ છે; તેમ તમારી જમીન પણ નથી ઘટી.)

*મારૂ, માટીવટ તણું, બળ દાખછ બળ ફોડ્ય,*
*કાઠી ચારે કોર, (વચ્ચે) લાઠી, લાખણશિયડ!*

(હે મારવાડમાંથી આવેલા ગોહિલ કુળના જાયા લાખાજી ગોહિલ, મોટા મરદોનું જોર તે તોડ્યું છે અને તારૂં માટીપણું (પુરુષત્વ) પણ તું અન્યને દેખાડી રહ્યો છે. ચારેય બાજુ કાઠી છે, અને વચ્ચે તારી લાઠી સુરક્ષિત ખડી છે.)

★

એ જોરાવર લાખાજીના લોહીમાંથી હનુભાઈ નામનો દીકરો પાક્યો. હનુભાઈ ફટાયા હોવાથી જિવાઈમાં લીંબડા નામનું ગામ લઈને લાઠીની ગાદીએથી ઊતર્યા.

એની બરછીની સાધના જબરી હતી. પીઠા ચાંદસૂર નામનો ધોબા ગામનો એક કાઠી ગલઢેરો પોતાના એકસો ઘોડેસવારને લઈને ચડતો ને ચોમેર હાક બોલાવતો. પણ હનુભાઈ કહેતા : "જો મારી સીમમાં પીઠો ચાંદસૂર પગ મેલે તો જેટલી જમીનમાં હેમખેમ એનાં ઘોડાં ફરી જાય તેટલી જમીન હું દાનમાં દઈ દઉં."

આવાં કડક વેણ તો રણકાર કરતાં પીઠા ચાંદસૂરને કાને પહોંચ્યાં. મૂછોને ત્રણ વળ દઈને પીઠો લીંબડા લૂંટવા આવ્યો : પણ લાગ દેખીને અચાનક આવ્યો. આવીને સીમમાંથી માલ વાળ્યો. હનુભાઈને પોતાનાં વેણ તો સ્વપ્નેય સાંભરતાં નહોતાં, એટલે એણે ગફલતમાં પોતાનાં બધાં ઘોડાં બહાર મોકલી ફક્ત પાંચ જ અસવાર લીંબડે રાખ્યા હતા. આજ લીંબડા લૂંટાયાની એને જાણ થઈ એટલે ચાર આયર અને ભગા ભૂતૈયા નામના સરદારને લઈ હનુભાઈ પીઠાની પાછળ ગાયોની વહારે ચડ્યા.

લીંબડાથી અઢી ગાઉ ઉપર, લાખાવાડ ગામને સીમાડે, ડુંગરાની સાંકડી નાળ્યમાં, દુશ્મનો સાથે ભેટા થયા; પણ શત્રુ પાસે જાડાં માણસો હતાં. એ ધીંગાણામાં હનુભાઈના ત્રણ આયર કામ આવ્યા, એટલે ભગા ભૂતૈયાએ હાકલ કરી : "બાપુ, હવે ભાગો."

"ફટ્ય! હનુભાઈ ભાગે?"

"હા, હા; જુઓ હમણાં રંગ દેખાડું. તમને નહિ લજાવું! ફિકર કરો મા. હું વેતમાં છું."

બેય અસવારે ઊભી નાળ્યે નીચાણમાં ઘોડાં વહેતાં મૂક્યાં. વાંસોવાંસ પીઠાએ પોતાની ઘોડી છોડી. ઊંટવઢ મારગની અંદર એ ત્રણ-ચાર ઘોડાના ડાબલા એવા તો જોરથી ગાજ્યા કે જાણે એકસો ઘોડાની ધમસાણ બોલી રહી છે. પીઠો બરાબર લગોલગ પહોંચ્યો. એક ભાલું ઝીંકે તો હનુભાઈ ધૂળ ચાટતા થાય એટલી જ વાર હતી. પણ પીઠાનો જીવ લોભમાં પડ્યો : હનુભાઈની પીઠ ઉપર સોનાના કૂબાવાળી ઢાલ ભાળી. એણે પછવાડેથી ચીસ પાડી : "એ હનુભાઈ, છોડી નાખ્ય, છોડી નાખ્ય - ઢાલ છોડીને નાખી દે, જો પ્રાણ વહાલા હોય તો!"

પીઠાએ હનુભાઈને એટલો સમય દીધો એટલે સાવધાન ભગે હાકલ દીધી : "હાં બાપુ, હવે ઝીંકો બરછી."

હનુભાઈએ હાથ હિલોળીને પોતાની બરછીનો ઘા બરાબર પાછળ ઝીંક્યો. નિશાન માંડવાની જરૂર નહોતી. સાંકળી નાળ્યમાં વાંસે પીઠો જ નિશાન બનીને તૈયાર હતો. વળી, એ વેગમાં આવતો હતો. હનુભાઈની બરછીને એ વેગની મદદ મળી. પીઠાની છાતી વીંધીને બરછી પીઠાના શરીરમાં જ ભાંગી ગઈ. પીઠો ધૂળ ચાટતો થયો.

*લાઠીની લાઠીધણી, ચોડી છાતીમાંય,*
*પીઠાને પડમાંય, કાઠી ગળમીંડું કર્યું*

(હે લાઠીના વંશજ હનુભાઈ, લાઠીની બરછીને તેં દુશ્મનની છાતીમાં જ ચોડી. અને બાળકો જેમ ગળમીંડાની રમત રમીને પોતાના સામાવાળાને પોતાના કૂંડાળામાં રોકી રાખે છે, તેમ તેં પણ આ પીઠાની સાથે રમત માંડીને એને તારા સીમાડારૂપી કૂંડાળામાં પૂરો કર્યો.)

★

એક દિવસ ડેલીએ બેઠા હનુભાઈ દાતણ કરે છે. ત્યાં તો ચીસો પાડતો એક કણબી રાવ કરવા આવ્યો; આવીને બોલ્યો : "બાપુ! મારા બાજરાનું આખું ખેતર ભેળી નાખ્યું. મારા છોકરાને રાબ પાવા એક ડૂંડું ન રહ્યું."

"કોણે ભેળ્યું ભાઈ?" કુંવરે પૂછ્યું. 'કુંવર' એ હનુભાઈનું હુલામણું નામ હતું.

"ભાવનગર મહારાજ વજેસંગજીના કટકે."

"એ શી રીતે?"

"મહારાજ જાત્રાએથી વળીને ભાવનગર જતા હતા. મારગકાંઠે જ ખેતર હતું. દોથા દોથા જેવડા ડૂંડાં હીંચકતાં હતાં. દેખીને આખું લશ્કર ખેતરમાં પડ્યું. પૉક પાડવા ડૂંડાં વાઢ્યાં ને બાકી રહ્યું તેની, ઘોડાને જોગાણ દેવા, કોળી કોળી ભરી લીધી. હવે મારાં પારેવડાં શું ખાશે, બાપુ?" એમ કહીને કણબી રોઈ પડ્યો.

કુંવર હસી પડ્યો; જવાબ દીધો : "એમાં રૂએ છે શીદને, ભાઈ? એ તો વજેસંગજી બાપુ આપણો બાજરો કઢારે લઈ ગયા કહેવાય! આપણે એમનો ચારગણો બાજરો વસૂલ કરશું, લે બોલ્ય. તારો બાજરો તું કેટલો ટેવતો હતો?"

"બાપુ, પચીસેક કળશી."

"બરાબર! હવે તેમાંથી સાડા બાર કળશી તો અમારા રાજભાગનો જાત ને?"

"હા બાપુ!"

"ત્યારે જા, તારા ભાગનો સાડા બાર કળશી બાજરો આપણે કોઠારેથી અટાણે જ ભરી જા. પછી વખત આવ્યે હું અને વજેસંગજી બાપુ હિસાબ સમજી લેશું."

પટેલને તો પોતાનો બાજરો બીજા સહુ ખેડુ કરતાં વહેલો અને વિના મહેનતે કોઠીમાં પડી ગયો.

★

ખળાટાણું થયું. લીંબડાને પડખે જલાલપર અને માંડવા નામે ભાવનગરનાં બે ગામ આવેલાં છે. બરાબર ખળાં ભરવાને ટાણે હનુભાઈ ઘોડીએ ચડીને જલાલપર પહોંચ્યા, અને તજવીજદારને કહ્યું : "અમારો બાજરો બાપુ કઢારે લઈ ગયા છે, માટે આ ખળામાંથી ત્રણસો કળશી બાજરો આજ તમારાં ગાડાં જોડીને

લીંબડે પહોંચતો કરો.''

દિગ્મૂઢ થયેલા તજવીજદારે કહ્યું : ''પણ બાપુ; મને કાંઈ...''

''હા, હા, તમને કાંઈ ખબર ન હોય; પણ મને તો ખબર છે ને! ઝટ બાજરો પહોંચાડો છો કે નહિ? નહિતર હું મારી મેળે ભરી દઉં?''

તજવીજદારે હનુભાઈની આંખમાં અફર નિશ્ચય જોયો. લીલો કંચન જેવો ત્રણસો કળશી બાજરો લીંબડે પહોંચાડ્યો, અને બીજી બાજુથી આ સમાચાર ભાવનગર પહોંચાડ્યા.

વજેસંગજી મહારાજ સમજ્યા કે કુંવરને આખા મલકની ફાટ્ય આવી છે. પણ એમ પરબારા એને માથે હાથ ઉગામાય તેમ નહોતું. આખી કાઠિયાવાડ હનુભાઈને એક હોંકારે હાજર થાય તેવી તૈયારી હતી. કુંવરને શિખામણ આપવા એમણે ભાવનગર બોલાવ્યા.

મહારાજા વજેસંગજી ગમે તેવા તોય પોતાના વડીલ હતા. એની સામે ઉત્તર દેવા જેટલી બેઅદબી કરવાની હિંમત કુંવરમાં નહોતી. એટલે આકડિયાવાળા વીકાભાઈ ગઢવીને સાથે લઈને પોતે ભાવનગર થયા.

કચેરીમાં મહારાજાની બાજુએ પોતાનું માથું ધરતી સામું ઢાળીને કુંવર અદબપૂર્વક બેઠા છે. મહારાજાએ પણ કુંવરને ન શરમાવતાં વીકાભાઈને પૂછ્યું : ''વીકાભાઈ, કહેવાય છે કે કુંવર જલાલપર-માંડવાનાં ખળાં ભરી ગયા!''

''એ તો હોય બાપ! એ પણ આપના જ કુંવર છે ને? એટલાં લાડ ન કરે?'' વીકાભાઈએ મીઠો જવાબ વાળ્યો.

''પણ, વીકાભાઈ! અવસ્થાના પ્રમાણમાં સહુ લાડ સારાં લાગે ને! અને હવે કંઈ કુંવર નાના નથી. આજ એ લાડ ન કહેવાય, પણ આળવીતરાઈ કહેવાય.''

મહારાજાનાં વેણમાં જ્યારે આટલી કરડાકી આવી ત્યારે ચારણનો સૂર પણ બદલ્યો : ''પણ મહારાજ! કુંવરે તો રાણિયુંને ઘણુંય કહ્યું કે, હાલો, આપણે બધા લાણી કરવા સીમમાં જાયીં, એટલે રોટલા જોગું કમાઈ લેશું, માણું માણું મૂલ મળશે. પણ રાણિયુંએ ગઢમાંથી કહેવરાવ્યું કે, ભૂખ્યાં મરી જાયીં તો ભલે, પણ જ્યાં સુધી ભાવનગર રાજ્યનું ઓઢણું અમારે માથે પડ્યું છે ત્યાં સુધી તો દા'ડી કરવા નહિ જાયીં; ભાવનગરને ભોંઠામણ આવે એવું કેમ કરાય?''

''એટલે શું?''

''બીજું શું? કુંવરના ઘરનો બાજરો ખૂટ્યો!''

''કાં?''

''મહારાજનાં ઘોડાંને જોગાણની તાણ પડી, ને મહારાજના સપાઈનાં છોકરાં પોક વિના રોતાં'તાં, તે સો વીઘાંના ખેતરનો બાજરો ભેળી દીધો!''

વજેસંગજી મહારાજને બધી હકીકતની જાણ થઈ. આખી કચેરી હસી પડી. મહારાજનો રોષ ઊતરી ગયો પણ મોં મલકાવીને એમણે કહ્યું : ''ભલા આદમી! પચીસ કળશીને સાટે ત્રણસો કળશી બાજરો ભરી જવાય?''

વીકોભાઈ કહે : ''બાપુ, ઓલ્યા ખેડૂતને અક્કેક આંસુડે સો-સો કળશી ભર્યો છે. ખેડુ વધુ રોયો હોત તો તેટલો વધુ બાજરો લેવો પડત.''

''સાચું! સાચું! ખેડુના આંસુ તો સાચાં મોતી કહેવાય. રંગ છે તમને, કુંવર!'' મહારાજાએ કુંવરની પીઠ થાબડી; રોકીને મહામૂલી પરોણાગત કરી.

બપોરે મહારાજના કુંવર જસુભા અને હનુભાઈ ચોપાટે રમવા બેઠા. રમતાં રમતાં જસુભાઈની એક પાકી સોગઠી ઢિબાઈ ગઈ. કુંવરે જસુભાની આંગળી જોરથી દાબી કહ્યું : ''યુવરાજ! અત્યારે તો અમારા - લાઠી ભાયાતોના - ગરાસ પૈસા આપી આપીને બાપુ માંડી લ્યે છે, પણ યાદ રાખજો, જેમ બાજરો કઢાવ્યો છે તેમ અમે એ બધાં ગામ પાછાં કઢાવશું, હો!''

જસુભાની આંગળી એટલા જોરથી ભીંસાણી કે લોહીનો ટશિયો નીકળ્યો. એણે જઈને બાપુને વાત કરી. ચતુર મહારાજ ચેતી ગયા કે મારો દેહ પડ્યા પછી કુંવર આ છોકરાઓને ગરાસ ખાવા નથી દેવાનો. પણ એ ટાણે તો મહારાજ વાતને પી ગયા.

એક દિવસ મહારાજ શિકારે નીકળ્યા છે; આઘે આઘે નીકળી ગયા. થડમાં જ હનુભાઈનું લીંબડા દેખાતું હતું. લીંબડાની દિશામાં બાવળનું એક ઝાડ હતું; બાકી, આખું ખેતર સપાટ હતું. મહારાજે મર્મવાણી ઉચ્ચારી : ''જેઠા ગોવાળિયા, મેરામ ગોવાળિયા, આખા ખેતર વચ્ચે એક ઠૂંઠું ઊભું છે તે બહુ નડે છે, હો!''

''ફિકર નહિ, બાપુ! કાઢી નાખશું.'' એવો માર્મિક જવાબ ગોવાળિયાઓએ વાળી દીધો. આ જેઠો અને મેરામ બાપ-દીકરા હતા. કાઠી હતા. ગોવાળિયા એની સાખ હતી. જોરાવર હતા. ભાવનગરના અમીરો હતા. હનુભાઈ ઉપર મહારાજથી તો હાથ ન થાય એટલે એમણે આ કામ ગોવાળિયા કાઠીઓને ભળાવી દીધું.

મહારાજ ઘરે આવ્યા. ફરી વાર બોલ્યા : ''ગોવાળિયાઓ, મારા વાંસામાં ડાભોળિયું ખૂંચે છે, હો!''

તુરત ચાકરો દોડીને પૂછવા મંડ્યા : ''ક્યાં છે, બાપુ? લાવો કાઢી નાખીએ.''

મહારાજ કહે : ''ભા, તમે આઘા રહો. તમારૂં એ કામ નથી.''

ગોવાળિયા બોલ્યા : ''બાપુ, ડાભોળિયું તો કાઢી નાખીએ, પણ પછી રે'વું ક્યાં?''

''બાપ, હું જીવું છું ત્યાં લગી તો ભાવનગરના પેટમાં.''

ગોવાળિયાને ખબર હતી કે હનુભાઈની ઉપર હાથ ઉપાડ્યે કાઠિયાવાડ હલમલી ઊઠશે, અને ક્યાંય જીવવા નહિ આપે. પણ

મહારાજે ભાવનગરનું અભયવચન આપ્યું. ઘાટ ઘડાણો.

જેઠા ગોવાળિયાએ કહ્યું : "પણ, મેરામ, હનુભાઈની હારે બેસીને તો સામસામી કસુંબાની અંજળિયું પીધી છે, ભાઈબંધીના સોગંદ લીધા છે; અને હવે કેમ કરશું? મહારાજની પાસેય બોલે બંધાણા?"

"બાપુ! એક રસ્તો સૂઝે છે. ખીજડિયાવાળા લાઠી-ભાયાતોની સાથે હનુભાઈને મોટું મનદુઃખ છે. આપણે લીંબડા ઉપર ન જવાય, પણ ખીજડિયાના માલ વાળીએ; હનુભાઈ કાંઈ ખીજડિયાવાળા સારૂ ચડવાના નથી. એટલે મહારાજને કહેવા થાશે, કે 'શું કરીએ, હનુભાઈ બહાર જ ન નીકળ્યો!' આમ પેચ કરીએ તો સહુનાં મોઢાં ઊજળાં રહે એવું છે."

★

ત્રણ દિવસ થયાં હનુભાઈ ડેલીએ ડાયરાની સાથે કસુંબા લેવા આવતા નથી. કોઈ પૂછે, તો રાણીવાસમાંથી જવાબ મળે છે કે કુંવર લાઠી પધાર્યા છે; પણ વાત જૂઠી હતી. સાવજને સાંકળીને પાંજરે નાખ્યો હતો. ત્રણ દિવસ પહેલાં પછેગામના કોઈ જોષી આવેલા. એણે ભવિષ્ય ભાખ્યું હતું કે, "આ ત્રણ દિવસમાં તમારે માથે ઘાત છે માટે બહાર નીકળશો મા!"

હનુભાઈ બોલ્યા : "ભટજી! હું હનુભાઈ! મોતથી બીને હું રાણીવાસમાં પેસી જાઉં? ડાયરામાં બેઠા વિના મારે ગળે કસુંબો શે ઊતરે?"

પણ રાણી કાલાવાલા કરવા લાગ્યાં : "ત્રણ દિવસ દેખી-પેખીને શીદ બહાર જવું? ધીંગાણાનો ગોકીરો થાય તે ટાણે હું આડી ન ફરૂં, મારા લોહીનો ચાંદલો કરીને વળામણાં આપું. હુંય રજપૂતાણી છું. પણ ઠાલા ઠાલા જોષીનાં વેણને શીદ ઠેલવાં? અમારા ચૂડા સામું તો જરા જુઓ!"

કુંવરનું હૈયું પીગળી ગયું. છાનામાના એ ગઢમાં કેદ બનીને પડ્યા રહ્યા.

આજ એ કાળ - દિવસમાંથી છેલ્લો દિવસ છે. સાંજ પડશે એટલે કુંવરની બેડીઓ તૂટશે. કેદમાં પડેલો ગુનેગાર પોતાના છુટકારાની છેલ્લી સાંજની વાટ જોઈ રહ્યો હોય તેમ, કુંવર વાટ જોતા તલપી રહ્યા છે. એના નખમાંય રોગ નથી. દસેય દિશામાં કોઈ જાતના માઠા વાવડ નથી. એ બેફિકર છે. પ્રભાતે ઊઠીને મેડીને પાછલે ગોખે દાતણ કરે છે, ત્યાં નીચેથી કાળવાણી સંભળાણી : "બંકો હનુભા કસુંબાની ચોરીએ બસ આમ બાયડિયુંની સોડ્યમાં પડ્યો રે?" બરછી જેવાં વેણ કુંવરને કાને પડ્યાં.

કુંવર ડોકું કાઢે ત્યાં નીચે ચારણને દીઠો, આગલે દિવસે આવેલા એ સ્વાર્થી ચારણને કસુંબાપાણી બરાબર નહિ મળ્યા હોય, એટલે આજ અત્યારે હનુભાઈને ભાળી જવાથી એણે દાઝ કાઢી. એ ચારણ નહોતો, પણ કુંવરના કાળનો દૂત હતો.

કુંવરે જવાબ દીધો : "ગઢવા! હું લાઠી ગયો હતો. રાતે મોડો આવ્યો. ચાલો, હમણાં ડેલીએ આવું છું."

પોતે છતા થઈ ગયા! હવે કાંઈ ભરાઈ રહેવાય છે?

રાણી કરગર્યા : "અરે, રાજ! આજુની સાંજ પડવા દ્યો, પછી તમતમારે કસુંબાની છોળો ઉડાડજો! બધાનાં મે'ણાં ભાંગજો. પણ બે બદામના કાળમુખા ચારણને બોલે કાં મારાં વેણને ઠેલો! આજ મારું જમણું અંગ ફરકે છે."

પણ કુંવરનું માથું આજ દેહ ઉપર ડગમગતું હતું. એનાથી ન રહેવાયું. એ ડેલીએ ગયા. ડાયરો કસુંબામાં ગરકાવ છે. ત્યાં કોઈએ આવીને ખબર દીધા કે, ખીજડિયાનો માલ વાળીને ગોવાળિયા જાય છે. વાંસે વારે ચઢે એવું ખીજડિયામાં કોઈનું ગજું નથી.

"ઠીક થયું!" ડાયરામાં કોઈ બોલ્યું : "આપણા અદાવતિયાને અને આજ ખબર પડશે."

"બોલ મા! એવું બોલો મા! અદાવતિયા તોય મારા ભાઈ!" એમ કહેતાં જ હનુભાઈ ઊભા થઈ ગયા. "અમારી નસોમાં એક જ બાપનું લોહી ભર્યું છે. આજ કદાપિ લાજીને એ મારી પાસે ન આવે, પણ હું કેમ બેઠો રહું? ઘોડી! ઘોડી! અરે, કોઈ મારી ઘોડીને અહીં લાવો. મારા ભાઈઓને આજ ભીડ પડી છે."

છોકરો ઘોડી લેવા ગયો. રાણીજીએ મોતના પડઘા સાંભળ્યા. રાણીજીએ કહ્યું : "એક વાર એને આંહી મોકલો. એક વાર મોઢું જોઈ લેવા દ્યો, પછી ભલે જાય, પણ મળ્યા વિના ઘોડી છોડવા નહિ દઉં."

પણ હનુભાઈને અને કાળને છેટું પડે છે. એને ફડકો છે કે રજપૂતાણી કદાચ સ્ત્રી બની જશે, ભોળવી દેશે, સાવજને સાંકળી લેશે. એણે ચીસ પાડી : "ઘોડી ગઈ ધોળી! આ વછેરાને પલાણો."

"બાપુ! હજી તાજો ચડાઉ કરેલો આ વછેરો ધીંગાણામાં કેમ કરીને કબજે રહેશે?"

"આજ મારૂં હૈયું મારા કબજામાં નથી. આજ હું પોતે જ મારા કાળના કબજામાં જાઉં છું. મને ઝટ વછેરો આપો!"

વછેરા ઉપર સામાન માંડ્યો. હાથમાં ભાલો લઈને હનુભાઈ ચડી ગયા. જાતાં જાતાં લીંબડાના ઝાંપાને હાથ જોડ્યાં. વસ્તીને છેલ્લા રામરામ કર્યા. વાંસે ડાયરો પણ ચડીને ચાલ્યો.

રજપૂતાણીએ ગોખલામાંથી ડોકું કાઢ્યું. પણ હનુભાઈ હવે ગોખે નજર માંડે નહિ.

મારતે ઘોડે કુંવર આકડિયે આવ્યા; આકડિયે વીકાભાઈ ગઢવીને વાવડ પૂછ્યા : "ચોર ગાયુને કઈ દશ્યે હાંકી ગયા?"

"કુંવર, પછી કહું, પ્રથમ છાશું પીવા ઊતરી."

"ગઢવા, અટાણે - મોતને ટાણે?"

"પણ તમારે તે માલનું કામ છે કે બસ બાધવાની જ મરજી

થઈ છે?''

''કાં?''

વીકાભાઈએ વાત કરી : ''અહીંથી જ ગોવળિયા નીકળ્યા હતા; કહીને ગયા કે પડખેના નેરામાં અમે છાશું પીવા બેસીએ છીએ. જો બીજો કોઈ માટી થઈને આવતો હોય તો તો આવવા દેજો, પણ કુંવર હોય તો રોકીને કહેવરાવજો એટલે એકેએક કાન ગણીને આપી દેશું. અમે આજ ન કરવાનો કામો કરી બેઠા છીએ; પણ શું કરીએ? મહારાજ આગળ જીભ કચરી છે.''

''બસ ત્યારે!'' કુંવર બોલ્યા : ''મારા હાથ ક્યાં અમથા અમથા ખાજવે છે? બાકી, મારા ભાઈયુંને માથે હાથ પડે એટલે મારે મરવું જ જોવે ને, વીકાભાઈ!''

હનુભાઈ છાશું પીવા રોકાયા. જ્યાં કસુંબો લિયે છે ત્યાં પાછળથી વાવડ સાંભળીને એમના ભાઈ ફતેસંગ ફોજ લઈને આવી પહોંચ્યા. એણે જોયું તો કુંવર વીકાભાઈની સાથે શાંતિથી કસુંબો ધોળે છે! ફતેસંગ ન રહી શક્યા. એણે ત્રાડ નાખી : ''એ કુંવર! અટાણેય કસુંબાનો સ્વાદ રહી ગયો કે? આ ચારણ તને ગોવાળિયા ભેળો નહિ થાવા આપે! હું જાણું છું.'' એમ કહીને એણે તો ઘોડાં વાજોવાજ મારી મૂક્યાં. હનુભાઈએ સાદ કર્યો : ''એ ભાઈ! ઊભો રહે, જરા સમજી લે! હું આવું છું.''

(કેટલાક એમ કહે છે કે આથી ઊલટું, ફતેસંગના વાર્યા હનુભાઈ જ નહોતા રહ્યા)

પણ ફતેસંગ તો ભડભડતી આગ જેવો ચાલ્યો ગયો. હાથમાં અંજલિ ભરી હતી તે ભોંય પર ઢોળીને હનુભાઈ બે હાથ જોડી ઊભા થયા. બોલ્યા : ''બસ, વીકાભાઈ! હવે હું નહિ જાઉં તો ફતેસંગના કટકા જોવા પડશે. હું જાણું છું કે એ આખાબોલો સખણો નહિ રહે. મારા નસીબમાં આજ કસુંબો નથી, ભાઈ! મારો વછેરો લાવો!''

માણસ વછેરો છોડવા ગયો ત્યાં વછેરાએ બટકું ભરીને એની આંગળીએ લોહી કાઢ્યું. કહે : ''કુંવર! લોહી?''

''બસ વીકાભાઈ! હું જાણું છું, આજ મારે માથે કાળ ભમે છે. પણ હવે હું છટકીને ક્યાં જાઉં? હવે તો હરિ કરે તે ખરી!''

ચડીને હનુભાઈ ચાલ્યા, પહોંચ્યા. ઢોર બધાં નેરામાં ઊભાં છે. ગોવાળિયા કસુંબા ઘૂંટે છે. ફતેસંગ પણ પહોંચ્યા છે. હનુભાઈને જોતાં જ ગોવાળિયા બોલ્યા : ''ભલે આવ્યા, કુંવર! કાનેકાન ગણીને લઈ જાઓ. તમારી ઉપર અમારો હાથ ન હોય.''

માલને વાળીને ફતેસંગ પોતાના માણસો સાથે વળી નીકળ્યા. હનુભાઈ એકલા જ કસુંબા લેવા રોકાયા. હજી જાણે કાળ એને ગોતતો હોય એવું કુંવરને લાગે છે. એને માથે માથું ડોલે છે.

જેઠા ગોવાળિયાએ પોતાના હાથની અંજલિ ભરી છે. હનુભાઈએ પણ પોતાના હાથમાં કસુંબો લીધો છે. બેય જણ સામસામા 'અરે, વધુ પડતું! મરી જઉં, બા!' એમ બોલી રહ્યા છે. એમાં હનુભાઈએ વેણ કાઢી લીધું : ''હે ખૂટલ કાઠી!''

''હશે બા! ગઈ ગુજરી!'' જેઠો બોલ્યો. વળી થોડીવારે હનુભાઈએ વેણ કાઢ્યું : ''કાઠીનો તે વિશ્વાસ હોય, બા? કસુંબો હવે કઈ હોંશે પીવો? ખૂટલ કાઠી!''

''પત્યું, ભા! હવે એ વાત ન સંભારો!''

પણ જ્યાં ત્રીજી વાર કુંવરના મોંમાંથી 'કાઠી ખૂટલ' એવો ઉચ્ચાર નીકળ્યો, ત્યારે મેરામ ગોવાળિયાએ જેઠાના હાથને થપાટ મારી અંજલિ ઉડાડી નાખી અને કહ્યું : ''બાપુ, સાંભળતા નથી? કઈ વારનો જે 'ખૂટલ! ખૂટલ!' કહ્યે જ જાય છે એને વળી કસુંબા કેવા? ઊઠો, બાળો એનું મોઢું!''

હનુભાઈ બોલ્યા : 'મેરામભાઈ! તું સાચું કહે છે; મને મારો કાળ આ બધું બોલાવે છે. આજ તો મારેય રમત રમી નાખવી છે. ઊઠ! ઊઠ! સાત વાર કહું છું કે કાઠી ખૂટલ! હવે ઊઠે છે કે નહિ?''

બેય જુવાનો ઘોડે ચડ્યા. બેય જણાએ ઘોડાં કૂંડાળે નાખ્યાં : આગળ મેરામ ને વાંસે કુંવર; બીજા બધાય બેઠા બેઠા જુએ છે. કુંવર હમણાં મેરામને ઝપટમાં લેશે કે લીધો, લેશે કે લીધો એવી વેળા આવી પહોંચી છે. ભાલાં ખરા બપોરના સૂરજની સામો જવાબ દઈ રહ્યાં છે. આસપાસની ધારો સામા હોકારા કરી રહી છે. ઘોડાની કારમી હણહણાટી અને શત્રુઓના કોપકારી પડકારાએ બે ઘડી પહેલાંના દોસ્તીના સ્થળને રણક્ષેત્ર બનાવી મેલ્યું છે.

મેરામને માથે ભાલો ઝીંકવાની જરાક વાર હતી ત્યારે ચેતીને જેઠો બોલ્યો ''એ કુંવર! છોકરાની સાથે? લાજતો નથી?''

''આ લે ત્યારે ભાયડાની સાથે.'' એમ કહીને કુંવરે ઘોડે ચડેલા જેઠાનો પીછો લીધો. આગળ જેઠો, વચમાં કુંવર, પાછળ મેરામ : દુશ્મનાવટ જાગી ગઈ. મિત્રતા ભુલાઈ ગઈ. બીજા કાઠીઓ પણ ત્રાટક્યા. હનુભાઈનો ભાલો જ્યાં જ્યાં પડ્યો ત્યાં ત્યાં એણે ધરતીની સાથે જડતર કરી દીધું. પણ એક અભિમન્યુને સાત જણાએ ગૂડ્યો, તેમ આખરે કાઠીઓએ એક હનુને ઢાળી દીધો. મરતાં મરતાં કુંવરે આંખોની પાંપણોને પલકારે દોસ્તોને છેલ્લા રામરામ કીધા. કાઠીઓએ કુંવરના મોંમાં અંજલિ ભરીને પાણી રેડ્યું.

હનુભાઈના મરશિયા જોડાણા :

***કાલીરે સર કુંભ કેતા દી?***
***ખત્રવટ ન છોડતો ખનુ,***
***રાજે વરસ ત્રીસ લગ રાખ્યો,***
***હોળીરો નાળેર હનુ.***

(કાલીઘેલી નારીને માથે પાણીનો ઘડો કેટલા દિવસ સાજો રહે? એમ હનુભાઈના ધડ ઉપર માથું પણ કેટલો વખત ટકી શકે? ત્રીસ વરસ સુધી હનુભાઈને ભગવાને જીવતો રાખ્યો તે તો હોળીનું નાળિયેર બનવાને માટે જ.) ■

સંવેદન કથા

# દાવ પર છે લાગણીઓ

• સંદીપા ર. ઠેસિયા •

*સફળતાનું કારણ ના પૂછ દોસ્ત,*
*અહીં તો લાગણીઓ દાવ પર લાગી છે.*

મોબાઈલમાં મેસેજનો ટોન વાગતાં તમે ચમક્યાં વાણી. અજાણ્યા નંબર પરથી આવેલો એ મેસેજ ખોલતાં જ - "વાણી, આજના આ પુરસ્કાર માટે દિલથી અભિનંદન. ખૂબ આનંદ થાય છે કે આખરે તેં તારાં સપનાંને પૂરાં કર્યાં. જે થતું હોય છે તે સારું જ હોય છે. કદાચ, તું મારી સાથેની સામાન્ય લાઈફમાં ગોઠવાઈ ન શકત."

આજના સાહિત્ય અકાદમીના ઍવોર્ડ સમારોહમાં જવા તૈયાર થઈ રહ્યાં હતાં તમે વાણી, ત્યાં અચાનક તમારી નજર અરીસામાં દેખાઈ રહેલા તમારા પ્રતિબિંબ પર પડી ને તમે અટક્યાં. એમ તો ડાર્ક ઓરેન્જ કલરની આ સાડી અને ગોલ્ડન બ્લાઉઝમાં તમે સોહામણાં જ લાગતાં હતાં. વાળ પરની સફેદી જે પાંત્રીસીને પાર કર્યાનો અંદાજ આપી રહી હતી, એને તમે સિફતથી ડાઈ કરીને છુપાવ્યા હતા. પણ ચહેરાનો ચાર્મ હજુ યુવાનીને વિદાય આપવાના મૂડમાં ન હતો. એ ખુશીમાં મનમાં જ મલકાતાં મલકાતાં તમે બહાર આવી ડ્રાઈવરને ગાડી કાઢવાની સૂચના આપી અને સાડીને સંભાળતાં તમે તમારી હમણાં જ લીધેલી નવી કારમાં નીકળી પડ્યાં.

આજે બહુ ખુશ હતાં તમે વાણી ભારદ્વાજ. ગાડીની બહાર વરસી રહેલો વરસાદ જાણે તમને અભિનંદન આપી રહ્યો હતો, કેમ કે તમારી વર્ષોની મહેનત અને તપશ્ચર્યા આજે રંગ લાવી હતી. લેખન તમારો શોખ હતો અને એને જ પ્રોફેશન બનાવવાનું તમે કૉલેજમાં આવ્યાના ફર્સ્ટ યરમાં જ નક્કી કરી લીધું હતું. કૉલેજના મેગેઝિનમાં લખવાથી શરૂ થયેલી તમારી સફર આજ સુધી અટકી જ નથી. મહિલા સશક્તિકરણ પરના તમારા લેખોએ જ તો તમે જે મેગેઝિનમાં લખતાં હતાં તેને મોસ્ટ સેલેબલ મેગેઝિન બનાવી દીધી હતી. સ્ત્રી માટેના શિક્ષણ, સ્વાતંત્ર્ય, અત્યાચાર, હક અને ભેદભાવ પરના તમારા લેખો અને એમાં વાપરેલી તમારી જલદ ભાષાએ સ્ત્રીઓને તો ઠીક પુરુષોને પણ તમારા ફેન બનાવ્યા છે. એ પછી તો છપાયેલી તમારી બે બેસ્ટ સેલર બુક, બ્લોગ અને વિવિધ સેમિનારમાં અપાતાં તમારાં લેક્ચર્સ – આ બધું તમારી પ્રખ્યાતિમાં વધારો કરતું જ ગયું. અને આજે એ બધા પરિશ્રમનું ફળ મળવા જઈ રહ્યું છે, ત્યારે તમે સાતમા આસમાન પર છો. જો કે એ ખુશી વહેંચવા માટે હમણાં તમારી જોડે કોઈ નથી તેનો પણ રંજ તમને થયા કરે છે રહીરહીને. એકલાં આગળ વધવા તમે ટેવાયેલાં છો, ને એટલે જ કેટકેટલાય સંબંધોના સાથ છોડીને અહીં સુધી આવ્યાં અને એમાં પણ...

ડ્રાઈવરે ગાડીને બ્રેક લગાવતાં જ તમારા વિચારોની હારમાળા તૂટી. "સૃજન ભવન" કે જ્યાં આ ફંક્શન થવા જઈ રહ્યું હતું, એની બહાર ભીડ જામી હતી. કારની બહાર નીકળતાં જ લોકોનું ટોળું તમને વીંટળાઈ વળ્યું. એકબાજુ જુદી જુદી ચેનલ્સના રિપોર્ટર્સ તમારા પર સવાલોની ઝડી વરસાવી રહ્યા હતા, તો બીજી બાજુ તમારા ફેન્સ તમારા ઑટોગ્રાફ અને તમારી સાથે સેલ્ફી માટે પડાપડી કરી રહ્યા હતા. તમે હસીને બધાને રિસ્પોન્સ આપવામાં વ્યસ્ત બન્યાં અને એમાં અચાનક

"વાણીજી, ઓટોગ્રાફ પ્લીઝ."

તમે જોયું તો એક પાતળી પણ મજબૂત બાંધાની, પ્રમાણમાં સુંદર કહેવાય એવી યુવતી ભીડમાંથી નીકળીને તમારી નજીક આવી પહોંચી.

"હા, શ્યોર." કહેતાં તમે એણે આગળ કરેલી ડાયરીને હાથમાં લીધી, પણ કંઈક જાણીતી હોવાનું લાગતાં એના કવરને જોવાની કુતૂહલતા તમે રોકી ન શક્યાં.

અસંખ્ય મોરપિચ્છ અને રંગબેરંગી છીપલાંથી મઢેલું એનું કવર અને વચ્ચે બ્લુ રીબિનથી લખેલું નામ "શબ્દ" આ જોતાં જ જાણે રોમરોમમાં કંપારી છૂટી ગઈ. આ તો...આ તો એજ ડાયરી, જે તમે શબ્દને એની ૨૨મી બર્થ ડેટ પર આપી હતી પણ આ અહીંયા? તમે અસમંજસભરી નજરે પેલી યુવતી સામે જોયું અને તમારા મોંમાંથી સરી પડ્યું : "આ ડાયરી?"

"ગમી તમને વાણીજી?? મારા હસબન્ડની છે આ તો. એમની ફેવરિટ. એ પણ છે અહીંયા. એક મિનિટ" કહેતાં એણે "શબ્દ" ના નામની બૂમ પાડી અને તમારા પગ નીચેની જમીન ધીરેધીરે ખસી રહી હોય એવું લાગ્યું વાણી. દૂરથી આવી રહેલી એ આકૃતિને તમે જોતાં જ રહી ગયાં. આ તો શબ્દ, પહેલાં જેવો જ લાગતો હતો હજુ પણ... એ જ ચાલ, એવા જ વાંકડિયા વાળ, નિર્દોષ ભાવવહી આંખો ને ભોળો ચહેરો... બસ ચહેરા પર થોડી કરચલી અને સફેદ વાળ સમયના થપાટની હાજરી પુરાવતાં હતાં.

"શબ્દ" તમે મનમાં જ બબડ્યાં પણ ધારવા છતાં પણ આગળ ન વધી શક્યાં. શબ્દએ નજીક આવતાં જ "નમસ્કાર" ની ઔપચારિકતા નિભાવી, પરંતુ તમારામાં તો એ પણ બોલવાની તાકાત ન હતી.

"વાણીજી, આ છે મારા હસબન્ડ શબ્દ. એમ તો એ પણ તમારા બહુ મોટા ફેન, તમે લખેલા આર્ટિકલ સાચવી રાખવાની એમની ટેવ. આજે તમને મળવાનો મોકો હતો અને ખબર નહીં

કેમ ના... ના... કહ્યા કરતા હતા, પણ હું જ ખેંચી લાવી એમને. એમ તો મારો દીકરો વેદ પણ મળવા માગતો હતો તમને પણ..."

"દીકરો?" તમારા મોંમાંથી સરી પડ્યું વાણી.

"હા, અમારો દીકરો વેદ. એમ તો ૯મામા છે હજુ, પણ બહુ જ હોશિયાર. આજે એનાથી અવાયું નથી, નહીં તો મળી ને ખુશ થાત એ પણ."

"ઓહ્હ...ઓકે, બહુ નાની ને હેપ્પી ફેમિલી છે તમારી, નામ શું કહ્યું તમે?"

"જી વાચા, મારા શબ્દની વાચા" એણે શબ્દનો હાથ પકડતાં કહ્યું વાણી, ને જાણે જખ્મો પર કોઈએ મીઠું ભભરાવ્યાનો અહેસાસ થયો તમને. ડાયરીમાં પોતાનો ઓટોગ્રાફ આપતાં હાથ ધ્રુજી રહ્યા હતા તમારા, જાણે કે જીવનના કોરા રહી ગયેલા પાનામાં પોતાની જ ભૂલના એકરારનામા પર આજે તમે હસ્તાક્ષર કરી રહ્યાં છો. હા, પોતાની જ ભૂલ પોતાના એકલવાયા જીવન માટે.

આંખમાં અચાનક છવાઈ ગયેલી માયૂસીના પડછાયા કોઈ જોઈ ન જાય એટલે ઝડપથી તમે અંદર ચાલ્યાં ગયાં વાણી, આજે તમે ફરી ૧૨ વરસ જૂની યાદોના સકંજામાં અટવાઈ ગયાં. ઓર્ગેનાઈઝરનું અભિવાદન ઝીલી તમે ચૂપચાપ પહેલી હરોળમાં ગોઠવાયાં, પોતાના વિચારો સાથે જ.

શબ્દ સાથે કૉલેજમાં થયેલી તમારી દોસ્તી. એનો મિલનસાર સ્વભાવ, સાદગીનો પર્યાય અને લેખન માટેના મળતા આવતા શોખ. આ બધું તમને એમના તરફ આકર્ષિત કરતું ગયું, પણ એક હકીકત તો તમે પણ જાણતાં હતાં કે અજાણતાં જ આગળ આવી ગયેલા આ રાહ પર તમે કેટલું ચાલશો એ નક્કી નહીં અને એટલે જ,

"વાણી, મેં તારી આંખોમાં વાંચ્યું છે આજે એવું જ કંઈક કહેવા માગું છું. વાણી, આ શબ્દ વાણીને ઝંખે છે, એના સાથને ઝંખે છે. મારા પ્રેમને સ્વીકારી મારા જીવનને બોલતું કરી દે." શબ્દનો એક એક શબ્દ એના હૃદયનો અવાજ હતો જાણે. તમે એ જ ઈચ્છતાં હતાં વાણી, પણ તમે હંમેશાં સમાધાન કર્યું છે ને આજે પણ તમે આવું જ કર્યું કંઈક.

"શબ્દ, હું જાણું છું તારી લાગણીઓને. હું પણ આવી સામાન્ય જિંદગી જીવવા નથી માગતી. મારાં પોતાનાં સપનાં છે, પોતાના રસ્તાઓ છે. હું નોર્મલ ઘરેડમાં ગોઠવાઈને ગૂંગળાવા નથી માગતી. પ્લીઝ, સમજ મને."

"પણ હું તને તારાં સપનાંથી દૂર નહીં કરું, સાથે મળીને એને પૂરાં કરીશું, વાણી." એ તમને સમજાવતો રહ્યો અને તમે દિલ પર પથ્થર મૂકીને પોતાનાં સપનાં માટે આગળ વધ્યાં. જો કે શબ્દની યાદોને તમે દિલમાંથી વિદાય તો આપી જ નહોતી.

મોબાઈલમાં મેસેજનો ટોન વાગતાં તમે ચમક્યાં વાણી. અજાણ્યા નંબર પરથી આવેલો એ મેસેજ ખોલતાં જ "વાણી, આજના આ પુરસ્કાર માટે દિલથી અભિનંદન. ખૂબ આનંદ થાય છે કે આખરે તે તારાં સપનાંને પૂરાં કર્યા. જે થતું હોય છે તે સારું જ હોય છે કદાચ. તું તારી સાથેની સામાન્ય લાઈફમાં ગોઠવાઈ ન શકત. મેં પણ તારી યાદોને હૃદયમાં સંઘરીને વાચા સાથે પોતાનું જીવન શરૂ કરેલું. સામાન્ય છોકરી છે વાચા, પણ એણે મારા જીવનમાં ઘણા રંગ ભરી દીધા અજાણતાં જ. આજે તો વાચા અને વેદ જ મારું જીવન છે. બસ, આ પળને વધાવી લેજે વાણી. મનમાં કોઈ દુ:ખ વગર..." - શબ્દ.

ફરીફરીને વાંચી ગયાં તમે એ મેસેજ વાણી. આંખોમાંથી આંસુ ગાલ પર આવી ગયાં એની ખબર વગર જ. આ શું હતું? મારી સિદ્ધિ કે મારી હાર. ભાગતાં ભાગતાં આખરે હાથમાં કંઈ જ ન હોવાનો આ કેવો અહેસાસ...! ઉફ્ફ... વિચારોમાં સરી પડો એ પહેલાં તમારું નામ એનાઉન્સ થયું વાણી અને તમે પોતાના આ સન્માનને સ્વીકારવા સ્ટેજ તરફ જવા આગળ વધ્યાં.

"સ્ત્રી જગતને નવી નજરથી જોવા આપણને મજબૂર કરનાર વાણી ભારદ્વાજ આજે આપણી સમક્ષ છે મિત્રો. હું રિક્વેસ્ટ કરીશ એમને કે આજના દિવસની એમની ખુશી આપણી સાથે વહેંચે અને પોતાના વિચારોને રજૂ કરે, પ્લીઝ વાણીજી." પારિતોષિકના સન્માન પછી એન્કરની રિક્વેસ્ટ પર તમે માઈક હાથમાં લીધું. ન ચાહવા છતાં અને એક નજર ઓડિયન્સમાં બેઠેલા શબ્દ પર નાખી.

"થેન્ક્યુ માય ડિયર ફ્રેન્ડસ. હું આજે જે કંઈ પણ છું તે માત્ર તમારા પ્રેમને કારણે જ છું. થેન્ક્યુ ફોર એવરીથિંગ. આજની આ પળ માટે મેં ઘણી રાહ જોઈ છે, ઘણી મહેનત અને ઘણો પરિશ્રમ. પણ મિત્રો, હું આજે આ મારી સક્સેસ સ્ટોરી પર વાત કરવા નથી માગતી. જો કે વિચારેલું ઘણું પણ સક્સેસનો અર્થ આજે થોડો અલગ રીતે મહેસૂસ કર્યો છે મેં. મંઝિલની તરફ આગળ વધવામાં ઘણી વાર આપણે મહત્ત્વના સંબંધોને મૂકી દેતા હોઈએ છીએ. ત્યારે અંદાજો નથી હોતો કે આપણે શું ગુમાવ્યું. પરંતુ, આજે આ સ્થાન પર પહોંચ્યા પછી સમજાય છે કે મંઝિલ પર વાણી તો રહી ગઈ, પણ એના શબ્દો ખોવાઈ ગયા છે. આજે ચાહવા છતાં પણ એ પાછા નથી મળી શકવાના. એ જ અનુભવું છું આજે કે સાચી સફળતા સંબંધોને સાચવવામાં અને એનાથી મળતા સંતોષમાં છે, એના વગર માણસ એકલો રહી જાય છે એટલો કે એની સફળતાને માણવા પણ એની જોડે કોઈ નથી હોતું. લાઈફના આ નિયમો શીખી લેજો મિત્રો, નહીં તો એકલતાના અંધારા તળે દબાઈ જવું પડશે. કોઈના સાથ વગર, કોઈના હાથ વગર."

આટલું કહીને ઝડપભેર તમે સ્ટેજ પરથી નીચે ઊતરી ગયાં વાણી, ત્યાં બેઠેલા બધા માટે તમારું આ રિએક્શન અજીબ જ હતું. એટલે જ પત્રકારો તમારી પાછળ દોડ્યા તમારી કાર સુધી એ પૂછવા કે શું તમારી લાઈફમાં પણ કોઈ હતું, જેને તમે રિજેક્ટ કરેલા. પણ ત્યાં સુધીમાં તમે તમારી કારમાં બેસીને નીકળી ગયા, હાથમાં સફળતાની ટ્રોફી અને આંખોમાં એકલતા સાથે.

***૧૪૦, શિવશક્તિ સોસા., રણુજાધામ સોસાયટીની સામે***
***પુણા-બોમ્બે માર્કેટ રોડ, સુરત - ૩૯૫ ૦૧૦.***
***મો. ૮૮૬૬૭૭૫૯૪૯***

પ્રતિભા વિશેષ

### પેન-ઇંક માધ્યમ થકી કલાક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા ચિત્રકાર

# સવજી છાયા

• કિરણ ચાંપાનેરી 'સેતુ', ફ્રીલાન્સ પત્રકાર •

સૌરાષ્ટ્રના ઘેડ માધવપુરથી પોરબંદર જવાના કોસ્ટલ હાઈવે પર શ્રી મોચા હનુમાન આશ્રમના મહંત પૂ. સંતોષગિરી માતાજીની મુલાકાતાર્થે ૨૦૦૬માં જવાનું થયું. આશ્રમ અને માતાજીના સાનિધ્યમાં ચારેક દિવસ આધ્યાત્મિક અનુભૂતિનો અહેસાસ પામ્યો. આશ્રમના તો ફોટા પાડ્યા, પણ માતાજીનો ફોટો પાડવાની અનુમતિ માગી ત્યારે કહેલું, "કેમેરામાં શું ફોટો પાડવો, તારા હૃદયમાં ફોટો પાડી લે ને!" પણ જાણવા મળ્યું કે દ્વારકાના ચિત્રકાર સવજી છાયાએ માતાજીનાં ભાવવાહી રેખાંકન-ચિત્ર કરેલ છે. તેમનો સંપર્ક કરી જટાધારિણી માતાજીનું રેખાંકન મળ્યું તે 'ફ્રાન્સની સન્નારી હનુમાનજીની પૂજારી' લેખ સાથે પ્રસિદ્ધ થયું.

મોચાના માતાજીએ ચિત્રકાર સવજી છાયાનો પરિચય કરાવ્યો. પછી તો સવજીભાઈ સાથે ફોન દ્વારા સંપર્ક સેતુ સધાતો રહ્યો. તો તેઓએ તૈયાર કરેલ રેખાંકનોની નાનકડી પુસ્તિકાઓ પ્રસાદીરૂપે યાદ કરીને સસ્નેહ મોકલતા રહે... તાજેતરમાં 'શ્રી મોચા હનુમાન આશ્રમ'ની અને 'સવજી છાયાનાં સંવેદનાઓથી સભર-રેખાંકનો' પુસ્તકો તેમના તરફથી મળ્યાં. મોચા હનુમાન આશ્રમના પુસ્તકમાં માતાજી, સરમણ ભગત, આશ્રમનો પ્રવેશદ્વાર, હનુમાનજીની પ્રતિમા-મંદિર, જડીબુટ્ટીથી ઘેરાયેલા ધ્યાનમગ્ન ભગવાન બુદ્ધ, ગાય પૂનમનું સમાધિ સ્મારક, સૂર્ય, સૂર્યપત્ની રન્નાદેવી, લક્ષ્મીજી, વિષ્ણુ, ગણેશ, શિવની પ્રતિમાઓ, પ્રાચીન સ્થાપત્યો અને સંતનિવાસ જે આશ્રમમાં વૈદિક માહોલ સર્જે છે તેનાં રેખાંકનો સમાવાયાં છે. સવજીભાઈ દ્વારા સર્જાયેલ આશ્રમના આ સઘળાં રેખાંકનો નિહાળતાં નિહાળતાં ફરી એકવાર અમદાવાદ બેઠે બેઠે આશ્રમની આધ્યાત્મિક અનુભૂતિમાં તરબોળ થઈ જવાયું! આ પુસ્તકના આવકારમાં ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ લખ્યું છે... "આવું વિરલ સ્થળ અને દિવ્ય વિભૂતિ આપણને નજર સમક્ષ તાદશ્ય કરવાનું શ્રેય એક અલગારી કલાકારના ફાળે જાય છે. જગતમંદિર દ્વારકાની સમીપ વસતા, એ રેખાંકનના મૌલવી કલાકાર તે સવજી છાયા. એ બોલે ઓછું પણ એમને નવું નવું સૂઝ્યા જ કરે. કશુંક નવતર ભાળ્યું નથી કે સવજી છાયાની પરિકલ્પનાઓ શરૂ થઈ નથી! મન દોડે અને તેનું નવનીત નીતરે કલમનાં રેખાંકનોથી. સવજી છાયા કાળી ઝાંયમાંથી એવું નિષ્પન્ન કરે કે મૂર્તિ, સ્થાન, કલ્પનાનો આત્મા ચિત્રમાં તાદશ્ય થઈ જાય. આ નાનું પુસ્તક મોચા હનુમાન આશ્રમની સવજી છાયાએ કરાવેલી ચિત્રાત્મક સફર છે. ખપ પૂરતા શબ્દો અને નાનાં-મધ્યમ રેખાચિત્રોનો સરવાળો છે અહીં, બંનેનો અદ્ભુત સમન્વય કરવામાં સવજી છાયા માહિર પુરવાર થયા છે..."

અમદાવાદના કુમાર કાર્યાલય, વડોદરાની રોઝરી સ્કૂલ, દ્વારકાના ઍડવેન્ટ સિનેમા, ક્લેરાશ્યૂ-સ્પેનમાં ડિઝનીલેન્ડનાં અધિકારી રોબર્ટ સિડોનના અંગતસંગ્રહમાં-ડેવિડ ગ્લિનાન્ડો, સાન્ડ્રોની પાવલા-ઈટાલી, માનફ્રે-ઉલ્લી-ઓસ્ટ્રિયા, એરિક સ્મિથ-ઇંગ્લેન્ડ, સોલોમન પી.આર્ન-સ્વીડન, પી.આર.એલ. ગર્વનમેન્ટ ઓફ ઈન્ડિયા - ઈસરો, હોટેલ વિશાલા, સુશ્રી તૃપ્તિ દવે, ડૉ. સાધના કોઠારી, વ્રજ મિસ્ત્રી, આનંદ પટેલ-અમદાવાદ, પ્રો. મુકુંદ દવે, કિશોરવાલા-રાજકોટ...એમ દેશ અને દરિયાપારના સંગ્રહાલયોમાં તેમનાં રેખાંકનો-ચિત્રો સ્થાન પામ્યાં છે. ઉપરાંત અંગત વ્યક્તિગત સંગ્રહાલયોમાં પણ તેમનાં રેખાંકનો શોભે છે...એવા સુપ્રસિદ્ધ ચિત્રકાર સવજી છાયાનો જન્મ દેવભૂમિ દ્વારકામાં તા. ૧-૬-૧૯૪૯ના રોજ મધ્યમવર્ગીય પરિવારમાં થયો. બચપણથી જ ચિત્રકાર બનવાનું સ્વપ્ન જોતા. એ સ્વપ્નને સાકાર કરવાના મંડાણ બારમા વર્ષે પેન પકડીને ચિત્રો ચીતરવા માંડેલા! હાઈસ્કૂલમાં ગુજરાતી ભણતાં ભણતાં સ્વપ્નો જોતા... 'મારા બનાવેલ કવિ કલાપી તથા રાષ્ટ્રશાયર ઝવેરચંદ મેઘાણીનાં રેખાંકનો પણ પાઠ્યપુસ્તકમાં કેમ ન છપાય? જાણીતા ચિત્રકારો બેન્દ્ર, જયોતિ ભટ્ટનાં ચિત્ર પ્રદર્શનો યોજાય તો મારાં કેમ નહીં? રાજા રવિવર્માનાં ચિત્રો કેલેન્ડરમાં છપાય તો મારાં કેમ નહીં?...' તેમના આ ધખારાએ અને સ્વપ્નસેવિતાએ તેમને અવ્વલ દરજ્જાના ચિત્રકાર બનાવ્યા!

પરિવારની આર્થિક સ્થિતિને કારણે દ્વારકામાં આર્ટસ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવેલ. પણ ચિત્ત તો ચિત્રો અને ચિત્રકારમાં પરોવાયેલું રહે. કૉલેજ-ડેના ઉત્સવ પ્રસંગે તેમણે બનાવેલ ચિત્રોના પ્રદર્શનનું ઉદ્ઘાટન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી શાંડિલ્યે કરેલ. આ ચિત્ર પ્રદર્શનથી પ્રભાવિત થઈ શ્રી શાંડિલ્ય, પુષ્કર ગોકાણી, મોતીભાઈ પટેલ, લીલાધર ચુનીલાલે સવજીભાઈને વડોદરાના મહાકલાવિદ્યાલયમાં પ્રવેશ અપાવ્યો! રસરુચિ, મનગમતો અભ્યાસ કરવાનો અવસર મળે પછી તો પૂછવું જ શું?!

વડોદરાની કલાવિદ્યાલયમાં જાણીતા કલાચાર્યો સર્વશ્રી જ્યોતિ ભટ્ટ, ગુલામ મોહમ્મદ શેખ અને સુબ્રમનિયમ જેવા કલાગુરુઓ પાસેથી ચિત્રકલાનું જ્ઞાનભાથું પામ્યા. કલાશાળાના અભ્યાસ

દરમ્યાન ફાજલ સમયે બનાવેલ ચિત્રો ફેરિયાની જેમ અલકાપુરીમાં વેચીને તેઓ ભણ્યા! સને ૧૯૭૩ થી ૧૯૭૭ સુધીના પાંચ વર્ષ ચિત્રકલાનો અભ્યાસ, કલાસાધનાના પરિશ્રમ બાદ કલા સ્નાતકની ઉપાધિ મળી. કલા સ્નાતક ઉપાધિ છોગું લઈને સવજીભાઈ આવ્યા દ્વારકા અને પરોવાયા પિતાજીના હાર્ડવેરના ધંધામાં. તેમની ચિત્રકલા તો શોખ અને નિજાનંદ કે મોજ ખાતર જ ચિત્રકામ કરતા! ચિત્રકામના અભ્યાસ પછીના ત્રીસેક વર્ષનો ગાળો વિરામ અને દુકાનમાં રોટલા રળવામાં ગયો. તેમ છતાં આ સમયગાળામાં ચિત્રકલાની સાધના-રિયાઝ તો ચાલુ જ રહેતાં. આ દરમિયાન સર્જાયેલ રેખાંકનો કુમાર, શબ્દસૃષ્ટિ, નવનીત સમર્પણ, સમણું, પરબ, ધ્વનિ, ગુજરાત દીપોત્સવી અંક જેવાં સામયિકોનાં મુખપૃષ્ઠો તથા રેખાંકનો પ્રકાશિત થયાં અને થતાં રહે છે.

સરકારી નોકરીમાં ૫૮ વર્ષે નિવૃત્તિ અને સામાન્યપણે ૬૦ વર્ષ પછી વ્યક્તિ નિવૃત્તિ તરફ વળે-ઢળે છે. જ્યારે સવજીભાઈ ચિત્રકલાના અભ્યાસ બાદ ત્રીસેક વર્ષે ફરી રેખાંકનો કરવામાં પરોવાયા! અગાઉના ગાળામાં રેખાંકનોનું સર્જન થતું તે સામયિકોમાં પ્રસિદ્ધ થતાં. તેમની સાહિત્યરુચિના કારણે પછીનાં રેખાંકનો સાથે જે-તે રેખાંકનો સાથે આસ્વાદ પણ ભળ્યો. આ પ્રયાસમાંથી સરસ પુસ્તકો મળ્યા. જેમાં- 'મોચા હનુમાન આશ્રમ'ની સચિત્ર પુસ્તિકા અને પ્રતિભાવોની પુસ્તિકા, 'સવજી છાયાનાં સંવેદનાઓથી સભર રેખાંકનો' જન્મભૂમિ ઋણમાંથી મુક્ત થવા લખ્યું - 'દ્વારકા : ઐતિહાસિક અને સાંસ્કૃતિક' પ્રાચીન તથા અર્વાચીન દ્વારકાનો ઇતિહાસ આલેખતો ૩૦૦ રેખાંકનો સાથેનો ગ્રંથ, રામાયણી કથાકાર પૂ. મોરારીબાપુના જન્મસ્થળનું સચિત્ર પુસ્તક 'ત તલગાજરડાનો ત' પુસ્તક રચાયાં.

પોરબંદરના પુરાતત્ત્વવિદ્ શ્રી નરોત્તમ પલાણે 'દ્વારકા : ઐતિહાસિક અને સાંસ્કૃતિક' પુસ્તકના પ્રતિભાવમાં ''પ્રતિષ્ઠિત ચિત્રકાર સવજી છાયા આ પુસ્તક લઈને આવે છે ત્યારે તેમાં કલાની એક વિશેષ મહાત્મ્ય કથા પણ વાંચવા મળે છે. દ્વારકાની પુરાકથા, દ્વારકાનો ઇતિહાસ અને દ્વારકામાં વસતી જુદી જુદી પ્રજાનો એક સાંસ્કૃતિક સ્કેચ સવજીએ અહીં દોર્યો છે. નાના મોટા ઇતિહાસ લેખકોના લખાણો સાથે દ્વારકા અહીં સવજીની રેખાઓમાં જીવંત બની છે... શ્રીકૃષ્ણ એટલે કવિતાનો લય અને ગીતનો લહેકો!... આ પુસ્તક હાથમાં લેતાં જ એવો અહેસાસ થાય છે કે આ સવજીનું દિલ છે!''

કલાના અભ્યાસકાળે સવજીભાઈએ તૈલરંગો, પેન એન્ડ ઇંક, પોસ્ટર કલર્સ, વોટર કલર અને ક્રેયોન માધ્યમોમાં કામ કરેલું પણ તેમણે અપનાવ્યું પેન એન્ડ ઇંક વર્ક. કારણ કે તે વખતે આ માધ્યમ આર્થિક રીતે પરવડે તેવું હતું. સફેદ કાગળ અને પેન-ઇંક વર્કમાં તેમને કામ કરવું પડ્યું પછી તો આ માધ્યમમાં નિપુણતા સાધી! જે લાગણીઓ અન્ય કલાકારો રંગોમાં ઢાળે છે તે સવજીભાઈએ પેન-ઇંકમાં ઢાળી! જૂજ કલાકારો જ પેન-ઇંકને માધ્યમ બનાવી કલાક્ષેત્રે સમાજમાં પ્રસિદ્ધિ નામના હાંસલ કરે છે. સવજી છાયાએ પેન-ઇંકના માધ્યમમાં અદ્ભુત કામ કરી દેશ અને દરિયાપાર રેખાંકન-ચિત્રો દ્વારા ભારતીય ચિત્રકલાની પહેચાન કરાવી પ્રસિદ્ધિ અપાવી છે! તેમના પેનઇંક વર્ક જોઈને જયંત પરીખે પ્રતિભાવમાં જણાવેલ કે... ''સવજીના ડ્રોઈંગમાં હાર્મની છે. તૈલરંગોમાં લાઈટથી ડાર્ક તરફ જઈ શકાય તે અસર તેણે બ્લેક એન્ડ વાઈટમાં ઉપજાવી પોતાના માધ્યમમાં પ્રાણ પૂર્યા છે!'' સવજીભાઈએ પેન-ઇંક વર્કમાં લાઈટથી ડાર્ક તરફ એકપણ બ્રશના સ્ટ્રોક વગર ફક્ત પેનથી રેખાંકનો કરી કલાક્ષેત્રે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

સવજી છાયાના રેખાંકનો-ચિત્રકલામાં પ્રકૃતિ, પંચતત્ત્વોની વાત વણાયેલી જોવા મળે છે. તો કેટલાક રેખાંકનોમાં ખાસ કરીને પ્રારંભના રેખાંકનોમાં પરાવાસ્તવવાદ પણ દેખાય. કલા અને સાહિત્ય માધ્યમ દ્વારા કલાકાર-સર્જક સાંપ્રત જગતની સમસ્યાઓને વાચા આપતો હોય છે. વર્તમાનકાળે માનવીએ પર્યાવરણને પારાવાર નુકસાન પહોંચાડ્યું છે. માનવે પ્રકૃતિના ક્રમમાં વિક્ષેપ ઊભો કરતાં ઋતુચક્રો ખોરવાયાં છે. આ બદલાતા, વિખરાતા વાતાવરણને પોતાના ચિત્રો 'લાસ્ટ થ્રી લીવ્ઝ', 'લોસ્ટ એન્વાયરમેન્ટ, અને 'બદલાતું વાતાવરણ' માં તેમનો આક્રોશ પ્રદર્શિત કર્યો છે. જીવાતી જિંદગીમાં તેમણે અનુભવેલ હર્ષ, હતાશા, શોક, નિરાશા, વિવશતા તથા સુખદુઃખની લાગણીઓ તેમણે સૂર્યના પ્રતીક દ્વારા આલેખી છે. સર્વે જીવસૃષ્ટિ માટે ઊર્જાના સ્રોત સમાન સૂર્યદેવના પોસ્ટકાર્ડ જેટલા નાના કદમાં હજાર જેટલાં અલગ-અલગ ભાવમુદ્રા અને કર્મમુદ્રામાં રેખાંકનો કર્યા છે. તેમના આ કલાના નવીન આયામને દિલ્હી, લખનૌ, અમદાવાદ વગેરે સ્થળોએ ખૂબ આવકાર અને પ્રશંસા પામ્યા!

તેમના વ્યક્તિચિત્રો - માનવીય રેખાંકનોમાં એક કલાકારની સિદ્ધિ જોવા મળે છે. મોચા આશ્રમના સરમણ ભગતના સદાય હાસ્ય નીતરતા-નિષ્પન્ન થતાં ચહેરાના રેખાંકન સામે થોડીવાર ટીકીને જોઈએ તો આપણે પણ હસવા માંડીએ તો મુખ્યમંત્રી-વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રેખાંકનમાં ધીર ગંભીરતા ટપકતી દેખાય. માત્ર શ્વેતશ્યામ ફલકમાં સવજીભાઈએ જીવનના કેટકેટલાય રંગ પૂર્યા તેય રંગ વગર! માનવપાત્રના આલેખનની સાથોસાથ વસ્ત્રાભૂષણ, આવાસ, રીતરિવાજ, પ્રણાલિકાગત વ્યવસાય, દૈનિક કાર્ય ઇત્યાદિના સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભો પણ તેમનાં રેખાંકનોમાં ઝીણવટથી નિરૂપાયેલા જોવા મળે. લોકજીવનનું સૌંદર્યમય પાસું તેમના રેખાંકનોની ખાસિયત સાથે પ્રદર્શિત થાય છે.

સવજીભાઈનાં રેખાંકનોની નોંધ કલાજગત અને સમાજમાં લેવાતી થઈ અને વખણાયા! પ્રશંસા પામ્યા. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના આમંત્રણથી ગુજરાતી ભાષાના કવિ, લેખક તથા વિવેચકોનાં ૨૦૦ વ્યક્તિચિત્રો બનાવ્યાં અને ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોમાં પ્રકાશિત થયાં... બચપણનું સોણલું

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૩ ઉપર)**

# માનવસેવાના ભેખધારી : ગફુરભાઈ બિલખિયા

• ડૉ. દિનુભાઈ ચુડાસમા •

'માણસમાં નૈતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય થવો જરૂરી છે. નૈતિકતામાં સ્વાર્થત્યાગ અને વાસનાઓ પરનો સંયમ હોય છે જ્યારે આધ્યાત્મિકતામાં કરુણા અને પ્રેમ હોય છે.'

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના ઉપરોક્ત દર્શનને જીવનમાં આચરણ કરનારા માણસ એટલે ગફુરભાઈ બિલખિયા. એમને લોકો 'બાપુજી' ના ભાવભર્યા સંબોધનથી આદર આપે છે. પ્રત્યેક માણસને નિઃસ્વાર્થ ભાવે ચાહનાર, માનવસેવાના ભેખધારી જ્યારે આર્થિક રીતે અતિશય ગરીબ ગફુરભાઈ હતા એ સમયથી લઈ સાંપ્રતમાં અસીમ ઐશ્વર્યવંતા 'બાપુજી' સુધીની યાત્રાના રહેલાં છે : સત્ય, પ્રેમ, કરુણા... અને બાપુજીના જીવનપથમાં કોઈ મંત્ર રહ્યો હોય તો તે છે ગૌરાંગ ઠાકરની કવિતાનું એક મુખડું :

*'હું સાંકડી ગલીમાં રસ્તો કરી જવાનો;*
*માણસ સુધી જવાનો, આગળ નથી જવાનો.'*

પ્રત્યેક માણસ સુધી સેવા, સ્નેહના સેતુનું સર્જન કરી પહોંચવાની મથામણમાં અહર્નિશ રહેતા ગફુરભાઈનું જીવન અલ્લાહના ફરિશ્તા જેવું છે. આવો, આ મળવા જેવા, જીવવા જેવા, માયાળુ માનવીના જીવનના ઝબકાર જોઈએ.

બાપુજીનો જન્મ સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે થયેલો. નાનું ગામ અને આર્થિક અધૂરપમાં પણ શિક્ષણ લેવાની, આપવાની ધગશ માતા નૂરબાઈએ સેવેલી એટલે શિક્ષણ માટે શેલણા ગામ છોડી જ્યાં શિક્ષણ અપાતું તેવા વંડા ગામમાં રહેવા આવે છે. આ સ્થળાંતર સમયે ગફુરભાઈ ધોરણ પાંચમાં હતા. ખૂબ નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી દીધેલી. એટલે ઘરમાં આર્થિક ખેંચ તો હોય જ. એવી પરિસ્થિતિમાં પણ માતા નૂરબાઈએ કાઠિયાવાડી ખમીર દાખવી સંતાનોને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે સજાગ હતાં. પરિણામે એ સમયમાં ધોરણ સાત સુધીનું શિક્ષણ ગફુરભાઈ મેળવી શક્યા. આગળ ભણવા માટે ઘરની આર્થિક સ્થિતિ પણ ના પડતી હતી; તેથી ગફુરભાઈ શૈક્ષણિક ક્ષેત્રની ઉચ્ચ ઉપાધિ મેળવી ના શક્યા પરંતુ મન વિચારશીલ, માણસ જિજ્ઞાસુ અને ભીતરનો માંહ્યલો કરુણામય, સંવેદનાસભર તેથી કદી ઓછું શિક્ષણ એમના માનવીય વિકાસને અવરોધી શક્યું નહીં. ગુજરાતી સાત ધોરણ સુધી જ ભણેલા પરંતુ જીવનની પાઠશાળામાં ઘડાયેલા, મઠારાયેલા. ઘણું વધારે શિક્ષણ લેવાયું નહીં એવી પરિસ્થિતિમાંયે ભીતરના કોઠાને તેજથી વણસ્પર્શ્યો રહેવા દીધો નહીં. જગતના મંચ ઉપર એક માણસ તરીકે, માનવતાને, માનવ હોવાના ગૌરવને અખિલાઈથી ઉજાગર કરનારા બની રહ્યા. એક જીવંત, સેવાભાવી માણસ તરીકે એમના માટે જીવનમંત્ર બની રહ્યો :

*'બસ એટલી સમજ મુજને પરવરદિગાર દે*
*સુખ જ્યારે મળે જ્યાં મળે બધાના વિચાર દે' (મરીઝ)*

બધાના વિચાર, અન્યને સુખ આપવાની તમન્ના આત્મસાત્ કરી જીવનારા જણની સમસંવેદનાનો પાયો મજબૂત રહ્યો છે. જ્યારે આર્થિક અગવડ હતી ત્યારે પણ તડકે રહેલાં માનવોને શીતળ છાયો આપવાની એમની લગન, ભીતરની ઉદારતા-અમીરાત-સભર હતી. સાવરકુંડલાના વંડા ગામમાં એક રૂમ ઓસરીના ઘરમાં રહેતા ગફુરભાઈ એક દિવસ દીકરાની ફી ભરવા મિત્ર પાસેથી ઉછીના રૂપિયા લઈ ઘરે આવતા રસ્તામાં ગામના એક માણસના ચહેરા પર માયુસી જોઈ પૂછે :

'ભાઈ, કેમ ઉદાસ છે, કાંઈ તકલીફ છે?'

ત્યારે સામેનો જણ આંખમાં આંસુ સાથે ઘરે પોતાની પરિવારના સદસ્યની બીમારીની વાત કહે. સાંભળી ગફુરભાઈની આંખમાં ભીનાશ પ્રસરે, દીકરાની ફી માટે ઉછીના લીધેલા રૂપિયા ગફુરભાઈ પેલા માણસના હાથમાં આપી દે છે. એવા તો કેટલાંયે સામેના માણસના દર્દીલા સમયે બાપુજીની કરુણા માણસને ભીંજવતી રહેલી. આ બધી બીનાઓ ત્યારે બનેલી જ્યારે ગફુરભાઈની આર્થિક અધૂરપ ચરમસીમાએ પહોંચેલી. પણ ભીતરની ભાવના કે કોઈ પણ પરિસ્થિતિમાં માણસને મદદરૂપ થતા રહેવું, ખિસ્સા ભલે ખાલી હોય પણ હૃદયમાં કરુણાનો સાગર લહેરાતો રહે, ને દુઃખી લોકોને હૂંફ આપતા રહેવું. ગરીબ દર્દીની સેવા ચાકરી કરવી, અભણ લોકોનું માર્ગદર્શન કરવું, જરૂરિયાતમંદ લોકોના પડખે ઊભા રહી એમને બેઠા કરવા એ એમના લોહીમાં જ રચાયેલું. માટે આર્થિક રીતે ગરીબ હોવા છતાં ભીતરની અમીરાત બેફામ રીતે માનવતાવાદી કાર્યોમાં વાપરી. એક સાંધે ત્યાં તેર તૂટે એવા સંજોગોમાં પણ બીજા માણસને મદદરૂપ થવાની એમની આદત બની ગઈ હતી. એ આદત આજે તો એમના લોહીના લયમાં એકરૂપ બની ગઈ છે. ખલિલ જિબ્રાન ખરું કહી ગયા.

'મહાન માણસોને બે હૃદય હોય છે એકમાંથી રક્તધારા વહે છે અને બીજામાંથી સ્નેહધારા.'

સ્નેહધારાની સરવાણી, એના સંસ્કાર એમનાં માતુશ્રી નૂરબાઈએ એમને પાયેલા. માતાએ એમને માનવધર્મની દીક્ષા આપતાં કહ્યું હતું :

'બેટા, છેતરાવવામાં આનંદ માનજે પણ છેતરતો કોઈને નહીં.'

માતાની આ શીખને પવિત્ર કુરાનની આયાત સમજી, સાચી કરી જીવનમાં આચરણ કરી બતાવી. એટલું જ નહીં પોતાના પરિવારમાં પણ માતાનો આ મંત્ર રોપ્યો :

'તમે છેતરાજો પણ બીજાને છેતરશો નહીં.'

જ્યારથી સમજણા થયા ત્યારથી ગાંધીરંગે રંગાયા હતા. ગાંધીનો રેંટિયો, ખાદી અને સાદગી એમની નસેનસમાં વહે. ગાંધી શ્વાસે, ગાંધી હૃદયમાં ધબકે, ગાંધી ખાય, પીએ, ઓઢે, પાથરે ને આચરણ કરે. સંપર્કમાં આવેલ ઈન્સાનને સ્નેહથી અમલ કરાવે જાણે કે, ગાંધીજીના જીવનદર્શનના અભિભૂત જીવ. એટલે તો ફકીર જેવો આ માણસ આત્માથી શુદ્ધ અનુભવાય. ગાંધીજીની અહિંસાનું પાલન કરતા, એમના રચનાત્મક કાર્યોને આકાર આપતા અનુભવાય. એક વાર બાપુજીને મેં પૂછ્યું :

'બાપુજી, ગાંધીજીની કઈ બાબત તમને ગમે?'

બાપુજી : 'દિનુભાઈ, ગાંધીજીની આત્મશુદ્ધિ.' અને તુરંત ગાંધીજીવન દર્શનમાંથી ગાંધીજીનો એક વિચાર રજૂ કર્યો : 'આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે, એટલે જીવનમાર્ગના બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા રહે છે.' (મહાત્મા ગાંધીજી)

માનવસેવાના ભેખધારી જીવને પોષણ આપનારા ગાંધીજીના વિચારો રહ્યા છે. આ માડુ સાંપ્રતમાં મહાત્મા ગાંધીજી અને એમના સત્ય અહિંસાનાં વ્રતોને જીવનમાં જીવંત કરતા ગાંધીજન છે. ગાંધીમૂલ્યો અને માનવીય મૂલ્યોની દીક્ષા અંગીકાર કરી સફળ રીતે જીવી બતાવનારા અને ગાંધી-વિચારધારાનું અમૃત પીને એ અમૃતના યાત્રી બની રહેવાની ધગશ અને જાગરણ રાખનાર જીવ છે. ગુજરાત અને ભારતમાં જ્યાં જ્યાં ગાંધીજનની સંસ્થાઓ ગાંધીજીના વિચારોનું વાવેતર કરે છે એવા શૈક્ષણિક તપોવનોને તેઓ હૂંફ આપતા રહે છે. આજના યુવાનો, ગાંધીજીવન દર્શનને જીવે - સાદગી, સંયમ, રચનાત્મક માર્ગે વળે તે માટેના નક્કર પ્રયાસો કરતા રહે. ગાંધીજીનું નામ લેતા અને સાંભળતા ગફુરભાઈના ચહેરા પર લાલીમા પ્રગટે, સ્મિત રેલાય એવા ગાંધીજન છે.

બાપુજી જીવનમાં સત્યમ્ શિવમ્ અને સૌંદર્યની આરાધક નાગરિક ધર્મને ચરિતાર્થ કરતા ઈન્સાન. કર્મઠ માણસની ઉંમર ૮૨ વર્ષ, સાડા પાંચ ફૂટ ઊંચાઈ ધરાવતા હંમેશાં વર્ષોથી શ્વેત-વસ્ત્રો-શાંતિના પર્યાયસમા ધારણ કરનારા (ખાદીનો લેંઘો અને ઝભ્ભો). તનાવ રહિત ચહેરો, ભીતરની શાંતિ ચહેરા પર કળાય, ખુદાઈ નૂર છવાયેલું અનુભવાય. નિર્મળ કરુણામય આંખો, તેજસ્વી કપાળ, લયબદ્ધ ચાલ ભીતરના ચેતનવંતા અજવાસને રેલાવતી રહે, જાત સાથેની ઈમાનદારી, નીતિમય જીવનશૈલીને કારણે નૂરીજન ગફુરભાઈના સંપર્કમાં આવનાર માણસોને પણ એમની આધ્યાત્મિક સુગંધની અનુભૂતિ થાય. જાણે કે અલ્લાહના ફરિશ્તા ગફુરભાઈ બની પૃથ્વી ઉપર ભ્રમણ કરતા હોય.

બુદ્ધના ચાર આર્યસત્યો : કરુણા, મૈત્રી, મૃદિતા અને ઉપેક્ષા એમના અંતરમાંથી વહેતા રહે. માંહ્યલો પરોપકારી હોવાને નાતે તેઓ જ્યારે હાથ લાંબો કરે ત્યારે નિરાધારને આધાર પૂરો પાડે, તડકે રહેનારને શીતળ છાંયો મળે, પડેલા માણસો ઊભા થાય, લંગડાતા લોકોને બળ મળે એમનો હેતાળવો હાથ હારી ગયેલાઓને હિંમત પૂરી પાડે, જીવનથી ડગી ગયેલાઓ અડગ બને. અકર્મીઓ કર્મરત બને અને દુઃખીઓને હૂંફ આપે, થાકેલાને દોડતા કરતા એમનો હાથ અહર્નિશ માણસાઈની હેલી વરસાવે છે. ગફુરભાઈ જ્યારે ચરણ ઉપાડે ત્યારે તે સફર યાત્રાસમી જ હોય. માણસના હિત, હેત માટે એમના ચરણ ચાલતાં રહે, જ્યાં જ્યાં એમના પાવન પગલાં પડે ત્યાં ત્યાં સાદગી, પવિત્રતા અને સત્ત્વ પ્રસરતું રહે છે. એમના ચરણ માનવતાનો, સેવાનો જ્યાં સાદ પડે ત્યાં પહોંચવા માટે તત્પર હોય. એ પછી આદિવાસી વિસ્તારોના બાળકોને શિક્ષણ આપવાનું હોય તો એમના માધ્યમથી, પ્રેરણાથી હજારો બાળકો શિક્ષિત બની કેળવાતા રહે છે. અદ્યતન ટેકનોલોજીના સમયમાં અધૂરપમાં રહેલાં બાળકોને - વનજાતિનાં સંતાનોને, લેપટોપ - કમ્પ્યૂટરના માધ્યમથી, પી.પી.ટી. દ્વારા કેળવાયેલા શિક્ષકો શિક્ષણ લઈ શક્યા પણ જેને ભણવું છે એમના માટે અથાક પરિશ્રમ કરતા રહે અને આ માટે ઉત્તમ શિક્ષકોને આવા નેક કાર્યોમાં સહજ રીતે સાંકળીને ગાંધીવિચારને આધુનિક પરિપ્રેક્ષ્યમાં સાચો કરી જાણે. કેળવણીની એમની સમજ ખૂબ ઊંચી. શિક્ષણ વિષયક વિચારોને યથાર્થતા બક્ષવા કેળવણીના મહર્ષિ નાનાભાઈ ભટ્ટના દિવ્યદર્શનને હૃદયમાં એકરૂપ કર્યું... એ છે :

'કેળવણી એ જીવન વ્યાપી વસ્તુ છે. કેળવણીમાં ઊંડાણ અને વિસ્તાર બંને જોઈએ. ઊંડાણ ન હોય અને વિસ્તાર થાય તો ઝાડ ઊથલી પડે. એકલું ઊંડાણ હોય અને વિસ્તાર ન હોય તો ફળ ન બેસે.'

એટલે તો આજના માહિતી વિસ્ફોટના સમયમાં ગફુરભાઈએ પોતાના 'મા ફાઉન્ડેશન' ને સૂત્ર આપ્યું છે : 'Knowledge is growth.' કેળવણી, શિક્ષણથી, જ્ઞાનથી જ વિકાસ છે એ સૂત્ર પછાત વિસ્તારોમાં પહોંચાડી કાર્ય કરે. ને તે માટે કેટલાયે સફળ નીવડેલા શિક્ષણવિદ્‌નું માર્ગદર્શન મેળવતા રહી વનવિસ્તારોમાં જીવંત કેળવણીકારના યજ્ઞો પ્રજ્જવલિત કરતા રહી, સમિધ અર્પતા રહેનારા ઈન્સાન એટલે ગફુરભાઈ બિલખિયા.

ગફુરભાઈ શિક્ષણને સર્વોપરી માને છે અને ખરી કેળવણીને માનવતા ત્રીજા નેત્ર તરીકેની ઓળખ આપે. સાથે જીવનલક્ષી જીવંત શિક્ષણના હિમાયતી રહ્યા એટલે એમના શિક્ષણના વિચારોને સાર્થક કરવા માટે પોતાની માતૃભૂમિ સાવરકુંડલા તાલુકાના વંડા ગામે આર્ટર્સ કૉલેજની સ્થાપના કરે છે. વર્ષ ૨૦૦૧ માં આરંભ પામેલી આ કૉલેજમાં રૂડા માનવોને સર્જવાનું, માનવોને ઘડવાનું યજ્ઞકાર્ય કરે છે. વંડા ગામના પાદરમાં આવેલા

આ જ્ઞાનપરબનો પરિચય આજે આખા સૌરાષ્ટ્રને એનાં વાર્ષિક પરિણામોથી થયો છે. આ કૉલેજમાં કેળવણી પામતી દીકરીઓ થર્ડ બી.એ.ની વાર્ષિક પરીક્ષામાં સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રથમક્રમ લાવે. ગુજરાતી વિષયમાં અને મનોવિજ્ઞાન વિષયમાં અહીંની વિદ્યાર્થિનીઓ સુવર્ણચંદ્રક વિજેતા નીવડતી રહે છે. દર વર્ષે આવતાં વાર્ષિક પરિણામો આ મહાવિદ્યાલયમાં અપાતા શિક્ષણની ધજાપતાકા લહેરાવે રહે.

આ મહાવિદ્યાલયમાં માત્ર આર્ટર્સનું શિક્ષણ નથી અપાતું પરંતુ એ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના અભ્યાસક્રમ પણ ચાલે. તેથી અહીંના છાત્રો યુનિવર્સિટીનાં પરિણામોમાં તો ઉત્તમ દેખાવ કરે જ, સાથે જીવનની પરીક્ષાનાં પરિણામોમાં પણ સર્વોત્તમ બની રહે ને જીવન જીવવાની કલા પણ આત્મસાત્ કરે. વંડા ગામમાં પાદરમાં આવેલ આ વિદ્યાધામ ગફુરભાઈના ખભા ઉપર ઊભું છે. તેઓશ્રી સંપૂર્ણ આર્થિક સહયોગ આપીને આ સંસ્થાને વહાલ કરતા રહે છે.

માત્ર માતૃભૂમિમાં જ કેળવણીનાં કાર્યો કરે છે એમ નહીં, તેઓ પોતાની કર્મભૂમિ વાપીમાં પણ અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહી શિક્ષણની જ્યોતને સંવારતા રહે છે. તેઓ ગાંધી વિચારધારાને જીવતા ગાંધીજનને સાર્થક કરતા ગ્રામીણ ક્ષેત્રે ઉત્કર્ષ સાધતી વિદ્યાસંસ્થાઓ તરફ પણ અનુરાગ ધરાવે છે. લોકભારતી સણોસરા, લોકવિદ્યાલય વાળુકડ, ખડસલી લોકશાળા, પૂર્ણિમાબહેન પકવાસાનાં ઋતુંભરા વિદ્યાવિહાર, સાંઈકવિ મકરંદ દવેના નંદીગ્રામ, ગ્રામનિર્માણ કેળવણી મંડળ વાલિયા કે ગાંધીઆશ્રમ વેડછી જ્યાં જ્યાં મહાત્મા ગાંધીનાં મૂલ્યોને જીવવાનો વિચાર આચરણમાં મુકાતો હોય યા પરિશ્રમ કરવામાં આવતો હોય એવી વિદ્યાસંસ્થાઓને ગફુરભાઈ ચાહત આપતા રહે છે.

વ્યક્તિ પ્રજાના હિત માટે જ જીવે અને જીવતા રહેવાની બંદગી કરતા રહે છે. આર્થિક અગવડમાં રહેનારા દર્દીઓને સારવાર આપવાની હોય તેવાં સ્થળોએ એમના ચરણ જવા બહાવરાં બને. જતા રસ્તામાં કોઈને અગવડ કે દુઃખી જુએ તો ત્યાં સગવડ સાથેનું સુખ મૂકી આપે. એમનું ચાલવું પણ યાત્રા બની રહે. બેરોજગારોને એમના શબ્દોથી રોજી રોટી મળે. તેઓ જ્યારે બોલવા ઊભા થાય ત્યારે ખૂબ ઓછું બોલે પણ જે બોલે તેમાંથી એક દાર્શનિકની છવિ અંકિત થાય, સત્યનો રણકો સંભળાય, સંવેદનની સરિતા રેલાય. ખૂબ ઓછું બોલે વધારે તો એમની આંખો અને મૌન જ બોલે. જ્યાં જ્યાં એમની નિર્મળ આંખો જુએ ત્યાં ત્યાં આશીર્વાદ આપતી રહે છે. ચહેરા ઉપર સહજ હાસ્ય પ્રસરતું રહે ને આયાત સમી એમની ગિરા ભાવકને પાવન કરી જાય.

ઓલિયાજીવ ગફુરભાઈના જીવનદર્શનમાંથી એમના સંવેદનશીલ વ્યક્તિત્વમાંથી એક અલ્લાહનો ફરિશ્તો ઉજાગર થાય છે. જે માનવધર્મની દીક્ષા આપતો રહે. ઘણા લોકો એમની જ્ઞાતિ પૂછે. એ કહે પણ પછી ચહેરા ઉપર સ્મિત લાવે, મલકાય જાણે જ્ઞાતિઓના વાડાથી ઊંચે ઊઠવાનો સંદેશ મૂક રીતે આપતા હોય અને કોઈ વિશ્વમાનવની કલ્પનાને, ભાવનાને સેવતા હોય, જ્યાં વાડાબંધી, જ્ઞાતિવાદ ના હોય. માણસનો માણસ તરીકે સ્વીકાર હોય. બાપુજી સાથે વાત કરતા જાણ્યું કે આજથી ૬૦ વર્ષ પૂર્વે પોતાના ગામ વંડામાં એક વણકર છાત્રને પોતાના ઘરમાં રાખી જમવાની રહેવાની ભણવાની વ્યવસ્થા તેમણે કરેલી. એ ગુણ આજના ઐશ્વર્યસભર દિવસોમાં પણ અકબંધ રહ્યો છે. સર્વજનોનો સ્વીકાર, બધા એક પિતાના સંતાન એટલે તો વંડાની બિલખિયા કૉલેજના વાર્ષિકોત્સવમાં બોલતા લોકશિક્ષક પૂ. મોરારિબાપુએ બાપુજી વિશે કહેલું :

‘ગફુરભાઈ આ વિસ્તારને, પોતાનું વતન છે અને મારે કહેવું જોઈએ કે આ માણસે એનામાં રહેલા સંસ્કારના બીજની સાથે ખુદાઈ ખિદમત, માનવતા, દરેકને ઉપયોગી થવું, અજવાળું પ્રગટાવવું, શિક્ષણના નામે અનેક ક્ષેત્રોમાં એ બધું કરીને વંડામાં વંડાના એ માણસ પણ એણે કોઈ વંડો વાળ્યો નહીં. પોતાની વિચારધારાને એમણે સીમિત ન કરી. ઇસ્લામ ધર્મના ઉપાસક છે સાહેબ, અને છતાં અહીં સરસ્વતીની તસવીર મુકાઈ, આ કેટલો મોટો સમન્વય છે! શિક્ષણનું ક્ષેત્ર છે સરસ્વતી મૂર્તિ પૂજા છે, ઇસ્લામ મૂર્તિ પૂજામાં માને નહીં એ એમની નિરાકારની ઉપાસના છે છતાંય ગફુરભાઈએ વંડો નથી વાળ્યો ઈ મને ગમે.’

ગુજરાતના મોટાભાગના ખાદી કાર્યાલયો સાથે નાતો રાખનારા આ માણસ ખાદી પ્રચારના હિમાયતી છે. તેઓ કેન્દ્રિય ખાદી કમિશનના મેમ્બર રહ્યા. ભારત દેશમાં ગાંધીની ખાદી પહેરાય માટે મથતા જીવ હોવા સાથે ખુદ પણ પોતાના માટે ખાદીનાં વસ્ત્રો જ જીવનમાં પહેરતા આવે છે. સફેદ વસ્ત્રોમાં શોભતો આ સૂફી માણસ જ્યારે અલ્લાહની બંદગીમય હોય ત્યારે ખરેખર ખુદ ખુદા પણ એમને નિરખતા હશે. જેવો સફેદ પોશાક એવા જ ભીતરથી પવિત્ર અને શાંત, સહજ અને સરલ માણસ. નિયમિત ખુદાની નમાજ અદા કરવી એ એમનો ગુણ, તેઓ દર વર્ષે હજયાત્રાએ જાય. અનેકોને પણ હજયાત્રા કરાવે. એક દિવસ અમારી કૉલેજ - વંડામાં પધારેલા ગફુરભાઈ સાથે મારે વાત થઈ :

‘બાપુજી, તમે દર વર્ષે હજ પઢવા જાઓ છો ત્યારે અલ્લાહ પાસે દુઆ-બંદગી કેવી કરો?’ ત્યારે બાપુજીનો જવાબ હતો :

‘જગતના દરેક માણસ સુખી થાય, શાંતિથી જીવે. જગતમાં અમન અને ભાઈચારો જળવાઈ રહે એવી દુઆ અલ્લાહને કરતો રહું છું.’

બાપુજીના શબ્દોમાં કુદરતે એમના પર જે કૃપા વરસાવી એનો આભાર હતો. હું શું બોલું! એમની નિરાભિમાની વાતો સાંભળતો રહ્યો.

પરમપિતા પરમાત્માએ બાપુજીના એક હાથમાં રિદ્ધિ-

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૭ ઉપર)**

રેખા ચિત્ર

# ગુલાબો

• ડૉ. સુધીર ચી. મોદી •

શ્રી જોરાવરસિંહ જાદવ લોકકલાવિદ્, લોકકલા ફાઉન્ડેશનનના સ્થાપક, અમારા ફેમિલી ફ્રેન્ડ છે. તેમની સાથે વાતો કરતાં ઘણી ઘણી વાતો સાંભળવા અને જાણવા મળે છે. આવી જ તેમણે કહેલી એક વાત રજૂ કરવાનું મન થયું છે.

આશરે ૩૨ વર્ષ પહેલાંની વાત. ફાગણ માસમાં રાજસ્થાનમાં પુષ્કરનો મેળો જામ્યો હતો. એક ગુજરાતી ભાઈ તેમના મિત્રો સાથે પુષ્કરના મેળામાં ફરતા હતા. રસ્તા પર એક બાજુ મોરલીના નાદ સાથે ઢોલક પર થાપ પડી અને એક ૧૮ વર્ષની મદારી કન્યાએ નાચવાનું શરૂ કર્યું. પેલા ગુજરાતી ભાઈ અને તેમના મિત્રના પગ થંભી ગયા. મદારી કન્યાનું મોરલી અને ઢોલકના તાલે થતું લોકનૃત્ય જોતા જ રહી ગયા. તેના શરીરની લચક, ગતિ, તાલ અને લય અદ્ભુત! નૃત્ય પૂરું થતાં લોકો આઠ આના, રૂપિયાના સિક્કા નાખવા લાગ્યા. પેલા ગુજરાતી ભાઈ તે કન્યાના માતા-પિતા જે સિક્કા વીણતા હતા, તેમની પાસે ગયા. કન્યાને તેનું નામ પૂછ્યું.

'ગુલાબી.'

'તૂ અમદાવાદ આયેગી?'

'હાં.'

'વહાં ઐસા હી કાર્યક્રમ દેના હોગા. આયેગી ન?'

તુરત જ તે કન્યાના માતા-પિતા બોલ્યા, 'સાહબ! હમારા મજાક ક્યોં કરતે હો?'

'યહ મજાક નહીં હૈ. આપકી લડકી કો સ્ટેજ શો કરનેકો બુલાતા હૂં.'

'સ્ટેજ ક્યા હોતા હૈ?'

'સ્ટેજ કા મતલબ બડે હૉલમેં જ્યાદા દર્શકોં કે સામને નૃત્ય કરના!'

'હમેં શહરમેં બુલાકર સ્ટેજ કૌન દેગા? હમ તો ફૂટપાથ પર, રાસ્તે પર હી અચ્છે હૈં. યહીં પર નાચેંગે, ગાયેંગે. દો પૈસે કમાકર અપની જિંદગી ગુજાર દેંગે. આપ બડે લોગકા ક્યા ભરોસા?'

આવી રખડતી ગરીબ મદારી જાતિને આવી મોટી વાતમાં ક્યાંથી વિશ્વાસ પડે? તેમને મોટા શહેરમાં બોલાવી, મોટો સ્ટેજ શો કરવામાં આવે તે વાત તેમની કલ્પનામાં પણ ના આવી હોય.

ખેર! તે ગુજરાતી ભાઈએ તેમની સાથે સારી એવી વાતો કરી અને તે મદારી પરિવારને થોડોઘણો વિશ્વાસ બેઠો. તે ભાઈએ ગુલાબી અને તેના માતા-પિતાને અમદાવાદ આવવાનું આમંત્રણ આપ્યું. ગુલાબીનો પહેલો કાર્યક્રમ મહેસાણામાં સફળતાપૂર્વક થયો અને બીજો કાર્યક્રમ અમદાવાદમાં સફળ થયો. ગુલાબી હવે 'ગુલાબો' તરીકે જાણીતી થઈ.

ઈ.સ. ૧૯૬૯માં મદારી પરિવારમાં અજમેર પાસે આવેલા કોટડા નામના નાનકડા ગામમાં ગુલાબોનો જન્મ થયો. માતાનું નામ દાખાં અને પિતાનું નામ ભૈરવનાથ. પરિવાર પારાવાર ગરીબાઈમાં જીવન પસાર કરે. ગુલાબો કહે : 'સાપને પાતાં વધેલું એઠું - જૂઠું દૂધ પીને મારો ઉછેર થયો. મારી મા કાલબેલિયા નૃત્ય સારું જાણતી. નૃત્યના સંસ્કાર ગળથૂથીમાંથી જ મળ્યા. ચાર-પાંચ વરસની ઉંમરે મા પાસેથી કાલબેલિયા નૃત્ય શીખવાની શરૂઆત કરી. કાલબેલિયા એટલે રખડતી ભટકતી જાતિ. ગામના પાદરમાં દંગો નાખીને પડ્યા રહે. પુરુષો સાપના ખેલ બતાવે અને એમાંથી પેટનો રોટલો મેળવે.'

મદારી જાતિને ના રહેવાનાં ઠેકાણાં, ના નહાવાનાં ઠેકાણાં. જુદાં જુદાં ગામ અને સ્થળોએ ફર્યા કરે અને પેટિયું ભરતા રહે. ના શિક્ષણ, ના સંસ્કાર કે કહેવાતી આપણી સભ્યતા! ફક્ત તેમનામાં વારસાગત ઊતરી આવતી નૃત્યકળા! સાપ રમાડનાર મદારીઓને હિંદીમાં સપેરા અને રાજસ્થાનમાં કાલબેલિયા કહેવાય છે. તેમની જાતિના લોકો રાફડામાં હાથ નાખીને સાપ પકડવા અને તેમને બીન આગળ નચાવવાનું કામ કરતા હોવાથી તેમના કબીલા કાલબેલિયા કહેવાય છે. મદારીનું આ લોકનૃત્ય કાલબેલિયા નૃત્ય કહેવાય છે. ઘુંઘટ કાઢીને નાચવું અને સાપની જેમ કમરની તાકાતથી ચકરી મારવી એ કાલબેલિયા નૃત્યની વિશેષતા છે. કાલબેલિયા નૃત્યમાં ગતિની વિલક્ષણતા જ નૃત્યની પ્રધાનતા છે.

સાપ જેવા કાળા રંગનાં ચમકતાં વસ્ત્ર પરિધાનમાં જેમાં સોનેરી ગોટા લગાવેલો લીલી-પીળી પટ્ટીવાળો ઘેરદાર ઘાઘરો, કુરતો, જરી કસબના તારથી ઝગમગતી ઓઢણીમાં વીંટળાઈને લાંબાં લાંબાં ઝુમર, મણિ અને મોતીઓથી ભરચક સેરો અને રંગબેરંગી ફૂમતાંઓથી ભરેલી ગુલાબો અરરર....ર કરતી જ્યારે મંચ પર પ્રવેશે અને મોરલીની મધુર ધૂન પર ઠુમકો ફરીને ફેરફુદરડી ફરી મદમાતી નૃત્ય કરતી હોય ત્યારે પ્રેક્ષકો સ્થિર નજરે સ્તબ્ધ બની નૃત્યની ગજબની ગતિ, સ્ટેપ અને અંગમરોડની કલાત્મકતા નિહાળતા જ રહી જાય છે.

"ભારત મહોત્સવ" માટે અમેરિકા જતા લોક કલાકારોની યાદીમાં ગુલાબોનું નામ સામેલ થયું. રાજસ્થાનનું આ સપેરા કાલબેલિયા નૃત્ય સાત સમંદર પાર કરીને અમેરિકાની ધરતી પર પહોંચ્યું. ખૂબ પૈસા અને ભરપૂર પ્રસિદ્ધિ મળી.

ગુલાબો શહેરમાં નૃત્ય કરે અને પરદેશ જવાની છે એ વાત જાહેર થતાં તેમના કબીલાવાળા ખૂબ ગુસ્સે ભરાયા. પરદેશ જવા માટે પ્રતિબંધ મુકાયો. તેમના દાદાએ બધાને સમજાવ્યા

અને મનાવ્યા. મદારીની નાતે ગુલાબોના કુટુંબ સાથેના બધા વ્યવહારો બંધ કરી દીધા. પરંતુ થોડા સમય બાદ ગુલાબોની ચોતરફ વાહવાહ થતાં અને પરદેશોમાં પ્રોગ્રામો આપતી જાણીતી થઈ એટલે મદારીની નાતે એને કબીલામાં પુનઃ અપનાવી. સને ૧૯૮૬માં એના કબીલાના અચ્છા યુવાન કલાકાર સોહનલાલ સાથે લગ્ન થયાં. તેમને બે દીકરા અને ત્રણ દીકરીઓ થઈ.

હવે તો ગુલાબોએ અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન, જાપાન, ડેન્માર્ક, હોલેન્ડ, બેલ્જિયમ, સાઉદી અરેબિયા વગેરે ૫૦ ઉપરાંત દેશોના નગરોમાં કાર્યક્રમો કરીને વિક્રમ કર્યો. ફ્રેન્ચકલા અને રાજસ્થાની કલા સંસ્કૃતિના આદાન પ્રદાન અર્થે બે-ત્રણ મહિને એકવાર ફ્રાન્સ જાય છે. આજે તો વેસ્ટર્ન મ્યુઝિક પર પણ ગુલાબો નૃત્ય કરે છે.

નૃત્ય ક્ષેત્રે આટલું નામ કમાયા બાદ ગુલાબોને ઍવોર્ડ્સ ઘણા બધા મળ્યા છે. ૧૯૯૧માં પેરિસમાં નેશનલ યુનિટી ઍવોર્ડ, ૧૯૯૩માં સોનિયા ગાંધી દ્વારા પ્રશસ્તિપત્ર, ૧૯૯૮માં રાજસ્થાનના મુખ્યમંત્રી ભૈરોસિંહ શેખાવત દ્વારા સુવર્ણ ચંદ્રક, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંહ દ્વારા સન્માન, ઇ.સ. ૨૦૦૩માં ૧૦ મે ના રોજ અમદાવાદમાં કર્ણાવતી ક્લબમાં ૬૦૦૦ પ્રેક્ષકોની હાજરી વચ્ચે 'ગુજરાત લોકકલા ઍવોર્ડ'નો સ્વીકાર કરતાં વિનમ્ર ગુલાબોએ રંગમંચ પર તે ગુજરાતી ભાઈને રાખડી બાંધી. તે ભાઈના આમંત્રણે આ લોકકલા ઉત્સવમાં ભાગ લેવા માટે ફ્રાન્સના ચાલુ કાર્યક્રમો વચ્ચે ખાસ પેરિસથી સવારે ૭ વાગે અમદાવાદ આવી, હાજર થઈને ભાઈને આપેલું વચન પાળ્યું.

ઍવોર્ડ સ્વીકારતાં ભાવવિભોર અવાજે ગુલાબોએ કહ્યું : ''આજ મૈં વિશ્વવિખ્યાત કાલબેલિયા નર્તકી બની હૂં ઔર વિશ્વકે સભી દેશોંમેં પ્રોગ્રામકે લિયે જાતી હૂં. મગર બીસ સાલ પહલે ગુલાબોકો કોઈ નહીં જાનતા થા. મૈં રાસ્તે પર નાચતી થી. તબ ભાઈને મુઝે પહલે પહલે ગુજરાતમેં કાર્યક્રમકે લિયે બુલાયા. દૂરદર્શન પર મેરા ઇન્ટરવ્યૂ કિયા, પેપરોમેં પબ્લિસિટી દિયા, નૃત્યકી તસવીરેં પ્રસિદ્ધ કરવાઈ. ફિર વિદેશ ગઈ ઔર બડી કલાકાર બની. ભાઈકા મુઝ પર ભારી ઋણ હૈ. આજસે મૈં ઉનકી છોટી બહન બન રહી હૂં.''

આ ગુજરાતી ભાઈ તે લોકકલાવિદ્, પ્રતિષ્ઠિત લેખક અને ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક શ્રી જોરાવરસિંહ જાદવ. ઘણા બધા નીચલા સ્તરના કલાકારોને શોધીને, તેમનું હીર પારખીને, આંગળી આપી, આગળ લાવનારા શ્રી જોરાવરસિંહ જાદવ. સપ્ટેમ્બર ૨૦૧૩માં ગુજરાત સરકારે ''ગૌરવ પુરસ્કાર'' આપીને તેમને સન્માનિત કર્યા છે. તેમને બીજા ઘણા બધા ઍવોર્ડ્સ પણ મળ્યા છે.

*૧-એ, વ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ પાસે,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : (૦૭૯) ૨૭૯૧૧૧૬૦*

## સવજી છાયા

**(અનુસંધાન : પાના નં.-૭૮ ઉપરથી ચાલુ)**

સાકાર થયું! 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' ગ્રંથમાં ૩૦૦ રેખાંકનો પ્રસિદ્ધ થયા. હસમુખ રાવલના પુસ્તક 'સૂર્યલીલા' માં સૂર્યસંવેદનાનાં ૧૦૦ રેખાંકનો મુદ્રિત થયાં. પંચતત્ત્વ, પંખી, પીછાં અને પાંદડાં સંદર્ભે, પ્રાકૃતિક ચિત્રો, દ્વારકાનાં મંદિરો, ભારતીય શાસ્ત્રીય સંગીતકારો-ગાયકોના, અજંતાના ભીંતચિત્રો, ગુજરાત-કચ્છનાં પારંપરિક પોશાક, ઘરેણાં તથા ગ્રામ્યજીવનનાં રેખાંકનોના ચિત્રસંપુટો ભાવકોએ આવકાર્યા અને પ્રશંસનીય રહ્યા.

કલા કારકિર્દીના પ્રારંભે સૌ પહેલવેલું ચિત્ર પ્રદર્શન યોજાયું દ્વારકા કૉલેજમાં. તે પછી તો અમદાવાદ, વડોદરા, મુંબઈમાં ૧૦ ચિત્ર પ્રદર્શનો યોજાયા. કૈલાસ ગુરુકુળ મહુવામાં ૨૦૦૯માં 'સદ્‌ભાવના સત્ર' માં યોજાયેલ ચિત્રપ્રદર્શનનું સંતશ્રી મોરારિબાપુએ ઉદ્‌ઘાટન અને એ જ વર્ષે 'અમદાવાદની ગુફા' માં લોકસાહિત્યવિદ શ્રી જોરાવરસિંહ જાદવે તેમના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું. સને ૨૦૧૦માં લખનૌમાં પ્રસિદ્ધ ચિત્રકાર સુષ્મા અગ્રવાલે તેમના ચિત્રપ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરેલું. સને ૨૦૦૮માં ગવર્નમેન્ટ વિમેન્સ પોલિટેકનિક કોટા-રાજસ્થાન અને મોચા હનુમાન આશ્રમ ૨૦૦૫માં રાજસોભાગ આશ્રમ સાયલા અને ૨૦૦૨માં તાતા કેમિકલ્સ હાઈસ્કૂલ મીઠાપુર તથા ભારતીય કોસ્ટ ગાર્ડ ઓખા પોર્ટ જેવી સંસ્થાઓના આમંત્રણથી તેમનાં ચિત્ર પ્રદર્શનો થયા.

૧૯૭૧માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી શ્રેષ્ઠ ચિત્રકારનો પુરસ્કાર, ૧૯૭૬માં વડોદરા મ્યુનિ. કોર્પોરેશન તરફથી લિથોગ્રાફ પુરસ્કાર અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી પુરસ્કાર-૧૯૭૬ નો સવજીભાઈને એનાયત થયેલ. દ્વારકાના આંગણે ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ ૬૬મા પ્રજાસત્તાક પર્વ પ્રસંગે રાજ્ય સરકાર દ્વારા ચિત્રકલાક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ ગુજરાતના રાજ્યપાલ મહામહીમ શ્રી ઓ.પી. કોહલી તથા મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલના હસ્તે મોમેન્ટો તથા સન્માનપત્રથી તેઓને સન્માનિત કરવામાં આવ્યા.

સને ૨૦૧૦ માં ચિત્રકલાની આંતરરાષ્ટ્રીય સંસ્થા અખિલ ભારતીય સિનિયર આર્ટિસ્ટ (આઈફેક્સ) નવી દિલ્હી દ્વારા યોજિત ચિત્રકારોના ત્રિ-દિવસીય સેમિનાર-મેળાવડામાં ચિત્રકલાનું ડેમોન્સ્ટ્રેશન કરેલું. વલ્લભવિદ્યાનગરમાં ૨૦૧૩માં ગુજરાત લલિતકલા અકાદમી યોજિત સિનિયર આર્ટિસ્ટ કેમ્પમાં પણ ડેમોન્સ્ટ્રેશન - માર્ગદર્શન આપેલું. આમ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ચિત્રકલાક્ષેત્રે તેઓનું માર્ગદર્શન નવોદિત ચિત્રકારોને પ્રેરણા મળતાં રહે છે અને મળતાં રહેશે તેવી શુભ આશા... અને સવજી છાયાએ બચપણના સેવેલા બધાં સ્વપ્ન પ્રસિદ્ધ ચિત્રકાર બનીને સાકાર કરી દેખાડ્યાં! હાલ દેવભૂમિ દ્વારકામાં જગતમંદિરના સામીપ્યમાં નાદુરસ્ત તબિયતમાં પણ કલાની ઉપાસના કરી રહ્યા છે...

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

સંસ્થા વિશેષ

# એક યાદગાર પ્રવાસ

• ડૉ. પલ્લવી શાહ •

દર વખતની જેમ આ વખતે પણ શિક્ષણના ભાગરૂપે શૈક્ષણિક પ્રવાસનું આયોજન થયું. પણ આ વખતનો પ્રવાસ મારા માટે યાદગાર બની રહ્યો. એનાં ત્રણ ચાર કારણો છે. એમાંથી પ્રથમ કારણ એ કે આ પ્રવાસનું આયોજન મારે કરવાનું હતું, જે મારા માટે પડકારરૂપ કામ હતું. આયોજન તો થઈ ગયું અને એનું અમલીકરણ પણ સુપેરે થયું એ યાદગાર રહેવા માટેનું બીજું કારણ હતું. ત્રીજું કારણ હતું રહેવા માટેના સ્થળની પસંદગી.

પ્રવાસ અમદાવાદ અને ગાંધીનગરનો ગોઠવ્યો હતો. અને તે પણ ચાર દિવસનો. ત્રણ દિવસ અમદાવાદ અને એક દિવસ ગાંધીનગર. ત્રણ દિવસ સુધી અમદાવાદમાં રહેવું ક્યાં એ યક્ષ પ્રશ્ન હતો કારણકે સાથે બી.એડ. કરતી બધી જ દીકરીઓ હતી. એમની સુરક્ષા અને સગવડ બંને બાબતો સચવાઈ રહે એવું સલામત સ્થળ કયું? બહુ વર્ષો પહેલાં કૉલેજના કામે અમદાવાદ જવાનું થયું હતું ત્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં ઊતરવાનું થયું હતું, એ યાદ આવ્યું. બહુ યાદ ન હતું. પણ તે વખતે ત્યાંની વ્યવસ્થાની સારી છાપ પડી હતી. પણ મનમાં અસંમજસ કે આટલા બધા લોકોને ત્રણ દિવસ માટે ઉતારો મળે? પૂછતાછ માટેની પહેલ કરવા માટે અમદાવાદ સ્થિત ભાઈ-ભાભીની મદદ લીધી અને ખૂબ હકારાત્મક જવાબ મળ્યો. અને એમ અમારું કચ્છી વિશ્રામગૃહમાં રહેવાનું નક્કી થયું.

નિયત દિવસે વહેલી સવારે અમારી બંને બસ પહોંચી ગઈ. અમારા માટે સ્થળ તેમજ લોકો નવા હતા. વહેલી સવારનો સમય અને ઠંડીની મોસમ. એમ હતું કે કોઈ દરવાજો ખોલશે કે નહીં? પણ ભવન પર પહોંચ્યાં ત્યારનું વાતાવરણ કંઈક ઊલટું જ હતું. ભાઈએ રાતે યાદ અપાવા ફોન કરી દીધેલ એટલે અમારા આગમનની જ રાહ જોવાતી હતી. કાઉન્ટર સંભાળતા મોદીભાઈએ ઉષ્માભર્યો આવકાર આપ્યો. ઠંડીમાં અમને તે હૂંફ આપી ગયો. મોદીભાઈએ રૂમની વ્યવસ્થા સમજાવી. એમણે આપેલી સમજ પરથી એક વાત ત્યારે જ સમજાઈ ગઈ કે ધારત તો અમને ખર્ચના ખાડામાં ઉતારી શકત પણ પ્રામાણિકપણે અમને પણ નુકસાન ન થાય અને સંસ્થાને પણ ન થાય તેમ છતાં અમારી સગવડ સચવાઈ જાય તેમ તેમણે વ્યવસ્થા ગોઠવી દીધી. અહીં સુધી બધું સરસ ચાલ્યું. જે કંઈ ફોર્માલિટીસ પૂરી કરવાની હતી તે કરી. આ વિધિ કરતાં કરતાં મોદીભાઈની પાછળ બેઠેલા ટેબલ અને ખુરશી પર છાપું વાંચતા જાજરમાન શ્રીમાન દેખાયા. જય જિનેન્દ્ર કહેતાં તેમણે ઓળખાણ આપી કે તેઓ સંસ્થાના ટ્રસ્ટી શ્રી નીતિનભાઈ ગાલા છે. અમને આશ્ચર્ય થયું કે સવારે ૬.૩૦ વાગે કોઈ સંસ્થામાં ટ્રસ્ટી હાજર હોય? પણ નીતિનભાઈ માત્ર તે જ દિવસે નહિ પણ રોજ એ જ સમયે ભવન પર આવી જતા.

ત્રણ દિવસના રોકાણ દરમિયાન અમદાવાદ તો ફર્યા પણ એની સાથે સાથે સંસ્થાનો ખૂબ સારો પરિચય થયો. રણમાં વીરડી સમાન કાર્ય કરતી આ સંસ્થાના સંચાલકો તેમજ દરેક કર્મચારીને ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. નજીકના વિસ્તારમાં ઘણી હોસ્પિટલ્સ છે. એ હોસ્પિટલમાં સારવાર લેતા દરેક દર્દીઓ માટે આ સંસ્થા ખરેખર ઉપકારક છે. ઉપરાંત તેમની સાથે આવેલા તેમના પરિવારજનો માટે પણ. અહીં દર્દીઓ માટે પ્રથમ માળ અલાયદો રાખવામાં આવ્યો છે, જ્યાં ખૂબ ઓછા દરે રહેવાની વ્યવસ્થા કરવામાં આવે છે. સંસ્થામાં જ સાફસુથરી એવી કેન્ટીનની વ્યવસ્થા છે જેમાં દરેકને સવાર - બપોર - સાંજનું પૌષ્ટિક ખાણું મળી રહે છે. એટલું જ નહીં પણ જેઓ ખર્ચને પહોંચી વળવા અક્ષમ છે, તેઓ માટે મફત ભોજનની પણ વ્યવસ્થા સંસ્થા તરફથી થાય છે. સંચાલકો પ્રથમ માળે બધા રૂમમાં જઇ જાતે દર્દીની પૃચ્છા કરે છે અને આશ્વાસન આપે છે. ક્યાંક જરૂર જણાય ત્યાં ડૉક્ટરને ભલામણ પણ કરે છે.

ગ્રાઉન્ડ ફ્લોર પર ડાયાલિસિસ સેન્ટર પણ કાર્યરત છે. સેન્ટરની વ્યવસ્થા તેમજ સંચાલન અને સફાઈ આંખે ઊડીને વળગે એવા છે. અહીં રોજ કેટલાય નાના મોટા દર્દીઓ સારવાર લે છે. કલગી સમાન વાત તો એ છે કે કચ્છ કે કચ્છ બહારથી આવતી કોઈ પણ વ્યક્તિને ગમે તે સમયે નાતજાતના ભેદભાવ વગર અહીં ઉતારો મળે છે. સામાન્ય રીતે સંજોગોથી ત્રસ્ત થયેલ વ્યક્તિ આવી કોઈ સંસ્થામાં જાય ત્યારે બહુ આશા લઈને જતી હોય છે. પણ તેની સાથે ખૂબ તોછડું વર્તન થતું હોય છે. રિસેપ્શન કાઉન્ટર પરથી મળતા માંડ માંડ તોછડા જવાબોથી વધુ મુસીબતમાં મુકાઈ જાય છે અને ત્યારબાદ બાકીના કર્મચારીઓની લેભાગુ વૃત્તિનો ભોગ બને છે. પણ અહીં તદ્દન વિપરીત પરિસ્થિતિ જોવા મળી. હસીને આવકાર તેમજ સહયોગ આપતા દરેક કર્મચારીની વિનમ્રતાને કારણે અડધી મુશ્કેલી દૂર થઈ જાય છે. સવારથી મોડી રાત સુધી આવો જ સહયોગ પ્રાપ્ત થાય છે અને તે પણ કંઈક પામવાની અપેક્ષા વિના જ.

ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલું 'કચ્છ મ્યુઝિયમ' ખરેખર ધ્યાનાકર્ષક છે. જેમાં કચ્છની સંસ્કૃતિનાં સૂક્ષ્મ પાસાંઓને ધ્યાનમાં

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૭ ઉપર)**



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ જે ત્રીજે માળે તે જખુબાપાજે ફ્લેટમેં ભાડુઆત મોન્ટુ રેતો સે અઠવાડિયેથી બાર વ્યો વો ને પાછો આવ્યો તેંકે ત્રે ડીં થે વ્યા પણ આંઉ જડેં જડેં અતાનું નકરાંતો તડેં મોન્ટુ દરવાજે ગિયા નીચે નેરીંધો નેરીંધો સીધો ઊભો પ્યો આય... સે જરા તપાસ ત કર કે અનકે કુરો તકલીફ આય? ચાવી વેનજે રઈ આય ક કુરો?

બચુડો : મોન્ટુ ગીયા પુજેને પૂછેં ક તોકે કુરો તકલીફ આય? આવ્યો અંઇયે તડુંણો ઈંજ ઊભો પ્યો અંઇએ, દરવાજો ખોલીયેં નતો – તડેં મોન્ટુ દરવાજે નીચે કવર પ્યો વો સે વતાય... બચુડો નેરે ત કવર મથે લખ્યો વો "DON'T BEND." સે વાંચે કરે મોન્ટુ ઈં જ ઊભો પ્યો વો. નીચે નમે તજ કવર ખણાજે ને પંઢતા વરે શકે ફક્ત કવરકે BEND કરેજો ન વો. મંજ અગત્યજી ડી.વી.ડી. વીં તેમેં એડો લખેલો વો.

## ખિલજા મ ભલા

મંગુ : યાર ચંગુ, મોટી સમસ્યા ઊભી થઈ છે.

ચંગુ : શું થયું? કેમ આટલો બહાવરો બની ગયો છે?

મંગુ : મારી પત્ની પડોશી સાથે ભાગી ગઈ.

ચંગુ : તું એની બરાબર કાળજી નહીં રાખતો હોય.

મંગુ : હોય? હું તો એને બહેનની જેમ જ રાખતો હતો.

☺ ☺ ☺ ☺ ☺

છોકરી : (વર્ગમાં) એય ડબ્બુ ઊભો થઈ જાય... ક્લાસમાં આમ વર્તવાનું નથી.

ડબ્બુ : પણ મને ઊભો કરનાર તું છે કોણ?

છોકરી : હું આ ક્લાસની મોનીટર છું.

ડબ્બુ : બસ બહુ થયું રહેવા દે! ચલ હટ...હવે મોનીટરના જમાના ગયા, એલ.સી.ડી. આવી ગયા છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : (વર્ગમાં) બોલ પર્વ, અલગ અલગ ચીઝના નામ આપ.

પર્વ : વ્હાઈટ ચીઝ, યલો ચીઝ, ઈટાલિયન ચીઝ, સ્પેનીસ ચીઝ, મેક્સિકન ચીઝ, મોઝરેલા ચીઝ, બેખુદી...

શિક્ષક : બાકી નામ તો ઠીક છે પણ આમાં બેખુદી ક્યાંથી આવ્યું?

પર્વ : હોશવાલોં કો ક્યા ખબર, બેખુદી ક્યા ચીઝ હૈ....

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : (દર્દીને) હવે તમારો માથાનો દુઃખાવો કેમ છે?

દર્દી : એ તો પિયરમાં છે.

☺ ☺ ☺ ☺ ☺

પાસપોર્ટ ઑફિસર : કાકા, તમારી 'પાન' ડીટેઈલ્સ આપો.

કાકા : મીઠા પાન, કાચી સોપારી, બાબા ૧૨૦ કીમામ, લવલી, ગુલકંદ અને ચુનો જુદા કાગળ ઉપર.

☺ ☺ ☺ ☺ ☺

એક જાહેરાત : એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકાનો આખો સેટ વેચવાનો છે. પૂરેપૂરા ૪૫ વોલ્યુમ એકદમ સારી સ્તિતિમાં એક જ હાથે વપરાયેલ...

ગ્રાહક : કેમ ભાઈ, આવો સરસ સેટ કાઢી નાખવા માંગો છો?

માલિક : હવે એની જરૂર નથી. મારાં લગ્ન થઈ ગયા છે અને મારી પત્ની બધું જ જાણે છે.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : ગજિની અને રજનીમાં શું ફેર છે?

ચીન્ટુ : પંદર મિનિટ પહેલાં શું બન્યું હતું તે ભૂલી જનારને ગજિની કહેવાય અને પંદર મિનિટ પછી શું બનવાનું છે એ કહી આપનારને રજની કહેવાય.

☺ ☺ ☺ ☺ ☺

ભીખારણ : સાહેબ, એક રૂપિયો આપો... ત્રણ દિવસથી કાંઈ ખાધું નથી.

જીમિષ : ત્રણ દિવસથી ખાધું નથી તો એક રૂપિયાનું શું કરીશ?

ભીખારણ : કાંઈ નહીં. આ તો વજન કરવું છે કે કેટલું ઘટ્યું એ જોવા માટે.

☺ ☺ ☺ ☺ ☺

ટ્રેનના ડબ્બામાં એક જાહેરાત : 'બિના ટિકટ યાત્રા કરનેવાલે હોશિયાર...'

મગનાજી : ખરી જાહેરાત કરી છે... તો શું ટિકિટ લઈ મુસાફરી કરનાર બધા બુધ્ધુ?

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આજે વિશ્વનું પર્યાવરણ એટલું બધું પ્રદૂષિત થઈ ગયું છે કે આવનારી પેઢીને વાઘ, સિંહ, જિરાફ, ગેંડા જેવા પ્રાણીઓ કદી જોવા નહીં મળે.

ટીનુ : આમાં તો આખું વિશ્વ જવાબદાર છે. જોકે અમને બધાને પણ ડાયનોસોર જોવા નથી મળ્યાં છતાં અમે કોઈને ફરિયાદ કરી નથી.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## મોરબીમાં માનવતાની મહેક

સુરેન્દ્રનગરમાં કાર્યરત સી. યુ. શાહ પ્રેરિત શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ છેલ્લાં ૨૦ વર્ષથી નેત્રહીન બહેનોના શિક્ષણ અને પુનર્વસન માટે તથા આધાર વિહોણી નેત્રહીન બહેનો અને માતાઓ માટે આજીવન નિવાસ અને ભોજનની વ્યવસ્થા કરી રહેલ છે, જેનો ૨૦૦ બહેનો લાભ લઈ રહી છે.

મોરબી ખાતે લક્ષ્મીનગરમાં અંધજન કામદારો માટે એક સુંદર નિવાસની વ્યવસ્થા ઉપરોક્ત સંસ્થા દ્વારા થઈ છે. તેઓ શ્રમ કરીને જીવન જીવી આત્મસમ્માન મેળવવા ઈચ્છે છે. જો યોગ્ય તક મળે તો તે યોગ્ય ઉદ્યમ કરવા ઈચ્છે છે.

ભણીને નિવૃત્ત થયેલો અંધ જો ઘરમાં બેસી રહે તો ઘરના સભ્યોને પણ બોજારૂપ થાય તે સ્વાભાવિક છે. નેત્ર ગુમાવી ચૂકેલા નેત્રહીન પારિવારિક લાગણીથી અલિપ્ત હોય છે. તેઓ જાતે ઝઝૂમીને મદદ મેળવી શિક્ષણ મેળવે છે, તાલીમ લે છે, ઉજાગરા વેઠીને હાથખર્ચીના પૈસા મેળવે છે. અહીં જ તેમની યાતનાઓનો અંત આવતો નથી. દૃષ્ટિહીન વ્યક્તિએ નોકરી મેળવવા ઘણાંય પ્રયત્ન કરવા પડે છે. કેટલાંક તેને કારણે હતાશા અને નિરાશાનો શિકાર બને છે. તેમને કપરો ભૂખમરો પણ વેઠવો પડે છે. ભણેલાઓની ભરમારને કારણે પ્રજ્ઞાચક્ષુઓનો વારો આવવો અઘરો છે.

બેરોજગાર અંધજનો નિરાશા અને હતાશાની ખાઈમાં ન ધકેલાય તે હેતુથી તેમને વિવિધ કંપનીઓમાં રોજગારી અપાવી કામે લગાડી કાર્યરત કરવાનું કામ શરૂ કરેલ છે. કમાતો અંધ માણસ પગભર બને અને પોતાની કમાણીમાંથી પોતાનું અને પરિવારનું પેટિયું ભરે, તે પછી તેવા રોજગાર કરતા અંધ યુવકોને શિક્ષિત અંધ યુવતીઓ સાથે પરણાવીને તેને નાનકડું ઘર આપી સ્વમાનભેર જીવતા કરવાનું નક્કી કર્યું છે.

મોરબીના ઉદ્યોગપતિઓની સહાયથી કંપનીના માલિકો, સુપરવાઈઝરો, વ્યવસ્થાપકો અને કામદારોની આ પ્રજ્ઞાચક્ષુઓ પર મીઠી નજર છે. તેથી આ પ્રજ્ઞાચક્ષુઓ હિંમત અને હોંશથી વહેલી સવારે ૬ વાગ્યે કામે જવા માટે ત્યાં નીકળી જાય છે. આ યુવકોને રહેવા તથા જમવાની સગવડ સંસ્થા તરફથી નિઃશુલ્ક અપાય છે. તેમને કામે લઈ જવા માટે સંસ્થાના વાહનોનો ઉપયોગ થાય છે. પરિણામે મોંઘા રીક્ષાભાડામાંથી આ યુવકોને રાહત મળે છે. ઉદ્યોગપતિઓ ખાસ કિસ્સામાં અંધજનોને રોજગાર આપી તેમને પ્રોત્સાહિત કરી રહ્યા છે.

મોરબીના ભવાની ઈન્ડસ્ટ્રીઝ તરફથી હેન્ડપ્રેસ બેસાડવામાં આવ્યા છે તથા ખોડિયાર ઈન્ડસ્ટ્રીઝ તરફથી મિજાગરા બનાવવાનું કામ મળેલ છે તથા હેન્ડપ્રેસ મશીન મળેલ છે. ભવાની ઈન્ડસ્ટ્રીઝ તરફથી વધારે પ્રેસ બેસાડી પરિણીત અંધ યુવતીઓને ઘેર બેઠા કામ આપી પગભર બનાવવાનું સંસ્થાનું સ્વપ્ન છે. ઘડિયાળ ઈન્ડસ્ટ્રીઝનાં ઘણાં ઉદ્યોગપતિઓ પણ આ સેવાકામના પ્રોત્સાહક બની તેમને સ્વરોજગારીમાં મદદરૂપ બને છે. સંસ્થાના પ્રમુખશ્રી નવીનભાઈ મણિયારના સક્રિય પ્રયાસોથી એક પાંચ માળની ઈમારત ઊભી થઈ છે.

પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન ભુવનના આધારસ્તંભસમા સી. યુ. શાહ ફાઉન્ડેશન તરફથી અંધ દંપતીઓ માટેના ૪૦ ફ્લેટ માટે દાનવીર શ્રીમતી મીનલબેન શાહ મારફત રૂપિયા ૫૧ લાખનું માતબર દાન મળ્યું છે, જે તેમને આભારી છે. આ પરિસરમાં તૈયાર થનાર ૪૦ ફ્લેટમાં નેત્રહીન દંપતીઓ સુખ ચેનથી રહીને પોતાનું જીવન ગુજારશે.

આમ મોરબીમાં માનવતાની મહેક પ્રસરતી રહે છે અને તેનો લાભ ફક્ત પ્રજ્ઞાચક્ષુઓને જ નહીં તેમના પરિવારજનોને પણ મળતો રહે છે. આ માનવતારૂપી ઝરણામાં ડૂબકી મારી આપણે પણ આ સેવા કામમાં નિમિત્ત બની શકીએ. સંસ્થાને અપાયેલું અનુદાન કરમુક્તિને પાત્ર છે.

**કુલીનકાંત ચાંપશી લુઢિયા (C.A),** સામાજિક કાર્યકર્તા
મોબાઈલ : ૯૮૨૦૦ ૩૯૪૬૯
માનવજ્યોત : નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર.પી.રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## અખિલ ભારતીય નિબંધ લેખન સ્પર્ધામાં ભુજની એન્કરવાલા સ્કૂલનો દબદબો

ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોના સિંચન માટે સમગ્ર દેશના બાળકોમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરતી સંસ્થા "વિદ્યા ભારતી સંસ્કૃતિ શિક્ષા અભિયાન સંસ્થાન" કુરુક્ષેત્ર દ્વારા અખિલ ભારતીય સ્તરે વિદ્યાભારતી સંલગ્ન ગુજરાત રાજ્યના ૭ વિભાગો : કચ્છ, સૌરાષ્ટ્ર, દ્વારકા, સોમનાથ, પાટણ, મહેસાણા, વડોદરા, સુરત સહિત કચ્છ વિભાગની ૨૪ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા આચાર્યશ્રીઓ માટે દર વર્ષે યોજાતી નિબંધ લેખન સ્પર્ધામાં કચ્છ યુવક સંઘ સંચાલિત ૪ શાળાઓએ સને ૨૦૧૬માં યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં ભુજની માતુશ્રી ઉમરબાઈ લાલજી એન્કરવાલા વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓ તતા આચાર્યશ્રીએ રાજ્ય કક્ષાએ ઉચ્ચ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.

વિદ્યાર્થીઓના વર્ગ માટે નિબંધનો વિષય 'મારા રાજ્યનાં મુખ્ય તીર્થ સ્થાનો' હતો જેમાં શાળાના ધોરણ-૫ માં અભ્યાસ કરતા ચિરાગ મેહુલભાઈ મહેતાએ વિભાગ કક્ષાએ કચ્છમાં પ્રથમ અને ગુજરાત રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ. જ્યારે કુ. કિંજલ હીરજીભાઈ ખેતાણીએ કચ્છ વિભાગમાં તથા રાજ્ય સ્તરે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે.

સંલગ્ન શાળાના આચાર્યશ્રીઓ માટે “શિવ દર્શનના પુનરોદયમાં આચાર્ય અભિનવ ગુપ્તાની ભૂમિકા” વિષય પર શાળાના પ્રધાનાચાર્ય શ્રીમતી હેતલબેન વિરલભાઈ રાણાએ કચ્છ વિભાગમાં બીજું જ્યારે રાજ્ય કક્ષાએ પાંચમું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

એ ઉલ્લેખનીય છે કે, આચાર્યશ્રીના પ્રથમ પાંચ વિજેતાના નિબંધો રાષ્ટ્રીય સ્તરે થતી અંતિમ સ્પર્ધા માટે મોકલાવવામાં આવે છે. એ રીતે શ્રી હેતલબેનના નિબંધે રાજ્ય કક્ષા સુધી સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધારેલ છે. નિબંધ પ્રતિયોગિતાના વિજેતાઓને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કોમલભાઈ છેડા, ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ કારાણી, પ્રમુખશ્રી દિલીપભાઈ રાંભિયા, સ્કૂલના સંયોજક શ્રી ભરતભાઈ ગોર તથા સ્ટાફ પરિવારના સૌ સભ્યોએ અભિનંદન આપીને આનંદની લાગણી વ્યક્ત કરેલ છે. ચિ. ચિરાગ મહેતા, ભુજના લેખક - કવિ ચંદ્રવદન મહેતાના પૌત્ર છે.

## શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિ દ્વારા આયોજિત વિશ્વ જ્ઞાતિ સંમેલન

શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિ દ્વારા આયોજિત વિશ્વ જ્ઞાતિ સંમેલન સમસ્ત વિશ્વ જ્ઞાતિના સદસ્યોના સહયોગથી અવસર-૨૦૧૭, ૧૩-૧૪-૧૫ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સેવન સ્ટાર સ્કાય - ભુજ ખાતે યોજાઈ ગયું.

આ સંમેલનમાં દેશ પરદેશથી સમસ્ત શ્રી કચ્છી દશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિના સદસ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ ત્રિ-દિવસીય સંમેલનમાં જુદા જુદા સાંસ્કૃતિક પરિચાત્મક તેમજ પ્રેરણાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તપસ્વીઓ, પરદેશમાં રહેતા સદસ્યો તેમજ જુદા જુદા ક્ષેત્રોમાં મેળવેલ સિદ્ધિઓને બિરદાવવામાં આવેલ પણ આવેલ હતા અને આવા દેશ - પરદેશમાં વસતા શ્રી કચ્છી દશા શ્રીમાળી જ્ઞાતિના કુલ પાંસઠ વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર સદસ્યોને ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવેલ હતા.

અમદાવાદ નિવાસિત અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય સ્વ. શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતાને તેમના પર્યાય ગુજરાતી કોશ માટે તેમજ શ્રી મહેન્દ્ર સાકરચંદ દોશીને ‘કચ્છી બોલી’ (આ પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદ - ૨૦૧૫માં પારિતોષિકથી સન્માનિત કરેલ છે) તેમજ કચ્છી બોલીના સ્વરૂપના ઉદ્ભવ તેમજ તેમની ભાષામાંથી વિશિષ્ટતાના સંશોધન માટે ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવેલ.

*નોંધ :* સ્વ. સૂરજલાલ મહેતાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતા ‘મંગલ મંદિર’માં દીર્ઘકાલીન સમય સુધી સેવા આપેલ. તેમજ મહેન્દ્ર દોશી હાલમાં ‘મંગલ મંદિર’માં કાર્યરત છે. આ બંને માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ગૌરવ અનુભવે છે. તેઓને અભિનંદન.

## માનવસેવાના ભેખધારી : ગફુરભાઇ બિલખિયા

**(અનુસંધાન : પાના નં.-૮૧ ઉપરથી ચાલુ)**

સિદ્ધિનાં મહેકતા મહોરતા સુમન અને બીજા હાથમાં માનવસેવાની જ્યોત આપી છે. આ માનવસેવા ગફુરભાઈને જીવંત માણસ સિદ્ધ કરે છે. વર્તમાનમાં અથાક પરિશ્રમ થકી અઢળક વૈભવ હોવા છતાં જીવનની પ્રત્યેક ક્ષણે ગાંધીજીવન દર્શનને, વિચારને જીવતા, ગાંધી-વિચારધારાનું આચરણ આજનો યુવાધન કરે તે માટે પ્રયત્નશીલ રહેનારા, આજે પણ કર્મઠ જીવન જીવતા, સતત સેવાકાર્યો માટે દોડતા રહેતા જીવંત બાપુજી જાણ્યે અજાણ્યે શાંતિ નોબેલ ઈનામ વિજેતા સાધક દલાઈ લામાની વાણીને સેવતા-જીવતા અનુભવાય છે :

‘મને જિંદગીના અનુભવ અને અવલોકન પરથી પ્રતીત થયું છે કે માનવીને ખરી આંતરિક શાંતિ અને સુખ માત્ર પ્રેમાળ બનવાથી અને બીજા પ્રત્યે કરુણા રાખવાથી જ મળે છે. આપણે જેમ જેમ બીજાના સુખની કાળજી રાખતા રહીશું તેમ તેમ માણસને પણ સુખ મળતું રહેશે.’

ખરે જ હિમાલયથી ઉત્તુંગ શિખરો સર કર્યા પછી પણ પોતાના પગ મા ધરતી સાથે જોડી રાખતા માટીના મનેખ ગફુરભાઈ બિલખિયાનું જીવન સાર્થક છે.

*મધુરમ્ સોસાયટી, જેસર રોડ, ‘સુમિરન’*
*વિનુભાઈ સરવૈયાના મકાનમાં, મુ. સાવરકુંડલા.*
*જિ. અમરેલી.*
*મો. ૯૯૭૯૧૮૭૫૮૭*

## એક યાદગાર પ્રવાસ

**(અનુસંધાન : પાના નં.-૮૪ ઉપરથી ચાલુ)**

રાખીને સંસ્કૃતિને જીવંત બનાવાઈ છે. ખૂબ સુંદર મહેનત લઈને એક વિશિષ્ટ દૃષ્ટિકોણ સાથે મ્યુઝિયમને વિકસાવવામાં આવ્યું છે.

“કાંઈ કામ હોય તો જરૂર ગમે ત્યારે કહેજો” — એ વાક્ય ટ્રસ્ટીશ્રીથી કરીને નાનામાં નાના કર્મચારીના મુખેથી સાંભળવા મળ્યું. અમદાવાદ જેવા શહેરમાં આટલી બધી અપેક્ષા નહોતી રાખી. અહીં સેવા આપવા અનેક લોકો પોતાનો સમય આપે છે. તેમને પણ ખરા અર્થમાં ધન્યવાદ આપવા ઘટે.

રાત દિવસ કાર્ય કરતી આ સંસ્થા વિષે જે પણ કાંઈ કહ્યું છે તે કોઈ પણ અતિશયોક્તિ વિના જ કહ્યું છે. જે જોયું ને અનુભવ્યું તેની જ વાત કરી છે. આવાં શુભ કાર્યો વિશેષ રીતે થતાં રહે તેમજ તેના માટે જરૂરી દરેક પ્રકારનું બળ મળતું રહે તેવી હૃદયપૂર્વકની શુભ કામનાઓ. જય જિનેન્દ્ર.

*આચાર્ય, મા આશાપુરા કોલેજ ઓફ એજ્યુકેશન,*
*ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫*

## NanoNine™ શબ્દ રમત-૧૨૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | | ૫ | | ૬ | |
| | | ૭ | | ૮ | | | ૯ | | | | |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | | ૧૩ | | | |
| ૧૪ | | | ૧૫ | | ૧૬ | | | | | ૧૭ | ૧૮ |
| | | | | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | | ૨૬ | | ૨૭ | ૨૮ | | ૨૯ | |
| ૩૦ | | | | | ૩૧ | | | | | | |
| ૩૨ | ૩૩ | | ૩૪ | ૩૫ | | | ૩૬ | | | ૩૭ | ૩૮ |
| ૩૯ | | ૪૦ | | | ૪૧ | | | | ૪૨ | | |
| ૪૩ | | | | ૪૪ | | | ૪૫ | | | | |
| | | ૪૬ | ૪૭ | | | ૪૮ | | | ૪૯ | | ૫૦ |
| ૫૧ | | | | | ૫૨ | | | ૫૩ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૮-૨-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. બેસતા વરસ પછીનો દિવસ, ભાઈ-બહેનનો તહેવાર (૪)
૨. બી, પડવા પછીની બીજી તિથિ (૨)
૪. મદિરા, દારૂ, શરાબ (૨)
૫. જૈનોના પંદરમા તીર્થંકર (૪)
૬. સ્વામી, માલિક (૨)
૭. શરીરની અંદર થતી વેદના (૪)
૮. દહીં કે દૂધની મલાઈ (૨)
૯. પત્તાની રમતમાં સૌથી ભારે પત્તા (૨)
૧૦. વ્યસન, ટેવ, લત (૩)
૧૩. મુકરર કરેલો સમય, અવધિ (૩)
૧૪. માલિક, પતિ (૨)
૧૫. આશા, ઈચ્છા, ઉમેદ (૪)
૧૬. આબરૂ, પ્રતિષ્ઠા, આદર, તોલમાપ (૨)
૧૭. નસ, હઠ, ધાબળો (૨)
૧૯. મુખ, મોં, ચહેરો (૩)
૨૨. વારંવાર (૬)
૨૫. કાળ, સમય, નવરાશ (૩)
૨૭. ખિસ્સુ કાતરી ચોરી કરનાર (૫)
૨૯. ઝાડ, વૃક્ષ (૨)
૩૦. મોટો અંગરખો કે કોટ, ઓવરકોટ (૩)
૩૧. માર્ગ, રાહ, ઉપાય, ઈલાજ (૨)
૩૨. એક વનસ્પતિનું બીજ, સુવા, એક અને પા (૨)
૩૪. વહેમ, શંકા (૨)
૩૬. રેતીનું મેદાન, લડાઈનું મેદાન (૨)
૩૭. સર્પ, ભુજંગ (૨)
૩૯. સહિષ્ણુતા (૬)
૪૨. કોલસાથી રસોઈ કરવાનું એક સાધન (૩)
૪૩. તેજ, ભપકો (અં) (૩)
૪૪. હાથ, વેરો, મહેસુલ (૨)
૪૫. ટામેટા, કાકડી, બીટ વગેરેની ઝીણી કકડીઓ (૪)
૪૬. ઝડપ, ઉતાવળ (૩)
૪૮. ચલણી સિક્કો, ધન, પૈસો (૨)
૫૧. ચાંલ્લો, મોટું ટીલુ (૨)
૫૨. કાન્ત, પિયુ, પતિ (૨)
૫૩. વ્યાયામ, તાલીમ, મહાવરો (૪)

### ઊભી ચાવીઓ

૧. મિત્ર, દોસ્ત, યાર (૪)
૨. ડરપોક, કાયર (૩)
૩. પાણી, નીર (૨)
૪. દેવ, ભગવાન, ઈશ્વર (૨)
૫. ધક્કા અને મુક્કાથી પડાપડી કરવી તે (૪)
૬. નામ બદલી નાખવું તે, બીજું નામ (૪)
૭. નાનો દાણો (૨)
૮. આંખે આવતા ચક્કર કે અંધારા (૩)
૧૧. શેકવાથી ફૂટેલા અનાજના દાણા (૨)
૧૨. વેતન લીધા વગર કામ કરનારું (૩)
૧૫. જીવ વગરનું, નિર્જીવ (૩)
૧૬. માતા-પિતા, મા-બાપ (૪)
૧૮. ભોળું, સરળ, પોચા સ્વભાવનું, ગભરુ (૩)
૨૦. માઉન્ટ આબુ પર આવેલું તળાવ (૨)
૨૧. સમજુતી આપવા કરેલું વિવરણ, નિંદા, વગોવણી (૨)
૨૨. સાસુ કે સસરાનો બાપ (૫)
૨૩. ગરુડ જેમનું વાહન છે તે વિષ્ણુ - હંસ (૫)
૨૪. સોના ચાંદીના માપ (૨)
૨૬. દૂધ કે દહીંની મલાઈ (૨)
૨૮. ____ગીરના જંગલમાં સિંહ જોવા મળે છે (૩)
૩૨. વર કે વહુનો બાપ (૩)
૩૩. આવ-જા માટે વપરાતું સાધન, માધ્યમ (૩)
૩૪. ચંદ્ર (૨)
૩૫. પશ્ચિમ બંગાળનું એક મહાનગર (૪)
૩૬. જરાકમાં રડ્યા કરતું (૪)
૩૭. દરિયો (૩)
૩૮. નાનું પડીકું (૨)
૪૦. ધાતુ કે લાકડાં પર ઝીણું કોતરકામ (૩)
૪૧. તંતુ, રેસો, દોરો (૨)
૪૨. મીઠું, નમક, લૂણ (૪)
૪૫. નાનો કણ, દાણો (૨)
૪૭. કચ્છમાં આવેલ એક સ્થળ (૨)
૪૮. સ્વામી, માલિક (૨)
૪૯. જીભથી માલૂમ પડતો સ્વાદ, પારો (૨)
૫૦. પ્રીતિ, ભાવ (૨)

*મને મળી નિષ્ફળતા અનેક,*
*તેથી થયો સફળ કંઈક જિંદગીમાં.*

## NanoNine™ શબ્દ રમત-૧૨૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ચ | ર | કો | | ખ | ર | ડો | | | સૂ | ચિ |
| ર | ણ | | લ | બા | ડ | | મ | મ | તા | | ના |
| જ | ત | ન | | વ | કી | લ | | ચ | ક | ચૂ | ર |
| | ર | મ | ક | ડું | | લ | ટ | કો | | ડી | |
| સ | | ક | ળી | | મ | ના | | ડ | ગ | | અ |
| ગ | મો | | ચૂ | ર | ણ | | એ | | | | ણ |
| પ | ર | વા | નો | | કો | | કા | લ | ભૈ | ર | વ |
| ણ | | સ | | ચા | | | એ | કી | | તી | ર |
| | ભ | ણ | ત | ર | | નો | ક | ર | | ભા | |
| સ | વા | | ર | ણ | જિ | ત | | | ભા | ર | ત |
| ફ | ની | | ત | ક | | રું | ડ | | જ | | ન |
| ર | | આ | મ | ન્યા | | | ચ | ય | પ | ચ | ય |

*માસ ડિસેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. જશવંત કોઠારી - અમદાવાદ
૩. જયસુખ સંઘવી - અમદાવાદ
૪. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૫. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૬. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૭. ચંદ્રા શાહ - અમદાવાદ
૮. વર્ષા પારેખ - અમદાવાદ
૯. સ્મિતા શાહ - અમદાવાદ
૧૦. નેહા પારેખ - અમદાવાદ
૧૧. રંજન શાહ - અમદાવાદ
૧૨. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૧૩. અજિત મહેતા - અમદાવાદ
૧૪. ચેતના વોરા - અમદાવાદ
૧૫. ભાનુ શાહ - અમદાવાદ
૧૬. દર્શના શાહ - અમદાવાદ
૧૭. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૮. હસમુખ મહેતા - સતના
૧૯. મલય મહેતા - ભુજ
૨૦. મયંક શાહ - સિકંદ્રાબાદ
૨૧. યશ પારેખ - સિકંદ્રાબાદ
૨૨. પ્રભા શેઠિયા - વલસાડ
૨૩. રસીલા ઝવેરી - મુંબઈ
૨૪. નિરલ કુબડિયા - મુંબઈ
૨૫. શોભના દંડ - અંકલેશ્વર
૨૬. સરોજ શાહ - અગાસ
૨૭. નલીન ખોના - ગદગ
૨૮. તારાબેન પોલડિયા - નાગપુર
૨૯. હસમુખ દેઢિયા - અડાલજ
૩૦. નેમજી ગંગર - અડાલજ
૩૧. નગીન શાહ - નાગપુર
૩૨. ગુણવંતી મહેતા - ગાંધીધામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. હસમુખ મહેતા – સતના**
**૨. તારાબેન પોલડિયા – નાગપુર**
**૩. ચંદ્રાબેન શાહ – અમદાવાદ**

***લક્ષ્મી (સંપત્તિ) માંગલ્યમાંથી ઉદ્‌ભવે છે, ચતુરાઈથી વધે છે, નિપુણતાથી જડ બાંધે છે અને સંયમથી કાયમ વસે છે.***

## NanoNine™ *Sudoku*

*ડિસેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. જયસુખ સંઘવી - અમદાવાદ
૨. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૩. અવંતી દંડ - અમદાવાદ
૪. ભરત ત્રેવાડિયા - અમદાવાદ
૫. ગીતા મહેતા - અમદાવાદ
૬. અલકા શાહ - અમદાવાદ
૭. દીપા પરીખ - અમદાવાદ
૮. શાંતિલાલ શાહ - અમદાવાદ
૯. સ્મિતા શાહ - અમદાવાદ
૧૦. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૧. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૨. કુણાલ ત્રેવાડિયા - અમદાવાદ
૧૪. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૫. રસીલા ઝવેરી - મુંબઈ
૧૬. મયંક શાહ - સિકંદ્રાબાદ
૧૭. હર્ષ પારેખ - સિકંદ્રાબાદ
૧૮. હસમુખ મહેતા - સતના
૧૯. પ્રફુલ્લ શાહ - અગાસ
૨૦. પ્રભા શેઠિયા - વલસાડ
૨૧. સોનલ પોલડિયા - નાગપુર
૨૨. નગીન શાહ - નાગપુર
૨૩. હેમલતા દેઢિયા - અડાલજ
૨૪. હેમલતા ગંગર - અડાલજ
૨૫. નેહલ મહેતા - ગાંધીધામ
૨૬. હર્ષા મહેતા - ગાંધીધામ
૨૭. ઉષા સંઘવી - રૂરકેલા

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

**૧. પ્રફુલ્લ શાહ – અગાસ**
**૨. સોનલ પોલડિયા – નાગપુર**
**૩. સ્મિતા શાહ – અમદાવાદ**

## NanoNine™ Sudoku

**ડિસેમ્બર-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**
**જુઓ : પાના નંબર-૮૮**

## સાચી સમજણ

સાચી સમજણ સતત પ્રવર્તવી જોઈએ જેથી આપણો પ્રેમ કોઈ પણ સંજોગોમાં નિષ્ફળ ન જાય.

આ દૃષ્ટિએ આપણા મતભેદ અને તકરારોનું રાત્રે ઊંઘીએ તે પહેલાં નિવારણ થઈ જવું જોઈએ.

આપણે પોતાની સ્વાર્થી લાગણીઓ સામે લડવું જ જોઈએ. જો તેમ નહીં કરીએ તો તે આપણા દરેક વિચારને પોતાની રીતે અવળી દિશામાં કાર્યાન્વિત કરશે.

આપણે બંનેએ બધા જ પ્રકારની ગંભીર સમસ્યાઓની સાથે મળી ચર્ચા કરવી જોઈએ. જેથી આપણા વિચારોમાં મેળ ન હોય ત્યારે પરિસ્થિતિમાં કોઈ સમાધાન માટે પ્રયત્ન કરી શકાય.

આમ જ્યારે આપણો કહેવાનો અર્થ જે કહેતા હોઈએ તે ન હોય તો કોઈક દિવસ આપણી તીવ્ર ભાવના કથળી જશે. આમ, પ્રામાણિકતાના સદ્‌ગુણને અપનાવવો જોઈએ, નહીં તો આપણા સંબંધોમાંની ઉષ્મા ઘટી જશે.

***— અરા જહોન મોર્સેસિયન***

## NanoNine™ Sudoku

**રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)**

*સુડોકુ ક્રમાંક-૧૦૮૨અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૨-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ એપ્રિલ-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૮૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 4 | | | | | 5 | 2 |
| | | | | 1 | | 4 | 7 | |
| 3 | | 2 | | 5 | 4 | | | |
| 9 | | | | | | | | 3 |
| 2 | | 1 | 6 | 4 | 3 | | | 8 |
| | 4 | | | | | | | 1 |
| | 1 | | | 2 | | 8 | | 5 |
| | 2 | | | 3 | 8 | | | |
| | 3 | | | | | 9 | | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 8 | | 4 | 5 |
| 4 | 8 | 9 | | | 3 | | | |
| | | | | | 1 | | 8 | |
| | | 1 | 8 | 7 | | | 6 | |
| | 5 | | | | 6 | | 2 | |
| | 6 | | | | 2 | | | 1 |
| | 1 | | | 8 | | | | |
| | 9 | | | | | 1 | 5 | 6 |
| | 4 | | 9 | | 5 | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | | 9 | 4 | | | | 1 |
| | 9 | | 6 | | 1 | | 4 | |
| | 4 | | | | | 2 | | |
| | | 4 | | | | | | 6 |
| | | 2 | 8 | | 6 | 4 | | |
| | | 6 | | 3 | 4 | | | 2 |
| 7 | | | | 1 | | | 6 | |
| | 1 | | 7 | | 9 | | 2 | |
| | | 9 | | | | | 1 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 3 | 9 | 7 | 6 |
| 2 | | | | | | 4 | | |
| | 7 | 3 | 8 | | 6 | | | |
| | | | | 3 | | 7 | | 9 |
| | 2 | | | 1 | | | 4 | |
| 3 | | 9 | | 4 | | | 6 | |
| | 4 | | 3 | | 7 | | | |
| | | 2 | | 8 | | | | |
| | 3 | 1 | 2 | | | 8 | 9 | 7 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૮૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | 5 | 1 | 2 | 7 | 9 | 3 | 6 |
| 9 | 1 | 6 | 3 | 8 | 5 | 4 | 7 | 2 |
| 2 | 3 | 7 | 9 | 6 | 4 | 1 | 5 | 8 |
| 5 | 9 | 3 | 4 | 1 | 6 | 2 | 8 | 7 |
| 6 | 2 | 1 | 7 | 9 | 8 | 3 | 4 | 5 |
| 4 | 7 | 8 | 5 | 3 | 2 | 6 | 9 | 1 |
| 7 | 5 | 2 | 6 | 4 | 9 | 8 | 1 | 3 |
| 1 | 8 | 4 | 2 | 5 | 3 | 7 | 6 | 9 |
| 3 | 6 | 9 | 8 | 7 | 1 | 5 | 2 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | 3 | 4 | 8 | 6 | 1 | 7 | 5 |
| 7 | 6 | 8 | 1 | 5 | 9 | 3 | 2 | 4 |
| 1 | 4 | 5 | 7 | 3 | 2 | 8 | 6 | 9 |
| 9 | 1 | 2 | 6 | 4 | 8 | 5 | 3 | 7 |
| 6 | 5 | 4 | 2 | 7 | 3 | 9 | 1 | 8 |
| 8 | 3 | 7 | 5 | 9 | 1 | 6 | 4 | 2 |
| 5 | 2 | 9 | 3 | 6 | 4 | 7 | 8 | 1 |
| 4 | 8 | 6 | 9 | 1 | 7 | 2 | 5 | 3 |
| 3 | 7 | 1 | 8 | 2 | 5 | 4 | 9 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 5 | 7 | 1 | 9 | 8 | 4 | 3 |
| 1 | 8 | 3 | 2 | 4 | 5 | 7 | 6 | 9 |
| 7 | 4 | 9 | 6 | 8 | 3 | 1 | 2 | 5 |
| 2 | 3 | 7 | 5 | 9 | 6 | 4 | 1 | 8 |
| 5 | 1 | 4 | 3 | 2 | 8 | 9 | 7 | 6 |
| 9 | 6 | 8 | 4 | 7 | 1 | 5 | 3 | 2 |
| 8 | 7 | 6 | 9 | 3 | 4 | 2 | 5 | 1 |
| 4 | 5 | 1 | 8 | 6 | 2 | 3 | 9 | 7 |
| 3 | 9 | 2 | 1 | 5 | 7 | 6 | 8 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 6 | 7 | 1 | 4 | 3 | 2 | 8 |
| 3 | 7 | 8 | 2 | 5 | 6 | 9 | 4 | 1 |
| 1 | 2 | 4 | 3 | 8 | 9 | 7 | 6 | 5 |
| 6 | 3 | 2 | 9 | 7 | 8 | 1 | 5 | 4 |
| 8 | 1 | 7 | 7 | 4 | 3 | 2 | 9 | 6 |
| 9 | 4 | 5 | 6 | 2 | 1 | 8 | 3 | 7 |
| 4 | 6 | 1 | 8 | 9 | 3 | 5 | 7 | 2 |
| 7 | 5 | 9 | 1 | 6 | 2 | 4 | 8 | 3 |
| 2 | 8 | 3 | 5 | 4 | 7 | 6 | 1 | 9 |

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

**મુખ્યમંત્રી રાજશ્રી યોજનાની શરૂઆત નવા વરસથી કરવામાં આવેલ છે.**

**દીકરીના જન્મ ઉપર મળશે રૂા. ૫૦,૦૦૦/- પૂરા.**

આ રાશિ માતાના ખાતામાં જમા કરવામાં આવશે.

યોજનાના નિયમ નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| બાલિકાના જન્મ સમયે | : રૂા. ૨૫૦૦/- |
| બાલિકાના પ્રથમ જન્મ દિવસ પર | : રૂા. ૨૫૦૦/- |
| પહેલા ધોરણમાં પ્રવેશ લેતી વખતે | : રૂા. ૪૦૦૦/- |
| છઠ્ઠા ધોરણમાં પ્રવેશ લેતી વખતે | : રૂા. ૫૦૦૦/- |
| ૧૦મા ધોરણમાં પ્રવેશ લેતી વખતે | : રૂા. ૧૧૦૦૦/- |
| ૧૨મા ધોરણમાં પ્રવેશ લેતી વખતે | : રૂા. ૨૫૦૦૦/- |

"બેટી બચાવો, બેટી પઢાઓ" યોજના હેઠળ આ રાશિ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં જમા કરવામાં આવશે.

## કિડની ટ્રાન્સપ્લાન્ટથી કેવી રીતે બચશો?

આ જાણકારી શ્રી ઓમ પ્રકાશજી કે જેમનો મોબાઈલ નંબર ૦૮૦૯૭૨૩૬૨૫૪ છે તેમના દ્વારા પ્રાપ્ત થઈ છે, જેમને આ તકલીફ હતી. શ્રી ઓમપ્રકાશજીને ૨૦૦૯માં કિડનીની તકલીફ આવેલ હતી અને તેમને ડૉક્ટરે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવાની સલાહ આપી હતી. તેઓ ૧૭ ઓક્ટોબર, ૨૦૦૯થી આ તકલીફ અનુભવતા હતા. ૨૦૧૨માં મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં ડૉ. સરદ શેઠ સાથે ટ્રાન્સપ્લાન્ટ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે દરમિયાન 'અખિલ ભારતીય શિક્ષકોતર કર્મચારી સંઘ'ના મહા સચિવ ડૉ. આર.બી. સિંહ સાથે મુલાકાત થઈ. તેમણે પંદર દિવસ માટે એક ઉકાળો પાવીનું સજેશન કર્યું. તેમની વાત માની તેમણે આ પ્રયોગ કર્યો.

*ઉકાળો બનાવવાની રીત :* ૨૫૦ ગ્રામ ગોખરૂના કાંટા (જે ગાંધીની દુકાને મળી જતા હોય છે) લઈને ૪ લિટર પાણીમાં ઉકાળવાના. જ્યારે આ પાણી ૧ લિટર જેટલું રહી જાય ત્યારે તેને ગાળી લઈને પ્રવાહીને એક બોટલમાં રાખી દો. કાંટા ફેંકી દો.

આ ઉકાળાને સવાર-સાંજ ભૂખ્યા પેટે નવશેકુ કરીને લગભગ ૧૦૦ ગ્રામ પીઓ.

સાંજે ખાલી પેટનો મતલબ (બપોરે જમ્યા પછી પાંચથી છ કલાક પછી) ઉકાળા પીધા પછી એક કલાક સુધી કશું પણ ખાવાનું નહીં. આપની દવાઓ નિયમિત લેતા રહો. અને ખાવા-પીવાનું પણ પહેલાની જેમ જ ચાલુ રાખો.

પંદર દિવસના પ્રયોગ પછી જો આપને પરિવર્તન દેખાય તો ડૉક્ટરની સલાહ મુજબ દવા બંધ કરશો. જેમ જેમ સુધારો થાય તેમ તેમ ઉકાળાની માત્રા ઓછી કરતા જશો અથવા તો બે વારના બદલે એક જ વાર લેશો.

આ અનુભવ 'નવભારત ટાઈમ્સ'માં છપાયા બાદ ઘણા બધા લગભગ ૩૦૦થી ૪૦૦ લોકોએ પ્રયોગ શરૂ કરેલ હતો. ૯૦% લોકોને આનાથી રાહત થયેલ છે.

તમને કોઈપણ પ્રશ્ન અથવા શંકા હોય તો મોબાઈલ (૦૮૦૯૭૨૩૬૨૫૪) પર સંપર્ક કરી જાણકારી મેળવી લેવા વિનંતી છે. જે લોકોને આનાથી ફાયદો થાય, આરામ મળે તો તેની જાણકારી બીજાને આપે તેવી નમ્ર વિનંતી છે.

★ ૧૯૭૦થી ૧૯૮૦ના દાયકામાં જ્યારે મલ્ટીપ્લેક્સનો જમાનો ન હતો ત્યારે અમદાવાદમાં ૫૬ થિયેટર હતા. કેટલાક જૂના અને કેટલાક અત્યાધુનિક એ.સી. સાથે.

શ્રી વિનોદ શેઠે અમદાવાદની ટોકીઝની કહાની કથાના રૂપમાં મૂકેલી છે. જેમાં બધી જ ટોકીઝના નામ આવી જાય છે. તેમાંથી અત્યારે બહુ ઓછી હયાત છે. રીલીફ સિનેમા બંધ થઈ ગયેલ છે છતાં પણ રીલીફ રોડ પ્રખ્યાત છે. અંજલી પણ બંધ થઈ ગયેલ છે છતાં અંજલી ચાર રસ્તા આજે પણ અડીખમ ઊભા છે.

*ચાલો તો જોઈએ કથા :*

અમદાવાદ શહેરમાં **વસંત** ઋતુ ચાલતી હતી, **શીતલ** પવન ફૂંકાઈ રહ્યો હતો. સૂર્ય પોતાનો **પ્રકાશ** ફેંકી રહ્યો હતો. તે સમયે **લલીતા મહલ**માં **મોહન, કમલ** અને **આશિષ** બેઠા હતા. તેઓ **એવરેસ્ટ** શિખરની વાતો જાણી આનંદ લઈ રહ્યા હતા. તે સમયે **એડવાન્સ**માં **મધુરમ** અને **મંગલમ**ના **સપના** જોઈ રહ્યા હતા. તે સમયે **આમ્રપાલી** અને **નટરાજ** રાજાની પુત્રીઓ જેવી કે **રૂપાલી, રૂપમ** અને **અનુપમ** મોતીના **અલંકાર** પહેરી **અપ્સરા** જેવી લાગતી હતી. **શ્રી, ગીતા, મીરા**ની **માયા** પર પ્રભાવિત થઈ ગઈ હતી. **ચંદ્રભાનુ, શિવ**ની **આરાધના**માં મશગુલ હતી. તે સમયે અમદાવાદમાં ત્રણે પુત્રીઓ **રોશની, સોનલ** અને **ગૌરી**એ **રીલીફ** રોડનો પ્રવાસ રદ કરી **ગેલેક્સી** ચોકમાં **અશોક** અને **શાલીમાર** ના **મિલન** સમારંભમાં ગયા. ત્યાં **રોઝી** અને **અંબર**નો સંગમ થયો. તે વખતે **ગોલ્ડન** ચોકમાં તોફાન થયું. તોફાનમાં **લક્ષ્મી** અને **એલેન** મૃત્યુ પામી. આ બે સ્ત્રીઓના મૃત્યુના સમાચાર અમદાવાદમાં ફેલાતા **લાઈટ હાઉસ** બંધ થઈ ગયું. શહેરમાં અંધકાર છવાઈ ગયો. **સેન્ટ્રલ** ચોકમાં ગોળીબાર થયો. ગોળીબારમાં **કૃષ્ણ, નોવેલ્ટી** અને **ઇંગ્લીશ**ના મૃત્યુ થયા. આ તોફાન વધુ ફેલાતાં બીજી બે સ્ત્રીઓ **કલ્પના** અને **મોડલ** પણ મૃત્યુનો ભોગ બની. આ તોફાનના કારણે **પ્રતાપ** અને **પ્રિયા**ના ઘરને તાળું લાગી ગયું. **રીગલ** વિચારમય જીવન જીવતો થઈ ગયો. તે વખતે **ડ્રાઇવ-ઇન** ચોકમાં સ્ત્રી કેળવણીકારો સ્ત્રી હક્કની માંગણી કરતા હતા. આરક્ષણ હક્ક આંદોલનમાં બે સ્ત્રીઓ જેવી કે **અંજના** અને **ઇલોરા** એ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. શહેરમાં તોફાન દરમિયાન મૃત્યુ પામેલી વ્યક્તિનાં માનમાં સ્ત્રી કેળવણીકાર **ઉષા** એ **દિપાલી**ના બંગલામાં શ્રદ્ધાંજલિનો પ્રોગ્રામ રાખ્યો હતો. તેમાં સ્ત્રી કેળવણીકારોએ મૃત્યુ પામેલી વ્યક્તિઓને **અંજલી** આપી હતી.



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **નર્મદા પેયજળ** : કચ્છમાં નર્મદાનાં પેયજળની સમસ્યાનો ઉકેલ લાવવા કચ્છની નર્મદા કેનાલમાંથી ૧૨૫ એમ.એલ.ડી. પાણી ભચાઉ પાસેથી ઉપાડવા સહિતના રૂા. ૨૩૦ કરોડના કામને લીલી ઝંડી અપાઈ છે તેવો નિર્ણય જી.ડબલ્યુ.આઈ.એલ.ની તાજેતરમાં મળેલ બેઠકમાં લેવાયો હતો. જૂન મહિનાથી પેયજળ મળતું થઈ જશે. તેમજ જ્યાં જ્યાં જર્જરિત થયેલ પાઈપલાઈન તથા મશીનરી પણ બદલવામાં આવશે.

★ **વાઇલ્ડ લાઇફ** : વૈવિધ્યપૂર્ણ વન્યજીવ સંપદા ધરાવતા કચ્છમાં જોવા મળતી પાંચ પ્રકારની જંગલી બિલાડીમાં વિશ્વની સૌથી નાની ગણાતી બિલાડી 'રસ્ટી સ્પોટેડ કેટ' તાજેતરમાં કચ્છના નિરોણા નજીક જોવા મળેલ. વર્ષો પહેલાં આ બિલાડીએ બન્ની પ્રદેશમાં હાજરી પુરાવી વન્યજીવ સંપદામાં નોંધ કરાવી હતી.

★ **પુરસ્કાર** : કચ્છી સાહસિક ઉદ્યોગપતિ અને કચ્છના સામખિયાળીમાં 'એવરી ડે હર્બલ બ્યુટી કેર' ઉદ્યોગ ધરાવતા રાજેશ કુબડિયા (શાહ)ની વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં તેમની કંપનીને ૨૦૧૫-૧૬ માટેના શ્રેષ્ઠ લઘુ ઉદ્યોગ સાહસિક પુરસ્કાર માટે પસંદગી કરાઈ છે.

★ **કચ્છ કોર્નર** : કચ્છ યુનિવર્સિટીમાં તાજેતરમાં 'કચ્છ કોર્નર'નો પુસ્તક અર્પણનો કાર્યક્રમ કુલપતિ ડૉ. સી.બી. જાડેજાના અધ્યક્ષપદ હેઠળ યોજાયો હતો. જેમાં ૩૪ સાહિત્ય સર્જકો દ્વારા ૨૭૪ પુસ્તકો અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે કચ્છમાં સચવાયેલી હસ્તલિખિત પ્રતો તથા જૈન સાહિત્ય તેમજ અન્ય પાસેથી કચ્છ વિશેની માહિતી તથા કચ્છ ઉપર સર્જાયેલા નાટકોની સ્ક્રિપ્ટ પણ સંગ્રહ કરવી તેવું જણાવેલ હતું. આ પ્રસંગે શ્રી દલપતભાઈ દાણીધારિયાએ સૂચન કરેલ કે 'કચ્છ કોર્નર' માત્ર કચ્છમાં જ નહીં પરંતુ જ્યાં કચ્છીઓ વસે છે તે દરેક જગ્યાએ હોવું જોઈએ. ઉપરાંત કચ્છી લોકબોલીમાં સચવાયેલ સાહિત્યનો પણ સંગ્રહ કરવા પ્રયત્નો કરવા જોઈએ. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. કાશ્મીરા મહેતા અને ડૉ. પંકજ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આભારવિધિ ડૉ. હર્ષદ નિર્મિત લાઈબ્રેરિયન દ્વારા કરવામાં આવી હતી.

★ **કચ્છને ગૌરવ** : જયપુર રાજસ્થાન ખાતે ઇન્ડિયા આર્ટ એન્ડ કલ્ચર સોસાયટી અને રાજસ્થાન વિકાસ મંડળની મહિલા શાખા દ્વારા યોજાયેલ ઓલ ઇન્ડિયા ડાન્સ કોમ્પિટીશન ૨૦૧૬માં અંજારના વૈશાલીબેન શેઠિયાએ સેમિ ક્લાસિકલ કેટેગરીમાં દ્વિતીય પ્રાઇઝ – સિલ્વર મેડલ પ્રાપ્ત કરી કચ્છને ગૌરવ અપાવ્યું છે.

★ **અનુદાન** : કચ્છ ભોજાય સર્વોદય ટ્રસ્ટની આરોગ્ય સેવાથી અંજાઈ નવનીત પરિવારના અનિલભાઈ ગાલાએ દોઢ કરોડનું દાન પરિવારના માતા દેવકાંબેન અમરચંદ રામજી ગાલાની સ્મૃતિમાં ભોજાય ટ્રસ્ટના પચ્ચીસમા રજત જયંતિ મેડિકલના મેગા કેમ્પમાં આ દાનની જાહેરાત કરી હતી. જ્યારે રૂપિયા પચ્ચીસ લાખનું દાન મૂળ ગઢશીશાના હાલે મુંબઈ સ્થિત તબીબ ડૉ. નવીન દેઢિયાએ આંખના દર્દીઓ માટે મોબાઈલ મેડિકલ વાન માટે આપવાનું જણાવેલ હતું.

★ **કચ્છને શ્રેષ્ઠ જિલ્લા એવોર્ડ** : ભારત દેશના અગ્રણી મેગેઝિન 'ઇન્ડિયા મેગેઝિન' દ્વારા ગુજરાતના જિલ્લાઓને વિવિધ ક્ષેત્રમાં કામગીરીના મૂલ્યાંકનના આધારે શ્રેષ્ઠ જિલ્લાનો ઍવોર્ડ ઉપરાંત જિલ્લામાં સુધારા સાથે શિક્ષણ, શહેરી માળખાકીય સુવિધા અને આવક એમ ચાર વર્ગના શ્રેષ્ઠ દેખાવ બદલ આ ઍવોર્ડ પ્રાપ્ત થયેલ હતો. જિલ્લા કલેક્ટર મુકુલ ગાંધીએ આ ઍવોર્ડ આખા કચ્છની ઉપલબ્ધિ હોવાનું જણાવ્યું હતું.

★ **રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ** : કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષા ડૉ. કલ્પના સતીજાને 'એક્સેલન્સ ઇન ટીચિંગ એન્ડ રિસર્ચ'નો રાષ્ટ્રીય કક્ષાનો ઍવોર્ડ ગ્રાબ્સ એજ્યુકેશન તરફથી તા. ૨૨-૧-૨૦૧૭ના દિવસે ચેન્નાઇ ખાતે આપવામાં આવશે. જેમાં ટ્રોફી તથા સર્ટીફિકેટ આપવામાં આવશે. ડૉ. કલ્પના સતીજાના ૪૦ જેટલા સંશોધન પત્રો રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે. તેમના રિસર્ચનો વિષય કચ્છ રહ્યો છે. હાલમાં તેઓ ગુજરાત રાજ્યના ચૂંટણી વિભાગમાં ટેકનિકલ સભ્ય તરીકે સેવા આપે છે તે કચ્છ માટે ગૌરવરૂપ છે.


સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

★ **ઓખા - માંડવી (કચ્છ) ફેરી સર્વિસ :** કચ્છ ટુરિઝમ પ્રાઈવેટ લિમિટેડ (કચ્છ સાગર સેતુ) સાગર પ્રવાસ સાહસ ઈસુના બેસતા વર્ષે ૧૦૦ની ક્ષમતાવાળી 'માહી' ફેરી બોટમાં ૧૩૭ જેટલા પ્રવાસીઓએ સાગર સહેલ કરી હતી. સીઝનમાં સારો પ્રતિસાદ મળતાં આવનારા સમયમાં દિવસના બે ફેરી બોટની શક્યતા દર્શાવેલ હતી.

★ **નર્મદા નહેર :** રાપર તાલુકામાંથી કચ્છમાં પ્રવેશેલી નર્મદા નહેરનું ભચાઉ તાલુકામાં આગમન થઈ ચૂક્યું છે. તેમજ ચોબારી વિસ્તારમાં તેનું કામ ધમધમાટ ચાલી રહ્યું છે. જે ૨૭ કિ.મી. વિસ્તારમાં જેસડાથી ચોબારી વચ્ચેના આ ભાગમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામ પણ ચાલુ છે. ચોબારીના ચાંગ નદી પર ૨૧૦ મીટરનું મોટું સાયફન કામ સંપન્ન થઈ ગયું છે. જેસડાથી ભચાઉના લોધેશ્વર સુધીનું કામ પણ સત્વરે પાર પડશે તેવી આશા સેવાઈ રહી છે. વાગડ વિસ્તારમાં કાળઝાળ ઉનાળે નર્મદાના નીરની પધરામણી વાગડ વિસ્તારમાં પધરામણી થાય તેના જેવું ઉત્તમ કામ છે. નર્મદા નિગમના ડાયરેક્ટર મૂકેશભાઈ ઝવેરી ખાતરી આપતાં જણાવે છે કે ૨૦૧૭ જૂન સુધીમાં ટપ્પર ડેમ સુધી પાણી પહોંચાડવાનું આયોજન છે, જે પહોંચી જશે.

★ **કચ્છ યુનિવર્સિટીએ કર્યા ૧૫ એમ.ઓ.યુ. :** કચ્છ યુનિવર્સિટીએ વાઈબ્રન્ટ સમિટમાં ૧૫ એમ.ઓ.યુ. કર્યા. જેમાં છ ની સમજૂતી કરી દેવામાં આવી છે. બાકીનામાં નવી ઈન્સ્ટિટ્યૂટ ખોલવી, કચ્છમાં બે નવી વિજ્ઞાન કૉલેજોની દરખાસ્ત, અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ સહિતના વિભાગોના રિસર્ચ તથા પ્રાધ્યાપકોના આદાનપ્રદાન સહિતની બાબતોનો સમાવેશ થાય છે. આનાથી ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધવાથી વિકાસમાં નવી દિશા સાથે ગતિ આવશે અને સ્થાનિક છાત્રોને ઉચ્ચ શિક્ષણના નવા અનુભવોના લાભ મળશે.

★ **વર્લ્ડ જુડો કરાટેમાં સુવર્ણ ચંદ્રક :** સોતા કાન કરાટે જાપાન ફેડરેશન આયોજિત સ્પર્ધામાં વિવિધ દેશોના સ્પર્ધકોને પાછળ રાખી ૧૨થી ૧૫ વર્ષની કચ્છી બે બાળાઓ, ભુજની ચાર્મિ પરાગ ઠક્કરે 'કાતા' તથા ડોલર વિનોદ પટેલે 'કુમિત' (ફાઈટ) સ્પર્ધામાં પ્રથમ વખત ભારતીય બાળાઓ તરીકે સુવર્ણ ચંદ્રક મેળવી દેશની તથા તિરંગાની શાન વધારી છે. આમ તેમણે કચ્છનું નામ રોશન કરેલ છે.

★ **ધોરડો - રણ પ્રવાસન :** ધોરડોમાં તાજેતરમાં પ્રવાસન પરિષદનો ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા પ્રારંભ થયેલ. જેનું ઉદ્‌ઘાટન માનનિય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીથી ટેકનોલોજીના માધ્યમથી કોન્ફરન્સ દ્વારા કરેલ હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' દ્વારા પર્યટકોને ભારતમાં રહેલ પ્રવાસન સ્થળોને જાણી શકે તેમજ તેમણે પર્યટકોને અખૂટ, અમાપ એવા કચ્છનાં સફેદ રણમાં કુદરત સાથે સાનિધ્ય કરી પોતાની જાતમાં ખોવાઈ જવાનું જણાવ્યું હતું. આ બાબતે મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ જણાવેલ કે ૧૨ વર્ષ પહેલાં કચ્છના રણોત્સવનું તત્કાલીન મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રારંભ કરાવેલ હતું. પરિણામ સ્વરૂપ આજે દુનિયાભરમાંથી રણનો નજારો જોવા પ્રવાસીઓ ઉમટી પડે છે. આ પ્રસંગે ભારત સરકારના પ્રવાસન મંત્રી મહેશ શર્માએ ધોળાવીરા અને કચ્છના સફેદ રણને ભારત સરકારની 'સ્વદેશ દર્શન' યોજના હેઠળ આવરી લેવાની ખાતરી આપી હતી.

★ **સમાજરત્ન એવોર્ડ સન્માન :** રવિવાર, તા. ૨૨-૧-૨૦૧૭ના રોજ કચ્છી જૈન ગૂર્જર સમાજ માટુંગા (પાખાડી) ખાતે સમાજના મેનેજિંગ ટ્રસ્ટી નાનાલાલભાઈ ખંડોર તથા પ્રમુખ નવીનચંદ્ર કુબડિયાની ઉપસ્થિતિમાં નવચેતન ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રના પ્રમુખ લોદ્રાણી (તા. રાપર) હાલે ભુજના વેલજીભાઈ ગણેશભાઈ મહેતા (વી.જી. મહેતા) અને મૂળ ભરૂડિયા (તા. ભચાઉ) હાલમાં દાદર - મુંબઈ ખાતે રહેતાં બાબુભાઈ કાનજીભાઈ વેડરાને "સમાજ રત્ન" દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

★ **પ્રામાણિકતા :** ગાંધીધામ શહેરના પુરવઠા વિભાગના નાયબ મામલતદાર એન.એલ. ચાવડા ઓફિસે જતા હતા ત્યારે તેમને રસ્તામાંથી ૧૦૦૦ ડોલરની નોટ, પાસબુક, આધાર કાર્ડ, પાનકાર્ડ તેમજ અગત્યના કાગળિયા ભરેલ એક થેલો મળતાં તેમણે ફોન નંબરના આધારે ખરાઈ કરી તેના મૂળ માલિક અંતરજાળ રહેતા રાહુલકુમારને પરત કરી પ્રામાણિકતાનો દાખલો બેસાડ્યો હતો.

★ **આકાશવાણી ભુજ :** સને ૧૯૩૬થી શરૂ થયેલ આકાશવાણી ભુજના રેડિયો પ્રસારણના ઈતિહાસમાં સોમવાર, તા. ૨૩-૧-૨૦૧૭ના દિને ગણતંત્ર દિનના ભેટ સ્વરૂપે પાંચ કિલોવોટની ક્ષમતાવાળા ટ્રાન્સમિટર દ્વારા વિવિધ ભારતીની સેવાનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું. જેનો વ્યાપ ૧૦૩.૭ મેગા હર્ટ્ઝ પરથી સાંભળી શકાશે. ભવિષ્યમાં સમસ્ત કચ્છ પ્રદેશને આવરી લે તેવી રેન્જના ટ્રાન્સમિટર ગોઠવવાનું આયોજન કરવામાં આવશે તેવું આકાશવાણીના અધિકારીઓએ જણાવેલ હતું. ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ભારતના ૬૮મા પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરીની ઉજવણી ● તસવીરી ઝલક



શ્રી પ્રવીણભાઈ ગોંદિયા (એડિ. ડી.જી.પી.- ગાંધીનગર)ના
વરદ્ હસ્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં ધ્વજવંદન



સ્ટેજ ઉપર બિરાજિત મહાનુભાવો
તથા સંસ્થાના હોદ્દેદારો



શ્રી પ્રવીણભાઈ ગોંદિયા (એડિ. ડી.જી.પી.- ગાંધીનગર)નું
સન્માન કરતાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ



સમારંભના પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ ગાલા (નવનીત પરિવાર)નું
સન્માન કરતા સંસ્થાના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ



ગુજરાતમાં સૌપ્રથમ હૃદય પ્રત્યારોપણ કરનાર
કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહનું સન્માન કરતાં
શ્રી પ્રવીણભાઈ ગોંદિયા (એડિ. ડી.જી.પી. - ગાંધીનગર)



કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહના સન્માન સમયે સાથ આપતાં
સ્ટેજ ઉપર બિરાજમાન મહાનુભાવો
તથા સંસ્થાના હોદ્દેદારો

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**ગુજરાતમાં સૌપ્રથમવાર હૃદય પ્રત્યારોપણ કરનાર**
**કાર્ડિયાક સર્જન ડો. ધીરેન શાહના બહુમાન પ્રસંગે તેમને આપવામાં આવેલ સન્માનપત્ર**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ

અમદાવાદ

### સન્માન પત્ર



ડૉ. ધીરેન શાંતિલાલ શાહ

પરમ સ્નેહી ડૉ. ધીરેનભાઈ શાહ,

જે વ્યવસાયને જીવન દેવાનો જશ મળેલો છે, એવા તબીબી વ્યવસાયમાં આવી, અનેક જિંદગીઓ બચાવી, આપે ડૉક્ટરને મળેલા 'દેવદૂત' ના બિરુદને સાર્થક કર્યું છે. અભ્યાસ, અનુભવ અને આવડત થકી અમદાવાદમાં વિશ્વ કક્ષાની મલ્ટી-સ્પેશિયાલીટી હોસ્પિટલ - CIMS ઊભી કરી, આપ શહેરમાં ખ્યાત થયા.

૨૦૧૫ માં, શસ્ત્રક્રિયા વગર હૃદયના વાલ્વનું પ્રત્યારોપણ કરનાર પ્રથમ ભારતીય તબીબ બની, દેશના તબીબી ક્ષેત્રમાં એક નવી કેડી કંડારી. ભારતના નામાંકિત કાર્ડિયાક સર્જનની હરોળમાં સ્થાન પામ્યા. ૨૦૧૬ ના ઓક્ટોબરમાં હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનું લાયસન્સ મેળવી, બે જ મહિનામાં, રાજ્યમાં પ્રથમ એવું હૃદય પ્રત્યારોપણનું સફળ ઑપરેશન કરી ઈતિહાસ રચી દીધો.

ભાવનગરના બ્રેઈન-ડેડ વ્યક્તિના શરીરમાંથી હૃદય કાઢી, ગ્રીન કોરીડોર થકી માત્ર ૮૨ મિનિટમાં અમદાવાદ પહોંચી, ૭ કલાકના ઑપરેશન બાદ દર્દીના શરીરમાં એ હૃદયને ધબકતું કરી, ગુજરાતના તબીબી જગતમાં ડંકો વગાડી દીધો. બે વર્ષમાં બે ઐતિહાસિક કીર્તિમાન પ્રસ્થાપિત કરી, આપે રાજ્ય અને રાષ્ટ્રની તબીબી આલમ માટે એક નવી દિશાના દ્વાર ખોલી આપ્યા.

હૃદય પ્રત્યારોપણની અતિ જટિલ પ્રક્રિયા અને એને સંભવ બનાવવાના ભગીરથ પ્રયાસને સફળતાની મહોર મારી, આપે રામાણિયા ગામ, મુંદ્રા તાલુકો અને મા-ભોમ કચ્છની સાથે, સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું. કચ્છીયતને ઉજાગર કરી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય તરીકેની આપની આ અપ્રતિમ સિદ્ધિ બદલ સમાજ અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે. આપને હાર્દિક અભિનંદન પાઠવે છે.

નવી શોધ અને સાહસ થકી માનવ જીવન બચાવવાનાં ને આવરદા વધારવાના આપનાં ઉમદા કાર્યોનો વ્યાપ સતત વિસ્તરતો રહે. આપના જ્ઞાન, કૌશલ્ય અને અદ્યતન સુવિધાનો લાભ સમાજના બહોળા વર્ગને મળતો રહે. માનવસેવાના આપના આ યજ્ઞના ઉજાસથી વધુને વધુ જીવનમાં પ્રકાશ ફેલાતો રહે, એ અભ્યર્થના.

આપ સિદ્ધિના નવા નવા શિખરો સર કરતા રહો, અને માનવ જાતની અવિરત સેવા કરતા રહો.

એ જ પ્રભુ પ્રાર્થના..... સ્નેહ શુભેચ્છા સહ.....

એજ લિ.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ વતી**

| કે. આર. શાહ | પ્રતાપ નારાણજી દંડ |
|---|---|
| માનદ્ મંત્રી | પ્રમુખ |

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૭

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### તબીબી સહાય ખાતે

રૂા. ૧૫,૦૦૦/- શ્રીમતી કેતકીબેન વી. શાહ - અમદાવાદ
રૂા. ૧,૧૦૦/- સરગમ ડુંગરશી વિકમ
રૂા. ૪૦૦/- શ્રી કૌશિકભાઈ ખોના - મુંબઈ

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૮,૦૦૦/- શ્રી ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ
રૂા. ૫,૧૦૦/- શ્રી કૌશિકભાઈ ખોના - મુંબઈ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫,૧૦૦/- શ્રી કૌશિકભાઈ ખોના - મુંબઈ
રૂા. ૧,૦૦૦/- શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા - અમદાવાદ

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૫૦૦/- શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા - અમદાવાદ

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧,૫૦૦/- શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા - અમદાવાદ

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી કસ્તુરીબેન તલકશી ઉમરશી શાહ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી પ્રીતિ સંદીપ તલકશી શાહ - અમદાવાદ પુત્ર ચિ. રૂષભના વૈભવી સાથેના લગ્ન નિમિત્તે

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## ભૂલ સુધાર

*મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૧૭ અંક ● પાના નં.-૯૯ ઉપર*
*સાભાર સ્વીકારની વિગતમાં*

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૭,૦૦૦/- શ્રી કચ્છી જૈન મહિલા ભક્તિ મંડળ - અમદાવાદ

બદલે

**રૂા. ૭,૦૦૦/- કચ્છી જૈન ભક્તિ મંડળ - અમદાવાદ**
**હ. શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયા વાંચવું**

★

તે જ રીતે પાના નંબર-૧૦૪ ઉપર વયસ્ક સમિતિના પ્રવાસના અહેવાલમાં પ્રવાસ માટે ત્રણ દિવસની નવકારશીનો લાભ **કચ્છી જૈન ભક્તિ મંડળ - અમદાવાદ (હ. શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયા)** વાંચવું.

## અભિનંદન



**ચિ. ભવ્ય સંજય ગાલા**

શ્રી ખીમજી નાનજી ગાલા (દેવપુર - અમદાવાદ)ના પૌત્ર ચિ. ભવ્ય (ઉં.વ.-૧૦)ને મુંબઈમાં આયોજિત રોયલ અંતરા કચ્છી ઓલમ્પિયા - ૨૦૧૬માં બેડમિન્ટન સીંગલ્સ (વય ગ્રુપ ૧૦થી ૧૨)માં પ્રથમ સ્થાન મેળવીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

*ચિ. ભવ્ય વધુને વધુ સફળતા પ્રાપ્ત કરતો રહે તેવી શુભેચ્છા.*

## શ્રી કચ્છી જૈન સમાજનું એક વિશેષ ગૌરવ



**શ્રી રાજ સુરેશ રતનશી રાંભિયા (કચ્છ રામાણિયા)**

તા. ૧૯-૧-૨૦૧૭ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના નવા ચૂંટાયેલા અને તાજેતરમાં શપથ ગ્રહણ કરનારા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે નવયુવાન ગુજરાતી - ભારતીય અમેરિકન શ્રી રાજ શાહની વ્હાઈટ હાઉસ ડેપ્યુટી કોમ્યુનિકેશન ડાયરેક્ટર અને રિસર્ચ ડાયરેક્ટર તેમજ પ્રેસિડેન્ટ ટ્રમ્પના ડેપ્યુટી આસિસ્ટન્ટ તરીકે એક બહુ જ અગત્યના અને ચાવીરૂપ હોદ્દા ઉપર નિમણૂક કરી. આ જાહેરાત વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ ચીફ ઑફ સ્ટાફ શ્રી રેઈન્સ પ્રિબ્સ દ્વારા કરવામાં આવી.

શ્રી રાજ શાહ મૂળ કચ્છ રામાણિયાના વતની છે અને કચ્છી જૈન સમાજની શ્રી કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિમાંથી તેઓ આવે છે. તેમના માતા-પિતા વર્ષો પહેલા ૧૯૭૦માં કચ્છથી અમેરિકા જઈ વસ્યા હતા અને તેઓશ્રી અમેરિકામાં "ઓપોઝિશન રિસર્ચ ઈન રિપબ્લિક નેશનલ કમિટી"ના વડા તરીકે કાર્યરત છે. તાજેતરના અમેરિકાના પ્રેસિડેન્સિયલ ઈલેક્શનમાં હરીફ ડેમોક્રેટીક પાર્ટીના ઉમેદવાર શ્રીમતી હિલેરી ક્લિન્ટન વિરૂદ્ધના ચૂંટણી પ્રચારમાં તેઓએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેઓની આ નિમણૂક પર અત્યંત હર્ષ, આનંદ અને ગૌરવ અનુભવે છે તથા તેઓ આ પદ પર ખૂબ ખૂબ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવે છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ભારતના ૬૮મા પ્રજાસત્તાક દિન – ૨૬મી જાન્યુઆરીની ઉજવણીનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ભારતનો ૬૮મો ગણતંત્ર દિવસ તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ ખૂબ જ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવ્યો. આ વખતનાં કાર્યક્રમમાં બે ખાસ વિશેષતાઓ રહેલી હતી. પ્રથમ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આજ સુધીના ઇતિહાસમાં ગુજરાત સરકારના કોઈ ઉચ્ચ અધિકારીનાં હસ્તે ધ્વજવંદન પ્રથમ વખત જ કરાવવામાં આવ્યું હતું અને બીજું ગુજરાતમાં સર્વપ્રથમ હૃદય પ્રત્યારોપણની અનન્ય સિદ્ધિ મેળવનારા આપણા સમાજના જ એક સપૂત ડૉ. ધીરેન શાહનું બહુમાન કરવામાં આવ્યું હતું.

સૌપ્રથમ તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ સવારના ૧૦ વાગે ગુજરાત રાજ્યના એડિશનલ ડી.જી.પી. શ્રી પ્રવીણભાઈ ગોંદિયાના હસ્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીનાં પ્રાંગણમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સમાજના સભ્યો હાજર રહ્યા હતા. ધ્વજ વંદનના કાર્યક્રમ બાદ હાજર રહેલા સૌએ આપણી સંસ્થાના સાંસ્કૃતિક હોલમાં સ્થાન ગ્રહણ કરેલ હતું અને સમારંભની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

સૌપ્રથમ પધારેલા સૌ અતિથિ વિશેષો શ્રી શાંતિલાલભાઈ ગાલા (નવનીત પ્રકાશન), શ્રી પ્રવીણભાઈ ગોંદિયા (એડિ. ડી.જી.પી. ગાંધીનગર), ડૉ. ધીરેન શાહ (કાર્ડિયાક સર્જન) તથા સંસ્થાના સૌ હોદ્દેદારોએ સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું. સમારંભની શરૂઆત સંસ્થાના પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપ નારાણજી દંડનાં આવકાર પ્રવચનથી થયેલ હતી. તેઓએ પધારેલા સૌ અતિથિ વિશેષો તથા સમાજના સભ્યોને આજના સમારંભમાં આવકાર્યા હતા. તેઓએ જણાવેલ હતું કે આજે આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે કે ગુજરાત સરકારના એક ઉચ્ચ અધિકારીશ્રીનાં હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું છે. તેઓશ્રી પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય ફાળવી અને આજે ધ્વજવંદન કરાવવા પધારેલ છે, તે બદલ પ્રમુખશ્રીએ તેઓનો આભાર માન્યો હતો.

ત્યારબાદ સમાજના જ એક સભ્ય ડૉ. ધીરેન શાહ કે જેઓએ ગુજરાત રાજ્યમાં સૌપ્રથમ હૃદય પ્રત્યારોપણનું ઑપરેશન સફળતાપૂર્વક કરી ફક્ત કચ્છનું જ નહીં પણ સમગ્ર ગુજરાતનું નામ ભારતમાં રોશન કરેલ છે. તેમની સિદ્ધિ બદલ ફક્ત સમગ્ર કચ્છી જૈન સમાજ જ નહીં પણ સમગ્ર કચ્છની પ્રજા પણ ગૌરવની લાગણી અનુભવે છે. એમની અપ્રતિમ સિદ્ધિ બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ વતી પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે તેઓને બિરદાવેલ હતા.

તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજની અત્યારે ચાલતી પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપેલ હતી અને જણાવેલ હતું કે સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ અવિરત પ્રમાણે ચાલુ જ છે પણ આપણા ડાયાલિસિસ સેન્ટર કે જ્યાં દરરોજ ૨૦ દર્દીઓ રાહતદરે ડાયાલિસિસની સેવા લે છે, તે આપણી બધી જ સેવાકીય પ્રવૃત્તિઓમાં શિરમોર સમાન છે. આ સિવાય જરૂરિયાતમંદ પરિવારને ત્રણે સમય ભોજન ફ્રી માં આપવામાં આવે છે.

ઉપરોક્ત વક્તવ્ય બાદ તેઓએ સંસ્થાની રોજબરોજની સેવાકીય પ્રવૃત્તિઓના દાતાઓ તથા સેવા આપતા શ્રી કચ્છી જૈન સેવાજના ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ તથા અન્ય કાર્યકારીણી સમિતિઓનાં સભ્યોની કાર્યવાહીને બિરદાવી હતી અને જણાવેલ હતું કે તેઓના સહકારથી જ આ પ્રવૃત્તિ સુચારૂ રૂપે ચાલી રહેલ છે. અંતમાં તેઓએ સંસ્થાનાં સર્વે સભ્યોનો પણ આભાર માનેલ હતો કે જેઓએ સંસ્થાના ઉપરોક્ત સર્વે કાર્યકર્તાઓમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકીને સંસ્થાની દરેક પ્રવૃત્તિઓમાં સાથ અને સહકાર આપેલ છે.

સંસ્થાના પ્રમુખશ્રીનાં આવકાર પ્રવચન બાદ પધારેલા અતિથિ વિશેષોનું પુષ્પગુચ્છ દ્વારા સંસ્થાના હોદ્દેદારોનાં વરદ્ હસ્તે સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યારબાદ ડૉ. ધીરેન શાહના સન્માન પત્રનું વાંચન કરવામાં આવ્યું અને ગુજરાત રાજ્યમાં સર્વપ્રથમ હૃદય પ્રત્યારોપણ કરનાર ડૉ. ધીરેન શાહનું બહુમાન, આજના અતિથિ વિશેષ શ્રી પ્રવીણભાઈ ગોંદિયા (એડિ. ડી.જી.પી. ગાંધીનગર)નાં હસ્તે ચાંદીની ફ્રેમમાં મઢેલ સુંદર સન્માનપત્ર અર્પણ કરી કરવામાં આવેલ હતું. આ પ્રસંગે આજના સમારંભના પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા સ્ટેજ ઉપર હાજર રહેલા, સંસ્થાના સૌ હોદ્દેદારોએ સાથ આપેલ હતો. સાંસ્કૃતિક હોલમાં હાજર રહેલા સૌ સભ્યોએ ઊભા રહી તાળીઓનાં ગડગડાટથી તેમના સન્માનને વધાવેલ હતું.

પોતાના સન્માનના જવાબમાં ડૉ. શ્રી ધીરેન શાહે જણાવેલ હતું કે આજનું આ સન્માન એ મારું નથી પણ મેડિકલ સાયન્સની અદ્યતન ટેકનોલોજીનું છે કે જેના લીધે આ હૃદય પ્રત્યારોપણ શક્ય બનેલ હતું. તેઓએ જણાવેલ હતું કે આ કાર્ય પાછળ કેટકેટલા વ્યક્તિઓની સમગ્ર ટીમની મહેનત હોય છે અને આ બધાના સહકાર વગર આ કાર્ય શક્ય જ નથી. તેઓશ્રીએ આ પ્રસંગે સૌપ્રથમ તો "અંગદાન" કરનાર જ ન મળે તો આ કાર્ય શક્ય જ ન બને તેવું જણાવેલ. તેથી "અંગદાન"ની પ્રવૃત્તિનું મહત્ત્વ સમજાવી સૌને "અંગદાન"ની પ્રવૃત્તિમાં જોડાઈ જવા અપીલ કરેલ હતી. પોતાના પ્રવચનના અંતે તેઓશ્રીએ પોતાનું

સન્માન કરવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજનો આભાર માન્યો હતો.

એડિ. ડી.જી.પી. શ્રી પ્રવીણભાઈ ગોંદિયાએ પોતાના પ્રવચનમાં સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેઓશ્રીએ જણાવેલ હતું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ ખૂબ જ સરસ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલ છે. તેઓશ્રીએ ડૉ. શ્રી ધીરેન શાહની સિદ્ધિને પણ બિરદાવી હતી. તેઓશ્રીએ જણાવેલ હતું કે ડૉ. ધીરેન શાહે ગુજરાતમાં પ્રથમ હૃદય પ્રત્યારોપણ કરવાની સિદ્ધિ મેળવેલ છે. અને તેઓશ્રી તથા તેમની સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે. તેઓશ્રીએ ૨૬મી જાન્યુઆરીનાં વિશિષ્ટ દિવસે નાગરિક તરીકેની આપણી ફરજો પ્રત્યે ધ્યાન દોર્યું હતું તથા આજના સમયમાં અનુશાસનની અગત્યતા સમજાવેલ હતી. પ્રવચનના અંતમાં તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજનું આજે ધ્વજવંદન પ્રસંગે પોતાને આમંત્રણ આપેલ હતું, તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સમારંભના પ્રમુખપદેથી પોતાના પ્રવચનમાં બોલતા શ્રી શાંતિલાલભાઈ ગાલાએ જણાવેલ હતું કે આજના ગણતંત્ર દિવસના હું સૌને અભિનંદન પાઠવું છું. આજના આ પ્રસંગે ધ્વજવંદન, એડિ. ડી.જી.પી. શ્રી પ્રવીણભાઈ ગોંદિયાના હસ્તે થયેલ તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. આજના સમારંભમાં સન્માનિત કરવામાં આવેલ ડૉ. ધીરેન શાહની પ્રવૃત્તિ અને સિદ્ધિને તેઓએ બિરદાવેલ હતી. તેઓએ જણાવેલ હતું કે પોતાના સાલસ અને સરળ સ્વભાવનાં લીધે ડૉ. શ્રી ધીરેન શાહે ફક્ત કચ્છીઓમાં જ નહીં, પણ તેમના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિઓમાં લોકપ્રિયતા મેળવેલ છે. તેઓશ્રીએ પોતાના પ્રવચનમાં ડૉ. શ્રી ધીરેન શાહ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને હજી વધારે સારી રીતે સમાજની સેવા કરે એવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. પ્રવચનના અંતે તેઓશ્રીએ આજના સમારંભના આમંત્રણ આપવા માટે તથા મહાનુભાવોને બિરદાવવાની જે તક શ્રી કચ્છી જૈન સેવાજે તેમને આપેલ તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

સમારંભના અંતે સંસ્થાના સહમંત્રીશ્રીએ આભારવિધિ કરી હતી. આભારવિધિમાં ૬૮મા પ્રજાસત્તાક દિને ધ્વજ વંદનના કાર્યક્રમમાં પધારેલ સમાજના ભાઈઓ-બહેનો, સમારંભના પ્રમુખ સ્થાનને શોભાવનાર શ્રી શાંતિભાઈ ગાલા, ખૂબ જ વ્યસ્ત કાર્યક્રમોમાંથી સમય કાઢી ધ્વજવંદન કરાવવા પધારેલ શ્રી પ્રવીણભાઈ ગોંદિયા સાહેબનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ. આજના દિવસના તથા કાર્યક્રમના સ્ટાર ઑફ ધી ડે, ઓપરેશનમાં વ્યસ્ત હોવા છતાં આજે સમય આપીને પધારેલ ડૉ. શ્રી ધીરેનભાઈ શાહનો ખૂબ જ આભાર માનવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સુમધુર તથા સફળ સંચાલન કરવા માટે દૂરદર્શન સમાચાર વાચક શ્રીમતી અલ્પા મેહુલ શાહનો આભાર માન્યો હતો.

આ સિવાય સૌ સ્ટાફ તથા સમાજના દરેક કાર્યકર્તાઓનો આભાર માનવામાં આવેલ. ■

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૧૦૩-૧૦૪)*

## શું આપ જાણો છો?

# એક દેહદાનથી ૮ જિંદગી બચી શકે છે...

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રસ્તુત કરે છે....

**વિખ્યાત કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ (સિમ્સ હોસ્પિટલ) દ્વારા**

**અંગદાનના મહત્ત્વ અંગેનું વક્તવ્ય તથા આકસ્મિક મેડિકલ સહાય અંગેનું માર્ગદર્શન આપતું**

**લાઈવ ડેમોન્સ્ટ્રેશન તથા**

**સમાજના સભ્યો દ્વારા ગીત સંગીતનો કાર્યક્રમ.**

**રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭**

**સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

*જે સભ્યોને **Karaoke System** દ્વારા ગીત ગાવાની તૈયારી હોય તેઓએ પોતાના નામ પ્રદીપ મહેતા (૯૮૨૫૦ ૬૧૧૬૦)ને તા. ૧૬-૨-૨૦૧૭ સુધીમાં નોંધાવી દેવા.*

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

***સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.***

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

***કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

## ગૃહ ઉદ્યોગ સમિતિ

આદર્શ અમદાવાદ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે "ખાઓ, પીઓ અને મસ્ત રહો"નો સેમિનાર તા. ૧૧-૧-૨૦૧૭ના રોજ યોજાઈ ગયો. આ સેમિનારમાં શ્રી કમલેશ મહેતાએ પાણીમાં રહેલી તાકાત અને તેના પ્રયોગથી શરીરના બધા રોગનું નિદાન કરી શકાય છે તેની સમજણ આપેલ. આ કાર્યક્રમના સંચાલનમાં શ્રીમતી નીતાબેન શાહ (પ્રમુખ - શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશન)એ પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો હતો.

**● આગામી કાર્યક્રમ ●**

**સુજોક થેરાપીથી આપના રોગ મટાડો અને અન્યના રોગોને પણ ભગાડો.**

'આદર્શ અમદાવાદ'ના સહયોગથી સુજોક તાલીમનો એક સેમિનાર તા. ૨૩-૨-૨૦૧૭થી તા. ૨૫-૨-૨૦૧૭ દરમિયાન બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. શ્રી જશુભાઈ સોની આ તાલીમ આપશે. તો રસ ધરાવતા સર્વેએ તાલીમ લેવા સમયસર આવવા વિનંતી છે.

*રજનીકાંત પારેખ*
*કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

**મિની પિકનીક, તા. ૨૯-૧૨-૨૦૧૬ : અહેવાલ**

તા. ૨૯-૧૨-૨૦૧૬ને ગુરુવારના રોજ સમિતિએ મિની પિકનીકનું આયોજન કરેલ હતું. જેમાં ૭૦ બહેનોએ ભાગ લીધો હતો. પિકનીકનું સ્થળ - ઉસ્માનપુરા રીવરફ્રન્ટ પાર્ક હતું. સમિતિના સભ્યોએ સૌને ગેમ્સ રમાડી હતી અને વિજેતાઓને ઈનામો પણ અપાયા હતા. હાજર રહેલ સૌ બહેનોએ પોતાની ઓળખાણ આપી હતી. જેથી સૌ એકબીજાથી વધારે પરીચિત થયા હતા.

સૌ બહેનોએ પિકનીકના સ્થળની મજા લીધી, ગેમ્સ રમવાનો આનંદ લીધો અને સાથે હાઈ-ટી નો સ્વાદ પણ માણ્યો હતો. શ્રીમતી પ્રતિમાબેન શાહ તરફથી મળેલ રૂા. ૧૦૧/-નું દાન સાભાર સ્વિકારાયું હતું.

*સુલુ જલદીપ શાહ*
*કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

## યુવા વિકાસ સમિતિ

**પાલિતાણા છ ગાઉ જાત્રા**

તા. ૯-૩-૨૦૧૭ અને તા. ૧૦-૩-૨૦૧૭ના બે દિવસનું પાલિતાણા છ ગાઉ જાત્રાનું આયોજન કરેલ છે.

બુધવાર, તા. ૮-૩-૨૦૧૭ના રોજ રાત્રે ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી રવાના થઈ પાલિતાણા જઈશું. તા. ૯-૩-૨૦૧૭, ગુરુવારના હસ્તગિરી, કદમગિરી દર્શન યાત્રા રાખેલ છે. શુક્રવાર, તા. ૧૦-૩-૨૦૧૭ના વહેલી સવારે યોગ્ય સમયે છ ગાઉ યાત્રા કરવી.

દરેક યાત્રીનો આવવા-જવાનો, જમવા તથા રહેવાનો તથા રહેવાનો ખર્ચ રૂા. ૩૦૦/- વ્યક્તિ દીઠ રાખેલ છે. ૩ વર્ષથી નાના બાળક માટે કોઈ ચાર્જ રહેશે નહીં (બાળક માટે અલગ સીટ પણ મળશે નહીં). ટિકિટ પાલડી ભવન પરથી લેવાની રહેશે.

*બસ ઉપડવાનું સ્થળ :* શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

*પૂછપરછ માટે સંપર્ક :*
*ડૉ. કેતન આઈ. શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧, ૮૭૩૪૦ ૮૮૭૩૯*
*પીયૂષ પારેખ : ૯૮૨૫૦ ૨૯૬૯૮*

**ધૂળેટીનો કાર્યક્રમ**

યુવા વિકાસ સમિતિ દ્વારા સોમવાર, તા. ૧૩-૩-૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સર્વે સભ્ય પરિવારોને આ ઉત્સવમાં ભાગ લેવા આમંત્રણ છે.

ઘરેથી કોઈપણ કલર, કેમિકલ કે બીજી કોઈ વસ્તુ લાવવી નહીં. માત્ર ગુલાલથી જ ધૂળેટી રમવાની રહેશે. ત્યારબાદ સાથે મળી બપોરના ભોજનની મજા માણીશું.

કાર્યક્રમમાં ભાગ લેવા માટે નામ નોંધાવવા જરૂરી છે જેથી જમવાની વ્યવસ્થા સારી રીતે કરી શકાય.

*નામ નોંધાવવા માટે સંપર્ક :*
*ડૉ. કેતન આઈ. શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧, ૮૭૩૪૦ ૮૮૭૩૯*
*પીયૂષ પારેખ : ૯૮૨૫૦ ૨૯૬૯૮*

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.
***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● ***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર - ૨૦૧૬ / જાન્યુઆરી - ૨૦૧૭

- **તા. ૨૬-૧૨-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ તથા કોન્ટ્રાક્ટર શ્રી અનિલભાઈ સથવારા સાથે શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઉપરની ૪ ડોરમેટરી તથા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના અતિથિ ગૃહના ૪થા માળના બાકી રહેતા રૂમોના રિનોવેશન અંગે ચર્ચા વિચારણા કરેલ હતી. આજની બેઠકમાં ચર્ચા થયા મુજબના પ્લાનો બનાવી મોકલી આપવા માટે શ્રી મુકુલભાઈ શેઠને અનુરોધ કરવામાં આવ્યો હતો.

- **તા. ૨૯-૧૨-૨૦૧૬**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સંસ્થાના હોદ્દેદારોની એક બેઠક મળેલ હતી. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહ, ખજાનચી શ્રી કે.ડી. શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લીધા હતા. તેમાં ખાસ, ગુજરાતમાં પ્રથમ હૃદય પ્રત્યારોપણની સિદ્ધિ પ્રાપ્ત કરનાર આપણા સમાજના સભ્ય ડૉ. ધીરેન શાહનું પણ બહુમાન કરવું તે નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૩૧-૧૨-૨૦૧૬**

★ આજરોજ રાત્રે ૮.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ટ્રસ્ટ મંડળની એક બેઠક મળેલ હતી. જેમાં ૧૨ સભ્યો હાજર રહેલ હતા. આજની સભામાં શાહીબાગ ખાતેની ડોરમેટરી-૪ તથા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના ૪થા માળના રિનોવેશન અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **તા. ૧-૧-૨૦૧૭**

★ ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી સમિતિની એક બેઠક આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી તથા સાથે મહિલા વિકાસ સમિતિના કન્વીનર શ્રીમતી સુલુબેન હાજર રહ્યા હતા. આજની મિટિંગમાં તા. ૨૨-૧-૨૦૧૭ના રોજ યોજાનાર કાર્યક્રમ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

- **તા. ૨-૧-૨૦૧૭**

★ આજરોજ સવારના ૧૧ વાગે ભવન સમિતિ તથા રિનોવેશન સમિતિની એક સંયુક્ત બેઠક યોજવામાં આવેલ હતી. જેમાં શાહીબાગ ખાતેની ડોરમેટરીઓમાં ફેરફાર કરવા અંગે તથા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના ૪થા માળના બાકી રહેતા રૂમોનું રિનોવેશન તાત્કાલિક શરૂ કરાવી, રિનોવેશનનું કામ ૩૧મી માર્ચ પહેલા પૂર્ણ કરી નાખવું તેમ નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૭-૧-૨૦૧૭**

★ આજે સવારના ૯ વાગે ભવન સમિતિના સભ્ય શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકભાઈ ગોસરે શાહીબાગ સ્થિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ તથા ગીતા મંદિર સ્થિત સેવા ભવનની મુલાકાત લીધેલ હતી. સમગ્ર ભવનનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્મચારીઓને કરેલ હતા.

- **તા. ૮-૧-૨૦૧૭**

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ, મહિલા વિકાસ સમિતિ તથા પુરસ્કાર સમિતિના સભ્યોની એક સંયુક્ત બેઠક મળેલ હતી. તેમાં તા. ૨૨-૧-૨૦૧૭ના રોજ સમિતિ દ્વારા યોજાનાર સેમિનારને સફળ બનાવવા માટેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં સેમિનારના વક્તા ડૉ. નિમ્રત સિંઘ પણ હાજર રહેલ હતા.

- **તા. ૧૩-૧-૨૦૧૭**

★ આજરોજ લાઈબ્રેરિ સમિતિની એક મિટિંગ સંસ્થાના ભવન ખાતે મળેલ હતી. જેમાં કમિટીના કન્વીનર નરેન્દ્ર જે. કોઠારી તથા સભ્ય દિનેશચંદ્ર જે. શાહ હાજર રહેલ હતા. જેમાં લાઈબ્રેરીની કામગીરી અંગે ચર્ચા વિચારણાના અંતે એમ નક્કી કરવામાં આવ્યું કે લાઈબ્રેરીમાં રહેલા ધાર્મિક પુસ્તકોનો યોગ્ય નિકાલ કરવો જેથી આશાતનાથી બચી શકાય. આ બાબત અંગે સંસ્થાના ખજાનચી શ્રી કે.ડી. શાહનું માર્ગદર્શન મળેલ હતું.

- **તા. ૧૬-૧-૨૦૧૭**

★ આજે સાંજે ૫ વાગે અમ. મ્યુનિ. કોર્પો.ની ઉસ્માનપુરા સ્થિત કચેરીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ઈમ્પેક્ટ ફી ની કાર્યવાગી અંગે આગળની કાર્યવાહી કરવા માટેની સમજ મેળવવા સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે

લાગતા વળગતા અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરેલ હતી અને આગળની કાર્યવાહી અંગે જાણકારી મેળવેલ હતી.

- **તા. ૧૭-૧-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના બેઝમેન્ટમાં ચાલતા કામનું નિરીક્ષણ કરેલ હતું. કામ સંતોષકારક રીતે થયેલ છે તેવું મંતવ્ય આર્કિટેક્ટશ્રીએ આપેલ હતું તથા જરૂરી સૂચનો પણ કરેલ હતા.

- **તા. ૧૮-૧-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, સંસ્થાના સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહ તથા સંસ્થાના સક્રિય કાર્યકર શ્રી પ્રદીપ મહેતાએ બહુમાન માટેની ફ્રેમો જોવા માટે સી.જી. રોડ સ્થિત કેટલીક દુકાનોની મુલાકાત લઈને ફ્રેમો પસંદ કરેલ હતી. હજુ પણ અમુક જગ્યાએ તપાસ કરી આખરી નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧૯-૧-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહ માણેકચોક ખાતે સન્માનપત્ર અંગેની ફ્રેમો જોવા માટે ગયેલ હતા. માણેકચોકના રતનપોળ ખાતે અમુક જગ્યાએ ફ્રેમોની પસંદગી કરી આખરી નિર્ણય ૧-૨ દિવસમાં લેવાનું નક્કી કરેલ હતું.

- **તા. ૨૦-૧-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહે સન્માનપત્રનું લખાણ ગ્રાફિકવાળાને આપેલ હતું અને સન્માનપત્ર કેવું અને કેટલી સાઈઝનું બનાવવું તેની વિસ્તૃત ચર્ચા વિચારણા કરી તેઓને ૨-૨ સેમ્પલ બનાવીને મોકલી આપવા માટે જણાવવામાં આવ્યું હતું.

★ આજે સવારના ૯ વાગે ભવન સમિતિના કન્વીનર શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકભાઈ ગોસરે શાહીબાગ શ્રી કચ્છી વિશ્રામ ગૃહની ડોરમેટરી નં.-૩ માં બાથરૂમ તોડીને જે રિનોવેશન કરેલ તેનું નિરીક્ષણ કરેલ હતું અને સંતોષ વ્યક્ત કરેલ હતો. ત્યારબાદ તેઓએ શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિરની મુલાકાત લીધેલ હતી અને સ્ટાફને જરૂરી સૂચનો કરેલ હતા.

- **તા. ૨૧-૧-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે હિસાબી સમિતિની બેઠક મળેલ હતી. જેમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીના હિસાબો ફાઈનલ કરી તે અંગેના જરૂરી સૂચનો એકાઉન્ટ ડિપાર્ટમેન્ટને આપવામાં આવ્યા હતા. બેઠકમાં સમિતિના કન્વીનર શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, ખજાનચી શ્રી કે.ડી. શાહ તથા સહમંત્રી શ્રી હસમુખ બાબુભાઈ શાહ હાજર રહેલ હતા.

- **તા. ૨૨-૧-૨૦૧૭**

★ આજે બપોરે ૩ વાગે ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ અને મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા વાલીઓ માટેનો પેરેન્ટિંગ સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રો. ડૉ. નિમ્રત સિંઘ દ્વારા ખૂબ જ સુંદર પ્રવચન આપવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ઉપરોક્ત બંને સમિતિના સભ્યો ઉપરાંત સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હીરજી પાસુ શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા ટ્રસ્ટ મંડળ અને કારોબારીના સભ્યો હાજર રહ્યા હતા.

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# ઊડતી નજરે....

**માસ ડિસેમ્બર-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**


| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** .......... | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | ૧૩,૦૨૮ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... ૫૬૧ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... ૧૪૦ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .......... ૨૨ | |
| | ● | સોનોગ્રાફી .......... ૧૨૬૪ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......... ૨૮ | |
| | ● | બોડી ચેક-અપ .......... ૪૬૫ | |
| | ● | અન્ય .......... ૧૦,૫૪૮ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૮૮૩ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... ૨,૭૩૬ | ૩,૬૧૯ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૨,૦૬૪ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૫,૩૪૦ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૨૮૧ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .......... ૮૬૧ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૪૭૦ | ૯,૦૧૬ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......... ૪૫૬ | ૪૫૬ |
| | | માસ ડિસેમ્બર - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | ૨૬,૧૧૯ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**


*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## માત્ર તાજાં જ નહિ, તાજગીસભર અને જીવનપ્રેરક, વ્યક્તિત્વપ્રેરક પુસ્તકો












| | | |
|---|---|---|
| શ્રી કબીરજીનું ચિંતન | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| કોલંબસ અને વાસ્કો દગામા ભારતમાં કેમ ન પાક્યા ? | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| સિકંદર અને નેપોલિયન | સ્વામી સચ્ચિદાનંદ | 90 |
| આદિ સુધારક રાજા રામમોહન રાય | સ્વામી સચ્ચિદાનંદ | 70 |
| સ્વામી ચિન્મયાનંદ (જીવનચરિત્ર) | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ | સંપા. શિવપ્રસાદ એમ. દવે | 400 |
| અંતર્નાદ (આત્મકથા) | મૃણાલિની સારાભાઈ, અનુ. બકુલા ઘાસવાલા | 475 |
| જિંદગીની ટેલિસ્કોપી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| સમાજની સોનોગ્રાફી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| સફળતાની સિસ્મોગ્રાફી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| ધર્મની ટેલિપથી | ડૉ. ચંદ્રકાન્ત મહેતા | 180 |
| અલીબાબા's World | પોર્ટર એરિસમનિ, અનુ. કેયૂર કોટક | 160 |
| તમારી કારકિર્દીને પાંખો આપો | નિલેશ મહેતા | 180 |
| વિજયનું વરદાન, મોટીવેશનના માર્ગે | નિલેશ મહેતા | 175 |
| મોંઘો માણસનો અવતાર... | ડૉ. જગદીપ કાકડિયા | 150 |
| વ્યક્તિત્વનો વ્યોમવિહાર | હસમુખ પટેલ | 120 |
| વિકાસયાત્રા | જય ઓઝા | 90 |
| જીવનયાત્રા | જય ઓઝા | 90 |
| ચિંતનયાત્રા | જય ઓઝા | 90 |
| અંતરયાત્રા | જય ઓઝા | 90 |
| સંબંધયાત્રા | જય ઓઝા | 90 |
| જીવનશિક્ષણ | જસુભાઈ કવિ | 120 |
| બાળપુષ્પોને મહેકવા દો | ઊર્મિલા શાહ | 170 |
| પ્રેમ : જિંદગીનું સરનામું | દિનેશ દેસાઈ | 180 |
| મારે જીવવું છે, મને જીવવા દો (ભ્રૂણહત્યા વિશે) | ડૉ. જયંતી પટેલ | 100 |
| સફળતાની સોનેરી ચાવી | શ્રી ચંદ્રપ્રભ, અનુ. આરતી કરોડે | 120 |
| સફળ જીવનનાં સોનેરી સૂત્રો | શ્રી લલિતપ્રભ, અનુ. આરતી કરોડે | 100 |
| વડોદરાની તેજસ્વી મહિલાઓ | નીલમ કુલશ્રેષ્ઠ, અનુ. આરતી કરોડે | 150 |
| 74 પ્રેરણાત્મક વાર્તાઓ | લલિતપ્રભ | 100 |
| મનનાં પાપ ધોવા શું કરશો ? | ચંદ્રપ્રભ | 100 |
| જીવન-ઘડતર શ્રેણી (પુ. 7) | લલિતપ્રભ | 222 |
| Life Moulding Series Books 6) | Lalitprabh | 182 |
| Lead To Leaders | Chirag Somaiya | 100 |










ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 079-22144663.

e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759

ઇમેલ : gurjarprakashan@gmail.com


V-TRANS
Driving Excellence
Unique Features
WIDE NETWORK TO OVER 400 LOCATIONS ACROSS INDIA
BEST IN INDUSTRY INFRASTRUCTURE & IT SUPPORT
RUNS ON PROVEN SYSTEMS & EFFICIENT OPERATIONS
MOVING OVER 10 MILLION PARCELS, WEIGHING OVER 15 LAC TONS WORTH Rs. 35,000 Cr
MODERN, GPS SUPPORTED FLEET OF MORE THAN 800 VEHICLES
ETHICAL ORGANIZATION WITH CORE VALUES, VISION 2020, PURPOSE & QUALITY ASSURANCE
TRUSTED BY OVER 1 MILLION SATISFIED CUSTOMERS FROM ACROSS SME, LARGE & MNC SECTORS
WINNERS OF SEVERAL NATIONAL EXCELLENCE AWARDS
Our Offerings
END TO END MARINE TRANSIT INSURANCE COVER FOR ALL GOODS BOOKED THROUGH US
SPEEDY CLAIM SETTLEMENT
24 X 7 CCTV SURVEILLANCE AT MAJOR HUBS & BRANCHES
100% COMPUTERIZED & DIGITAL ENVIRONMENT
ISO 9000:2008 CERTIFIED COMPANY & FULLY COMPLIANCE DRIVEN
DEDICATED KEY & CORPORATE ACCOUNTS MANAGEMENT
SPECIALISTS IN SAFE, SPEEDY & COST FRIENDLY PARCEL MANAGEMENT AND CUSTOMIZED OFFERINGS
NATIONAL AWARD WINNING CUSTOMER SERVICES TEAM
TOTAL PEACE OF MIND
To know more about us, call us today
CORPORATE OFFICE : V-Trans India Limited, 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
Safe and Reliable - For Your Peace of Mind
V-Logis
Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

